१९. सावन के झूले, जो मूज की मोटी रस्सी से बनते थे ।

लपो-साँतो, गुल्ली-डंडा जैसी क्रीड़ाओं को रेखचित्रों से भी प्रदर्शित कर सकते हैं ।

**( ५ ) घरेलू उपकरण –**

मशीनीयुग में सर्वाधिक प्रभाव प्राचीन घरेलू उपकरणों पर पड़ा है, जिनका उपयोग या तो समाप्त हो चुका है, या शीघ्र ही समाप्त हो जायेगा । यह उपकरण हैं –

१. चक्की, मिलों का आटा बहुत मँहगा न होने से हाथ से चलने वाली चक्कियाँ का अस्तित्व समाप्त हो गया है, ऐसी चक्की के भाग है - भिरी (मिट्टी निर्मित), पथ्थर के दो पाट, ऊपरी पाट के मध्य में लकड़ी का गलुआ, गलुआ के बीच में लोहे का छल्ला, पाट घुमाने के लिए डड़ा, निचले पाट में मोटी-सी कील 'संका', जिसमें ऊपरी पाट फँसता है और मोटा या पतला पीसने के लिये संका में डालने की जूट निर्मित मुदरी ।

२. ओखली-मूसल - पथ्थर की ओखली में धान डालकर मूसल से कूटकर धान का छिलका अलग किया जाता था । लकड़ी के मूसल में नीचे लोहे की 'साम' एक छल्ला जैसी होती थी ।

३. सिल-बट्टा - दोनों ही पथ्थर के ।

४. इमामदस्ता - मसाले पीसने के लिए ।

५. सूप

६. छलनी

७. पंखा - यह तीन प्रकार के होते थे :

(क) छत में टँगा बड़ा-सा, जिसे बाहर बैठा व्यक्ति डोरी से चलाता था

(ख) खजूर के पत्ते से बता बड़ा सा, जिसका प्रयोग सभाओं में होता था ।

(ग) बैठकर एक हाथ से चलाने वाले पंखे ताड़ या खजूर के पत्ते, पक्की तेराई के रेशों, सिगरेट के खाली पैकेटों आदि से बनते थे.

८. कूलर, जिसके अन्दर टेबिल फैन रख लिया जाता था ।

९. खस की टट्टियाँ

१०. बाँस की चिकें

११. चारपाइयाँ - यह मूज और निवाड़ दो-चीजों से बुनी जाती थीं । मूज की चारपाई में विविध प्रकार की डिजाइन देकर बुनते थे ।

१२. पीढ़ा

१३. मचिया.

**( ६ ) खाना बनाने के उपकरण यह हैं –**

१. अँगीठी - इसमें पथ्थर के कोयले, लकड़ी के कोयले अथवा लकड़ी के बुरादे का प्रयोग होता था ।

२. स्टोव - मिट्टी के तेल का प्रयोग करने वाले स्टोन दो प्रकार के थे - एक जिनमें बर्नर होता था, दूसरे सूत की बत्ती वाले ।

३. चूल्हा – इनमें ईंधन के रूप में लकड़ी का प्रयोग होता था। यह दो प्रकार के थे – मिट्टी से बने हुए और धरती में खुदे हुए। दोनों के दो अन्य भेद भी थे – एक बर्तन हेतु और आगे-पीछे दो बर्तनों हेतु। नालन्दा में धरती में खुदा ऐसा चूल्हा मिला है, जिसमें आगे-पीछे दो बर्तन रख सकते थे।

चूल्हों में गोबर के 'उपलों' का भी प्रयोग होता था, जिनका संग्रह 'बट्या' में होता था। चूल्हे की आग को तेज करने के लिये 'फुँकनी' का प्रयोग करते थे।

४. बरोसी – यह प्रायः दूध उबालने के लिए मिट्टी से बनी होती थी, जिसके ऊपर छेदोंवाला ढक्कन होता था। एक छोटी बरोसी उपले की आग को सुरक्षित रखने के लिए बनती थी।

५. घिरौला – ठण्ड में तापने के लिए बरोसी जैसा घिरौला होता था।

**(७) दूध-दही सम्बन्धी उपकरण –**

घरों में गाय-भैंसे होने पर उनके दूध-दही की व्यवस्था हेतु उपकरण भी विशेष होते थे –

१. हंडिया (दुधाड़ी) – यह मिट्टी का बड़ा सा पात्र होता था, जिसमें दूध उबाला जाता था। दिन भर उपले की धीमी आँच पर पकने से ऊपर जो मलाई बनती थी, उसे 'साड़ी' कहते थे।

२. मटकी – मिट्टी के इस बड़े से बर्तन में दही मथा जाता था। इसे स्थिर रखने के लिए जूट का 'उडुआ' होता था।

३. मथानी-दही मथने के लिए लकड़ी की मथानी होती थी, जिसमें नेती और फुँदुआ का प्रयोग होता था।

४. दौना – जो गाय – भैंसे दूध निकालते समय टाँगें मारती थी, उनके पिछले पैरों को एक साथ बाँधने के लिए यह विशेष प्रकार की रस्सी होती थी।

**(८) प्रकाश के उपकरण –** इनमें मिट्टी के तेल का प्रयोग होता था।

१. कुप्पी – छोटी बोतल के ढक्कन में छेद करके कपड़े की बत्ती डाल देते थे।

२. ढिबरी ३. लैम्प

४. लालटेन ५. पेट्रोमैक्स

**(९) बर्तन –**

यह लकड़ी, मिट्टी, पथ्थर, काँसा, पीतल, फूल और अल्यूमिनियम के बने होते थे।

| | |
|---|---|
| १. थाली; | २. परात; |
| ३. बटलोही; | ४. कटोरा; |
| ५. थाल; | ६ लोटा; |
| ७. गडुआ – गडुई; | ८. बेला; |
| ९. चौखड़ा; | १०. कलसा; |
| ११. पतीली; | १२ याभा की सुराही; |
| १३. गगरा; | १४. डलवा-डलिया-मूज निर्मित; |

## (१०) आभूषण –

आज कुत्तों के आभूषण मिल जायेंगे, परन्तु बैलों, घोड़ों और हाथियों की झूलें, चौरासी, झालर, हौदा, घंटा आदि और हाथी हाँकने का अंकुश सुलभ नहीं हैं। इसी प्रकार महिलाओं के अप्रचलित आभूषण हैं –

१. नाक – बुलाख, झुलनी
२. कान – तरकी, तरकुली, झुमका (फतेहपुर सीकरी)
३. गला – हँसली, मोहरें, कण्ठश्री, गुलूबन्द, मटरमाला, हमेल, जंतुर
४. हाथ – छन्नी, पिछेली, बाजूबन्द, बरा, पहुँची, खड्डुआ
५. पैर – झाँझ, लच्छा या सूत, कड़ा, खडुआ, छैलचूड़ी (छागल), गोसलपट्टी, अनोखे
६. कमर – करधनी, पेटी
७. पैर की अँगुलियाँ – अनवट, छल्ला

## (११) सौन्दर्य प्रसाधन :

१. इत्रदान; २. गुलाबपाशी;
३. सुर्मादानी; ४. पानदान;
५. सरौता; ६. पीकदान;
७. चुनौटी (चूनादानी);

इसी प्रकार स्थानिक शृंगार में –

१. झालरे – माली, दर्जी, कुम्हार निर्मित;
२. दीवाली पर मिट्टी के कंडील
३. चाँदी के वर्क और हथौड़े से कुटाई
४. सोने की पालिश–ग्वालियर के जयविलास महल में चौदह मत सोने की पालिश है।

## (१२) कपड़े –

मिर्जई, बण्डी, कथरी, खड़ाऊँ, चड्डी; चौडी किनारी के झोले;

एक समय प्रायमरी शिक्षा में तकली और चर्खा का प्रयोग सिखाया जाता था, आज इन्हें चित्रों में ही देख सकते हैं।

**(१३) संचार के साधन –** पोस्ट कार्ड, अन्तर्देशीय, लिफाफे, मनीआर्डर फार्म, तार (टेलीग्राम) पहली जुलाई, चौदह से समाप्त. पुराने टेलीफोन

क. नम्बर मिलानेवाला
ख. पुरा बटनवाला
ग. डायल घुमानेवाला

## (१४) यातायात के साधन

१. रथ २. रब्बा
३. फिरक *–(जोत और चोरासी)–* ४. रहलू
५. पालकी ६. बग्घी

७. टमटम ८. ट्राम

९. स्टीम इंजन १०. ट्यूबवाली सायकिल और पम्प

**( १५ ) खेती के उपकरण –**

१. हल – हर्स, परिहारी, फाल, खरा, ओगो, मुठिया;

२. जुआ – परमाची, जाते सैला;

३. पटेला; ४. मुसीका;

५. दुगला; ६. रहट;

७. नमक-तेल देने की नरकुली; ८. पैना / चाबुक;

९. ढेरा; १०. बँसकटा;

११. लाठी – हुला, कुप्पी (ऊपर), छल्ले – लाठी में गुण बहुत हैं,

१२. चारा मशीन; १३. गड़ासा;

१४. छलना; १५. कुठला;

१६. कोल्हू – नाद : गन्ने के रसहेतु;

**( १६ ) पर्व, त्यौहार एवं विशेष आयोजन –**

ऐसे अवसरों पर चिकनी मिट्टी या गोबर से विशेष आकृतियाँ बनायी जाती हैं –

१. नाग पंचमी; २. शारदीय नवरात्र;

३. देवोत्थान एकादशी; ४. गोवर्धन पूजा;

५. छठ; ६. होली;

७. जन्माष्टमी; ८. नववधू आगमन;

**( १७ ) फुटकर –**

१. हैण्ड पम्प; २. पनाला;

३. हुक्का – हाथ में लेकर पीने का नारियल निर्मित;

४. पुराने फिल्म वाले कैमरे तथा डार्क रूम उपकरण,;

५. कोर्क़ वाली बोतल; ६. सींक वाली झाडू;

७. मुगरी – कपड़ा धोने, छत कूटने, ढेले कूटने के लिए;

८. दरवाजों की साँकलें;

**( १८ ) विविध व्यवसाय सम्बन्धी उपकरण**

१. नाई – निहानी, उस्तरा; २. लुहार – धौंकनी;

३. बढ़ई – वसूला; ४. धोबी – पाट;

५. कुम्हार – चाक, डाँड;

६. मछली पकड़ना – पन्ना, खोंचा, कपार, ढेवा, फसला, पंडी, जाल–गुरि;

७. जमादार – पंजा; ८. भिश्ती – मसक;

९. नट – १०. चाट – खोंचा, बँहगी,;

११. गुड़ – चाक, चडुआ; १२. सिंघाड़ा उत्पादन – डोंगी;

१३. भड़भूँजा – भाड़, हंसिया जैसा उपकरण;

१४. तेली – कोल्हू;

१५. खण्डसारी – बेले, कोल्हू, नाद, कड़ाह, खाँची, शकर निकालने की मशीन;

१६. चुस्की वाला बर्फ – रंदा

१७. नौटंकियाँ – पर्दे, नगाड़ा;

लेखकों, कवियों की पाण्डुलिपियाँ;

जहाँ सालारजंग संग्रहालय में तत्कालीन रियासत की निजी वस्तुओं का संग्रह है, केलकर संग्रहालय (पुणे) इस दिशा में प्रयास मात्र है। इसलिये ऐसे क्षेत्रीय संग्रहालयों की नितान्त आवश्यकता है, जिनमें वर्तमान लुप्तप्राय सभ्यता एवं संस्कृति को संगृहीत किया जाये।



पतीली



लोटा



इत्रदान



बट्‌ढआ

# ગુજરાતના પ્રાચીનકાલના બે અપ્રગટ શિલાલેખ

◆

ડૉ. ભારતી શેલત*

## ૧. કાર્દમક ક્ષત્રપ રાજા રુદ્રસિંહ ૧લાના સમયનો ગોણિયાસર શિલાલેખ, (શક) વર્ષ ૧૦૨

પ્રસ્તુત શિલાલેખ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગોણિયાસર ગામેથી પ્રાપ્ત થયો છે. માયસોરની આર્કિયોલૉજિકલ સોસાયટીની ઍપિગ્રાફી શાખાની ઑફિસમાં અભિલેખવિદ્ તરીકે કાર્યરત ડૉ. વર્માએ આ લેખ વાંચ્યો છે અને એની માહિતી અંગે નોંધ કરી છે. જો કે હજુ સુધી આ લેખ પ્રકાશિત થયો હોવાનું જણાતું નથી. કચ્છ મ્યુઝિયમ, ભૂજના પૂર્વ ક્યુરેટર, શ્રી દિલીપભાઈ વૈદ્ય અને એમના દીકરા ડૉ. નેહલભાઈ વૈદ્યે ગોણિયાસર ગામે સ્થળ પર જઈ શિલાલેખના ફોટા પાડી એની નકલ મને વાંચવા માટે મોકલી આપી તે બદલ હું તેમની હૃદયથી ખૂબ આભારી છું.

ગોણિયાસર ગામનો આ શિલાલેખ સ્મારક લેખ પ્રકારનો 'યષ્ટિ' લેખ છે. વિદેહ વ્યક્તિની સ્મૃતિમાં પથ્થરની ઊભી લાટ ઉપર લેખ કોતરી તેને સ્થાપવામાં આવતી, તેને સંસ્કૃતમાં 'યષ્ટિ' અને પ્રાકૃતમાં **'लष्टि'** કે **'लट्ठि'**–'લટ્ઠિ' કહેવામાં આવતી અને એ લેખને યષ્ટિલેખ કહેતા.

આ યષ્ટિલેખ કાર્દમક ક્ષત્રપ રાજા રુદ્રસિંહ ૧લાના સમયનો (શક વર્ષ ૧૦૨-૧૧૯ = ઈ.સ. ૧૮૦-૧૯૭) છે. એમાં આપેલી મિતિ (શક) સંવત ૧૦૨, **मार्गशिर** વદિ ૧૫ની છે. લેખમાં આ મિતિ શબ્દોમાં અને અંકોમાં બંનેમાં આપેલી છે. **वर्षे द्वि उतर शत १०० + २ = १०२ मार्ग्गशिर बहुलस्य दिवसे पंचदश १०+५** = ૧૫. શક સંવત ૧૦૨, માર્ગશિર વદિ ૧૫ના દિવસે અંગ્રેજી તારીખ ૪ ડિસેમ્બર, ઈ.સ. ૧૮૦ અને રવિવાર આવે.

યષ્ટિ લેખનું લખાણ ૧૩ પંક્તિઓમાં કોતરેલું છે. લખાણની ભાષા સંસ્કૃત અને એની લિપિ ક્ષત્રપકાલની (ઈ.સ. ની ૨જી સદી) બ્રાહ્મી લિપિ છે. આખો લેખ સુવાચ્ય અક્ષરોમાં કોતરેલો છે. પંક્તિ નં. ૭ થી ૧૦માં પંક્તિના અંતિમ અક્ષર ઘસાયેલ છે. એકંદર લખાણ સારી સ્થિતિમાં છે.

લેખમાં જણાવ્યા અનુસાર રાજા મહાક્ષત્રપ સ્વામી ચાષ્ટનના પ્રપૌત્ર, રાજા ક્ષત્રપ સ્વામી જયદામાના પૌત્ર, રાજા મહાક્ષત્રપ સ્વામી રુદ્રદામાના પુત્ર રાજા મહાક્ષત્રપ સ્વામી દામય્સદ (દામજદશ્રી), રાજા મહાક્ષત્રપ સ્વામી રુદ્રસિંહના શાસનમાં (શક) વર્ષ ૧૦૨, માર્ગશિર વદિ ૧૫ના દિવસે મેઘશના પુત્ર, ઓપશતિ (ઔપશતિક) ગોત્રના આભીર અગ્નિમિત્રના પિતા અને ભાઈ માટે રુદ્રદત્ત, વરિસેણ અને રિગત્રાતે (સુંદર) યષ્ટિ ઊભી કરાવી.

લેખક અને વાચકોનું કલ્યાણ થાઓ.

ગુજરાતમાંથી મોટી સંખ્યામાં અને ભારતના બીજા કેટલાક વિસ્તારોમાંથી પ્રાપ્ત થયેલા ચાંદીના અને તાંબાના થોડા સિક્કાઓ તેમજ પ્રાપ્ત શિલાલેખોના લખાણો પરથી પશ્ચિમ ભારતના ક્ષત્રપ રાજાઓ વિશે ઘણી માહિતી પ્રાપ્ત થાય છે. પશ્ચિમ ભારતમાં લગભગ ચારસો વર્ષ સુધી - ઈ.સ.ની ૧લી સદીના પૂર્વાર્ધથી ઈ.સ.ની પાંચમી સદીના પૂર્વાર્ધ સુધી (ઈ.સ. ૨૩ થી ઈ.સ. ૪૧૫) જેમણે રાજ્ય કર્યું તે રાજાઓ ઇતિહાસમાં 'પશ્ચિમી ક્ષત્રપ' રાજાઓ તરીકે પ્રસિદ્ધ છે. એમાં પહેલા વંશના રાજાઓ ક્ષહરાત ક્ષત્રપો તરીકે અને એ પછી સત્તારૂઢ થયેલા રાજાઓ કાર્દમક ક્ષત્રપો તરીકે ઓળખાતા. આ વંશમાં પાંચ કુળો હતાં, જેમાં મહાક્ષત્રપ ચાષ્ટનથી શરૂ કરીને ક્ષત્રપ રાજા વિશ્વસેન સુધીનું ૧લું કુળ ઘણું મોટું અને દીર્ઘકાલ સુધી (શક સં. ૬ થી શક સં. ૨૨૬ = ઈ.સ. ૮૪

* માનદ્ નિયામક, ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ

થી ઈ.સ. ૩૦૪) સત્તાધીશ હતું. શેષ ચાર કુળ નાનાં અને અલ્પકાલીન સત્તાધીશ હતા. કાર્દમક વંશનો પહેલો જ્ઞાત પુરુષ ય્સામોતિક હતો પણ તે રાજસત્તા પામ્યો ન હતો.

ઉપલબ્ધ સિક્કાઓ અને શિલાલેખો પરથી કાર્દમક વંશના સ્થાપક મહાક્ષત્રપ ચાષ્ટન અને એના પિતાની માહિતી પ્રાપ્ત થાય છે. અભિલેખો પરથી સ્પષ્ટ થાય છે કે એના પિતાનું નામ ય્સામોતિક હતું. જો કે ય્સામોતિકના કોઈ શિલાલેખ કે સિક્કા મળ્યા નથી. ચાષ્ટનના સમયના યષ્ટિલેખો (શિલા-સ્મારક લેખો) તેમજ એના ચાંદીના અને તાંબાના સિક્કા મળ્યા છે. એના ચાંદીના સિક્કા ક્ષત્રપ અને મહાક્ષત્રપ બંને પ્રકારના છે. ક્ષત્રપકાલ દરમ્યાન સંયુક્ત શાસનની પ્રણાલી હોવાનું જણાય છે, જેમાં શરૂઆતમાં મહાક્ષત્રપના મદદનીશ તરીકે યુવરાજ ક્ષત્રપ તરીકે કાર્ય કરતો. ત્યારબાદ મહાક્ષત્રપની જવાબદારી સંભાળતો. રાજા ચાષ્ટનના અન્ધૌ ગામેથી (કચ્છના) પ્રાપ્ત પાંચ યષ્ટિલેખોમાંના શક વર્ષ ૫૨ (બાવન)ના ચાર લેખોમાં એને માત્ર રાજા જ કહ્યો છે. એના પુત્ર રુદ્રદામાના શક વર્ષ ૭૨ના જૂનાગઢ શૈલલેખમાં ચાષ્ટન અને રુદ્રદામા બંનેને મહાક્ષત્રપ કહ્યા છે. ચાષ્ટનના સમયનો એક યષ્ટિલેખ દોલતપુર ગામેથી પણ પ્રાપ્ત થયો છે, જે શક વર્ષ ૬નો હોવાનું પ્રસિદ્ધ અભિલેખવિદ ડૉ. વી.વી. મિરાશીએ લેખનું વાંચન કરીને જણાવ્યું છે. આ રાજાનો શક વર્ષ ૧૧નો યષ્ટિલેખ અંન્ધૌમાંથી પ્રાપ્ત થયો છે, જેનું વાંચન ડૉ. શોભના ગોખલેએ કર્યું છે.

પ્રસ્તુત શિલાલેખ મહાક્ષત્રપ રુદ્રસિંહ ૧લાના સમયનો શક વર્ષ ૧૦૨, માર્ગશિર વદિ ૧૫નો છે. એમાં દર્શાવેલી વંશાવળી અનુસાર રાજા મહાક્ષત્રપ સ્વામી રુદ્રસિંહ રાજા મહાક્ષત્રપ સ્વામી ચાષ્ટનનો પ્રપૌત્ર, રાજા ક્ષત્રપ સ્વામી જયદામાનો પૌત્ર, રાજા મહાક્ષત્રપ સ્વામી રુદ્રદામાનો પુત્ર રાજા મહાક્ષત્રપ સ્વામી દામય્સદ(નો અનુજ) રાજા મહાક્ષત્રપ સ્વામી રુદ્રસિંહ એમ જણાવેલ છે. યષ્ટિલેખમાં રુદ્રદામાના જ્યેષ્ઠ પુત્ર અને રાજ્યસત્તાના અનુગામી તરીકે મહાક્ષત્રપ દામજદશ્રી સત્તાધીશ થયેલ એ રાજાનો ઉલ્લેખ અહીં 'દામય્સદ' તરીકે થયેલો છે. આ રાજાના સિક્કામાં એને ક્યારેક 'દામય્સદ' પણ કહ્યો છે. દામય્સદ કે દામજદશ્રી પછી રુદ્રદામાનો નાનો પુત્ર રુદ્રસિંહ મહાક્ષત્રપ તરીકે સત્તાધીશ થયો. રુદ્રસિંહ રાજાના ક્ષત્રપ અને મહાક્ષત્રપ તરીકેના સિક્કા શક વર્ષ ૧૦૧ થી શક વર્ષ ૧૧૯ સુધીના પ્રાપ્ત થાય છે. રુદ્રસિંહના સિક્કાઓ પર સૌ પ્રથમ વાર વર્ષસૂચક સંખ્યા અંકિત કરેલી જોવા મળે છે. આ રાજાના સમયનિર્દેશવાળા ચાર અભિલેખ મળ્યા છે, જેમાં પ્રસ્તુત લેખસહિત ત્રણ યષ્ટિલેખ અને એક શિલાલેખ છે. કચ્છના મેવાસા ગામના ક્ષત્રપકાલીન યષ્ટિલેખમાં રાજાના નામ કે વર્ષસંખ્યા વિશે ચોક્કસ કહી શકાય તેમ નથી. એમાં આપેલું વર્ષ શક વર્ષ ૧૦૩ વાંચવામાં આવે તો તે રુદ્રસિંહ ૧લા સમયનો હોય. હકીકતમાં આ લેખમાં શાસનસ્થ રાજાનું નામ હોવું જોઈએ. જે અહીં દર્શાવેલ નથી.

**રુદ્રસિંહ ૧લાના અભિલેખો :**

| | | |
|---|---|---|
| ૧. | ગોણિયાસર (કચ્છ) યષ્ટિલેખ | શક વર્ષ ૧૦૨, માર્ગશિર વદિ ૧૫<br>(૪ ડિસેમ્બર, ઈ.સ. ૧૮૦, રવિવાર) |
| ૨. | ગૂંદા શિલાલેખ | શક વર્ષ ૧૦૩, વૈશાખ સુદિ ૫<br>(૯ એપ્રિલ, ઈ.સ. ૧૮૧, ગુરુવાર) |
| ૩. | વાંઢ યષ્ટિલેખ | શક વર્ષ ૧૧૦, જ્યેષ્ઠ સુ. ૧૨<br>(૨૫ મે, ઈ.સ. ૧૮૮, શનિવાર |
| ૪. | અંધૌ યષ્ટિલેખ | શક વર્ષ ૧૧૪ જ્યેષ્ઠામૂલીય સુદ ૧૨<br>(૧૧ મે, ઈ.સ. ૧૯૨, ગુરુવાર) |

મહાક્ષત્રપ રુદ્રસિંહ-૧લાના ગોણિયાસર શિલાસ્મારક લેખ-યષ્ટિલેખમાં શક વર્ષ ૧૦૨, માર્ગ્ગશિર વદિ ૧૫ના દિવસે મેઘશના પુત્ર ઓપશતિક ગોત્રના આભીર અગ્નિમિત્રના પિતા અને ભાઈ માટે રુદ્રદત્ત, વરિસેણ

અને રિગત્રાતે યષ્ટિ સ્થાપિત કર્યાનો ઉલ્લેખ છે. અહીં રુદ્રસિંહનો મહાક્ષત્રપ તરીકેનો હોદ્દો દર્શાવ્યો છે.

આ રાજાના શક વર્ષ ૧૦૩ના શિલાલેખમાં રાજા મહાક્ષત્રપ ચાષ્ટનના પ્રપૌત્ર, રાજા ક્ષત્રપ સ્વામી જયદામાના પૌત્ર, રાજા મહાક્ષત્રપ સ્વામી રુદ્રદામાના પુત્ર રાજા ક્ષત્રપ સ્વામી રુદ્રસિંહના શાસનમાં શક વર્ષ ૧૦૩માં રોહિણી નક્ષત્રના મુહૂર્તમાં વૈશાખ સુદિ ૫ના દિવસે સેનાપતિ બાપક આભીરના પુત્ર, સેનાપતિ રુદ્રભૂતિએ રસોપદ્ર ગામમાં સર્વ પ્રાણીઓના હિતસુખ માટે વાવ ખોદાવી અને બંધાવી હોવાનો ઉલ્લેખ છે. આ લેખમાં રુદ્રસિંહનો હોદ્દો ક્ષત્રપ તરીકે દર્શાવ્યો છે.

રુદ્રસિંહ ૧લાના વાંઢના યષ્ટિલેખમાં રાજા મહાક્ષપ રુદ્રદામાના પુત્ર રાજા મહાક્ષત્રપ સ્વામી રુદ્રસિંહના રાજ્યમાં (શક) વર્ષ ૧૧૦માં વ્યક્તિની સ્મૃતિમાં (વ્યક્તિનું નામ અવાચ્ય) યષ્ટિ કોતરાવી હોવાનું જણાય છે.

આ રાજાના અન્ધૌ ગામના શિલા યષ્ટિલેખમાં રાજા ક્ષત્રપ જયદામાના પૌત્ર, રાજા મહાક્ષત્રપ સ્વામી રુદ્રદામાના પુત્ર, રાજા મહાક્ષત્રપ, સ્વામી રુદ્રસિંહના શાસનમાં શક વર્ષ ૧૧૪માં જયેષ્ઠામૂલીય શુદ્ધ ૧૨ના દિવસે આભીર પુ(શ)કના પુત્ર દેવાનકશ. ગોત્રના નંદકના હસ્તે યષ્ટિ બનાવી હોવાનું જણાવાયું છે.

ઉપર્યુક્ત ચારે અભિલેખોમાંથી ત્રણ લેખોમાં રુદ્રસિંહને મહાક્ષત્રપ કહ્યો છે. જ્યારે એના ગુંદાના લેખમાં રુદ્રસિંહને માત્ર ક્ષત્રપ કહ્યો છે. આ રાજાના શક વર્ષ ૧૦૨ના લેખમાં એને મહાક્ષત્રપ બતાવ્યો છે, જ્યારે શક વર્ષ ૧૦૩ના લેખમાં એને ક્ષત્રપ દર્શાવ્યો છે. શક વર્ષ ૧૦૨ના યષ્ટિલેખ પરથી આ વર્ષમાં અર્થાત્ ઈ.સ. ૧૮૦ના ડિસેમ્બરની ૪થી તારીખે તો એ મહાક્ષત્રપ બની ચૂક્યો હતો. જ્યારે એના ૧ વર્ષ પછીના એટલે કે શક વર્ષ ૧૦૩ (ઈ.સ. ૧૮૧)ના વર્ષના શિલાલેખમાં રાજાને માત્ર ક્ષત્રપ ગણાવ્યો છે. આ હકીકત સરતચૂકથી રહી ગઈ હોય જેમાં રાજાને મહાક્ષત્રપ ન કહ્યો હોય.

આમ શક વર્ષ ૧૦૨ (ઈ.સ. ૧૮૦)થી રુદ્રસિંહ ૧લો કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રદેશમાં મહાક્ષત્રપ તરીકે શાસન ચલાવતો હોવાનું નિશ્ચિત રીતે કહી શકાય. ચાષ્ટનવંશી કાર્દમક ક્ષત્રપોની સત્તા પશ્ચિમમાં કચ્છથી પૂર્વમાં ઉજ્જન સુધી વિસ્તરેલી હોવાનું આ રાજાઓના અભિલેખો અને સિક્કાઓ પરથી જણાય છે.

ચાષ્ટનના અને રુદ્રદામાના સમયના પાંચ જેટલા યષ્ટિલેખો કચ્છના અન્ધૌ ગામેથી પ્રાપ્ત થયા છે, જેમાં શક વર્ષ ૧૧નો એક અને શક વર્ષ ૫૨(બાવન)ના ચાર લેખ સાંપડ્યા છે. એમાં શક વર્ષ ૧૧ લેખનું પ્રથમ પૃથક્કરણ ડૉ. શોભના ગોખલેએ કર્યું હતું. આ લેખ કચ્છના મ્યુઝિયમના તત્કાલીન ક્યુરેટર શ્રી દિલીપભાઈ વૈદ્યના ધ્યાનમાં આવેલો. 'શરૂવાલી બાંદી' નામથી ઓળખાતા ટેકરાના પરિસરમાંથી આ લેખ પ્રાપ્ત થયો છે. ચાર પંક્તિનો લેખ પ્રાકૃત ભાષામાં ગદ્યમાં છે. લિપિ બ્રાહ્મી છે.

**લેખ નં. ૧ — શક વર્ષ ૧૧**

'ક્ષત્રપ પ્સામોતિકના પુત્ર (ચાષ્ટન)ના શાસનના ૧૧મા વર્ષે પાલિતકના પુત્ર માધુકાન માટે પુત્રોએ લષ્ટિ કરાવી હોવાનું જણાવ્યું છે.'

**લેખ નં. ૨ — શક વર્ષ ૫૨**

પ્સામોતિકના પુત્ર રાજા ચાષ્ટનના (પૌત્ર) અને જયદામાના પુત્ર રાજા રુદ્રદામનના શાસનના ૫૨ મા વર્ષે ફાલ્ગુન વદિ ૨ના દિવસે સીહિલના પુત્ર મદને પોતાની ભગિની અને ઓપશતિક ગોત્રના સીહિલની પુત્રી જ્યેષ્ઠવીરાની યાદગીરીમાં યષ્ટિ સ્થાપિત કરાવી.

**લેખ નં. ૩ — શક વર્ષ ૫૨**

પ્સામોતિકના પુત્ર રાજા ચાષ્ટનના (પૌત્ર), રાજા જયદામનના પુત્ર રાજા રુદ્રદામનના રાજ્યના વર્ષ ૫૨, ફાગણ વદિ ૨ના દિવસે ઓપશતિ ગોત્રના સીહિલના પુત્ર ઋષભદેવની યાદગીરીમાં તેના ભાઈ સીહિલના પુત્ર મદને યષ્ટિ ઊભી કરાવી.

લેખ નં. ૪ – શક વર્ષ ૫૨

પ્સામોતિકના પુત્ર રાજા ચાષ્ટનના (પૌત્ર) અને જયદામાના પુત્ર રુદ્રદામાના રાજ્યના વર્ષ ૫૨, ફાલ્ગુન વદિ ૨ના દિવસે સીહિલના પુત્ર મદને તેની પત્ની, સેનિક (શ્રેણિક) ગોત્રની સીહમિતાની પુત્રી શ્રામણેરી યશદત્તાની યાદગીરી અર્થે યષ્ટિ ઊભી કરાવી.

લેખ નં. ૫ – શક વર્ષ ૫૨

પ્સામોતિકના પુત્ર રાજા ચાષ્ટનના (પૌત્ર) અને જયદામાના પુત્ર રાજા રુદ્રદામાના રાજ્યના ૫૨ મા વર્ષે ફાલ્ગુન વદિ ૨ના દિવસે ત્રેષ્ટદત્તના પુત્ર ઋષભદેવની યાદગીરી અર્થે, તેના પિતા ઓપશતિ ગોત્રના ત્રેષ્ટદત્ત શ્રામણેરે યષ્ટિ ઊભી કરાવી.

મહાક્ષત્રપ રુદ્રસિંહ ૧લાના પ્રસ્તુત લેખ (શક વર્ષ ૧૦૨)માં રાજા મહાક્ષત્રપ ચાષ્ટનના પુત્ર તરીકે જયદામાનો ઉલ્લેખ ક્ષત્રપ તરીકે કરેલો છે. પશ્ચિમી ક્ષત્રપ રાજાઓના થોડાક શિલાલેખોમાં એની માહિતી આપેલી છે. એના સિક્કા પણ પ્રાપ્ત થયા છે, જે તાંબાના અને ચોરસ છે. એમાં માત્ર એનું નામ જ છે. એના સિક્કાઓ અને એના વંશજોના શિલાલેખોમાં એને રાજા, ક્ષત્રપ અને સ્વામી બિરુદથી ઓળખાવ્યો છે. આથી આ રાજા મહાક્ષત્રપનું બિરુદ પામી શક્યા ન હોવાનું અનુમાન કરી શકાય. મહાક્ષત્રપ ચાષ્ટનના મદદનીશ તરીકે ઉત્તરાધિકારી રાજા ક્ષત્રપ રુદ્રદામા બન્યો હોવાનું જણાય છે. આ હકીકત અંધૌના શક વર્ષ ૫૨ના યષ્ટિલેખ પરથી જણાય છે. આમ જયદામાએ શક વર્ષ ૫૨ (ઈ.સ.૧૩૦) પહેલાં થોડો સમય ક્ષત્રપ તરીકે શાસન સંભાળ્યું હોવું જોઈએ.

રાજા ક્ષત્રપ જયદામાના પુત્ર રુદ્રદામા ૧લાના સમયથી ક્ષત્રપ સત્તાનો અભ્યુદય થયો હતો. એના વિશેની માહિતી રુદ્રદામાના પોતાના સિક્કા અને જૂનાગઢના શૈલલેખથી તેમજ અંધૌ અને ખાવડાના શિલાલેખોમાંથી પ્રાપ્ત થાય છે. રુદ્રદામાના ચાંદીના સિક્કા સમયનિર્દેશ વિનાના હોવાથી એનો સમય જાણવા માટે ખાસ ઉપયોગી નથી. પરંતુ એના શિલાલેખોમાં (શક) વર્ષ દર્શાવેલ હોવાથી આ રાજાનો સમય જાણવા માટે ઉપયોગી છે. આ ઉપરાંત એનો જૂનાગઢ શૈલલેખ એના વ્યક્તિત્વનાં અનેક પાસાં ઉજાગર કરે છે. શક વર્ષ ૭૨ - ઈ.સ. ૧૫૦ (જૂનાગઢ શૈલલેખ)માં આ રાજા મહાક્ષત્રપ હોવાથી એ ઈ.સ. ૧૫૦ સુધી તે સત્તા પર હતો. એનો રાજ્યવિસ્તાર પૂર્વમાં માળવા અને પશ્ચિમે કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સુધી, ઉત્તરમાં મુલતાન અને દક્ષિણે માહિષ્મતી (નર્મદા) સુધી હતો. એના શાસનકાળ દરમ્યાન અમાત્ય સુવિશાખ આનર્ત-સૌરાષ્ટ્રના સૂબા તરીકે નિમણૂક પામેલો. એટલે રુદ્રદામાની રાજધાની ગિરિનગરમાં નહીં પરંતુ એના પિતામહ ચાષ્ટનની રાજધાની ઉજ્જનમાં હોવાથી એની રાજધાની પણ સંભવતઃ ઉજ્જનમાં હોવી જોઈએ.

પ્રસ્તુત યષ્ટિલેખમાં ઉલ્લિખિત દામય્સદ એ રુદ્રદામાનો જ્યેષ્ઠ પુત્ર અને રાજસત્તામાં અનુગામી હતો. આ રાજાના સમયનિર્દેશ વિનાના ચાંદીના સિક્કા ત્રણ પ્રકારના ઉપલબ્ધ થયા છે; જેમાંના બે પ્રકારમાં दामघ्सद કે दामय्सद તરીકે અને ત્રીજા પ્રકારમાં दामजदश्री તરીકે લખાણ મળે છે.

રુદ્રદામાનો બીજો પુત્ર અને દામય્સદનો અનુજ રુદ્રસિંહ હતો. આ રાજાના ક્ષત્રપ અને મહાક્ષત્રપ તરીકેના સિક્કા પ્રાપ્ત થયા છે. તેમાં વર્ષસૂચક સંખ્યા અંકિત થયેલી છે. દામજદશ્રીના ક્ષત્રપ તરીકેના સિક્કાઓથી અનુમાની શકાય કે એના પિતાની હયાતીમાં મહાક્ષત્રપના મદદનીશ તરીકે (ક્ષત્રપ તરીકે) અધિકાર ભોગવતો હતો. ઈ.સ. ૧૫૦ સુધીમાં એ ક્ષત્રપનું પદ પામ્યો હોય અને પિતાના મૃત્યુ પછી તે મહાક્ષત્રપ બન્યો હોય. એના અનુજ રુદ્રસિંહ ૧લાના શક વર્ષ ૧૦૨ના પ્રસ્તુત યષ્ટિલેખમાં રુદ્રસિંહને મહાક્ષત્રપ કહ્યો છે. જો કે આ શિલાલેખમાં દામય્સદ (દામજદશ્રી) અને એના અનુજ રુદ્રસિંહ બંનેને મહાક્ષત્રપ કહ્યા છે. એટલે શક વર્ષ ૧૦૨ (ઈ.સ. ૧૮૦) પહેલાં થોડા સમય અગાઉ રુદ્રસિંહ મહાક્ષત્રપ બન્યો હોવો જોઈએ. આ યષ્ટિલેખની શોધ પહેલાં વર્ષ ૧૦૩, વૈશાખ સુદિ ૫ની મિતિ ધરાવતા ગુંદાના યષ્ટિલેખમાં રુદ્રસિંહને રાજા ક્ષત્રપ કહ્યો છે. જ્યારે શક વર્ષ ૧૦૨ના

શિલાલેખમાં રુદ્રસિંહ રાજા મહાક્ષત્રપ સ્વામી તરીકે વર્ણવાયો છે. આમ આ નવા યષ્ટિલેખની શોધથી આ રાજા શક વર્ષ ૧૦૨, માર્ગશિર વદિ ૧૫ (૪ ડિસેમ્બર, ઈ.સ. ૧૮૦)માં મહાક્ષત્રપની પદવી ધરાવતો હોવાનું ફલિત થાય છે.

રુદ્રસિંહ ૧લાના આ ગોણિયાસર યષ્ટિલેખમાં મેઘશના પુત્ર આભીર અગ્નિમિત્ર, જે મેઘશનો પુત્ર હતો તે આભીર કુળ હોવાનું જણાવ્યું છે. આ રાજાના ગુંદાના લેખ (શક વર્ષ ૧૦૩)માં સેનાપતિ બાપકના પુત્ર આભીર સેનાપતિ રુદ્રભૂતિએ વાવ કરાવ્યાનો ઉલ્લેખ છે. આથી પશ્ચિમી ક્ષત્રપોના શાસનકાળ દરમ્યાન આભીર વસતી અસ્તિત્વ ધરાવતી હતી. આભીર ઈશ્વરદત્તના રાજ્યકાલના પ્રથમ બે વર્ષના સિક્કા પ્રાપ્ત થયા છે. લેખમાં ઓપશતિ ગોત્રનો ઉલ્લેખ છે, જે ચાષ્ટનના યષ્ટિલેખોમાં (વર્ષ ૫૨) પણ આવે છે. રુદ્રસિંહના મેવાસા યષ્ટિલેખ (શક વર્ષ ૧૦૩ - ડૉ. વી.વી. મિરાશીના વાચન અનુસાર)માં હરિહોવક ગોત્રનો ઉલ્લેખ છે.

આમ શક વર્ષ ૧૦૨નો આ યષ્ટિલેખ ક્ષત્રપ રાજા રુદ્રસિંહ ૧લો આ સમય દરમ્યાન અર્થાત્ ઈ.સ. ૧૮૦ (ડિસેમ્બરની ૪થી તારીખ)માં મહાક્ષત્રપનો હોદ્દો ધરાવતો હોવાની ઐતિહાસિક હકીકતની પુષ્ટિ કરે છે, અને એના શાસનકાળ દરમ્યાન ઉપલબ્ધ યષ્ટિલેખોમાં સૌથી પ્રથમ યષ્ટિલેખ હોવાનું પ્રમાણ પ્રસ્તુત કરે છે. આ ઉપરાંત આ સમય દરમ્યાન આભીરોની વસ્તી હોવાની અને એમના ગોત્ર વિશેની કેટલીક ઉપયોગી માહિતી પણ એમાંથી સાંપડે છે. એ દૃષ્ટિએ આ યષ્ટિલેખ આભિલેખિક ક્ષેત્રે નોંધનીય દૃષ્ટાંત પૂરું પાડે છે.

## યષ્ટિલેખનો પાઠ

१. राज्ञो महक्षत्रपस्य स्वामि चाष्टनस्य
२. प्रपौत्रस्य राज्ञो क्षत्रपस्य स्वा-
३. मि जयदमपौत्रस्य राज्ञो महाक्षत्रप-
४. स्य स्वामि रुद्रदामस्य पुत्रस्य राज्ञो
५. महाक्षत्रपस्य स्वामि दामय्सदस्य
६. राज्ञो महाक्षत्रपस्य स्वामि रुद्रसिंह-
७. स्य वर्षे द्विउत्तरशत १००(+)२ मार्ग्गशि-
८. र बहुलस्य दिवसे पंचदश १०(+)५ अग्नि-
९. मित्रस्य मेघश पुत्रस्य उपदे(श)
१०. तिनस गोत्रस्य आभीरस्य पितृ भ्रा-
११. तृहे च रुद्रदत्तेना वरिसेणेन रिग-
१२. त्रातेणे चा रोख लष्टि उथापित
१३. स्वस्ति लेखककवाचकेभ्यो [॥]

## ૨. વાઘેલા રાજા અર્જુનદેવના સમયનો કંથકોટ શિલાલેખ, વિ.સં. ૧૩૩૦ (ઈ.સ.૧૨૭૪)

ગુજરાતના વાઘેલા-સોલંકી કાલ દરમ્યાન થઈ ગયેલા રાજા અર્જુનદેવ (ઈ.સ.૧૨૬૨-૧૨૭૫)ના સમયનો આ શિલાલેખ કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના કંથકોટ ગામના કિલ્લામાં છૂટો પડેલો છે. ત્રણેક વર્ષ પહેલાં સર્વશ્રી દિલીપભાઈ કે. વૈદ્ય (પૂર્વ ક્યુરેટર, કચ્છ મ્યુઝિયમ), શ્રી ઉમિયાશંકર અજાણી અને શ્રી શાંતિભાઈ બોરિચાએ આ શિલાલેખ શોધ્યો હતો. આ પૂર્વે આ અપ્રસિદ્ધ લેખનો પાઠ ઉકેલવા માટે કોબા (ગાંધીનગર નજીક)ના શ્રી મહાવીર આરાધના કેન્દ્રમાં કાર્યરત ડૉ. ઉત્તમસિંગે પ્રયાસ કર્યો હતો. થોડા સમય પહેલાં શ્રી દિલીપભાઈએ આ શિલાલેખનો મોટો ફોટોગ્રાફ મને શિલાલેખમાંનો પાઠ ઉકેલવા માટે મોકલી આપ્યો હતો એ બદલ હું તેઓશ્રીની ખૂબ ખૂબ આભારી છું.

આ શિલાલેખ માપમાં આશરે ૧૦૭ સેમી. X ૬૯ સેમી.નો છે. એ સોલંકી-વાઘેલા યુગની નાગરી લિપિમાં કોતરેલો છે. એની ભાષા સંસ્કૃત છે. લેખ ૨૮ પંક્તિમાં કોતરેલો છે. ૨૮ મી પંક્તિ પછી ત્રણેક પંક્તિઓના છૂટા છૂટા કેટલાક ઘસાયેલા અક્ષર વંચાતા હોવાથી આખો લેખ ૩૧ કે ૩૨ પંક્તિ સુધીનો હોવાનું જણાય છે. જો કે લેખની પં.નં.૨૮માં પણ અંતિમ ચારેક અક્ષર જ વંચાય છે. શિલાલેખનો ઉપરની બાજુએથી આપણી જમણી તરફનો કિનારીનો ભાગ ઘસાયેલો હોવાથી કેટલીક પંક્તિઓના અંતિમ એક બે અક્ષર વાંચી શકાતા નથી. પંક્તિ ૩ માં શરૂઆતનો અક્ષર (ज) ઘસાયેલો છે. એ જ પ્રમાણે પં.૭ માં પણ આરંભથી પાંચમો અક્ષર (का) ઘસાયેલો છે. પં.૯માં આરંભનો ૭ મો અક્ષર (प्र) પણ ઘસાયેલો છે.

શિલાલેખનું લખાણ તત્કાલીન પ્રચલિત ઉત્તરી મરોડવાળી પશ્ચિમી નાગરી લિપિમાં કોતરેલું છે. લેખમાંના અક્ષરવિન્યાસની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ છે :

૧. વર્ણોના મરોડોને શિરોરેખાની નીચે જમણી બાજુએ લટકાવવાનું વલણ જોવા મળે છે. જેમ કે, द, व, ल, त વગેરે.

૨. ધ અક્ષરમાં શિરોરેખા નહીં કરવાનું વલણ હજુ ચાલુ છે. જેમ કે °धन° (પં. ૧૫), °धिराज (પં.૩,૨૧) વગેરે.

૩. પડિમાત્રા એટલે કે અક્ષરની પાછળ (ડાબી તરફ) સીધી ઊભી રેખામાં દર્શાવવાનો રિવાજ સોલંકી-વાઘેલા કાલ દરમ્યાન ચાલુ હોવાનું જણાય છે. આ વલણ આ અર્જુનદેવના શિલાલેખમાં પણ જોવા મળે છે; જેમ કે, °देव° (પં.૪), °ज्ये (પં.૪), °माने (પં.૭), °पदे (પં.૧૧), देशे° (પં.૧૮), क्षीणे (પં.૨૪) ઇત્યાદિ

૪. अ ના મરોડમાં ઉત્તર ભારતીય ત્રિપાંખીયો મરોડ ચાલુ છે. જેમ કે अदल° (પં.૧૬) अद्य (પં.૧૮) વગેરે.

૫. તાલવ્ય श નો પ્રાચીન મરોડ જળવાયો છે. જેમાં श ના ડાબી તરફના ઉપરના ગોળાકારને શિરોરેખાની નીચે, નાની સીધી ઊભી લીટી દ્વારા જોડવામાં આવે છે. જેમ કે, देशे° (પં.૧૮) शासन° (પં.૯), प्रशस्ता (પં.૯) વગેરે.

૬. क અક્ષરમાં અંતર્ગત સ્વરચિહ્ન उ કે ऋ જોડતી વખતે મૂળાક્ષર क ના ડાબી બાજુના ગોળ પાંખિયાને બદલે સીધી આડી રેખા કરાય છે. જેમ કે, कृत (પં.૧૨), कृते (પં.૧૩) °कुले (પં.૧૨) વગેરે.

૭. જોડાક્ષરોમાં એક અક્ષરની નીચે બીજો અક્ષર જોડવામાં આવે છે. જેમ કે, °पत्तौ (પં.૯), °तिष्ठमान (પં.૧૦), उक्तं (પં.૨૩), स्वामी (પં.૧૮) વગેરે.

પ્રસ્તુત શિલાલેખ પૂર્તકાર્યોના નિભાવને લગતો છે. એનો આરંભ મંગલસૂચક ચિહ્ન 'ભલે મીંડું બે પાણ' જેવા શુભ ચિહ્નથી થાય છે. એમાં વિક્રમ સંવત ૧૩૩૦, લૌકિક ફાગણ વદિ ૧૩ને ગુરુવારની મિતિ આપેલી છે.

આ મિતિએ કાલગણનાની અમાન્ત પદ્ધતિ અનુસાર તિથિ-વારનો મેળ બેસે છે. મિતિની બરાબરની અંગ્રેજી તારીખ ૮ માર્ચ, ઈ.સ. ૧૨૭૪, ગુરુવાર આવે. (L.D. Swamikannu pillai, *An Indian Ephemeris*, Vol. IV, Delhi, reprint 1982, p.150)

શિલાલેખમાં અણહિલવાડ પાટણમાં શાસન કરતા વાઘેલા રાજા **અર્જુનદેવ** (વિ.સં.૧૩૧૮ થી સં. ૧૩૩૧ = ઈ.સ. ૧૨૬૨ થી ૧૨૭૫)ના વિજયી રાજ્યનો નિર્દેશ છે. આ રાજાના સમયના ૬ જેટલા શિલાલેખ મળ્યા છે. એ ઉપરથી એની સત્તા સૌરાષ્ટ્રમાં છેક વેરાવળ સુધી, ઉત્તર પશ્ચિમે કચ્છ સુધી અને ઉત્તરમાં ઈડર સુધી ચાલતી હોવાનું જણાય છે. એના સમયમાં મહામાત્ય **માલદેવ** મહત્ત્વનું સ્થાન ધરાવતો હતો (ગુજરાતના ઐતિહાસિક લેખ ભાગ ૩, લે.નં.૨૧૭). એ અર્જુનદેવના રાજ્યકાલની શરૂઆતથી લગભગ છેક અંત ભાગ સુધી સત્તા પર રહ્યો હતો. વિ.સં. ૧૩૨૭ (ઈ.સ.૧૨૭૧)માં **પાલ્હ** અને **સામંતસિંહ** બંને સાથે સૌરાષ્ટ્રના અધિકારી તરીકે વહીવટી કામ સંભાળતા (ગુઐલે., ૩, ૧૬૪). વિ.સં. ૧૩૩૦માં એકલો **પાલ્હ** એ અધિકાર સંભાળતો. (ગુઐલે; ૩, ૨૧૯અ)

કંથકોટના આ અપ્રસિદ્ધ શિલાલેખમાં દર્શાવ્યા અનુસાર પંચકુલમાં શ્રીકરણ (આવક) ખાતામાં મુદ્રાવ્યાપાર સંભાળતા મહાસાંધિક મહં. **શ્રી કાન્હ** અને રત્નપારી ઠ. **પાલ્હ** કચ્છમંડલના **કંથાયાન** મંડલકરણમાં વહીવટ કરવા નિયુક્ત થયેલા, તેમનો સમાવેશ કરાયો હતો. સૌરાષ્ટ્ર કચ્છની વ્યવસ્થા જાળવવા **ઠ. પાલ્હની** નિમણૂક પંચકુલના અગ્રણી તરીકે કરવામાં આવી હતી. મહામાન્ય તરીકે **માલદેવ** સત્તા સંભાળતા હતા.

વાઘેલા રાજા અર્જુનદેવના સમયના અત્યારસુધીમાં કંથકોટના આ અપ્રસિદ્ધ શિલાલેખ સાથે ૭ લેખ મળ્યા છે :

૧. વેરાવળનો વિ.સં. ૧૩૨૦ આષાઢ વદિ ૧૩ નો શિલાલેખ, જેમાં હિજરી સન ૬૬૨, વલભી સંવત ૯૪૫ અને સિંહ સંવત ૧૫૧ આપેલ છે.

૨. અર્જુનદેવનો કાંટેલા (પોરબંદર)નો શિલાલેખ, વિ.સં. ૧૩૨૦, જ્યે. સુ. ૩

૩. લાઠોદ્રા શિલાલેખ, વિ.સં. ૧૩૨૩

૪. ભરાણા (જિ. જામનગર) શિલાલેખ, વિ.સં.૧૩૨૭ [ભાદ્રપદ શુ.૩]

૫. રવ (કચ્છ-તા.રાપર) શિલાલેખ, વિ.સં. ૧૩૨૮, શ્રાવણ સુદિ ૨

૬. ગિરનાર શિલાલેખ, વિ.સં. ૧૩૩૦, વૈશાખ સુ.૧૫

૭. કંથકોટ શિલાલેખ, વિ.સં. ૧૩૩૦, ફાગણ વદિ ૧૩.

આ ઉપરાંત વાઘેલા રાજા વીસલદેવના રાજકવિ નાનાકની બે પ્રશસ્તિઓમાંની એકમાં મિતિ દર્શાવી નથી, જ્યારે બીજી પ્રશસ્તિ અર્જુનદેવના સમયની વિ.સં. ૧૩૨૮ ની છે.

આ રાજાના સમયના વેરાવળ શિલાલેખમાં દાન આપનાર હુર્મુઝના એક મુસ્લિમે બંધાવેલી મસ્જિદને દાન આપ્યાનો, સોમનાથ પાટણના શિયા ખારવાઓને ધાર્મિક ઉત્સવો ઉજવવા દાન આપ્યાનો અને બાકીની ઉપજ મક્કા-મદીનાના પવિત્ર સ્થળોમાં દાન કરવાનો હેતુ હોવાની વિગતો ઉલ્લેખેલી છે. (ગુઐલે; ૩, નં. ૨૧૭). એના કાંટેલા શિલાલેખમાં મહામાત્ય સામન્તસિંહના ભાઈ સલક્ષની સ્મૃતિમાં સલક્ષ-નારાયણનું મંદિર બંધાવ્યાનો, રેવતી કુંડના પગથિયાં બંધાવ્યાનો તથા એમાં શિવ, જલશાયી વિષ્ણુ, ગણેશ, ક્ષેત્રપાલ, ચંડિકા, સૂર્ય, રેવતી અને બલરામની મૂર્તિઓ પધરાવ્યાનો ઉલ્લેખ છે. (ગુઐલે. ૩,૨૧૬ અ). આ રાજાના ભરાણા શિલાલેખમાં માતરી વાવ બંધાવ્યાનો (ગુઐલે; ૩, ૧૬૪) તથા રવ શિલાલેખમાં રવ ગામમાં રવેચી માતાના મંદિર પાસે રવિસિંહે પોતાના કલ્યાણ માટે ૧૬૦૦ દ્રમ્મના ખર્ચે વાવ બંધાવ્યાનો નિર્દેશ છે (ગુઐલે; ૩, ૨૧૯અ).

અર્જુનદેવના ગિરનાર શિલાલેખમાં પંચકુલ દ્વારા હરિપાલને સૂત્રધાર બનાવવા અને લેખો કોતરવા દાન આપ્યાનો નિર્દેશ છે (ગુઐલે. ૩,૨૧૯ બ).

અત્રે સંપાદિત અર્જુનદેવના સમયના કંથકોટ શિલાલેખમાં 'દ્રમ્મ' – નામના સિક્કાઓના ચલણનો જે નિર્દેશ છે તે પ્રાચીન કાલમાં ચાલતું એક નાણું છે. પ્રાચીન ભારતમાં ભારતીય-યવન રાજાઓના સિક્કાઓ 'દ્રક્મ' તરીકે ઓળખાતા જેનું તોલમાન લગભગ ૮૮ ગ્રેન હતું. આ દ્રક્મનું ભારતીય રૂપાંતર 'દ્રમ્મ' હતું, જેના પરથી 'દામ' શબ્દ વ્યુત્પન્ન થયો. પ્રતીહાર અને સોલંકી રાજ્યમાં ૬૭ ગ્રેનના નાના ચાંદીના સિક્કા (દ્રમ્મ પ્રકારના) ચલણમાં હતા. શ્રીધરાચાર્યના ગ્રંથ 'ગણિતસાર' ઉપર સં. ૧૪૪૯ (ઈ.સ.૧૩૯૩)માં રાજકીર્તિમિશ્રે લખેલી જૂની ગુજરાતી ટીકામાં નાણાનું કોષ્ટક મળે છે, જેમાં દ્રમ્મનો ઉલ્લેખ છે.★

૨૦ કોડી = ૧ વિંશોપક

૫ વિંશોપક = ૧ લોહડિયું

૪ લોહડિયું = ૧ રૂપક

૫ રૂપક = ૧ દ્રમ્મ

શિલાલેખમાં કંથાયાન મંડલકરણમાં જેના નીચેના ભાગે આવેલી **મહણક** વાપીના કૂવામાંથી પાણી ખેંચવા રેંટ બનાવવા માટે અને એના પર પગથી બનાવવા માટે પંચકુલના અધિકારીઓ દ્વારા પ્રતિવર્ષ ૨૪ દ્રમ્મ આપવાનું ઠરાવાયું હતું, એ કંથકોટ-દુર્ગ કચ્છના પાટગઢમાં સત્તા સ્થાપનાર સિંધના સમા વંશના શાસક મોડના પુત્ર સાડે બંધાવ્યો હતો. (ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૩, પૃ. ૧૩૯-૧૪૦). **પ્રસ્તુત** શિલાલેખમાં ઘૃતઘટી કરણ (વિભાગ) માટે પણ ૨૪ દ્રમ્મ ખર્ચવાનું ઠરાવાયું હોવાનો નિર્દેશ છે. આ ઘૃતઘટી એ હાલનું કચ્છના રાપર તાલુકાનું ગેડી છે. રાપરથી આ ગેડી ઉત્તર દિશાએ ૨૦ કિ.મી. દૂર આવેલું છે. અર્જુનદેવના વિ.સં.૧૩૨૮ (ઈ.સ.૧૨૭૨)ના રવ શિલાલેખમાં વાગડના ઘૃતઘટીના પ્રદેશમાં આવેલ રવ ગામની નજીક 'રવેચી માતા'ના મંદિરનો ઉલ્લેખ આવે છે. (ગુઐલે; ૩, ૨૧૯અ). કચ્છના મુંદ્રા તાલુકાનું ભદ્રેશ્વર જૈનોનું તીર્થધામ છે. પ્રસ્તુત શિલાલેખમાં ભદ્રેશ્વરની મંડપિકા માટે પ્રતિવર્ષ ૫૨-બાવન દ્રમ્મ મંજૂર કર્યાનો ઉલ્લેખ છે. સિદ્ધરાજ જયસિંહના સમયના વિ.સં.૧૧૯૫ (ઈ.સ.૧૧૩૯)ના કચ્છ - **ભદ્રેશ્વર** નજીક ચોખંડા મહાદેવના મંદિરમાંના શિલાલેખમાં ભદ્રેશ્વર 'વેલાકુલ' નો ઉલ્લેખ છે. (ગુઐલે;૩,૧૩૩બ). વાઘેલા રાણા વીરધવલના સમયમાં (ઈ.સ.૧૨૧૧-૧૨૩૮) 'ભદ્રેશ્વર વેલાકુલ'માં ભીમસિંહ નામનો પ્રતીહાર વહીવટ કરતો હોવાનો નિર્દેશ **प्रबन्धकोश** (પૃ.૧૦૪-૦૫)માં આવે છે.

પ્રસ્તુત શિલાલેખમાં કંથકોટ-કંથાયાન કરણ (વિભાગ) માટે નજીકમાં આવેલી મહણક વાપીમાં રેંટ મૂકવા માટે અને તેના પર પદ્યા (પગથી) બનાવવા માટે ૨૪ દ્રમ્મ, ઘૃતઘટી (ગેડી) મંડલકરણ (વિભાગ) માટે ૨૪ દ્રમ્મ તથા ભદ્રેશ્વરમાં મંડપિકા માટે બાવન દ્રમ્મ - આમ દુર્ગસહિત ત્રણે સ્થળોએ કુલ મળી ૧૦૦ દ્રમ્મ-એક સો દ્રમ્મ પંચકુલની સંમતિથી પ્રતિ વર્ષ દાન કરવાનું ઠરાવવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ છે. આ દાન મહારાજાધિરાજ શ્રીમદ્ વીસલદેવના શ્રેય માટે આપવામાં આવ્યું. આ વીસલદેવ રાજા અણહિલવાડ પાટણની ગાદીએ આવનાર વાઘેલા-સોલંકી વંશનો પ્રથમ રાજા હતો. (લગ. ઈ.સ.૧૨૪૪ થી ઈ.સ. ૧૨૬૧).

આમ કંથકોટના કિલ્લામાંથી પ્રાપ્ત આ અપ્રસિદ્ધ શિલાલેખ કચ્છના સ્થાનિક ઇતિહાસમાં રાજકીય, આર્થિક અને પૂર્તકાર્યોની દષ્ટિએ મહત્ત્વપૂર્ણ માહિતી પ્રગટ કરે છે અને એ રીતે સોલંકી-વાઘેલા કાલના ઇતિહાસમાં નવું ઉમેરણ કરે છે.

---

★ ર.છો.પરીખ, હરિપ્રસાદ શાસ્ત્રી, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ ૪, પૃ.૨૫૩

## શિલાલેખનો પાઠ

१. ꣹०॥ संवत् १३३० वर्षे लौ. फागुण वदि १३
२. गुरावद्येह श्रीमदणहिलपाटकाधिष्ठितं समस्तरा-
३. जावलीसमलंकृतमहाराजाधिराजश्रीमदर्ज्जुन-
४. देवकल्याणविजयिराज्ये तत्पादपद्मोपजीविनि
५. महामात्यश्रीमालदेवे महासांधि० महं० श्रीकान्हे
६. श्रीश्रीकरणादौ समस्तमुद्राव्यापारान् परिपंथयति स-
७. तीत्येवं काले प्रवर्तमाने कच्छमंडले श्रीकंथायान
८. मंडलकरणे तन्नियुक्त महं० श्रीरतनपारि ठ० पाल्हप्र-
९. भृतिपंचकुलप्रतिपत्तौ शासनवत्प्रशस्ता (स्तिः) लिख्यते य-
१०. था ॥ यततलपदे संतिष्ठमानश्री**महणक**वाप्यां अरघ-
११. ट्टवाहां पद्यार्थं वर्षं प्रतिस्थितकपदे पंचकुलेन श्रीकंथ-
१२. कोट्याः करणेकृत द्र. (द्रम्म) २४ तथा श्रीघृतघट्याः करणे कृ-
१३. त द्र (द्रम्म) २४ तथा श्रीभद्रेश्वरमंडपिकायां कृते द्र. (द्रम्म) ५२ ए-
१४. वं एतस्मिन् दुर्ग्र त्रये स्थितकपदे वर्षं प्रति द्र. (द्रम्म) १००
१५. शतमेकं स्थितके कृतं तथा श्रीकंथ्यभिवंधन-
१६. के अदलग्र(?) मास च नि-(त्य)पाला परिग्रहेण वर्षं
१७. प्रतिस्थितके जनं प्रति कृस १ द्रम्मैकः कृतः ।
१८. अद्य पूर्वं देशेऽस्मिन् कः कोपि स्वामी अधिका-
१९. री वा भवति । तेन सर्वेणापि देशे स्वामिना देशा-
२०. धिकारिणा च तथा समस्त पदित(प्रति)पाला परिग्र-
२१. हेणापि महाराजाधिराज श्रीमद्वीसलदेव-
२२. श्रेयोऽर्थं कृतं स्थितकमिदं आचंद्रार्कं याव-
२३. त् निर्वाहणीयं पालनीयं च ॥ यत उक्तं च । एवं वं-
२४. शक्षये क्षीणे को पि राजा भविष्यति तस्याहं
२५. करलग्नोस्मि मम दत्तं न चालयेत् ॥ यतो यतो
२६. निर्भुक्ता बहुभिः राजभिः सगरादिभिः । यस्य य-
२७. स्य यदा भूमी(मिः) तस्य तस्य तदा फलं(लम्) ॥ मंगल

२८. — परि -------- नि ग्रहणीयं ॥

## અનુવાદ

**મંગલચિહ્ન** – 'ભલે મીંડુ બે પાણ'. સંવત ૧૩૩૦, લૌકિક ફાગણ વદિ ૧૩ ને ગુરુવારે આજે અહીં શ્રીમદ્ અણહિલપાટણમાં નિવાસ કરતા, સમસ્ત રાજાવલીથી અલંકૃત મહારાજાધિરાજ શ્રી અર્જુનદેવના કલ્યાણકારી વિજય રાજ્યમાં, તેમના ચરણરૂપી કમલના આશ્રયે જીવિત મહામાત્ય શ્રી માલદેવ હતા, મણસાંધિક મહં. શ્રીકાન્હ શ્રીકરણ ખાતાનો સમસ્ત મુદ્રાવ્યાપાર સંભાળતા હતા, તે સમયે પ્રવર્તમાન કચ્છમંડલમાં **કંથાયાન** મંડલકરણમાં તેમણે નીમેલા મહં. રત્નપારખુ ઠ. પાલ્હ વગેરેથી બનેલા પંચકુલની હાજરીમાં શાસન(રાજશાસન)ની જેમ પ્રશસ્તિ લખવામાં આવે છે (પંક્તિ ૧ થી ૯) જેમ કે :

જે દુર્ગના તલમાનમાં (કંથકોટના કિલ્લામાં નીચેના ભાગ તરફ) આવેલી **મહણક** વાપીના કૂવામાંથી પાણી ખેંચવા રેંટ બનાવવા તથા પદ્યા (પગથી) બનાવવા માટે પંચકુલ દ્વારા પ્રતિવર્ષ ૨૪ દ્રમ્મ, ઘૃતઘટી (ગેડી) કરણ માટે ૨૪ દ્રમ્મ તથા ભદ્રેશ્વરમાં મંડપિકા માટે બાવન દ્રમ્મ આપવાના નક્કી કરવામાં આવ્યા. આ પ્રમાણે દુર્ગ સહિત ત્રણે સ્થળોનાં કાર્યોને પૂરાં કરવાના ખર્ચ પેટે વર્ષના ૧૦૦ દ્રમ્મ-એક સો દ્રમ્મ આપવાનું નિશ્ચિત કરવામાં આવ્યું (પં. ૧૦-૧૫). આ કાર્યોની દેખરેખ રાખવા માટે એક વ્યક્તિને ૧ દ્રમ્મ (પ્રતિમાસ ?) આપવાનું ઠરાવાયું (પં. ૧૫-૧૭).

આજ પહેલાં આ દેશમાં કોઈ સ્વામી કે અધિકારી થયો હોય તે દરેક અધિકારી તથા સમસ્ત પ્રતિપાલ (ફરજ પરના અધિકારી) વગેરેનાં પરિગ્રહથી મહારાજાધિરાજ શ્રીમદ્ વીસલદેવના શ્રેય માટે આ સ્થિતક (દાનકાર્ય-લાગો) કરાવ્યું છે (પં. ૧૮-૨૨). જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી દાનનો નિર્વાહ કરવો અને એનું પાલન કરવું.

કેમ કે કહેવાયું છે કે વંશ પૂરો થતાં ભવિષ્યમાં પણ જે કોઈ રાજા થાય તેણે મેં આપેલા દાનને ચલિત ન કરવું જોઈએ. એવા વચનથી હું બંધાયેલો છું. સગરરાજા જેવા અનેક રાજાઓએ (પરાપૂર્વથી) આ ભોગવ્યું છે. જેની જેની જ્યારે જ્યારે ભૂમિ હોય તેનું તેનું ફળ તેને ત્યારે ત્યારે મળે છે. મંગલ (પં.૨૨-૨૭).



૧. કાર્દમક ક્ષત્રપ રાજા રુદ્રસિંહ ૧લાના સમયનો ગોણિયાસર શિલાલેખ, (શક) સં. ૧૦૨



૨. વાઘેલા રાજા અર્જુનદેવના સમયનો કંથકોટ શિલાલેખ વિ.સં. ૧૩૩૦

# ભાસની અનુપમ સૂક્તિઓ

◆

પ્રા. ચંદ્રિકા આર. ઠાકર*

**પ્રસ્તાવના :**

ભારતીય સંસ્કૃતિ માત્ર ભારત માટે જ નહીં. પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે છે. વિશ્વના ઇતિહાસમાં અતિ પુરાતન કાળથી અનેકાનેક સંસ્કૃતિઓ આવી અને ગઈ. પરંતુ ભારતીય સંસ્કૃતિ એક એવી અક્ષુણ્ણ સંસ્કૃતિના રૂપમાં વિકસિત થઈ છે કે, તેનું આદર્શ સ્વરૂપ આજે પણ વિશ્વની સામે એક આદર્શ પ્રસ્તુત કરે છે. ભારતીય સંસ્કૃતિ વિશ્વની પ્રથમ સંસ્કૃતિ છે. તે દેવ સંસ્કૃતિ છે. પોતાનામાં સર્વને અને સર્વમાં પોતાને સમાવવાનું કૌશલ ભારતીય મનીષીઓને સ્વાભાવિક પ્રાપ્ત હતું. બાહ્યદૃષ્ટિથી ભારતભૂમિ ઉપર અનેકવાર કષ્ટ આવતા રહ્યા. પરંતુ તેની મૂર્ધન્ય મનીષાને ક્યારેય કોઈ આક્રાન્ત કરી શક્યું નથી. સભ્યતા વ્યક્તિના બાહ્ય કલેવરને તથા બાહ્યાચારને પ્રશિક્ષિત કરીને તેને સભ્ય બનાવે છે, પરંતુ સાચી સંસ્કૃતિ વ્યક્તિના ભાવાત્મક સ્તરને વિકસિત કરીને તેને સુસંસ્કૃત તથા પરિશુદ્ધ કરીને આદર્શ સ્વરૂપે પ્રદાન કરી શકે છે.

આવું સાર્થક ચિંતન, આવી વિધેયક વિચારસરણી આપણને ભારતીય સંસ્કૃતિની આદર્શ વિચારસરણી દ્વારા જ પ્રાપ્ત થાય છે.

**મહાકવિભાસના નાટકોમાં વ્યક્ત થતું જીવનદર્શન :**

સંસ્કૃત સાહિત્યના પ્રસિધ્ધ નાટ્યકારોમાં ભાસ ઉચ્ચતમ શિખરે બિરાજે છે. ભાસે મહાભારત, રામાયણ અને ઉદયનકથા તથા લોકકથાના વિષયોને આવરી લઈને ૧૩ નાટકોની રચના કરી છે. જે ભાસ નાટકચક્ર તરીકે પ્રસિદ્ધ છે ભાસનાં નાટકો જીવંત પાત્રો અને સચોટ સંવાદોથી યુક્ત છે, અર્થપૂર્ણ અને વૈદર્ભી શૈલીથી યુક્ત છે. ભાસના નાટકોનું દર્શન માત્ર નાટક તરીકે જ પૂર્ણ નથી. પરંતુ ભારતીય સંસ્કૃતિના આદર્શોને પણ આ નાટકો ચરિતાર્થ કરે છે. ભારતીય જીવનદર્શન, ભારતીયજીવન શૈલી અને માનવજીવનના ઘડતરના આદર્શો તેમનાં નાટકોમાં અંગીકૃત કરાયા છે.

ભાસનાં નાટકોમાં વ્યક્ત થયેલ ભારતીય જીવનના ઊંચા આદર્શો અને કેટલાંક પાત્રોનું તેમણે કરેલું ઊર્ધ્વીકરણ આપણને એમ માનવા પ્રેરે છે કે, ભાસ ગુણાગુરાગી હતા. એમના નાટકમાં આવતાં કેટલાંક વિચાર-મૌક્તિકો અર્થસભર છે. તે બધાં નાટકને રોચક બનાવવાની સાથે કવિના વ્યાપક જીવનદર્શન અને તત્ત્વજ્ઞાનને વ્યક્ત કરે છે. નાટકમાં વચ્ચે વચ્ચે આવતી કેટલીક ચમત્કૃતિપૂર્ણ ઉક્તિઓ અને સુભાષિતો કવિના જીવનદર્શનને વ્યક્ત કરવાની સાથે સાથે નાટકના સૌંદર્યમાં પણ વધારો કરે છે. તો આવો આપણે પણ ભાસનાં નાટકનાં આવાં સૂક્તિરત્નોને સમજીએ.

**ભાસનાં નાટકની સૂકિતઓ :**

કવિ રમેશ પારેખ કહે છે કે,

જે તમને કોઈપણ કારણથી ભીતરથી હલાવી નાખે, તમારા સ્વભાવનું આનંદમાં રૂપાંતર કરી નાખે તે સૂક્તિઓ છે.

ભાસનાં નાટકોનો વિવિધલક્ષી રીતે અભ્યાસ થયો છે. પરંતુ ભાસની સૂક્તિઓનું મૂલ્યાંકન એ પણ એક મહત્ત્વપૂર્ણ બાબત છે. આ સૂક્તિમાં જ ભાસની નાટ્યકલાનું ખરેખર દર્શન થાય છે. ભાસની સૂક્તિઓમાં શબ્દની

* શ્રી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, જોષીપુરા, જૂનાગઢ

કરકસર, અર્થની વેધકતા, સંક્ષિપ્તતા, સચોટતા વ્યક્ત થાય છે. એમની સૂક્તિઓમાં ઘૂંટાયેલા વિચારની ચમત્કૃતિ છે. તેમાં સૂત્રાત્મકતા અને સઘનતા પણ વ્યક્ત થાય છે.

તેથી ભાસની આવી અમૂલ્ય સૂક્તિનું દર્શન કરીએ.

૧. वैरं च विग्रहकथाश्च वयं च नष्टाः ।

૨. न हि सिद्धवाक्यान्युत्क्रम्य गच्छति विधिः सुपरीक्षितानि । સ્વપ્નવાસવદત્તમ્

૩. हृदयेन तत्र द्विधाभूतेव गच्छति ।
यथा नभसि तोये च चन्द्रलेखा द्विधाकृता ॥ – બાલચરિત

૪. भर्तृस्नेहात् सा दग्धाऽप्यदग्धा । – સ્વપ્નવાસવદત્તમ્

૫. राज्यं नाम मुहूर्तमपि नोपेक्षणीयम् । – પ્રતિમાનાટક

૬. हुतं च दत्तं च तथैव तिष्ठति । – કર્ણભાર

૭. दरिद्रं खलु पुरुषस्य सोच्छ्वासं मरणम् । – ચારુદત્ત

૮. कालक्रमेण जगतः परिवर्तमाना
चक्रारपङ्क्तिरिव गच्छति भाग्यपङ्क्तिः । – સ્વપ્નવાસવદતમ્

૯. माता किल मनुष्याणां देवतानां च दैवतम् । –મધ્યમવ્યાયોગ

૧૦. रूपेण स्त्रियः कथ्यन्ते पराक्रमेण तु पुरुषाः । – પંચરાત્ર

**ભાસની સૂક્તિઓનો રસાસ્વાદ**

ભાસના નાટકની સૂક્તિઓ હૃદયાકાશે વિસ્તરે છે. તેજપૂંજને પાથરે છે. અને સમજણનો સૂર ફેલાવે છે. સૂક્તિઓ અનુભવનો નિચોડ હોવાથી આપણી આંતરચેતનાને ખીલવે છે. આ સૂક્તિઓથી આપણી આંતરદષ્ટિ ખૂલે છે. અને તે આપણા ભાવજગતને પરિષ્કૃત કરે છે. ભાસની આ સૂક્તિઓનો માત્ર ભાવાનુવાદ જ પૂરતો નથી તેના પ્રસંગોની સમીક્ષાથી જ આ સૂક્તિઓની સંવેદનશીલતા અને સૌરભ આપણને સમજાય છે.

તો ચાલો આપણે આ સૂક્તિઓનું રસદર્શન કરીએ.

(૧) वैरं च विग्रहकथाश्च वयं च नष्टाः ।
"વૈર અને યુધ્ધ દ્વારા જ આપણો વિનાશ થયો છે."

નાટયકાર ભાસના ઊરુભંગ નાટકમાં આવતી આ સૂક્તિ દૂર્યોધન ઉચ્ચારે છે. ભાસે દુર્યોધનના પાત્રનું ઊર્ધ્વીકરણ કર્યું છે. અને ઊરુભંગમાં અંતે દુર્યોધનને જીવનનું સાચું સત્ય સમજાય છે. તેથી તે વૈર અને યુદ્ધથી જ આપણે નાશ પામ્યા છીએ. એવું સત્ય સ્વીકારે છે. અને તેથી જ તેને ત્યજવાની વાત કરે છે. વૈર અને યુધ્ધ જ માનવને, રાષ્ટ્રને અને વિશ્વને માટે વિનાશકારી છે. એવું મહાન સત્ય અત્રે રજૂ કરી ભાસે માનવજીવનને તેનાથી દૂર રહેવાનો સંદેશો આપ્યો છે.

(૨) न हि सिद्धवाक्यान्युत्क्रम्य गच्छति विधिः सुपरीक्षितानि ।
સ્વપ્રવાસવદત્તમ્નું આ વાક્ય યૌગન્ધરાયણ બોલે છે.

સિદ્ધજનોના વાક્યને વિધિ પણ ઓળંગી શકતો નથી. અત્રે સિદ્ધજનોની પ્રશંસા અને મહત્તા સ્વીકારતાં ભાસ જણાવે છે કે, સિદ્ધજનોએ તપથી જે સિદ્ધિ મેળવી હોય છે, તેમાંથી તે ભાગ્યને પણ પલટાવી શકે છે. સિદ્ધજનોને વચનસિદ્ધિ હોય છે. તેથી તેમના આશીર્વાદ ક્યારેય અફળ જતા નથી.

स्वप्नवासवदत्तम् નાટકના પ્રથમ અંકમાં યૌગન્ધરાયણ પદ્માવતીને જોઈને કહે છે કે, પદ્માવતી ઉદયનની પટરાણી થશે એવું સિદ્ધજનોએ કહ્યું છે. અને તેથી તે સત્ય જ થશે એમ હું માનું છું.

(૩) हृदयेन तत्राङ्गेन द्विधाभूतेव गच्छति ।
यथा नभसि तोये च चन्द्रलेखा द्विधाकृता ॥ બાલચરિત

જાણે પોતાનું હૃદય કોઈને સોંપી આવી માત્ર દેહથી અંતઃપુરમાં પાછી ફરતી દેવકી આકાશ અને પાણી એ બે ભાગમાં વહેંચાયેલી ચંદ્રલેખા જેવી લાગે છે.

બાલચરિત નાટકમાં આ ઉક્તિ આવે છે. આ નાટકના પ્રથમ અંકમાં પોતાના બાળકને વસુદેવના હાથમાં સોંપી અંતઃપુરમાં પાછી ફરતી દેવકીનું વર્ણન કરતાં કવિ લખે છે કે, જાણે દેવકી પોતાનું હૃદય કોઈને સોંપી આવી માત્ર દેહથી અંતઃપુરમાં પાછી ફરતી તે આકાશમાં અને પાણીમાં એમ બે ભાગમાં વહેંચાયેલી ચંદ્રલેખા જેવી લાગે છે.

બાલચરિત નાટક કૃષ્ણની બાળલીલા પર આધારિત છે. આ સૂક્તિમાં દેવકીના અંતઃકરણની વ્યથાની વાત છે. તાજા જ જન્મેલા પોતાના બાળકને વસુદેવના હાથમાં સોંપી પાછી ફરતી દેવકી કવિને બે ભાગમાં વહેંચાયેલી ચંદ્રલેખા જેવી લાગે છે. જાણે પોતાના જ આત્મીય સ્વરૂપને વધ કરવા મોકલતી દેવકી માત્ર દેહથી જ અંતઃપુરમાં પાછી ફરે છે. એમ કવિએ સાચું જ કહ્યું છે.

(૪) भर्तृस्नेहात् सा दग्धाऽप्यदग्धा ।

પતિના સ્નેહને કારણે તે બળી ગઈ હોવા છતાં નથી બળી. ભાસના શ્રેષ્ઠ નાટક સ્વપ્નવાસવદત્તમ્‌ના પ્રથમ અંકમાં લાવાણક ગામમાં લાગેલી આગનું વર્ણન યૌગન્ધરાયણ સમક્ષ કરતાં બ્રહ્મચારી આ વાક્ય બોલે છે.

વાસવદત્તા આગમાં મૃત્યુ પામી છે. એ વાત જાણીને ઉદયન ખૂબ વિલાપ કરે છે. અને ઉદયનના આવા પ્રેમ અને વિરહ જોઈને જ બ્રહ્મચારી આ વાક્ય બોલે છે.

જગતમાં દામ્પત્યપ્રેમનું ખૂબ મહત્ત્વ છે. ઉદયન અને વાસવદતાનો દામ્પત્યપ્રેમ પણ એવો જ હતો. પ્રણયમાં બન્ને એકબીજાના પૂરક હતા ત્યારે વાસવદત્તા એકાએક બળી મરતાં ઉદયનને ખૂબ દુઃખ થાય છે. અને તે ખૂબ વિલાપ કરે છે. આ સૂક્તિ દ્વારા ભાસે દામ્પત્યપ્રેમનું ખૂબ ઊંચું મૂલ્ય આંક્યું છે. અને સાચા પ્રેમમાં આવો જ વિરહ હોય છે, એમ ઉદયનના પાત્ર દ્વારા સમજાવ્યું છે.

(૫) राज्यं नाम मूहूर्तमपि नोपेक्षणीयम् ।
રાજ્યની એક ક્ષણ પણ ઉપેક્ષા ન કરવી જોઈએ. – પ્રતિમા નાટક

ભાસના પ્રતિમા નાટકનું આ વાક્ય છે. અને તેના દ્વારા રાજ્ય પ્રત્યેની જવાબદારીની સાચી સમજણ રજૂ થઈ છે. રામ વનમાં જાય છે. તો પણ રાજ્યની ચિંતા કરે છે. આજે પણ રાજ્ય પ્રત્યે રાજાની ફરજ તરફ આ વાક્ય અંગુલી નિર્દેશ કરે છે.

(૬) हूतं च दत्तं च तथैव तिष्ठति । કર્ણભાર
યજ્ઞમાં હોમેલું અને દાનમાં આપેલું અક્ષત રહે છે.

ભાસના કર્ણભાર નાટકની આ સૂક્તિ છે. અને તેમાં કહ્યું છે કે, યજ્ઞમાં હોમેલું અને દાનમાં આપેલું ક્યારેય નષ્ટ થતું નથી. કર્ણની આ વાત આજે પણ એટલી જ સાચી છે. યજ્ઞ અને દાન એ બન્ને પુણ્યકાર્યો છે. અને આવાં સત્કર્મો ક્યારેય નાશ પામતાં નથી. અને ક્યારેય તેનું પુણ્ય ઓછું થતું નથી.

ભાસે જીવનનો સાચો મંત્ર આ વાક્ય દ્વારા જ રજૂ કર્યો છે.

(૭) दारिद्र्यं खलु पुरुषस्य सोच्छ्वासं मरणं । — ચારુદત

ભાસના ચારુદત નાટકની આ સૂક્તિ છે. જીવનમાં દરિદ્રતા એ ખૂબ દુઃખદાયક છે. અને એવા પુરુષ માટે તો ખાસ જેમણે પોતાનું ઘણું બધું ધન દાનમાં આપી દીધું છે. આ સમાજમાં માણસની કિંમત નાણાથી જ અંકાય છે. પૈસાથી જ માણસ કીર્તિવાન બને છે. અને સમાજમાં મોભાનું સ્થાન પામી શકે છે. દરિદ્રતા પુરુષો માટે મરણ સમાન છે. એ વાત સત્ય છે. અને આ અનુભવસિદ્ધ બાબતને ભાસે પોતાના નાટકમાં મૂકીને જીવનની વાસ્તવિકતાનાં દર્શન કરાવ્યાં છે.

(૮) कालक्रमेण जगतः परिवर्तमाना
चक्रारपङ्क्तिरिव गच्छति भाग्यपङ्क्तिः । — સ્વપ્નવાસવદત્તમ્

સમયાંતરે જગત પરિવર્તન પામે છે. અને ચક્રના આરાની જેમ ભાગ્ય પંક્તિ પણ ફરે છે. સ્વપ્નવાસવદત્તમ્‌માં આવતી આ સૂક્તિ યોગન્ધરાયણ બોલે છે. તેમાં ભાગ્ય કદી કોઈનું એકસરખું હોતું નથી. ચક્રના આરાની જેમ ઉપર નીચે ફરે છે. તેમ ભાગ્ય પણ સમયે બદલાતું રહે છે.

માનવીનું જીવન ક્યારેય સદાય સુખથી ભરેલું નથી હોતું અને ક્યારેય દુઃખથી ભરેલુ હોતું નથી. આ રીતે પરિવર્તન એ જ જીવનનો ક્રમ છે. એવું ભાસ અહીં કહે છે.

(૯) माता किल मनुष्याणां देवतानां च दैवतम् - मध्यम व्यायोग

મધ્યમવ્યાયોગ નાટકમાં આ વાક્ય ભારતીય સંસ્કૃતિની માતૃદેવોની ભાવનાને ચરિતાર્થ કરે છે. ઘટોત્કચ જેવા રાક્ષસના મુખમાં આ વાક્ય મૂકી ભાસે ખૂબ નોંધનીય બાબત રજૂ કરી છે. માતાપિતાનું ઋણ આપણે ક્યારેય ચૂકવી શકતા નથી. અને તેથી જ કહેવાયું છે કે,

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी ।

(૧૦) रूपेण स्त्रियः कथ्यन्ते पराक्रमेण पुरुषाः । — પંચરાત્ર

સ્ત્રીઓની શોભા રૂપ છે. અને પુરુષો પરાક્રમથી જ શોભે છે. સૌંદર્ય એ સ્ત્રીઓની શોભા છે અને પરાક્રમ એ પુરુષોનું આભૂષણ છે. ભાસનું સમાજદર્શન અહીં સુયોગ્ય રીતે પ્રત્યક્ષ થાય છે.

**ઉપસંહાર**

ભાસે આ બધી સૂક્તિઓ વિવિધ પાત્રોનાં મુખમાં મૂકીને માનવીના મનના વિવિધભાવોનું દર્શન કરાવ્યું છે. જેમાં ભાસની નાટ્યકુશળતા, માનસશાસ્ત્રીય દષ્ટિકોણ અને તેનું વિશાળ સમાજદર્શન જોવા મળે છે. ભાસની સૂક્તિઓની ભાષા સરળ છે. તેમાં વિવિધતા છે. અને આ બધી સૂક્તિઓ દ્વારા તેમણે ભારતીય સંસ્કૃતિના આદર્શોનું ગૌરવ કરવાનો પ્રયત્ન કર્યો છે. આમ ભાસ સાચ અર્થમાં પ્રસ્થાપિત થાય છે એક માનવતાવાદી નાટ્યકાર હોવાનું પ્રસ્થાપિત થાય છે.

# હેમચંદ્રાચાર્યકૃત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર મહાકાવ્ય અને પુરાણોમાં સગર-ચરિત્ર : તુલના*

◆

ડૉ. સમીર કે. પ્રજાપતિ+

વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ, વાયુપુરાણ વગેરે પુરાણોમાંથી સગર-ચરિત્ર પ્રાપ્ત થાય છે. બલદેવ ઉપાધ્યાય વગેરે પ્રાચ્યવિદો તેમનો રચનાકાળ ઈ.સ. પૂ. ૨૦૦ થી ઈ.સ.૯૦૦ વચ્ચેનો માને છે.[૧] હેમચંદ્રાચાર્યકૃત ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર(ત્રિ.શ.ચ.) (૧૨ મી ઈ.સ.)માં પણ આ ચરિત્ર વર્ણવાયું છે.[૨] અહીં ત્રિ.શ.ચ અને પુરાણોના[૩] આધારે સગરચરિત્રનું તુલનાત્મક અધ્યયન પ્રસ્તુત છે.

## ૧. ત્રિ.શ.ચરિત્ર અને પુરાણોમાં સગરચરિત્ર : તુલના

અહીં નીચે મુજબ ત્રિ.શ.ચ. અને પુરાણોમાંથી પ્રાપ્ત વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે :

### (૧) વંશવર્ણન :

ત્રિ.શ.ચ.માં 'સગર' રાજાને ઈક્ષ્વાકુવંશી બતાવ્યો છે. તેના પૂર્વના વંશોનું નામકરણ ન કરતાં માત્ર એટલો જ ઉલ્લેખ છે કે તીર્થંકર શ્રીઋષભના મોક્ષકાળ પછી તેમના ઈક્ષ્વાકુવંશમાં અસંખ્ય રાજાઓ થયા. ત્યાર પછી 'જિતશત્રુ' નામે રાજા થયો. જિતશત્રુના ભાઈ સુમિત્ર વિજયનો પુત્ર 'સગર' થયો. (૨.૨.).

પુરાણોમાં વિષ્ણુપુરાણ બ્રહ્માથી લઈને અનુક્રમે દક્ષ-પ્રજાપતિ-વિવસ્વાન-મનુ-મનુના દસ પુત્રોમાં પ્રથમ ઈક્ષ્વાકુથી વિકુક્ષિ-પુરંજય-માંધાતા-પુરુકુત્સ-શંકુ-હરિશ્ચન્દ્ર-રોહિતાશ્વ-હરિત-ચંચુ-વિજય-રુરુક-વૃક-બાહુ અને બાહુનો પુત્ર સગર; એ પ્રકારે વંશાવલી આપે છે. (અ.૨)

ભાગવતકાર ઈક્ષ્વાકુથી વંશનો પ્રારંભ કરે છે; જેમાં અનુક્રમે ઈક્ષ્વાકુ-વિકુક્ષિ-પુરંજય-માંધાતા-ત્રિશંકુ-હરિશ્ચન્દ્ર-રોહિત-બાહુક અને સગર. અહીં વચ્ચે પુરંજય-વંશનું વર્ણન કરેલ છે. (૯.૬ થી ૮).

વાયુપુરાણમાં રૈવત (કુકુદ્મી) થી વૈવસ્વત મનુના વંશનો પ્રારંભ કર્યો છે. જેમાં પણ વંશ-ક્રમમાં ફેરફાર જોવા મળે છે. જેમ કે ઈક્ષ્વાકુવંશ-વિકુક્ષિ-કકુત્સ્થ-ધુન્ધુમાર-માન્ધાતા-સત્યવ્રત(ત્રિશંકુ)-હરિશ્ચન્દ્ર-બાહુક અને સગર (૮૮.૧-૧૭૦).

### (૨) માતા પિતા :

ત્રિ.શ.ચ.માં જિતશત્રુના નાનાભાઈ સુમિત્ર વિજય અને પત્ની વૈજયંતી (યશોમતી)થી સગરની ઉત્પત્તિ બતાવી છે (૨.૨). વિષ્ણુપુરાણ સગરના પિતા તરીકે 'બાહુ'નો ઉલ્લેખ કરે છે; જેમાં માતાનો નામોલ્લેખ નથી (૪.૩.૨૬-૩૭). ભાગવતકાર 'બાહુ'ના સ્થાને 'બાહુક' શબ્દ પ્રયોગ કરે છે. માતાનું નામ સૂચવતા નથી (૯.૮.૧-૪). વાયુપુરાણમાં 'બાહુ' શબ્દ છે. જ્યારે માતા તરીકે 'યાદવી' નામોલ્લેખ કરે છે (૮૮.૧૨૭-૧૩૨).

---

* સંસ્કૃત અને ભારતીય વિદ્યાનુસ્નાતક ભવન, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ તેમજ શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર દ્વારા આયોજિત અખિલ ભારતીય હેમચન્દ્રાચાર્ય સમારોહ (તા. ૧૫-૧૭, માર્ચ-૨૦૧૩)માં પ્રસ્તુત શોધપત્ર.

+ સંસ્કૃત વિભાગ, એસો. પ્રોફેસર, શ્રી ટી.એ.ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કૉમર્સ કોલેજ, રાધનપુર, જિ. પાટણ (ગુજરાત).

(૩) **સગર-જન્મ :**

ત્રિ.શ.ચ.માં અજિતનાથ (તીર્થંકર)ના જન્મ સમયે જ, તે જ રાત્રીએ 'સગરચક્રી'નો જન્મ થયાનું વર્ણન છે. અજિતનાથનો જન્મ માઘ માસની શુકલ અષ્ટમીને દિવસે શુભ મુહૂર્તે રોહિણી નક્ષત્રમાં થયો હતો. એટલે સગરનો પણ આ જ જન્મ-સમય માની શકાય (૨.૨) ચક્રવર્તીને શોભે એવું જન્મ-વર્ણન કરતાં કવિ કહે છે : ગર્ભધારીતા વૈજયંતિએ ચૌદ સ્વપ્ન જોયાં. નૈમિત્તિકોને સ્વપ્ન સંદર્ભે પૂછતાં તેમણે કહ્યું ''જેમ ઋષભદેવના સમયમાં ભરતચક્રી થયા અને અજિતનાથના સમયમાં સુમિત્રાના પુત્ર સગરરાજા ચક્રી થશે''. એવું અર્હત આગમથી અમે જાણેલું છે. તેથી વૈજયંતિના પુત્ર ષટ્ખંડ ભરતના અધિપતિ જાણવા (૨.૨). કવિએ અહીં ગર્ભધારણ કરેલ માતાની સ્થિતિનું પણ શોભાયુક્ત વર્ણન કર્યું છે.

પુરાણોમાં સગર-જન્મની સ્થિતિ આનાથી વિપરિત બતાવી છે. વિષ્ણુપુરાણ પ્રમાણે - વૃકનો 'બાહુ' નામે પુત્ર થયો; જે હૈહય અને તાલજંઘ વગેરે ક્ષત્રિયોથી પરાજિત થઈને પોતાની ગર્ભવતી રાણી સહિત વનમાં ગયો. સપત્નીએ એનો ગર્ભ રોકવાની ઇચ્છાથી વિષ ખવડાવી દીધું. એના પ્રભાવથી ગર્ભ સાત વર્ષ ગર્ભાશયમાં રહ્યો. અંતે બાહુ વૃદ્ધાવસ્થાને કારણે ઔર્વના આશ્રમ પાસે મૃત્યુ પામ્યો. રાણીએ ચિતા ખડકી સતી થવાનો નિશ્ચય કર્યો. ત્રણ કાળને જાણનાર ઔર્વ ત્યાં આવી દુરાગ્રહ છોડવાનું કહી 'ગર્ભમાં રહેલ ચક્રવર્તી થશે' એવું વચન કહ્યું. વચન માનેલી તેને ઔર્વ સ્વ-આશ્રમે લઈ ગયા. (૪.૩.૨૬-૩૪)

ભાગવતકારે વિષ્ણુપુરાણની આ કથાને લાઘવપૂર્ણ રીતે રજૂ કરી છે. વિશેષમાં કહ્યું છે કે 'ગર્ભ પર વિષનો કોઈ પ્રભાવ પડ્યો નહીં. પરંતુ વિષ સહિત જ એક બાળકનો જન્મ થયો.' ઔર્વની ભવિષ્યવાણીનો પણ ઉલ્લેખ નથી (૯.૮.૧-૪).

વાયુપુરાણ પ્રમાણે - ''રાજા બાહુ વ્યસની હોવાને કારણે એનું સમગ્ર રાજ્ય હૈહય, તાલજંઘ તેમજ શકોની સાથે યવન, પારદ, કમ્બોજ અને પહ્લવોએ આક્રમણ કરી છીનવી લીધું. આ પાંચ ગણોએ હૈહય માટે આ આક્રમણ કર્યું. આથી બાહુ પત્ની સાથે વનમાં ચાલ્યો ગયો અને તપસ્યા આદરી. એક દિવસ રાજા પાણી લેવા જતાં વૃદ્ધાવસ્થા અને દુર્બલતાને કારણે માર્ગમાં જ મૃત્યુ પામ્યો. પત્ની યાદવી સતી થઈ. ગર્ભની મારવાની નિયતિથી સપત્નીએ ઝેર આપી, ચિતા ખડકી તેને બેસાડી આગ લગાવી દીધી. ભાર્ગવ ઔર્વે આવી તેને તેમાંથી ઉગારી લીધી. તેણે ઔર્વના આશ્રમમાં વિષ સહિત 'સગર' નામના પરમ ધાર્મિક પુત્રને ઉત્પન્ન કર્યો (૮૮.૧૨૭-૧૩૩).

(૪) **સગરના જાતકર્માદિ સંસ્કાર :**

ત્રિ.શ.ચ.માં એટલો જ ઉલ્લેખ છે કે, મહારાજા જિતશત્રુએ શુભ દિવસે પુત્ર (અજિતનાથ) અને ભત્રીજા (સગર)નો નામકરણોત્સવ કરવા પોતાના સેવકોને આજ્ઞા કરી. ભ્રાતાના પુત્રનું 'સગર' એવું પવિત્ર નામ રાખ્યું (૨.૨). સગરકુમારે રાજાની આજ્ઞાથી શુભ દિવસે મહોત્સવપૂર્વક ઉપાધ્યાયની પાસે અધ્યયન કરવાનો આરંભ કર્યો તથા ઉપાધ્યાયે નહીં ભાંગેલા સંશયો અજિતસ્વામીને સગર પૂછતો હતો (૨.૩).

વિષ્ણુ અને વાયુપુરાણકાર 'સગર' શબ્દની વ્યુત્પત્તિ આપતા નથી. વિષ્ણુપુરાણકાર કહે છે કે, ''ત્યાં થોડાક જ દિવસોમાં એના એ ગર (વિષ)ની સાથે જ એક અતિ તેજસ્વી બાળકનો જન્મ થયો. ભગવાન ઔર્વે એના જાતકર્મ આદિ સંસ્કાર કરી એનું નામ 'સગર' રાખ્યું. એના ઉપનયન સંસ્કાર થયા પછી એને વેદ, શાસ્ત્ર તેમજ ભાર્ગવ નામક આગ્નેય શસ્ત્રોની શિક્ષા આપી'' (૪.૩.૩૫-૩૭).

ભાગવતકાર 'સગર' શબ્દની વ્યુત્પત્તિ આપતાં કહે છે કે, એ વિષની સાથે જ એક બાળકનો જન્મ થયો હોવાથી તે 'સગર' કહેવાયો. સગર મોટા યશસ્વી રાજા થયા. અહીં સગરના કોઈ જ સંસ્કારની વાત કરી નથી

(૯.૮.૪).

વાયુપુરાણકાર માત્ર જાતકર્માદિ સંસ્કારોનો જ ઉલ્લેખ કરી કહે છે કે, વેદશાસ્ત્રોનું સંપૂર્ણ અધ્યયન કરાવી અસ્ત્રવિદ્યા પણ આપી. (૮૮.૧૩૩-૧૩૪).

**(૫) બાળપણ :**

ત્રિ.શ.ચ.માં હેમચન્દ્રે સગરના બાળપણનું વર્ણન કર્યું છે. (કેટલાક અંશ અહીં દર્શનીય છે) : ધાત્રીઓ સગરનું પાલન કરતી હતી. ઉદ્યાનવૃક્ષ જેમ નીકના જળનું પાન કરે તેમ સગરકુમાર ધાત્રીનું અનિંદિત સ્તનપાન કરતા હતા. પર્વત ઉપર જેમ સિંહના બાળકો ચડે તેમ તે રાજાના ઉત્સંગમાં ચડવા લાગ્યા. તેમના મુગ્ધ હાસ્યથી માતા-પિતા ખુશ થતાં અને તેમના પરાક્રમ સહિત ચાલવાથી વિસ્મય પામતાં સ્વચ્છંદે વિચરતાં તેઓ ધાત્રીઓને ખેદ પમાડતા, શુકાદિ પક્ષીઓને પકડતા. તેમના ચરણકમળમાં પહેરાવેલ આભૂષણની ઝણઝણાટ કરતી ઘૂઘરીઓ ભમરાની પેઠે શોભતી, કંઠમાં હૃદય ઉપર લટકતી સુવર્ણ રત્નની માળા આકાશમાં લટકતી વીજળીની જેમ શોભતી હતી. આ પ્રમાણે એમનાં બાળપણનાં પરાક્રમો અને સૌંદર્યનું વર્ણન કવિએ કર્યું છે (૨.૩) પુરાણોએ એમના બાળપણનું આ પ્રકારનું કોઈ જ વર્ણન કર્યું નથી.

**(૬) અધ્યયન :**

ત્રિ.શ.ચ.માં ઉપાધ્યાય પાસે અધ્યયનનો આરંભ કર્યાનો ઉલ્લેખ છે. સગર શબ્દશાસ્ત્રો, સાહિત્યશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્રો, સ્યાદ્વાદ સિદ્ધાંતથી પ્રતિવાદીઓને જીતવા વગેરે અનેક શાસ્ત્રો અને વિદ્યાઓ તથા વિનયાદિક ગુણોથી શોભવા લાગ્યા. અહીં હેમચન્દ્રે અજિતનાથની સામે પ્રદર્શિત કરાતું શક્તિપ્રદર્શન અને સૌંદર્ય-વર્ણન પણ કર્યું છે (૨.૩). અસ્ત્ર તરીકે સુદર્શનચક્રની પ્રાપ્તિનો ઉલ્લેખ છે. આ ચક્ર સ્વયંભૂ ઉત્પન્ન થયાનું કહ્યું છે. અહીં સુદર્શનચક્રની ઉત્પત્તિ, સૌંદર્ય અને તેની ભયાનકતાનું વર્ણન કર્યું છે. સગર વગેરેએ તેની સામે જઈ વિવિધ રીતે નમસ્કાર, પૂજાવિધિ કરી તેને અલંકૃત કરી અષ્ટાહ્નિક ઉત્સવ અને પૂજા-મહોત્સવ કર્યાનું વર્ણન કર્યું છે (૨.૪).

વિષ્ણુપુરાણકાર 'ઔર્વમુનિ પાસેથી સગરે વેદ, શાસ્ત્ર તેમજ ભાર્ગવ નામક આગ્નેય શસ્ત્રોની શિક્ષા મેળવ્યાનો લાઘવપૂર્ણ ઉલ્લેખ છે (૪.૩.૩૭). ભાગવતકાર આ બાબતોનો બિલકુલ ઉલ્લેખ કરતા નથી. જ્યારે વાયુપુરાણકાર કહે છે કે, વેદશાસ્ત્રોનું સંપૂર્ણ અધ્યયન કરાવી અસ્ત્રવિદ્યા પણ ઔર્વે આપી. એ સમયે જમદગ્નિના પુત્ર ઔર્વમુનિ પાસેથી સગરે આગ્નેયાસ્ત્રની પ્રાપ્તિ કરી, જેને મોટા-મોટા રાક્ષસો પણ સહન કરવા અસમર્થ હતા. આ જ અસ્ત્રથી સગરે શત્રુઓનો નાશ કર્યો (૮૮.૧૩૪-૧૩૫).

**(૭) વિવાહ :**

હેમચન્દ્રે સગરકુમારના વિવાહનું વર્ણન કરતાં કહ્યું છે કે, પુત્ર (અજિતનાથ)ના વિવાહથી અતૃપ્ત રહેલા રાજા (જિતશત્રુ)એ દેવકન્યા જેવી રાજકન્યાઓ સગરકુમારને પણ પરણાવી (૨.૩). અહીં એક સ્થાને સુલોચન વિદ્યાધરની પુત્રી 'સુકેશા' તેમની પત્ની હતી, એવો ઉલ્લેખ છે (૨.૪).

વિષ્ણુપુરાણમાં સગરની બે પત્નીઓ કાશ્યપસુતા સુમતિ અને વિદર્ભરાજ-કન્યા કેશિનીનો ઉલ્લેખ છે (૪.૪.૧). ભાગવતકાર પણ આ જ બે નામ આપે છે, પરંતુ તે બંને સ્ત્રીઓના પિતાનાં નામ નથી આપતા (૯.૮.૯,૧૫). જ્યારે વાયુપુરાણકાર વિદર્ભરાજ -કન્યા કેશિની અને અરિષ્ટનેમિની કન્યા સુમતિ કહી થોડા અંશે પરિવર્તન લાવે છે (૮૮.૧૫૫-૧૫૬).

**(૮) સગરની દિગ્વિજય યાત્રા/શત્રુઓ ઉપર વિજય :**

ત્રિ.શ.ચ.માં દિગ્વિજય યાત્રાની પૂર્વ તૈયારીનું વર્ણન કર્યું છે. સેનાપતિ, પુરોહિત, દાસીઓ સહિતના રસાલા સાથે સગરરાજા ચક્રરત્નને અનુસરતા માગધક્ષેત્ર, પશ્ચિમ દિશામાં વરદકુમાર, દ્રવિડદેશ, આંધ્ર, કલિંગ,

મહારાષ્ટ્ર, લાટ, કચ્છ, સોરઠ, પ્રભાસ દેશના રાજાઓને વશ કર્યા. એ રીતે પૂર્વ, ઉત્તર અને દક્ષિણના સમગ્ર રાજાઓને વશ કરી શરણે લીધા. આ ઉપરાંત સિંહલ, બર્બર, ટંકણ વગેરે જાતિઓ અને બીજા મ્લેચ્છો ઉપર આક્રમણ કર્યું. કાલમુખ, જોનક અને વૈતાઢ્ય પર્વતના મૂળમાં રહેલી નાના પ્રકારની મ્લેચ્છ જાતિઓનો સ્વચ્છંદ રીતે દંડ લીધો. ભીલ(કિરાત), વરાકો, આપાત જાતિના કિરાતો વગેરેને પરાસ્ત કર્યા. કવિએ સગરનાં પરાક્રમો, સમૃદ્ધિ વગેરેનું પણ વર્ણન કર્યું છે (૨.૪).

પુરાણકારો શત્રુનાશ માટે દિગ્વિજય નહીં, પરંતુ પિતાના વેરનો બદલો એ મુખ્ય કારણ બતાવે છે. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે બાહુ હૈહય અને તાલજંઘ આદિ ક્ષત્રિયોથી પરાજિત થઈ પોતાની ગર્ભવતી રાણી સાથે વનમાં ચાલ્યો ગયો (૪.૩.૨૬). સગરના જન્મ પછી તેની બુદ્ધિનો વિકાસ થવાથી તપોવનમાં આવવાનું કારણ પૂછ્યું. માતાએ તેને સંપૂર્ણ વૃત્તાંત કહ્યું. પિતાના રાજ્યનું હરણ સહન ન કરી શકતાં તેણે હૈહય અને તાલજંઘ આદિ ક્ષત્રિયોને મારી નાખવાની પ્રતિજ્ઞા કરી તેમનો નાશ કર્યો. તે પછી શક, યવન, કમ્બોજ, પારદ અને પહ્લવગણ પણ હતાહત થઈ સગરના કુલગુરુ વસિષ્ઠની શરણમાં આવ્યા. વસિષ્ઠે એમને જીવન્મૃત કરતાં, ગુરુની આજ્ઞાને આધિન થઈ તેમના વેષ બદલાવી નાંખ્યા. યવનોનાં મસ્તકોનું મુંડન કરાવ્યું. શકોને અર્ધમુંડિત કર્યા, પારદોને લાંબા વાળ રખાવ્યા, પહ્લવોને મૂછ-દાઢી રખાવી તથા એમની સમાન અન્ય ક્ષત્રિયોને પણ સ્વાધ્યાય અને વષટ્કાર વગેરેથી બહિષ્કૃત કરી દીધા. પોતાના ધર્મને છોડી દેવાથી બ્રાહ્મણોએ તેમનો ત્યાગ કર્યો તેથી તે મ્લેચ્છ કહેવાયા (૪.૩.૩૮-૪૮).

ભાગવતકાર કહે છે કે "સગરે પોતાના ગુરુ ઔર્વની આજ્ઞા માની તાલજંઘ, યવન, શક, હૈહય અને બર્બર જાતિના લોકોનો વધ ન કરતાં તેમને વિરૂપ કરી દીધા." ભાગવતકાર વિષ્ણુપુરાણ કરતાં કેટલુંક વિશેષ વર્ણન આ પ્રમાણે કરે છે : "કેટલાક લોકોને કેવળ વસ્ત્ર ઓઢવાની આજ્ઞા આપી, પહેરવાની નહીં, લંગોટી પહેરવાની આજ્ઞા આપી, ઓઢવાની નહીં." (૯.૮.૫-૭).

વાયુપુરાણકાર વિષ્ણુપુરાણનું અનુશરણ કરે છે, પરંતુ કેટલીક બાબતોનું વિશેષ ઉમેરણ કરતાં કહે છે. – "શક, યવન, કમ્બોજ, પહ્લવ, પારદ, કલિસ્પર્શ, માહિષિક, દાર્વ, ચોલ તેમજ ખસ જાતિવાળા બધા ક્ષત્રિયવર્ણના હતા. એમના ધર્મને સગરે વસિષ્ઠનું વચન માની નિરાકૃત કરી દીધા. આ પ્રકારે ધર્મવિજયી રાજાએ સમગ્ર પૃથ્વી જીતી અશ્વમેધ યજ્ઞની દીક્ષા ગ્રહણ કરી અશ્વને ભૂમંડલ ઉપર ઘુમાવ્યો." (૮૮.૧૩૫-૧૪૪).

**(૯) સગરરાજાના પુત્રો અને પૃથ્વી-ખનન :**

ત્રિ.શ.ચ.માં સગરરાજાના પુત્રો દ્વારા પૃથ્વી-ખનન અને ભગીરથની કથાને આ રીતે રજૂ કરી છે :

"સગરરાજાને ચોસઠહજાર સ્ત્રીઓ સાથે વિષયસુખ ભોગવતાં જહ્નુકુમાર વગેરે સાઈઠહજાર પુત્રો થયા (૨.૫). આ પુત્રોએ પુત્રપણું બતાવવા સ્વચ્છંદે વિહાર કરવાની ઈચ્છા બતાવી. ઋષભપ્રભુના અવ્યયપદ-સ્થાન અને ભરતચક્રીના અષ્ટાપદી ક્રીડાગિરિ ઉપર ભરતચક્રીએ બનાવડાવેલ ચૈત્યના રક્ષણાર્થે તેની આજુ-બાજુ ખાઈ બનાવી, જેનાથી નાગકુમારોનાં મંદિરો ભગાયાં. તેથી નાગકુમારોનો રાજા જ્વલનપ્રભ ગુસ્સે થઈ તેમની પાસે આવ્યો. જહ્નુએ ક્ષમા માંગી તેને શાંત કર્યો. જહ્નુએ રજથી ભરાઈ ન જાય તે માટે ખાઈને ગંગાના પાણીથી ભરવાનો પ્રયત્ન કર્યો. જહ્નુના આ પ્રયત્નને કારણે તેનું નામ જાહ્નવી પડ્યું. સર્પરાજે ક્રોધાગ્નિથી તેમને ભસ્મરાશિ કરી દીધા (૨.૫). ગંગાનદીના પ્રવાહથી અષ્ટાપદની સમીપનાં ગામડાં વગેરે ડૂબતાં લોકો રક્ષાર્થે સગર પાસે ગયા. સગરચક્રીએ પૌત્ર ભગીરથને ગંગાને સાગરમાં ભેળવી દેવા આજ્ઞા કરી. ભગીરથે તે પ્રવાહને દંડરત્ન વડે આકર્ષી કુરુદેશ, હસ્તિનાપુર, કોશળદેશ, પ્રયાગ, કાશી, વિંધ્યાચળ, અંગ અને મગધદેશ થઈ પૂર્વસમુદ્રમાં ઉતારી, જે ગંગાસાગર તીર્થ બન્યું. ભગીરથે ગંગાને ખેંચી હોવાથી તેનું નામ ભાગીરથી પડ્યું. ભગીરથનો રાજ્યાભિષેક કરી સગરે દીક્ષા લઈ દ્વાદશાંગી ભણી મોક્ષપદ પ્રાપ્ત કર્યું." (૨.૬).

પુરાણોમાં આ કથા-પ્રસંગ જુદી રીતે કહેવાયો છે :

વિષ્ણુપુરાણ પ્રમાણે ઔર્વમુનિના વરદાનથી કેશિનીએ એક પુત્ર તથા સુમતિએ સાઈઠ હજાર પુત્રોની માંગણી કરતાં એ પ્રમાણે થયું. કેશિનીથી અસમંજસ અને સુમતિને સાઈઠ હજાર પુત્રો થયા. અસમંજસને અંશુમાન નામે પુત્ર થયો. અસમંજસ દુરાચારી હોવાથી તેનો સગરે ત્યાગ કર્યો. સાઈઠ હજાર પુત્રો પણ અસમંજસના ચારિત્ર્યને અનુસર્યા. દેવતાઓએ કપિલને આ સાઈઠ હજાર પુત્રો વિશે જણાવતાં કપિલને થોડા જ દિવસોમાં એમના નાશનું આશ્વાસન આપ્યું. સગરે આ સમયે અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો. પુત્રો દ્વારા સુરક્ષિત ઘોડાને કોઈ વ્યક્તિ ચોરી ગયો. પુત્રોએ એની શોધમાં પૃથ્વી ખોદી નાંખી. પાતાળમાં આ ઘોડાને જોતાં તેમણે સમીપમાં કપિલને જોયો. કપિલને મારવા જતાં કપિલે આંખ બદલી જોતાં પોતાના શરીરમાંથી ઉત્પન્ન અગ્નિથી નાશ પામ્યા. સગરે આ બાબત જાણતાં અંશુમાનને અશ્વને લઈ આવવા નિયુક્ત કર્યો. અંશુમાને ખોદેલ માર્ગે જઈ કપિલની સ્તુતિ કરી. કપિલે તે અશ્વ અંશુમાનને પાછો આપ્યો અને વરદાન માગવાનું કહ્યું. તેણે પોતાના પિતૃગણની સ્વર્ગપ્રાપ્તિ માંગી. કપિલે તેને તેના પૌત્ર દ્વારા ગંગાને પૃથ્વી પર લાવવાથી તેમની મુક્તિનું વચન આપ્યું. સગરે યજ્ઞ પૂરો કર્યો. સગરે સાગરને પોતાનો પુત્ર માન્યો. અંશુમાનથી દિલીપ અને તેનાથી ભગીરથ થયો જેણે ગંગાને સ્વર્ગથી પૃથ્વી પર લાવી એનું નામ 'ભાગીરથી' બનાવી દીધું. (૪.૪.૧-૩૫)

**(૯) ઉપર્યુક્ત કથામાં ભાગવતકારનાં કેટલાક વિશેષ અંશ આ પ્રમાણે છે :**

- યજ્ઞનો અશ્વ ઇન્દ્ર ચોરી જાય છે અને સગરપુત્રોની બુદ્ધિ હરી લે છે.
- અસમંજસ યોગી પુરુષ હતા.
- કપિલમુનિ ક્રોધી નહીં, પરંતુ સત્ત્વગુણી નિર્દેશી, દલીલો આપી તેમનો બચાવ કરે છે. અહીં કપિલમુનિના પ્રભાવનું વર્ણન અંશુમાન દ્વારા થયેલી સ્તુતિમાં કર્યું છે.
- સગરે અંશુમાનને રાજ્યનો ભાર સોંપી ઔર્વના માર્ગદર્શનથી પરમપદની પ્રાપ્તિ કરી.
- ભગીરથે ગંગા અને શિવને પ્રસન્ન કરી ગંગાને પૃથ્વી પર લાવી સગરના પુત્રોનો ઉદ્ધાર કર્યો. અહીં ગંગાવતરણ પ્રસંગ વ્યાપક રીતે નિરૂપાયો છે. (૯.૮.૭-૩૧; ૯.૯.૧-૧૫)

વાયુપુરાણમાં ઉપર્યુક્ત બે પુરાણોથી કેટલુંક ભિન્ન વર્ણન થયું છે, જેના અંશ નીચે મુજબ છે :

- અહીં અશ્વને ચોરનાર વ્યક્તિનો નામોલ્લેખ નથી.
- સગરે સ્વયં પુત્રો પાસે સમુદ્રના કિનારાના પ્રાન્તોને ખોદાવી નાંખ્યા.
- કપિલમુનિના તેજને સહન ન કરી શકતાં તેઓ ભસ્મીભૂત થયા, જેમાં ચાર પુત્રો (બર્હિકેતુ, સુકેતુ, ધર્મરત અને પંચવન) બચ્યા.
- સમુદ્ર અશ્વને લઈને સગર પાસે ઉપસ્થિત થયો, જેને (સાગરને) સગરનું પુત્રત્વ પ્રાપ્ત થયું અને તેને સાગરત્વની ઉપાધિ પ્રાપ્ત થઈ.
- સુમતિએ પોતાના ગર્ભથી એક તુંબડું ઉત્પન્ન કર્યું; જેમાંથી સાઈઠ હજાર પુત્રો ઉત્પન્ન થયા.
- અસમંજસને સગરનો ઔરસપુત્ર કહ્યો છે; જેનાં બીજા કાકુત્સ્થ અને બર્હિકેતુ હતા.
- અસમંજસને દુરાચારી કહ્યો છે.
- ભગીરથે ગંગાને પુત્રી રૂપે પ્રાપ્ત કરી સમુદ્રપર્યંતની પૃથ્વીને પાવન કરી, એટલો જ ઉલ્લેખ છે (૮૮.૧૫૫-૧૬૯)

**૨. ત્રિ.શ.ચ.માં હેમચન્દ્રના મૌલિક અંશો :**

(૧) ગર્ભાધાન સમયે સગરના માતા દ્વારા ચૌદ સ્વપ્ન જોવાં, સ્વપ્નના અનેક પ્રકારોનું વર્ણન, માતાનું સૌંદર્ય વર્ણન, નામકરણોત્સવનું ભવ્ય વર્ણન, સગરની બાલક્રીડાઓ, બાલ-પરાક્રમો અને સૌંદર્યવર્ણન કર્યું છે.

(૨) સગરના અધ્યયન પ્રસંગોમાં અનેક શાસ્ત્રો, વિદ્યાઓનો અંગ-ઉપાંગ સહિતનો ઉલ્લેખ, સગરનું શક્તિ-પ્રદર્શનનું વર્ણન.

(૩) સગર-વિવાહમાં બહુપત્નીત્વ પ્રથાનું વર્ણન.

(૪) સુદર્શન-ચક્રની સ્વયંભૂ ઉત્પત્તિ અને તેનું ભવ્ય વર્ણન, નમસ્કારની વિવિધ પદ્ધતિઓ, મહોત્સવો, પૂજાવિધિઓ વગેરેનું વર્ણન.

(૫) સગરપુત્રોની ઉત્પત્તિમાં અનેક માતાઓનો સૂચિતાર્થ છે.

(૬) સગરનું ગુણાનુરાગી વ્યક્તિત્વ વિકસાવવામાં હેમચન્દ્રનું વિશેષ પ્રદાન નોંધપાત્ર છે.

(૭) સગરના ચરિત્રમાં જૈનધર્મનો સંપૂર્ણ પ્રભાવ દષ્ટિગત થાય છે, અહીં જૈન દર્શનનો ઓછો અવકાશ જોવા મળે છે.

**૩. નિષ્કર્ષ/વિશેષતાઓ :**

(૧) મહાકાવ્ય હંમેશા આદર્શવાદી હોય છે, આ બાબતને ધ્યાનમાં રાખી હેમચન્દ્રે સગરચક્રીનું આબાલવૃદ્ધ પર્યન્તનું ઉદાત્ત નાયક તરીકે ચરિત્ર વર્ણવ્યું છે. જ્યારે પુરાણકારોએ પુરાણના 'વંશાનુચરિત' લક્ષણને ધ્યાનમાં રાખી સગરનું ચરિત્ર નિરૂપણ કર્યું છે.

(૨) મહાકાવ્યમાં કેટલેક સ્થાને અતિશયોક્તિપૂર્ણ વર્ણનો થયાં છે, જેમાં સગરની સમૃદ્ધિ અને ક્ષમતાના વર્ણનમાં વિશેષ જોવા મળે છે.

(૩) હેમચન્દ્રનાં મૌલિક વર્ણનોમાં કાલિદાસના રઘુવંશ, શાકુન્તલનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. જેમ કે- અયોધ્યાનું વર્ણન (૨.૨) માતાના ગર્ભધારણનાં ચિહ્નો, (૨.૨), સગરના વિવેક-વર્ણનમાં (૨.૩), ચક્રવર્તીપણાના અભિષેક વર્ણનમાં (૨.૪). આ દષ્ટિએ જોતાં હેમચન્દ્ર ઉપર હિન્દુ અને જૈન પૂર્વસૂરિઓનો પ્રભાવ એક બૃહદ્ અધ્યયનનો વિષય બની શકે તેમ છે.

(૪) હેમચન્દ્ર મનુષ્યોના ભેદ-વર્ણનમાં પુરાણો કરતાં વિશેષ જાતિઓ અને વંશોનો નામોલ્લેખ કરે છે. ટૂંકમાં હેમચન્દ્ર પોતાની સમકાલીન સ્થિતિનું વર્ણન કરવાનો વિશેષ પ્રયત્ન કરે છે.

(૫) પુરાણોમાં મળતી સગર-ચરિત્રની માહિતીમાં પણ કેટલુંક વૈષમ્ય જોવા મળે છે. જેમાં વંશાનુક્રમણિ, માતા-પિતા વ્યુત્પત્તિઓ, સગર-પત્નીઓનાં પિતાનાં નામ, કથાનું ઊર્ધ્વીકરણ (જુઓ ભાગવતમાં કપિલનું ચરિત્ર).

(૬) ત્રિ.શ.ચ.માં ઉપાધ્યાય પાસે વિદ્યાપ્રાપ્તિનો ઉલ્લેખ છે. પરંતુ ઉપાધ્યાયનો નામોલ્લેખ નથી. પુરાણોમાં ઔર્વમુનિ ગુરુ અને કુલગુરુ વસિષ્ઠ કહ્યા છે. ત્રિ.શ.ચ.માં સગર અજિતનાથ પાસે સંશયો રજૂ કરતા એવો ઉલ્લેખ છે. આથી અજિતનાથ જ સગરના કુલગુરુ માની શકાય.

(૭) હેમચન્દ્રે 'અનેક રાજાઓ' એવો ઉલ્લેખ કર્યો છે, પરંતુ વંશાવલી નથી આપી. એક સ્થાને ભરતચક્રીથી ઉત્પન્ન વંશોનો ઉલ્લેખ કર્યો છે, એ પણ અધૂરો છે (જુઓ.૨.૬).

(૮) હેમચન્દ્ર અને વાયુપુરાણકાર સગરની માતાના નામનો ઉલ્લેખ કરે છે.

(૯) હેમચન્દ્ર અને સગરની અનેક પત્નીઓ હોવાનું સૂચિક કરી અંતે એક પત્ની સુકેશાનું નામ આપે છે. પુરાણકારો પ્રથમથી જ બે પત્નીઓનો ઉલ્લેખ કરે છે.

(૧૦) 'મ્લેચ્છ' શબ્દના સ્વરૂપ-લક્ષણમાં હેમચન્દ્ર અને પુરાણો વચ્ચે થોડું સાતત્ય જોવા મળે છે. જેમ કે હેમચન્દ્ર કહે છે કે 'જેઓ ધર્મ એવા અક્ષરને જાણતા નથી તેમજ ધર્મ-અધર્મને પૃથક્ સમજતા નથી તેઓ મ્લેચ્છ કહેવાય છે.' (૨.૩).

પુરાણકારો કહે છે કે, ''ધર્મને છોડી દેવાની બ્રાહ્મણોએ તેમનો ત્યાગ કર્યો તેથી તે મ્લેચ્છ કહેવાયા.' (વિષ્ણુ પુ. ૪.૩.૪૮)

(૧૧) દિગ્વિજય-યાત્રા પ્રસંગ, સગરપુત્રોના પૃથ્વી-ખનન, પુત્રોનું ભસ્મ થઈ જવામાં કારણ વગેરે પ્રયોજનોમાં વૈષમ્ય દૃષ્ટિગત થાય છે.

(૧૨) ત્રિ.શ.ચ. અને વાયુપુરાણમાં કેટલીક બાબતોમાં સામ્ય દૃષ્ટિગત થાય છે, જેમાં સગરના શત્રુઓનો નામોલ્લેખ, બાહુ/બાહુકની પત્નીનું નામકરણ, પૃથ્વીખનનનો પ્રદેશ વગેરે.

(૧૩) હેમચન્દ્ર પુત્રોના નાશમાં નાગકુમારોને જ્યારે પુરાણકારો કપિલને નિમિત્ત માને છે. પુરાણકારો આ સંદર્ભે ઇન્દ્રનો વિશેષ ઉલ્લેખ કરે છે.

(૧૪) દિગ્વિજયનાં ઉલ્લેખ પણ ત્રિ.શ.ચ. અને વાયુપુરાણમાં થયો છે.

(૧૫) હેમચન્દ્રે ગંગાને પૃથ્વીની નદી જ્યારે પુરાણકારોએ સ્વર્ગની નદી બતાવી છે. આમ હેમચન્દ્ર વાસ્તવિકતાની વધુ નજીક રહેવાનો પ્રયત્ન કરે છે.

આમ, હેમચન્દ્રે ઐતિહાસિકતા કરતાં ધર્મને વિશેષ પ્રાધાન્ય આપી સગરનું એક આદર્શવાદી, ઉદાત્ત અને શલાકાપુરુષ તરીકેનો દરજ્જો આપી સમાજજીવમાં જૈનધર્મને ઉજાગર કરવામાં સગરના ચરિત્રને નિમિત્ત બનાવ્યું છે. જ્યારે પુરાણકારો ધર્મ કરતાં ઐતિહાસિકતાને પ્રાધાન્ય આપી સગરનું લાઘવયુક્ત શૈલીમાં વર્ણન કરે છે.

### પાદટીપ

૧. ગીતા મહેતા, 'શ્રીમદ્ ભાગવતીય તત્ત્વજ્ઞાન', પાન ૭માંથી ઉદ્ધૃત.
– અહીં આચાર્ય બલદેવ વાયુપુરાણનો રચનાકાળ નથી આપતા, પરંતુ ડૉ. ફ્યુરર તેનો સમય ઈ.સ. ૫૦૦ની આસપાસ માને છે.

२. फ़ाधर कामिल बुल्के, 'रामकथाः उत्पत्ति और विकास', पृ. ११ (समय के संदर्भ में)

૩. વિષ્ણુ, ભાગવત અને વાયુ- આ ત્રણ પુરાણોનો અહીં વિનિયોગ કર્યો છે.
१. विष्णुपुराणम्, अनु. श्री मुनिलाल गुप्त, गीताप्रेस, गोरखपुर, सं.प्र.२०१९
२. श्रीमद्भागवतपुराणम्, गीताप्रेस, गोरखपुर (खण्ड २), सं. ४९, प्र.स.२०१६
३. वायुपुराणम्, अनु. रामप्रताप त्रिपाठी शास्त्री, हिन्दी साहित्य सम्मेलन, प्रयाग-ईलाहाबाद, सं.३ पू.सं. २००९

૪. ત્રિ.શ.પુ.ચરિત્ર. અનુ. શ્રી કલ્યાણજી આણંદજી, શ્રી જૈન પ્રકાશન મંદિર, આવૃત્તિ ૫મી, ઈ.સ.૨૦૦૬ (ભાગ ૧).

# 'શિક્ષાપત્રી' અંતર્ગત શ્રીકૃષ્ણનું સ્વરૂપ અને માહાત્મ્ય+

◆

પ્રા.ડૉ. રવીન્દ્રકુમાર વી. ખાંડવાળા*

ભગવાન શ્રી સ્વામિનારાયણને જ્યારે એમ લાગ્યું કે, હવે અમારું કર્તવ્ય પૂરું થયું છે, ત્યારે પોતે સ્વધામમાં જવાનો વિચાર કર્યો, પરંતુ આ સંપ્રદાયનું સંચાલન, જે વૈદિક ધર્મના સંચાલનરૂપ છે તે કેવી રીતે લાંબા કાળ સુધી-કાયમ ચાલે-ટકી રહે ? આ વિચારથી ભગવાને એક બંધારણ ઘડ્યું. તે જ બંધારણ આ 'શિક્ષાપત્રી' નામે પ્રસિદ્ધ છે. આ સંદર્ભે કવિશ્રી ન્હાનાલાલ લખે છે કે, *'શિક્ષાપત્રી એટલે વ્યવહારને ને સંસારને પરિશુદ્ધતી વિદ્વદ્‌ભાષામાં રચાયેલી નિત્યનિયમાવલિ'.* શ્રીમદ્‌ભગવદ્‌ગીતા સમું સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન શોધનારે વચનામૃતમાં અવગાહન કરવાનું છે; કાદવકર્દમવન્તા જીવનને, સંસારને ને અન્તરને નિર્મળ કરતી નિર્મળીના શોધનારે શિક્ષાપત્રી સેવવા વિચારવાની છે....શિક્ષાપત્રી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રુતિ નહિ પણ, સ્મૃતિ...જળને ને કર્દમને છૂટાં પાડતી શિક્ષાપત્રીએ કંઈ કંઈનાં અન્તરને જીવનને ને સંસારને પરિશુદ્ધ્યાં છે. સ્વામિનારાયણી શિક્ષાપત્રી તો છે સંસારકર્દમની શુદ્ધિની સ્વાધ્યાયિની.''[1]

કદમાં અણુ જેવી પણ અર્થમાં હિમાલય જેવી 'શિક્ષાપત્રી' એ સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોચ્ચ ગ્રંથશાસ્ત્ર છે. આ શિક્ષાપત્રીમાં શ્રુતિ, સ્મૃતિમાં પ્રતિપાદિત સનાતન ધર્મ ઉપરાંત સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક, વૈદકીય, આધ્યાત્મિક વિષયોનું સુંદર નિરૂપણ છે. એક બાજુ હિંસા, મદ્યપાન, વ્યભિચાર, ચોરી, વ્યસન, નિંદા, મિથ્યાવાદ, અસત્યભાષણ, પાખંડ ધર્મ આદિનું નિષેધરૂપે સૂક્ષ્મ દૃષ્ટિથી નિરૂપણ કર્યું છે, તો બીજી બાજુ નિત્યસ્નાન, નિત્યપૂજા, આત્મનિવેદન, ભક્તિ, દેવદર્શન, વિવેક, સંગશુદ્ધિ, વિવેકશુદ્ધિ, સાયંકાલીન ભક્તિપ્રકાર, આચાર્યનું સમ્માન, વિવેકપોષ્ય વર્ગ, સંભાવના, ધર્મરહિત કર્મત્યાગ, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યાદિ નિરૂપણ, જીવ, ઈશ્વર, માયાનિરૂપણ, ભક્તિ માહાત્મ્ય નિરૂપણ, વિશિષ્ટાદ્વૈત મતનું પ્રતિપાદન, જપનીય મંત્ર, પૂજનીય મૂર્તિની પ્રાપ્તિનો વિધિ તથા આપદ્‌ધર્મ, રાજધર્મ, વિશેષધર્મ આદિનું સંક્ષેપમાં પણ અતિ સ્પષ્ટ નિરૂપણ કર્યું છે.

**'સર્વજીવહિતાવહ'**નો ઈશ્વરીય, ઉદાર ભાવનાનો અપૂર્વ અનુપમ શુભ હેતુ જેમાં સંપૂર્ણપણે રહેલો છે એવી શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાથી કોઈપણ મુમુક્ષુ વ્યક્તિ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે. મૂળ ઉદ્ધવ સંપ્રદાયના શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓની આગવી સમાજરચના તથા સ્વતંત્ર જીવનપથની નિયમિત વ્યવસ્થાને ''શિક્ષાપત્રી''માં ભગવાને ગૂંથી લીધેલી છે.

'શિક્ષાપત્રી'નું રહસ્ય સમજાવતાં **શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસ** કહે છે કે, ''નિ:શ્રેયસ્ ના સાધનરૂપ ધર્મ બે પ્રકારનો મનાય છે : એક પ્રવૃત્તિધર્મ અને બીજો નિવૃત્તિ ધર્મ. તેમાં પ્રવૃત્તિ ધર્મ ઐહિક સુખના સાધનરૂપ છે, જ્યારે નિવૃત્તિધર્મ આત્યંતિક મુક્તિમાં હેતુભૂત છે. આ શિક્ષાપત્રીનું હાર્દ ખરી રીતે નિવૃત્તિ ધર્મમાં જ છે.''[2] આ કર્મયોગરૂપ નિવૃત્તિ ધર્મ, કર્મ, જ્ઞાન અને ઉપાસના, એમ ત્રણ પ્રકારે કહ્યો છે. આમાંથી ત્રીજો

---

+ ગુજરાત ઇતિહાસ પરિષદના સુવર્ણ જયંતિ વર્ષના ઉપક્રમે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી ખાતે તા. ૧ થી ૩ માર્ચ, ૨૦૧૩ના રોજ **''શ્રી સહજાનંદ સ્વામી અને સ્વામિનારાયણ સંપ્રદાય : ઐતિહાસિક , સામાજિક, અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં''** વિષયક રાષ્ટ્રીય પરિસંવાદમાં પ્રસ્તુત શોધપત્ર.

*એસોસિયેટ પ્રોફેસર, સંસ્કૃત-પ્રાકૃત વિભાગ, શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩

પરમાત્માની ઉપાસનારૂપ ધર્મ 'શિક્ષાપત્રી'માં તૈલધારાવત્ - અવિચ્છિન્ન સ્મૃતિસંતાનરૂપે વર્ણવવામાં આવ્યો છે. આના થકી જ જીવ સંસારથી પારઊતરવામાં સમર્થ બની શકે એમ છે, તો એ પરમાત્મા કોણ છે ? કોની ભક્તિ, કોનો મન્ત્ર, કયાં શાસ્ત્રો ઇષ્ટ અને પ્રમાણભૂત છે કે જેનો આશરો મનુષ્યને નિઃશ્રેયસની પ્રાપ્તિ અપાવી શકે ? તેનો શ્રીજીએ સતત ઉત્તર આપ્યો છે - **શ્રીકૃષ્ણ પરમાત્મા.**

**શ્રીજીને ઇષ્ટ શ્રીકૃષ્ણ ભક્તિ :** 'શિક્ષાપત્રી'માં ભગવાન કહે છે કે, '**माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे** ।[3] સત્શાસ્ત્રો દ્વારા અને સત્પુરુષો દ્વારા માધવ શ્રીકૃષ્ણના પ્રતાપને જાણવો, તે સાથે તેમનામાં અતિશય સ્નેહ રાખવો તે જ '**ભક્તિ**' કહેવાય છે. 'ભક્તિ' વગર મુક્તિ મળતી નથી. ભક્તિનું લક્ષણ આપ્યા પછી ભગવાન કહે છે કે -

**तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि ।**
**निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥**[4]

અહીં જણાવાયું છે કે, શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ સિવાય મોક્ષનું સાધન બીજું કોઈ નથી.

**મુક્તિ માટે શ્રીકૃષ્ણની ભક્તિ અને કૃષ્ણેતર વસ્તુઓમાં અપ્રીતિ : વૈરાગ્ય**

'શિક્ષાપત્રી'માં નિઃશ્રેયસ્‌ની પ્રાપ્તિનાં સોપાનોમાં જીવને સદાચારરૂપ ધર્મ, ભક્તિ આવશ્યક છે, તેમ ભગવાન હવે '**વૈરાગ્ય**'ની પણ આવશ્યકતા હોવાથી તેનું નિરૂપણ કરતાં જણાવે છે કે,

'**वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु** ।[5] અર્થાત્ શ્રીકૃષ્ણ સિવાય અન્ય પદાર્થોમાં જે અરુચિ-અપ્રીતિ તે જ વૈરાગ્ય જાણવો જોઈએ. શતાનંદ મુનિ 'વૈરાગ્ય' શબ્દ સમજાવતાં લખે છે - '**विगतो रागः प्रीतिर्विरागः, स एव वैराग्यम्** ।'[6] અર્થાત્ 'જેમાંથી રાગ અથવા પ્રીતિ ચાલ્યાં ગયાં હોય અથવા પ્રતિકૂળ હોય તેનું નામ વૈરાગ્ય.' આ સંદર્ભે શતાનંદ મુનિ 'સ્કન્દપુરાણ'માં નિરૂપિત 'વૈરાગ્ય'નું લક્ષણ ઉદ્ધૃત કરે છે કે, '**असद् बुद्ध्वा अखिलं तत्रारुचिर्वैराग्यमुच्यते** ।' અર્થાત્ શ્રીકૃષ્ણ સિવાય અન્ય સકળ વસ્તુને અસત્ સમજીને તેમાં રુચિ કરવી નહીં તે 'વૈરાગ્ય' કહેવાય છે. ટીકાકારે આ રીતે સ્કંદપુરાણમાં નિરૂપિત વૈરાગ્યનું લક્ષણ 'શિક્ષાપત્રી'ના વૈરાગ્યના લક્ષણને સમર્થિત કરતું દર્શાવ્યું છે. આમ, સ્કંદપુરાણાનુસારી વૈરાગ્યનું સ્વરૂપ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં દર્શાવ્યું છે.

'**શિક્ષાપત્રી**'માં ભગવાન સ્વામિનારાયણે **મુક્તિ માટે શ્રીકૃષ્ણની ભક્તિ** અને શ્રીકૃષ્ણેતર વસ્તુઓમાં અપ્રીતિ દર્શાવીને પછી '**જ્ઞાન**' વિશેની સમજણ સ્પષ્ટ કરી છે. જેમકે,

**જ્ઞાન :** '**ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठुवेदनम्** ।''[7] અર્થાત્ જીવ, માયા, અને ઈશ્વરના સ્વરૂપને સારી રીતે (યથાર્થ) જાણવું તે 'જ્ઞાન' કહેવાય. શ્રીકૃષ્ણ ભગવાને પણ શ્રીમદ્ભગવદ્ગીતામાં' જ્ઞાન'નું કંઈક આવું જ લક્ષણ દર્શાવ્યું છે કે, '**क्षेत्रक्षेत्रयोर्ज्ञानं यत् तद् ज्ञानं मतं मम** ।'[8] અહીં ગીતામાં જે 'ક્ષેત્ર' શબ્દ છે, તેને સ્થાને 'શિક્ષાપત્રી'માં 'માયા' શબ્દ છે. 'ક્ષેત્રજ્ઞ' વિશે ગીતામાં લખ્યું છે કે, '**इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते, एतत् यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः** ।''[9] પ્રસ્તુત શ્લોકમાં આ શરીરનો 'ક્ષેત્ર' શબ્દથી નિર્દેશ કરેલો છે. આ શરીર ભગવાનની ત્રિગુણાત્મિકા માયાથી બનેલું છે. તેથી 'શરીર' પણ 'માયા' શબ્દથી અભિધેય છે. આમ, ગીતા અને શિક્ષાપત્રીમાં આ સંદર્ભે માત્ર શબ્દનો ભેદ છે, અર્થ તો એક જ છે.

ઉપર નિર્દિષ્ટ 'જ્ઞાન'ના લક્ષણમાં બીજા બે શબ્દો છે. '**જીવ**' **અને** '**ઈશ**'. ગીતામાં જણાવાયું છે કે, જે ક્ષેત્રને જાણે તેને ક્ષેત્રજ્ઞ જાણવો. શરીરરૂપ ક્ષેત્રને જીવ જાણે છે. તેથી જીવ તો 'ક્ષેત્રજ્ઞ' છે જ, પરંતુ પરમાત્મા પણ 'ક્ષેત્રજ્ઞ' છે, કારણ કે તે પણ શરીરરૂપી ક્ષેત્રને જીવમાં રહીને જાણે છે, તેથી આગળ જતાં

ભગવાન કૃષ્ણ કહે છે કે '**क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।**''[10] અર્થાત્ હે અર્જુન ! બધાંય શરીરોમાં ક્ષેત્રજ્ઞ પણ હું છું તે તું જાણ.'' તેથી 'ક્ષેત્રજ્ઞ' શબ્દ જીવ અને ઈશ્વર બંનેનો નિર્દેશ કરે છે. આમ, ગીતાનું જ્ઞાનનું લક્ષણ અને 'શિક્ષાપત્રી'નું જ્ઞાનનું લક્ષણ સમાન જણાય છે.

'જ્ઞાન'ના લક્ષણ અન્તર્ગત '**માયા**' પણ આવે છે. 'માયા'નું લક્ષણ આપતાં સ્વામિનારાયણ ભગવાને લખ્યું છે :

**''त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।**
**जीवस्य चाहं ममताहेतुर्मायाऽवगम्यताम् ॥''[11]**

આ શ્લોકમાં જણાવ્યું છે કે, માયા ભગવાન શ્રીકૃષ્ણની શક્તિ છે. તેમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણ રહેલા છે. તે ભગવાનની માયા જીવને પોતાના દેહમાં અહંભાવ કરાવે છે અને દેહના સંબંધમાં મમત્વબુદ્ધિ કરાવે છે. આ સંદર્ભે ટીકાકાર શતાનંદ મુનિએ[12] '**अजामेकां लोहितशुक्लकृष्णाम्**' શ્રુતિ ટાંકી છે. 'શ્રીકૃષ્ણની માયાને સમજવા આ શ્રુતિ પર્યાપ્ત છે. કારણ કે આ શ્રુતિવાક્યમાં 'લોહિત' શબ્દથી રજોગુણ, 'શુક્લ' શબ્દથી 'સત્ત્વગુણ' અને 'કૃષ્ણ' શબ્દથી તમોગુણ અભિપ્રેત છે. આ માયાને 'તમ' શબ્દથી પણ ઓળખવામાં આવે છે. 'શિક્ષાપત્રી'માં અહીં આ '**तमः**' શબ્દ 'કૃષ્ણની શક્તિ' તરીકે ભગવાને પ્રયોજ્યો છે. 'તમ' એટલે અંધકાર. ગાઢ અંધકારમાં જો કોઈ વસ્તુ પડેલી હોય તો તે જોઈ શકાતી નથી. કારણ કે ત્યાં અંધકારરૂપ આવરણ વચ્ચે આવે છે. એવી રીતે ભગવાન શ્રીકૃષ્ણની માયાને લીધે જ જીવની દૃષ્ટિ આવરણવાળી રહે છે. તેથી જીવ પોતાનું અને ભગવાનનું સ્વરૂપ, સ્વ અને ભગવાનના ગુણો, ભગવાનનું ધામ જોઈ શકતો નથી. માટે આવરણ કરવાને લીધે 'માયા'ને શિક્ષાપત્રીમાં 'તમ' શબ્દથી કહેવામાં આવે છે.

જીવ, માયા અને પછી હવે 'જ્ઞાન'ના લક્ષણમાં 'ઈશ' શબ્દ પ્રયોજાયો છે. 'ઈશ' એટલે 'પરમાત્મા'. 'શિક્ષાપત્રી'માં પરમાત્માનું સ્વરૂપ દર્શાવતાં કહ્યું છે -

**हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।**
**ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥''[13]**

અર્થાત્ ''હૃદયમાં જેમ જીવ રહે છે, તેમ જીવાત્મામાં ભગવાન અંતર્યામીરૂપે રહે છે અને ત્યાં રહીને જીવાત્માનું નિયમન કરે છે. આ ભાવને મળતી આવે એવી શ્લોકપંક્તિ ગીતાજી પણ કહે છે - ''**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।**''[14] આમ, શ્રીકૃષ્ણે ગીતામાં પણ આ જ વાતનું સમર્થન કર્યું છે. અહીં શિક્ષાપત્રીકારે 'ઈશ્વર'ને 'સર્વકર્મફળપ્રદઃ' અર્થાત્ 'સર્વ કર્મોનું ફળ આપનાર' કહ્યા છે. તે 'ઈશ્વર' કોણ છે ? તેનું નિરૂપણ હવે પછીના શ્લોકમાં તેઓ કરે છે. અહીં તો માત્ર 'પરમાત્મા'નું સ્વરૂપ કેવું છે ? અને તે ક્યાં રહે છે, તે બતાવ્યું હતું. હવે આગળના શ્લોકમાં નામ લઈને ભગવાનનું સ્વરૂપ સહજાનંદ સ્વામી દર્શાવે છે કે –

**''स श्रीकृष्णः परं ब्रह्म भगवान्पुरुषोत्तमः ।**
**उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥''[15]**

અર્થાત્ સર્વ કર્મનો ફળપ્રદાતા તે ભગવાન શ્રીકૃષ્ણ છે, તે પુરુષોત્તમ છે, તે જ આપણા ઈષ્ટદેવ છે, તે જ ઉપાસના કરવા યોગ્ય છે, તે સર્વ અવતારોનું કારણ છે. અહીં 'ભગવાન' એ શ્રીકૃષ્ણનું વિશેષણ છે.

શ્રીશતાનંદ મુનિ અર્થદીપિકામાં આ 'ભગવાન' શબ્દ સમજાવતાં લખે છે કે,

**''ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः ।**
**ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥''**[१६]

અર્થાત્ સમગ્ર ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, સંપૂર્ણ જ્ઞાન, વૈરાગ્ય-આ છ વસ્તુ જેમાં હોય તે 'ભગવાન' કહેવાય છે, એવા ભગવાન શ્રીકૃષ્ણ છે.

ગીતામાં પણ શ્રીકૃષ્ણે સ્વયં કહ્યું છે કે –

**उत्तमः पुरुषश्चान्यः परमात्मेत्युदाहृतः ।**
**यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥''**[१७]

'શિક્ષાપત્રી'માં 'ભગવત્' શબ્દ અને 'પુરુષોત્તમ' શબ્દ શ્રીકૃષ્ણ ભગવાનના વિશેષણ છે, તે યથાર્થ છે, એમ 'પરબ્રહ્મ' શબ્દ પણ શ્રીકૃષ્ણ ભગવાનનું જ વિશેષણ છે. શ્રી શતાનંદ મુનિ આ શ્લોકની ટીકામાં 'પરં' શબ્દનો અર્થ સમજાવતાં લખે છે કે, 'સર્વના ઉપાસ્ય હોવાના કારણે સર્વ કરતાં શ્રેષ્ઠ છે' અને 'બ્રહ્મ' શબ્દનો અર્થ કરતાં કહ્યું છે કે, શ્રીકૃષ્ણ ભગવાનનો મહિમા અપાર છે, તેથી સર્વ કરતાં અધિક છે[૧૮], માટે સર્વને ઉપાસના કરવા યોગ્ય જો કોઈ હોય તો તે છે - શ્રીકૃષ્ણ પરમાત્મા'.

**સહજાનંદ સ્વામીને ઇષ્ટ પ્રમાણભૂત શાસ્ત્રોમાં પણ શ્રીકૃષ્ણપરક શાસ્ત્રોનું બાહુલ્ય :**

શ્રી સહજાનંદ સ્વામીની સ્વમુખ વાણી સ્વરૂપ 'શિક્ષાપત્રી'નું પઠન કરતાં જણાય છે કે તેમને ઈષ્ટ પ્રમાણ-ગ્રંથોને તેમણે **'સત્શાસ્ત્ર'** કહ્યા છે, અને વળી આ પ્રમાણ-ગ્રંથોમાં પણ શ્રીકૃષ્ણપરક ગ્રંથોનું બાહુલ્ય જોવા મળે છે. જેમકે –

**''वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।**
**पुराणं भारते तु, श्रीविष्णोर्नाम सहस्रकम् ॥**
**तथा श्रीभगवद्गीता, नीतिश्च विदुरोदिता**
**श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ।**
**धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः ।**
**एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥**[१९]

અર્થાત્ ''ચાર વેદો (જ્ઞાનકાંડ-પ્રાચીન ઉપનિષદો) તથા વ્યાસસૂત્રો (બાદરાયણનાં બ્રહ્મસૂત્રો) તથા શ્રીમદ્ ભાગવત પુરાણ, મહાભારતાન્તર્ગત શ્રીવિષ્ણુસહસ્રનામ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા તથા (મહાભારત ઉદ્યોગપર્વમાંની) વિદુરનીતિ, સ્કંદપુરાણના વૈષ્ણવખંડનું શ્રીવાસુદેવ માહાત્મ્ય અને ધર્મશાસ્ત્રમાં યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ આ આઠ સત્-શાસ્ત્રો અમને ઈષ્ટ છે. (માન્ય છે.)''

સહજાનંદ સ્વામીએ આ આઠ ગ્રંથોમાંથી પણ શ્રીમદ્ ભાગવત અને એમાં પણ એના હૃદયસમા દશમ સ્કંધ અને પંચમ સ્કંધ માટે મહત્ત્વપૂર્ણ આદર દર્શાવ્યો છે, જે આ સંદર્ભે ખૂબ સૂચક છે. તેઓ કહે છે કે, શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્યની સમજ માટે આને સર્વથી અધિક જાણવા.[૨૦] વધુમાં શ્રી સહજાનંદ સ્વામીએ આજ્ઞા કરી છે કે-

**दशम-पञ्चम-स्कन्धौ, याज्ञवल्क्यस्य च स्मृतिः ।**
**भक्तिशास्त्र-योगशास्त्र-धर्मशास्त्र, क्रमेण मे ॥**[२१]

અર્થાત્ દશમ સ્કંધ એ ભક્તિશાસ્ત્ર છે, પંચમ સ્કંધ એ યોગશાસ્ત્ર છે અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ એ

ધર્મશાસ્ત્ર છે, એમ સર્વેએ જાણવું. મિત્રો, આ આજ્ઞામાં જીવના ઐહિક અને આમુષ્મિક, સિદ્ધ કરનારા ગ્રન્થો પ્રાયઃ શ્રીકૃષ્ણપરક છે, એ તરફ લક્ષ્ય દોરવાનો આશય જણાય છે.

પૂર્વોક્ત આઠેય સત્શાસ્ત્રોનો અર્ક સંક્ષેપમાં મેળવવો હોય તો એ શ્લોકો 'શિક્ષાપત્રી' માં આ પ્રમાણે છે :

**स श्रीकृष्ण परं ब्रह्म भगवान् पुरुषोत्तमः ।**
**उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥**
**स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।**
**रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥**
**ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः ।**
**बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ॥**[22]

આમ, સહજાનંદ સ્વામીનો શ્રીકૃષ્ણ તરફ અત્યાદર છે, આગળ તો તેઓ કહે છે કે,

ગુણાળાના ગુણ કેરું છે પરમ ફળ એ જ કે
સત્સંગ ને કૃષ્ણભક્તિ; અન્યથા પંડિતે પડે.
કૃષ્ણ-કૃષ્ણાવતારો યે ધ્યેય છે, સૌની મૂર્તિ યે;
ન કો જીવ, ન દેવાદિ; ન બ્રહ્મજ્ઞાની ભક્તિ કો.
નિજાત્માને બ્રહ્મરૂપ, ત્રણેયે દેહથી પરો,
જાણીને કરવી ભક્તિ સદા સૌએ શ્રીકૃષ્ણની.
સુણવો ભાગવતનો દશમ સ્કન્ધ આદરે;
વિદ્વાને તો નિત્યનિત્યે, કે વર્ષોવર્ષ વાંચવો.[23]

આમ, કથાના વિષયમાં અર્થાત્ ભાગવતના દશમ સ્કંધ વિશેની સ્વામીની આજ્ઞામાં પણ સ્પષ્ટ થાય છે કે તેમનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો સમાદર અદ્વિતીય છે.

શ્રી સહજાનંદ સ્વામીએ સૌ સત્સંગીઓને પણ આજ્ઞા પરબ્રહ્મ સ્વરૂપ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની જ દીક્ષા લેવાનું કહ્યું છે, જેમ કે,

**कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसी मालिके गले ।**
**धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥**[24]
**आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् ।**
**कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥**[25]

અહીં સ્વામીએ આજ્ઞા કરી છે કે, ગુરુ થકી કૃષ્ણમંત્રની દીક્ષા પામેલા મુમુક્ષુએ તુલસીની કંઠી ગળામાં પહેરવી, કારણ કે દીક્ષા લીધા પછી જ સર્વધર્મકાર્ય કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. માટે મુમુક્ષુએ સર્વપ્રથમ મોક્ષદ્વારની અંદર પ્રવેશ કરવા માટે કૃષ્ણમંત્રની દીક્ષા ગુરુ પાસેથી લેવી.

અત્રે શ્લોક ૪૧માં 'કૃષ્ણદીક્ષા' એવું પદ આવે છે એનો અર્થ છે કે, કૃષ્ણના મંત્રની દીક્ષા. અહીં શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષરમંત્ર અભિપ્રેત છે. 'સ્વામિનારાયણ' નામનો ષડાક્ષર મહામંત્રનો જપ કરવાનો અધિકાર પ્રથમ અષ્ટાક્ષર મંત્ર લીધા પછી જ પ્રાપ્ત થાય છે, એવું સત્સંગિજીવનમાં પણ કહ્યું છે.[26] શ્રીકૃષ્ણ પણ સ્વામિનારાયણ ભગવાનનું જ અપર નામ છે.[27]

**લૉર્ડ બિશપ હીબર અને શ્રી સહજાનંદ સ્વામીનો ઐતિહાસિક સંવાદ**[૨૮] આ સંદર્ભે ઉલ્લેખનીય છે. લોર્ડ બિશપ હીબરને જ્યારે શ્રી સ્વામિનારાયણે ઈશ્વરને શ્રીકૃષ્ણ તરીકે ઓળખાવ્યા ત્યારે લૉર્ડ બિશપ હીબરને ઘણો આંચકો લાગ્યો હતો – 'he alarmed me by calling God whom he worshipped Krishna'[૨૯] શ્રી સ્વામિનારાયણે કૃષ્ણનું નામ લીધું એ વાતથી વ્યથિત થયેલા લૉર્ડ બિશપ હીબરે એમને કહ્યું કે, "સર્વના પિતારૂપ ઈશ્વરને હિન્દુઓ કૃષ્ણના નામે નહીં પણ બ્રહ્મના નામે ઓળખે છે એમ હું હંમેશા માનતો આવ્યો છું. તેથી હું એ જાણવા માંગું છું કે તમારા ભગવાન એ બ્રહ્મ છે કે તેનાથી કોઈ જુદી વ્યક્તિ છે ?"[૩૦]

લૉર્ડ બિશપ હીબરના પ્રસ્તુત પ્રશ્નનો પ્રતિભાવ આપતાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં વચનો આ પ્રમાણે હતાં. હીબર તેનું વર્ણન કરતાં લખે છે, "પંડિત (શ્રી સ્વામિનારાયણ) પણ હસ્યા, નમસ્કાર કર્યા અને કોઈ જિજ્ઞાસુ અને તેજસ્વી શિષ્યને ઉપદેશ આપતાં હોય તેવી છટાથી બોલ્યા કે, 'ખરી વાત એ છે કે ઈશ્વર એક જ છે, બધાથી પર છે અને બધામાં અંતર્યામી છે અને બધી વસ્તુઓનું અધિષ્ઠાન છે. એને ઘણાં નામો આપી શકાય અને આપવામાં પણ આવ્યાં છે પણ ઈશ્વર છે અને તે એકનો એક જ છે. આ એક ઈશ્વરને અમે અને બીજા હિન્દુઓ બ્રહ્મ તરીકે વર્ણવીએ છીએ. શ્રીકૃષ્ણ અને બ્રહ્મમાં એક જ ઈશ્વરનાં નામો તરીકે મૂળભૂત ભેદ નથી. એક એવા આધ્યાત્મિક તત્ત્વને અમે કૃષ્ણ કહીએ છીએ અને તેને ઈશ્વરના પ્રગટ રૂપ કે મૂર્તસ્વરૂપ તરીકે ભજીએ છીએ."[૩૧]

આ શબ્દોમાં શ્રી સ્વામિનારાયણે ભગવાન શ્રીકૃષ્ણનું વર્ણન કર્યું તે ઉપલક બુદ્ધિથી જોતાં કોઈ બુદ્ધિમાનને એવો પ્રશ્ન થાય છે 'કૃષ્ણને નામે ઓળખાતું આધ્યાત્મિક તત્ત્વ ખરેખર કેવું છે ? ભગવાન શ્રીકૃષ્ણ પરમતત્ત્વરૂપ બ્રહ્મ કે પરબ્રહ્મથી જુદા છે કે પોતે જ પરબ્રહ્મસ્વરૂપ છે ? ડૉ. જયેન્દ્ર યાજ્ઞિકને મતે બુદ્ધિમાન સાધકને પહેલી નજરે ઉદ્ભવતા આ પ્રશ્નનું સુખદ સમાધાન થાય તેવો જવાબ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા ઉત્તરના અંતભાગમાં છે, જેમકે "કૃષ્ણને અમે ઈશ્વરના મૂર્તસ્વરૂપ તરીકે ભજીએ છીએ ' એમ કહીને ભગવાન શ્રી સ્વામિનારાયણે એવી સ્પષ્ટતા કરેલી છે કે પરબ્રહ્મનું જે નિર્ગુણ અને આ વિશ્વનાં તમામ તત્ત્વોથી પર એવું સ્વરૂપ છે તે આ જગતને માટે અમૂર્ત અપ્રગટ છે અને એ જ પરબ્રહ્મનું જે સગુણ અને અંતર્યામી સ્વરૂપ છે તે જગત માટે મૂર્ત કે પ્રગટ સ્વરૂપ છે અને તે જ ભગવાન શ્રીકૃષ્ણ છે."[૩૨] આનો અર્થ એ થયો કે અમૂર્ત કે નિર્ગુણ પરબ્રહ્મ અને મૂર્ત કે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણ વચ્ચે જે ભેદ દેખાય છે તે ઉપાસકની દૃષ્ટિ અને સ્થિતિને આભારી છે અને તત્ત્વતઃ તેમાં કોઈ ભેદ નથી.

'શિક્ષાપત્રી'નો સમગ્રતયા અભ્યાસ કરવાથી એમ સ્પષ્ટ સમજાય છે કે, શ્રી સહજાનંદ સ્વામીએ અહીં સર્વજનસુલભ અને સર્વજનસ્વીકાર્ય એવા ભાગવતમાર્ગનું પુનરુત્થાન કર્યું છે; જેમાં પરમ ઇષ્ટ તરીકે ભગવાન શ્રીકૃષ્ણની સેવા-ભક્તિ-અર્ચન-પૂજા આદિની આજ્ઞા કરી છે. અઢી હજાર વર્ષોથીએ જૂના સમયમાં ભારતવર્ષની ભૂમિમાં ઉદ્ભૂત થયેલાં પાંચરાત્ર કે પછી સાત્વત કે ભાગવત સંપ્રદાયની પ્રણાલિમાં રહીને પોતાના સ્વરૂપ સહિત શ્રીકૃષ્ણ અને વિવિધ સ્વરૂપોની સેવાભક્તિનો વ્યાપક પ્રચાર કર્યો છે, જેમાં સાંપ્રદાયિક સંકુચિતતાને કોઈ સ્થાન નથી.

*"શ્રી સ્વામિનારાયણનું, સૌનું મંગળકારી, આ*
*શિક્ષાપત્રી રૂપે ભોમે પ્રવર્તે છે બીજું રૂપ."* અસ્તુ

– ન્હાનાલાલ દલપતરામ કવિ.

## સન્દર્ભ-સૂચિ


૧. શિક્ષાપત્રી (સમશ્લોકી, મૂળ સાથે) ભાષાન્તરકર્તા ન્હાનાલાલ દલપતરામ કવિ, પ્રકાશક - ન્હાનાલાલ દ. કવિ, ભદ્ર, અમદાવાદ-૧, ૧૯૩૧, પ્રથમ આવૃત્તિ, પૃ.૯

૨. શિક્ષાપત્રી - અર્થદીપિકા ( સદ્. શ્રી શતાનંદમુનિ વિરચિતા), અનુવાદક અને પ્રકાશક - માધવલાલ દલસુખરામ કોઠારી, રાયપુર, અમદાવાદ, પૃ.૯ (પ્રસ્તાવના વિભાગ)

૩. શિક્ષાપત્રી, શ્લોક ૧૦૩

૪. શિક્ષાપત્રી, શ્લોક ૧૧૩

૫. શિક્ષાપત્રી, શ્લોક ૧૦૪

૬. શિક્ષાપત્રી - અર્થદીપિકા, પૃ.૪૦૦

૭. શિક્ષાપત્રી, શ્લોક ૧૦૪

૮. **श्रीमद्भगवद्गीता** (૧૩-૨), **तत्त्वविवेचनी ( हिन्दी-टीका सहित), टीकाकार जयदयाल गोयन्का, गोविन्दभवन-कार्यालय, गीताप्रेस, गोरखपुर-२७३००५, तृतीय संस्करण, सं.२०५२.**

૯. **श्रीमद्भगवद्गीता**, (૧૩-૧)

૧૦. **श्रीमद्भगवद्गीता**, (૧૩-૨)

૧૧. શિક્ષાપત્રી, શ્લોક ૧૦૬

૧૨. શિક્ષાપત્રી - અર્થદીપિકા, શ્લોક-૧૦૨ પરની ટીકા, પૃ. ૪૦૪

૧૩. શિક્ષાપત્રી, શ્લોક ૧૦૭

૧૪. **श्रीमद्भगवद्गीता**, (૧૮-૬૧)

૧૫. શિક્ષાપત્રી, શ્લોક ૧૦૮

૧૬. શિક્ષાપત્રી - અર્થદીપિકા, શ્લોક ૧૦૮ પરની ટીકા, પૃ.૪૨૧

૧૭. **श्रीमद्भगवद्गीता**, (૧૫-૧૭)

૧૮. **परं - सर्वोपास्यत्वात् श्रेष्ठं, ब्रह्म - बृंहते अपारमहिमत्वात् सर्वेभ्योऽधिकं भवतीति ब्रह्म । –** શ્લોક ૧૦૮ પરની ટીકા, અર્થદીપિકા, પૃ. ૪૧૯

૧૯. શિક્ષાપત્રી, શ્લોક-૯૩ થી ૯૫

૨૦. **श्रीमद् भागवतस्यैषु, स्कन्धौ दशम पञ्चमौ ।**
**सर्वाधिकतया ज्ञेयो, कृष्णमाहात्म्यबुद्धये ॥ - शिक्षापत्री, श्लोक ९८ ॥**

૨૧. શિક્ષાપત્રી, શ્લોક ૯૯

૨૨. શિક્ષાપત્રી, શ્લોક ૧૦૮ થી ૧૧૦

૨૩. શિક્ષાપત્રી, સમશ્લોકી, શ્લોક ૧૧૪ અને ૧૧૭નો ન્હાનાલાલે કરેલો અનુવાદ, પૃ.૫૭

૨૪. શિક્ષાપત્રી, શ્લોક ૪૧

૨૫. શિક્ષાપત્રી, શ્લોક ૬૨

૨૬. શ્રીમદ્ સત્સંગિજીવન,ભાગ ૨, (પ્ર. ૪/૮૧/૨૮), સંશોધક : સ્વામી આનંદસ્વરૂપદાસજી, પ્રયોજક : પૂ.સ.ગુ.સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજી, પ્રકાશક - શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર, રાજકોટ-૩૬૦૦૨૫,

દ્વિતીય આવૃત્તિ, ૨૦૧૦

૨૭. સત્સંગિજીવન, પ્ર.૪/૮૧ શ્લોક ૩૩/૩૪

૨૮. લૉર્ડ બિશપ હીબરે પોતાની ભારતયાત્રા દરમિયાન લખેલી તારીખવાર અને વિગતવાર નોંધનું સંપાદન કરીને એમનાં પત્ની એમેલિયા હીબરે બે વિભાગોમાં ગ્રંથરૂપે પ્રકાશિત કર્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ ઈ.સ.૧૮૩૦માં બ્રહ્મલીન થયા. લૉર્ડ બિશપ હીબરના ગ્રંથો ઈ.સ.૧૮૨૭માં પ્રકાશિત થયા. આનો અર્થ એ કે ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી પર વિચરતા હતા તે ગાળા દરમિયાન જ એમના જીવનસંદેશને સમજવાના અને મૂલવવાના પ્રયત્નો વિશ્વના તખ્તા પર થવા માંડ્યા હતા.

૨૯. Quoted by J.A.Yajnik, "The Philosophy of Sri Swāminārāyaṇa, "L.D.Institute of Indology, Ahmedabad, page 150

૩૦. "I observed, therefore, that I always supposed that hindoos called the God and Father of all, not Krishna but Brihm, and I wished, therefore, to know wheather his god was Brihm, or some body distinct from him ? – R. Heber : op.cit. p.150. Quoted by J.A.Yajnik, શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિગ્રંથ, સંપાદક, સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામ સ્વરૂપદાસજી નંદકિશોરદાસજી, અમદાવાદ ૧, પ્રથમાવૃત્તિ, ૧૯૮૧, પૃ.૩૦૫

૩૧. એજન, પૃ.૩૫૦, ૩૦૬.

૩૨. એજન, પૃ ૩૦૬

# સૌંદર્યની કાતિલ ભેટ
## (બાયરન અને શેલીના સમયનું ઈટલી)

◆

**રમણિકલાલ જ. દલાલ***

૧

એકસો ને બેતાલીસ વર્ષ પહેલાંની એ વાત. એ જમાનો પણ આપણાથી કાંઈ અનોખો નહોતો. એક દિવસે પરસી બેયશી શેલી પોતાની લેખનપીઠ લઈને બેઠો હતો સામે જ આર્નોનાં જલતરંગો ઉછળતાં હતાં. ઈટલીનું એ પીઝા ગામ. એણે લખ્યું : 'કવિતા કરવી એ કાંઈ બહુ ઇચ્છતા યોગ્ય વસ્તુ નથી. કોઈકવાર ઠીક છે. સ્વાર્થી અને ગણતરી તત્ત્વો વધી જાય ત્યારે બાહ્યજીવનનાં તત્ત્વોના સમૂહ એનો માનવ પ્રકૃતિના આંતરિક કાનૂનો સામે સમન્વય સાધવાની શક્તિ સમૂહ કરતાં વધી જાય ત્યારે.' એ યુગમાં કવિઓની જરૂર હતી એ શેલી જાણતો. એ જમાનાની ઉત્તમોત્તમ કવિતા પોતે નહોતો લખતો પરંતુ એના જેવો જ ઇટલીમાં દેશવટો ભોગવી રહેલો વોર્ડ લાયરન લખતો એ પણ એ જાણતો.

ઈટલીનાં એ વર્ષોની આ વાત છે ત્યારે બાયરન અને શેલી અને એમના રંગીન અને વિચિત્ર મિત્રોનો શંભુમેળો એ 'દેશવટાના સ્વર્ગ'માં ટોળે મળતો. એમાંથી સાહિત્યના ઇતિહાસની એક અતિ તીક્ષ્ણ કરુણકથા સરજાઈ ગઈ. બાયરન એને સ્વદેશના 'સૌંદર્યની કાતિલ ભેટ' કહેતો. એણે બાયરન અને શેલીને કાવ્યપંથે વિજય અપાવ્યો સાહિત્યમાં કારુણ્ય સર્જ્યું.

જગતના અત્યુત્તમ સૃષ્ટિસૌંદર્યે જગતના શ્રેષ્ઠ સાહિત્યને કેવી રીતે આવરી લીધું એનું આ રેખાચિત્ર છે. બાયરન અને શેલીની આ વાત ઈટલીમાં ગાળેલાં ટૂંકાં છતાં સુંદર, સુંદર છતાં કાતીલ એવાં વર્ષોની યાદ તાજી કરે છે. બન્નેએ સરજેલાં કાવ્યોમાં એ વાત છતી થાય છે. શેલીએ પોતે જ લખ્યું છે, 'જીવનના અનંત સત્યમાંથી ઊપસતી છબી એ કાવ્ય.'

૨

એક તોફાનની ભયંકરતામાં આ કથા આરંભાય છે અને લય પામે છે. પહેલું તોફાન ઈસ્વી સન ૧૮૧૮ ના ઑગસ્ટની એક સંધ્યાનો ઝંઝાવાત. એ દિવસે સમગ્ર વેનીસને વાયુવંટોળે ઘેરી લીધું હતું. મહાલયોનાં છાપરાંને વર્ષોના ચાબખા પડતા હતા. 'ગ્રાન્ડ કેનાલ'ની જલસપાટી પર 'ગોંડોલા' ઊછળી રહ્યા હતા. એક ગોન્ડોલામાં એક યુવતી એક યુવાનને વળગી પડી હતી. ચોમેર શ્યામ વારિમાં વીજળી ઝબૂકતી. એના એક એક ચમકારે પેલી યુવતીના દેહમાં કંપારી છૂટતી. પેલો યુવાન એને સાન્ત્વન આપવા પ્રયાસ કરી રહ્યો હતો. એ યુવાન એ પરસી બેયશી શેલી. એની સહચરી એ ક્લેર-ક્લેરમૉન્ટ, તૂફાનથી શેલી પણ એ યુવતી જેટલું જ મુંઝાઈ રહ્યો હતો. પરંતુ એને બીજી ઉપાધિઓ પણ હતી. વેનીસ આવવામાં એણે ભારે જોખમ ખેડ્યું હતું.

જ્યૉર્જ ગોર્ડન એટલે છઠ્ઠો લૉર્ડ બાયરન. શેલીની એની સાથેની મૈત્રીની આ પહેલી સાચી કસોટી હતી. બે વર્ષ પહેલાં તેઓ જીનીવામાં મળ્યા હતા. સામાન્ય સંયોગોએ બન્નેને એકમાર્ગે એકઠા કરી દીધા હતા. બન્ને તેજસ્વી યુવાન કવિ હતા. બન્ને બળવાખોર છતાં ઉદાર મતવાદી અમીરો હતા. બન્નેએ હાથે કરીને ઈંગ્લેન્ડથી દેશવટો લીધો હતો. શેલીના કુટુંબમાં મેરી શેલીની માત્ર એક દૂધબહેન ક્લેર ક્લેરમોન્ટ હતી. ઓગણીસમી સદીના આરંભની અનેક યુવતીઓ પેઠે ક્લેર સાહસિક યુવાન લૉર્ડ બાયરનના પ્રેમમાં પડી હતી. બાયરન પાછળ

---

* ૩૧૮, ''જયનિવાસ'', લાખિયાની પોળ ખાડિયા, અમદાવાદ - ૩૮૦૦૦૧

ફરવાનું પરિણામ દુઃખદ આવ્યું. એક પુત્રીની એ કુંવારી માતા થઈ. નાની એલીગ્રા ફક્ત દોઢ જ વર્ષની હતી. શ્રીમંત બાપ એને સુખસાહ્યબીમાં રાખી શકશે એમ માની કલેરે છોકરીને ક્રમને બાપને ઘેર મોકલી આપી હતી. 'આપની પુત્રીને હું મોકલી આપું છું.' તેણે લખ્યું 'કારણ કે તેને હું ખૂબ જ ચાહું છું'. મારી સાથે રહી એ દુઃખી થાય એ કરતાં ત્યાં સુખી રહે એ માટે.' ક્લેર માતૃવાત્સલ્ય ટાળી શકતી નહોતી. પણ બાયરન એલીગ્રાની માતાથી સમૂળો વિમુખ બન્યો હતો. એલીગ્રાને સમૂળગી સોંપી દેવામાં ન આવે તો એનું પિતૃત્વ ઈન્કારવા પણ એ તૈયાર થઈ ગયો હતો. બાયરન તો વેનીસમાં ગજબ વિલાસી જીવન ગાળી રહ્યો હતો. એ વેળા વેનીસમાં ઈંગ્લીશ કોન્સલ રિચર્ડ બેલગ્રેવ હોપનર હતો. એ બાયરનનો મિત્ર હતો. એટલે એની પત્ની એલીગ્રાને પોતાના કુટુંબમાં લઈ જઈ ગૃહજીવનનું સુખ એને પૂરું પાડે એ વાતમાં બાયરન સંમત થયો હતો. આ સમાચાર ક્લેરને મળ્યા એટલે એણે શેલીને પરાણે વેનીસ ખેંચી આણ્યો હતો. આમ તો આ બે કવિઓ છૂટા જ રઝળતા. પણ આ નાનકડી બાળકીએ એમને નજીકના સંપર્કમાં આણ્યા. અને એ બાળકીએ જ અજાણતાં એમના જીવનમાં કરુણતા રેલાવી.

એ સંધ્યાએ તૂફાન જામી પડ્યું. શેલીનો 'ગોન્ડોલા' જલનિધિ પર ઝૂલી રહ્યો. એના સુકાનીએ આ અંગ્રેજ ઉતારુઓનું ધ્યાન તૂફાનથી દૂર ખસેડવા પ્રયત્ન કર્યો. વેનીસની ચમકભરી વાત માંડી, 'એક અલગારી અંગ્રેજ ગ્રાન્ડ કેનાલના એક વિશાળ મહાલયમાં રહેતો પોતાના મહાલયમાં એ જાતજાતનાં પ્રાણીઓ રાખતો. જયાં ત્યાં એનો અભિસાર હતો. ઘણીવાર એ વહેલી પરોઢે ગ્રાન્ડ કેનાલમાં તરતો દેખાતો. છેલ્લા કાળાવેશમાં સજ્જ થયેલો. શેલી ને ક્લેર છેવટે આ ઝંઝાવાતથી છટકી શક્યાં. પેલા ઝૂલતા ગોંન્ડોલા પરથી જેમ તેમ ભીના ડક્કા પર ચઢી ગયાં. નજીકની એક ધર્મશાળામાં ઘૂસ્યાં. પરંતુ ત્યાં પણ ધર્મશાળાના પરિચારકે પણ પેલાં 'પેલેઝો મોકીનીગો' મહાલયમાં ભાડે રહેતા અંગ્રેજની રામકહાણી સુણાવવા માંડી.

બીજે દિવસે હોપનરને ત્યાં ક્લેર પોતાના બાળકને મળી. ત્યારે શેલી ધીમેથી પેલા મહાલય પ્રતિ સરી ગયો. ગ્રાન્ડ કેનાલના મુખ્ય પ્રવાહથી જેવો એનો ગોન્ડોલા આડમાર્ગે ફંટાયો કે મહાલયના ભોંયતળીયે જાળીમાં પૂરેલા કૂતરાનો ભસવાનો અવાજ એના કાને પડ્યો. પંખીઓનો કલબલાટ અને વાંદરાંની કિકિયારીઓ પણ તેણે સાંભળી. રોમન પગથિયાં પર કાયમ બાઝેલી લીલ પર લપસી ન જવાય એ માટે એણે લોખંડી વાડ પકડી લીધી પછી પેલા મહાલયમાં પ્રવેશ કર્યો. એક ગુફા જેવા લાગતા ભોંયતળિયામાં એ આગળ વધ્યો. એક બાજુમાં પડેલી ગાડીની ઝાંખી છાયા નજરે પડતી—બીજી બાજુ પાંજરાંની હારોહાર હતી. એમાં પૂરાયેલાં પ્રાણીઓ વિવિધ પ્રકારના અવાજ કરી રહ્યાં હતાં. પહોળા દાદરનાં પગથિયાં એણે ચઢવા માંડ્યાં. વચ્ચેના ઠેકા પર સાંકળે બાંધેલા વાનરને ચુકાવી એ 'પિયાનો નોબિલ' પિયાનો ખંડમાં ગયો. ત્યાં હતો લૉર્ડ બાયરન. સત્કારની બૂમ પાડતો એ ખંડમાં આગળ દોડી આવ્યો.

ચોમેરની પરિસ્થિતિ એની એ જ હતી. ઊડતા વાંકળિયા વાળ, તીવ્ર પાર્શ્વચિત્ર, સખત હડપચી અને લંઘાતો પગ. સમગ્ર લંડનમાં એ વાતો મશહૂર હતી. અત્યારે વેનિસમાં લૉકજીભે રમી રહી હતી. વિશાળ સ્કંધો વાળો ફસાયેલો દેહ જરા સ્થૂલતા પ્રતિ વળ્યો હતો. પરંતુ લોકો ગપ્પાં હાંકતાં એવો બાયરન આળસુ વિલાસી બની ગયો નહોતો. બલ્કે એનાથી એ ઘણો દૂર હતો. અત્યારે એનો ખાસ શોખ ઘોડેસ્વારી હતો. તુરત જ ઘોડા પર ફરવા જવા એણે દરખાસ્ત મૂકી. શેલી હા ના કરે તે પહેલાં તો બાયરન અને પોતાના ગોંન્ડોલોમાં પકડી ગયો. ત્યાં બાયરને એક જોમવંતી એકોક્તિ આરંભી. ઈટલીના એકોક્તિ સૌંદર્યના ગુણગાન કર્યાં. ગઈ રાત્રે જ લખેલા ડોન જુઆન વિશેનાં ગીતો ગાયાં. વેનીસની મુખ્યભૂમિ અને ખુલ્લા એડ્રિયાટિક વચ્ચે એક વેરાન ને લાંબો ભૂમિખંડ છે. એ લીડ નામે પ્રખ્યાત છે. ત્યાંના દરિયાકિનારે ઘોડસ્વારી કરવા કરતાં ત્યાંની વિરાટ એકલતા શેલીને ઘણી ગમી. સંધ્યાકાળે તેઓ પાછા ફર્યા ત્યારે વેનીસનો પરિપ્રદેશ એમની સામે ઉછળતા જલતરંગોમાં નૃત્ય કરી રહ્યો. બાયરન ગપ્પાં હાંકે રાખતો હતો. પરંતુ શેલી તો પોતાની કોઈક અનોખી દુનિયામાં ખોવાઈ જ ગયો હતો.

જૂના મિત્રોને મળવાથી બાયરનના ઉલ્લાસનો પાર રહ્યો નહોતો. વળી સમાન બુદ્ધિકક્ષાના માનવી સાર્થ-વાર્તાવિનોદની તક મળી એ એને મન એક અનુપમ લહાવો હતો. બીજે દિવસે આવવાનું વચન લીધું. ત્યારપછી જ બાયરને શેલીને પોતાના મકાન પર જવા દીધો. ક્લેર એલીગ્રાને મળે એ વાતને પણ એણે સંમતિ આપી દીધી એટલું જ નહિ પણ 'આઈ કેપ્પુસિનિ'માં શેલી ને ક્લેર મહિનો બે મહિના ગાળે એવું સૂચન કર્યું. ત્યાં 'એસ્ટી'માં એણે એક મહાલય ભાડે રાખ્યું હતું. પરંતુ હજી એ ત્યાં રહેવા ગયો નહોતો. મિત્રની આ અણધારી ઉદારતાથી શેલી ગદ્‌ગદ્ થઈ ગયો. એ સ્થાનની મુલાકાત એણે પોતાના 'જુલિયન અને મેડેલો' નામના કાવ્યમાં બિરદાવી છે. એની પ્રસ્તાવનામાં એણે કાઉન્ટ મેડેલો-લૉર્ડ બાયરન-નું એક અતિ પ્રભાવશાળી વ્યક્તિ તરીકે વર્ણન કર્યું છે. એ કહે છે, 'કોઈ માનવ વ્યક્તિ આવી વિનમ્ર નહિ હોય. મેડેલો જેવી ધીર ગંભીર નહિ હોય.' જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ એના મિત્રની ખૂબીઓ એને વધારે ને વધારે સમજાતી ગઈ. બાયરન લખતો હતો 'એલીગ્રા કુશળ છે પરંતુ એની માતા ઘેલાં કાઢતી પોતાની પુત્રીને જોવા આવી હતી. હું એને 'યુગેનીન' ટેકરીઓ પર મૂકી આવ્યો છું. માદીકરી હાલ ત્યાં જ છે.'

પરંતુ ક્લેર પોતાનું સદ્‌ભાગ્ય સમજવા એનું કારણ ચકાસવા તૈયાર નહોતી. એણે તકનો લાભ ઉઠાવ્યો. એલીગ્રાને લઈ તે એસ્ટીના મહાલયમાં ચાલી ગઈ. શેલીની પત્ની મેરી 'પીઝા' પાસે 'બાગની દિ લુકા'માં હતી. એનાં સંતાનો ક્લૅરા અને વિલિયમ પણ એની સાથે જ હતાં. શેલીએ એને એસ્ટીના મહાલયમાં આવવા આગ્રહભર્યો સંદેશ મોકલ્યો (મેરી પ્રિયા ! અહીં હોઉં તો ! પડછંદ મહાલય પાડતું 'અહીં રોઉં તો !') આમ આપણા કરુણાન્ત નાટકના પ્રથમાંકનો પ્રારંભ થયો.

૩

પીઝાથી એસ્ટી. આખો ય રાજમાર્ગ ઈટલીને સીધો વીંધી જતો. એ લાંબો અને ચક્રાવા વાળો રસ્તો હતો. ઑગસ્ટમાં ગરમ અને ધૂળધોયો પંથ હતો. વિલીયમ અઢી વર્ષનો અને ક્લૅરા અગિયાર મહિનાની હતી. એમને લઈ આવતાં મેરી શેલીને માર્ગમાં પાંચ દિવસ લાગ્યા. શેલી વાટ જોઈ રહ્યો હતો. એ મહાલયમાં પહોંચતાં પહોંચતાં તો કર્લરાને તાવ ભરાયો. મુસાફરીની મુશ્કેલીઓ અને પાણીની ફેરબદલીથી એને મરડો થઈ ગયો. એ પથારીવશ બની ગઈ. બે અઠવાડિયાં સુધી એને નબળી પડતી શેલીદંપતી જોઈ રહ્યાં. એના પેટમાં ખોરાક બિલકુલ ટકતો નહિ એટલે પોષણ મળતું નહિ. એસ્ટીનો ડૉક્ટર લાચાર બન્યો. 'પાદુઆ'થી ડૉક્ટરને બોલાવ્યો. તે પણ ઝાઝું કરી શક્યો નહિ. શેલીએ વેનિસ જવા નિર્ણય લીધો. ગાડીમાં વીસ માઈલ જવાનું જોખમ લેવાતું હતું. ત્યાં બાયરનનો મિત્ર વિખ્યાત ડૉક્ટર ફ્રાન્સેસ્કો એગ્લીટી હતો. ક્લૅરાને બચાવી શકે તો એ જ. અન્ય કોઈનું જીગર નહોતું.

માર્ગમાં ક્લૅરાનો તાવ વધ્યો. વેનિસની ગાડી ગોંડોલામાં કાપતાં તો એને તાણો શરૂ થઈ. શેલી અને મેરી ધર્મશાળામાં પહોંચ્યાં ત્યાં તો ક્લૅરા મૂર્છાવશ થઈ ગઈ. શેલીએ એમને દ્વાર પર જ મૂકી દીધાં. એ સીધો એગ્લીટીને પકડવા દોડ્યો. એ ક્યાં રહેતો એની પણ કોઈને માહિતી નહોતી. શેલી એકલો જ ધર્મશાળામાં પાછો ફર્યો. કૂદીને દાદર ચઢી ગયો. છજામાં સહજ થંભ્યો.

મેરી ખંડ બહાર ઊભી હતી. ધર્મશાળાના સંચાલકે બીજા ડૉક્ટરને બોલાવ્યો હતો. એ ક્લૅરાની પડખે હતો. શેલીને કાંઈ જ પૂછવું પડ્યું નહિ. પાછળથી એણે કલેરને લખ્યું 'એક કલાકમાં જ.. તને શું લખું ? ક્લૅરાએ આપણી. વચ્ચેથી વિદાય લીધી. શાંતિથી... જરા પણ દર્દ વિના.' બીજે દિવસે શેલીએ ફરી ગોન્ડૉલા લીધો. એ એકલો જ હતો. એના હાથમાં એક નાનકડી શબપેટી હતી. એ લીડો ગયો. સાગર પાસે એકાન્ત રેતમાં પુત્રીને અંતિમ વાસ આપવા...

બાયરનને પણ હમદર્દી થઈ. એણે શેલીને એસ્ટી પાછા ફરવા લખ્યું. ગિરિશૃંગોની વચમાં આવેલા

મહાલયની મૃદુલ ખુશનૂમા હવાથી એમને શાંતિ વળશે. એ પ્રવાસ એકલવાયો હતો. પરંતુ વિલિયમ અને એલીગ્રાનું સ્વાગત બેનમૂન હતું. બન્નેને ઉલ્લાસથી ખેલતાં જોઈ વડીલોનો વિષાદ કંઈક પાતળો પડ્યો. સમય પણ પોતાનું કામ કરી ગયો.

શેલીને ઘણું કામ રહેતું. પણ આ મહાલય એક સુંદર સ્થળ હતું. ચૉમેર ફરતો બગીચો હતો. દ્રાક્ષના વેલાથી વીંટાયલી વાડ એક ગ્રીષ્મસદન પ્રતિ દોરી જતી. આ નાનકડા વસંતગૃહમાં બેસી શેલી રોજ સવારે પોતાનું કામ કરતો. સામે જ યુગેચીનનાં ગિરિશૃંગો હતાં. એસ્ટીના રાજમહેલનાં ખંડેર હતાં. હરિયાળાં મેદાનો દૂર દૂર પથરાયાં હતાં. એની એકલતાનું એ પ્રતિબિમ્બ પાડતાં. અહીં બેસી શેલીએ પોતાનાં સુંદરમાં સુંદર ટૂંકાં કાવ્યો લખ્યાં. જરૂર એમાં ઈટલીની છાયા વરતાતી. મેરી માટે વિરાટ બગીચો હતો. એક બાજુએ ફળફળાદિની વાડીઓની હાર હતી. બીજી બાજુ અનાજનાં ખેતરો હતાં. વચ્ચે વચ્ચે મૃદુલ ગિરિશૃંગો ડોકિયાં કરતાં. દરેક સંધ્યાએ તેઓ ઉદ્યાનમાં બેસતાં. એડ્રિમાટિકમાંથી ઊગી નીકળતા ચંદ્રબિમ્બને નિહાળતાં. ચૉમેરનાં ધાન્યક્ષેત્રોમાં પર ચાંદની રેલાઈ જતી. રાત્રિપંખીઓ ઊંચે ઊંચે ઊડતાં અને મહાલયના શૃંગને ચક્કરો લગાવતાં. બપોરે વિલિયમનું ખિલખિલાટ હાસ્ય એમનાં હૈયાના અવકાશને પૂરી દેતું. 'કલેરની એલીગ્રા પણ એને સાથ આપતી. ક્લૅરાનું સ્થાન પૂરતી. ધીમે ધીમે સમય પસાર થતો ગયો. ધીમે ધીમે કામમાં દિલ લાગતું ગયું. ધીમે ધીમે ઈટલીનું સૌંદર્ય એમના હૈયાના ઘા પર મરહમ લગાવી રહ્યું. શેલી, મેરી અને કલેર ઠરી ઠામ થયાં પરંતુ કોને ખબર હતી કે સૌંદર્યનો આ મીઠો સહવાસ અલ્પજીવી નીવડશે ?

૪

બાયરન વેનિસમાં હતો. લીડોમાં એકલ ઘોડેસ્વારી કરતો. ગોન્ડોલામાં એકલવાયી સફરો ખેડતો. 'પેલોઝો'ની શાંતિમાં વહેલા પરોઢે ગીત પડછંદ પાડતો. એ લખ્યે જતો ન્હાનકડી કલેરના અવસાને દીધેલા પાઠ વિચારતો. એનાથી ઓછી દૃષ્ટિવાળા મનુષ્યો શેલીને 'ભલો સેમેરીટન' કલ્પતા આનંદી ને ધૂની લેખતા. ઇતિહાસે પણ એને એવો જ આલેખ્યો છે. પરંતુ શેલી તો ઘણી ગૂઢ વ્યક્તિ હતો. એ નાસ્તિક હતો. બાયરન અને શેલી વચ્ચેનો આ વિચિત્ર વિરોધાભાસ હતો. બાયરન ચંચલ આત્મલક્ષી ખ્રિસ્તી હતો. શેલી દારૂને અડકતો નહિ. છૂટા હાથનો એ નાસ્તિક હતો. બાયરન નીતિનિયમોનું છડેચોક ઉલ્લંઘન કરવામાં જાણતો. શેલી નીતિનિયમોના પાલનનો પક્ષપાતી હતી. એથી બાયરન છેડાતો પણ ખરો. બાયરન પોતાના મિત્ર અને એની કમનસીબીનો વિચાર કરતો ત્યારે બાયરનને ઘણીવાર એમ લાગતું કે શેલીએ હાથે કરીને પોતાની કમનસીબી વહોરી લીધી છે. શેલીએ પોતાની પહેલી પત્નીને ઇંગ્લૅન્ડમાં છેહ દીધો હતો. મેરી ગોડવીન સાથે એ ઈટલી ભાગી આવ્યો હતો. હાથે કરીને દેશવટો વહોરી લીધો હતો. પ્રભુનું અસ્તિત્વ જ નથી એવું શેલીએ પોતે જ પોતાના નિર્દોષ સંતાનોને નહોતું શિખવાડ્યું ? શેલી, શાકાહારી નહોતો ? છતાં માંસભક્ષણ, શાકાહાર કરતાં વધારે સલામત હતું એવા દેશમાં એ રહેતો હતો. આવા સંજોગોમાં શેલી ફસાયેલો ન હોત તો નાનકડી ક્લૅરા વધુ સશક્ત હોત. કાદવ કીચડવાળા અનારોગ્ય પ્રદેશમાં રોગીષ્ટ વાતાવરણમાં ચઢી વાગતા દર્દનો તે એકદમ શિકાર ન બનત. એલીગ્રા માટે પણ આ આબોહવા યોગ્ય હતી ? ના. બાયરને તો એકદમ નિર્ણય લઈ લીધો હતો.

એટલે જ ગિરિતળેટીના મહાલયમાં પોતાનો વાસ ગોઠે તે પહેલાં જ એલીગ્રા વેનીસ પાછી ફરી. 'પેલેઝો મોકીનિગો'ના અંધારા આવાસમાં. ત્યાં પવનના ઝપાટા ચાલુ રહેતા. બારી નીચે ગોંડોલિઅરોના હોંકારા કાયમ સંભળાતા. ભોંયતળિયે કૂતરાં ભસતાં. રાત્રે વૈભવવિલાસના પડછંદ પડતા. એ એસ્ટીમાં હતી ત્યારે એના બાપુ એની પડખે રહેવા આવે એમ એ હંમેશાં ઝંખતી. હવે એ કાયમ માટે એની પડખે હતા. મોડી બપોરે પોતાના છત્રપલંગમાંથી એ જાગતા ને નાસ્તો લેતા ત્યારે એની સાથે કલાકેક ગાળતા. વળી એકાએક એને એમની પડખેથી દૂર કરવામાં આવી. હોપનર કુટુંબમાં એને રહેવાનું થયું. હવે તો એના બાપુ એની મુલાકાત લેવા હોપનરગૃહે આવતા ત્યારે જ એને એમનાં દર્શન થતાં.. બહુ જ ઓછાં...

'પેલેઝો મોકિનિગો'નું વાતાવરણ ઊગતી કન્યા માટે લાયક નહોતું એવું હોપનર કુટુંબે બાયરનના દિમાગમાં ઠસાવ્યું તેથી જ એલીગ્રાને ફરીથી એમને ત્યાં પાછા વળવું પડ્યું. ખરી રીતે પરિસ્થિતિ ઊલટી જ હતી. ઈંગ્લેન્ડમાં બાયરનની વિલાસી જન તરીકે નિંદા થતી પણ વેનીસમાં તો જાણે એ છાપ ભૂંસી નાખવા પ્રયત્ન કરતો એવું કેટલીક વાર લાગતું. એક સુંદર સવારે ઇંગ્લૅન્ડમાં એ જાગ્યો હતો અને મુલ્કમશહૂર બની ગયો હતો. એટલે જ તેણે નામોશી મેળવવા પ્રયાસ આદર્યો હતો. એની ક્ષતિઓ આખું ઈંગ્લૅન્ડ જાણતું. એની મદ્યપાનની મહેફીલો. ખોપરી ઘાટની ખાસ બનાવટની પ્યાલીઓમાં દારૂ પીવાના જલસા. લંડનની નામચીન સમાજની મહિલાઓ સાથેના એના ચેનચાળા. એના તોફાની દંપતીજીવનનો એક જ વર્ષમાં આવેલો અન્ત. એની દૂધ બહેન ઓગસ્ટા લેહ સાથેની એની મૈત્રી (કે કંઈક વધારે ?) ને છેલ્લે પેલો સુરુચિને ખુલ્લો પડકાર. લેડી જર્સીને ત્યાં નૃત્યની મહેફીલ ગોઠવવામાં આવી હતી. ત્યાં બાયરન અને ઓગસ્ટા એ મુખ્ય ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં એકઠી થયેલી મંડળી એ ખંડનો નાટકીય રીતે ત્યાગ કરી ગઈ હતી. એથી વૈરાકુલ બની બાયરન ઈંગ્લૅન્ડથી ભાગી છૂટ્યો હતો. અને જાણે એ જ વૈરાકુલ માનસથી હવે એ વેનીસની નિંદા પામવા પ્રવાસ આદરી રહ્યો હતો.

ઈસ્વીસન ૧૮૧૭ના વેનીસમાં આ શક્ય નહોતું. ભલે એની તેજસ્વી સત્તાનો અંત આવ્યો હતો. છતાં એનું સૌંદર્ય તો હજીયે એવું ને એવું જ મુલ્ક-મશહૂર હતું. એટલે આ વખતે પણ વેનિસ વિલાસના ઝગમગતા મહાલય સમોવડું હતું. અમીર વર્ગની જાહોજલાલી અસ્ત પામી રહી હતી. છતાં નીતિનિયમો ભાગ્યે જ પળાતા. પરદેશના વિલાસી મુલાકાતીઓ પણ ત્યાં ઉભરાતા. દિવસે શહેર વાસ્તવિક જીવન ગુજારતું પણ રાત્રે વેનીસની સુરત પલટાઈ જતી. એક એક યુવાન યુગલ એક એક ગોન્ડોલા રોકી સહેલગાહે નીકળી પડતું. પ્રત્યેક બુરખામાં છૂપો સંદેશ વર્તાતો. દરેક મહાલયમાં વિલાસનાં ધામ સરજાતાં. લગભગ એકે એક સમાજ મહિલાને પોતાનો 'કેવેલીઅર સરવન્ટી' સાથી નક્કી રહેતો. એને એ 'ટીએટ્રો લા ફેનિસ'માં લઈ જતો. એનો એ પંખો ઝાલતો. એને માટે ગોન્ડોલા બોલાવતો અને એને મૂકવા ઘેર પણ જતો. ત્યાંથી છેક પરોઢ સુધી એ પોતાના નિવાસસ્થાને પાછો ફરતો નહિ. આ બધું જગજાહેર હતું. પ્રજાએ અપનાવેલું વર્તન હતું. એ મહિલાનો પતિ પણ એ સમજતો. એ વળી પોતાની પ્રિયતમાની પાછળ ભમતો. ઈટલીમાં કોઈ છૂટાછેડા લેતું નહિ. વેનીસનાં અમીર કુટુંબોએ છૂટાછેડાને બિનજરૂરી લેખ્યા હતા.

એટલે ઈંગ્લૅન્ડનો શ્રીમંત યુવાન લૉર્ડ વિલાસી ઝંઝાવાતમાં ફસાઈ ગયો. ભભકભર્યા પોષાક પરિધાન કરેલા શ્રીમંતો અને એમની ઓછેરાં વસ્ત્રોમાં સુહાતી પત્નીઓની ચમકતી કતારો રાત્રિને દિવસની શાનમાં પલટી રહી. પરંતુ નિર્જીવ પૂતળાંઓનું આ પ્રદર્શન નહોતું એનો બાયરનને તુરત ખ્યાલ આવી ગયો. કેવેલિયર એન્જેલો મેંન્ગોલ્ડોએ બાયરનને લીડોથી ગ્રાન્ડ કેનાલ સુધી તરવા આહ્વાહન આપ્યું. પાંચેક માઈલનો એ ખંડિત જલવિસ્તાર. શરતમાં બાયરન એક માઈલ આગળ આવી જીતી ગયો. એવી જ એક કાઉન્ટેસ મેરીના બેન્ઝોન હતી. ઉચ્છૃંખલ કાયમી યજમાન. રણભેરી જેવો એનો અવાજ 'એલ ફયુમૅન્ટો' એનું ઉપનામ. પોતાના જ ગોન્ડોલોમાં એ ફર્યા કરતી. બાયરનના વિલાસી વેનિશિયન સાથીદારો ઇંગ્લૅન્ડમાંથી એને હાંકી કાઢનાર અતિવિવેકી સમાજના પ્રતિકાર સમોવડા હતા.

એ લોકો એને પ્રેરણા પાતા. વેનિશિયનો પણ આ યુવાન અંગ્રેજ લૉર્ડના ઉગ્રજીવન પર ટીકા કરતા. બપોરે ચાર પાંચ વાગે એ ઊઠતો. નૌકાવિહાર કરી લીડો જતો. રેતીના વિશાળ પટ પર ઘોડેસવારી કરતો. તરતો તરતો પાછો ફરતો. એનાં વસ્ત્રો લઈ એનો ગોન્ડોલા એને અનુસરતો. સંધ્યાટાણે એ એકાદ પ્રિયતમાની મુલાકાતે જતો. ગ્રાન્ડકેનાલમાં એની સાથે નૌકાવિહાર કરતો. રીઆલ્ટો બ્રીજ, સર્વન્ટ માર્ક, બ્રીજ ઑફ સાઈઝ, વગેરે વટાવતો. લગભગ મધ્યરાત્રિએ એ પોતાના લેખનકાર્યમાં લાગી જતો. આમ નિર્માલ્યતા વહોરતા રાત્રિજીવન છતાં વહેલી પરોઢે જ્યારે નગરની શેરીઓ સુમસામ રહેતી અને માત્ર જલઘિતરંગો પથ્થરનાં પગથિયાં પણ અથડાતાં એનો મંજુલ રવ કર્ણપથે પડતો ત્યારે બાયરને અંગ્રેજી ભાષાનાં કેટલાંક સ્મરણીય કાવ્યો લખી કાઢ્યાં

હતાં.

ઈસ્વીસન ૧૮૧૭માં એક વાર એ વેનીસથી ભાગી છૂટ્યો. લાંબો પ્રવાસ આદર્યો. ફેરેરા, પાદુઆ, બોલોના અને ફ્લોરેન્સ થઈ એ રોમ ગયો. ત્યાંથી ઘોડેસવાર થઈ એ કોલોઝીઅમ ગયો અને ત્યાંથી આલ્બન ગિરિશૃંગો પર ઘૂમવા નીકળી પડ્યો. ત્યાં એને ઈટલીના ગ્રામ્ય પ્રદેશનો સ્પષ્ટ ખ્યાલ આવ્યો. એના વિશ્વવિખ્યાત 'ચાઈલ્ડ હેરોલ્ડ'ના ચોથા સર્ગમાં અંકિત કરી એને અમરતા બક્ષી.

*'ઈટાલીઆ ! ઈટાલીઆ !*
*સૌંદર્યના કાતીલ એ ઉપહારની કો ભાવના !*
*અંતિમ એ ઉપહાર : દર્દો, ભૂત ને વર્તમાનનાં,*
*ત્હારાં મીઠાં લોચન ઉપર અંકિત થયાં :*
*કો શરમનાં ઉંડાં અનોખાં છાંટણાં છાંટી ગયાં,*
*ને આગના કો અક્ષરો ઇતિહાસને પાને જડ્યા.*
*ઓ પ્રભુ ! ઓછો (જરા મનોહર થા જરા : થ જરા, અનુપમ હોત તું)*
*(ને) શક્તિના પડકાર (કો) ફેંકી (રહેલો હોંત તું;)*
*અધિકાર ત્હારા સાચવી લેને જરા. ત્યાં ઊભેલો હોત તું:)*
*ત્હારા લોહી તરસ્યા લૂટારુને ડારવા :*
*ત્હારા દર્દનાં આંસુ વહેતાં ઠારવા.*

**— બાયરન : ચાઈલ્ડ હેરોલ્ડ, સર્ગ ચોથો**

આમ એક મહિનો રોમમાં નીકળી ગયો. હવે બાયરનને વેનીસની ખોટ સાલવા લાગી. ને જગતની વિલાસભૂમિમાં એ પાછો વળ્યો. ફરી પાછો અસલી જીવનમાં એ ડૂબી ગયો. વેનિશિયનો કહેવા લાગ્યા : 'પેલો ચક્રમ અંગ્રેજ લૉર્ડ ફરી પાછો મોડી રાતે કેનાલ તરતો દેખાય છે. આ વેળા આગળ તે એક લાકડાનું પાટિયું રાખતો. એની સાથે દીવો બાંધતો. એને ધકેલતો આગળ વધતો, કોઈ ગોન્ડોલા એના ઉપર ધસી ન જાય તે માટે.

એની પ્રેયસીઓનો પાર નહોતો. તેમાંની મુખ્ય હતી મેરીઆના સિત્રેટી. સેઈન્ટ માર્ક્સ સ્કેરના એના મકાનમાલિકની પત્ની. મેરીઆનના પતિ આંખ આડા કાન કરતા. બાયરન આપે એ નાણાં ખુશીથી સ્વીકારતા. મેરીઆના સોહામણી હતી. ખૂબ જ મોહક અને એક 'લોભી જીવડો' બાયરન એને હીરાથી લાદતો. મેરીઆના એ હીરા વેચી નાખતી. બાયરન એ પાછા ખરીદી લાવતો. પાછા એને ભેટ આપતો. એ ફરીથી વેચી નાખતી. ધીમે બાયરન એનાં ઉડ્ડયન અને વળગાડથી કંટાળ્યો. મેરીઆના માટે 'અતિ લોભ તે પાપનું મૂળ' બન્યું.

બીજી હતી 'લા ફોર્નેરીના'

એક સૂર્યાંકિત બપોરે 'લા મીરાં'માં બાયરન અને એનો મિત્ર કાદવવાળી 'બ્રેન્ટા'ને કિનારે ઘોડાગાડીમાં સહેલગાહે નીકળ્યા હતા. ગાડી પર નજર ફેરવતાં આગળ પંથ કાપતી એક પૂર્ણપ્રફુલ્લિત કુમારિકા નજરે પડી. ને બાયરનને બીજી રોમાંચકકથા સાંપડી. એનું નામ હતું. માર્ગારીટા કોગની. વય હતી બાવીસ વર્ષ. સ્થાનિક રસોઈયાની પત્ની. એને ઉપનામ મળ્યું 'લા ફોર્નેરીના'. બાયરન વેનીસ પાછો ફર્યો. 'પેલોઝો મોકેનીગો' ફરી ભાડે રાખ્યો. ત્યાં એણે એનું સંચાલન સંભાળી લીધું. મેરીઆના સિત્રેટીએ ઠપકો આપવા પ્રયાસ કર્યો. પરંતુ લા ફોર્નેરીનાએ એને સાવ ધુત્કારી કાઢી. ચૂપ કરી દીધી. લા ફોર્નેરીનાએ સમગ્ર ગૃહસંચાલન હાથ કરી લીધું. ખર્ચ અર્ધો કરી નાખ્યો. શ્રીમંત અંગ્રેજને લૂંટતા વહેપારીઓને ધમકાવી સીધા દોર કરી દીધા. એદી ને ફીક્કા પરિચારકોમાં તેજી ભરી દીધી. 'પેલેઝો મોકેરીનો' પર એનું લોખંડી શાસન જામી પડ્યું. 'ફૌસ્ટીના'ના વદનવાળી આ બાઈ પર

બાયરન મોહી પડ્યો હતો. એનો દેહ 'જૂનો' જેવો હતો. મહાસર્પિણી જેવી એ ઊંચી અને ચંચળ હતી. એનાં નયન ચમકદાર હતાં. એનો શ્યામળો કેશકલાપ કૌમુદી પ્રવાહમાં દીપી ઊઠતો. એનાં વૈભવવિલાસ એ સાચવતી. એની ધૂન પ્રમાણે રસોઈ પિરસતી. એને રમાડતી, પંપાળતી, માતૃવાત્સલ્યથી નવરાવતી. એક વાઘણ પેઠે એની દેખરેખ રાખતી. એના ક્રોધાનલને કાબૂમાં રાખે એવી એ એકજ બાઈ હતી.

એણે બાયરનને જીવન સમર્પણ કર્યું હતું. એક મોડી બપોરે લીડોમાં ઘોડેસ્વારી કરી એ પાછો વળ્યો. ત્યાં એકદમ તૂફાન તૂટી પડ્યું. જલતરંગોનું સમુદ્રમંથન ચાલુ થઈ ગયું. મોજાને મોઢે ફીણનાં થર બાઝ્યાં. શહેરની શેરીઓ જલજલ બંબાકાર થઈ રહી. બાયરનનો ગોન્ડોલા ઉછળતો ઉછળતો પેલેઝોના પગથિયાં નજીક આવ્યો. બાયરને એક 'મીડીઆ' જેવી આકૃતિ વર્ષામાં પલળતી ઊભેલી જોઈ. એ લા ફોર્નેરીના જ હતી. વર્ષાના તોફાનમાં ને પગથિયાં પરનાં તરંગોના પછડાટમાં પણ એની ગર્જના સ્પષ્ટ સંભળાતી, 'મેરીના કૂત્તા ! આ તે કાંઈ લીડો જવાનો સમય છે ?' બાયરન એને શાન્ત કરવા મથ્યો પણ વૃથા. એણે ગોન્ડોલીઅરો પર શાપ વરસાવ્યા. એને તો કદી યે તે ગર્જતા તોફાનમાં બહાર લઈ જતા નહોતા.

આ વિલાસી જીવન, આ રોમાંચક પ્રસંગો અને લા ફોર્નરીના થી પણ એ ધરાઈ ગયો. કેટલીક સંધ્યાઓ પેલેઝ મોકેનીગો મહેફીલોથી ગાજતો છતાં એ તો પોતાના ગોન્ડોલામાં એકલરાત્રિઓ ગાળતો. એવો ગોન્ડોલા એ પેલેઝોના શ્વેતભૂરા સ્તંભોએ બાંધેલાં જ રાખતો. એક મહોત્સવમાં તો હારબંધ અનેક અનિદ્રા રાત્રિઓ ગાળવાથી એ લગભગ ભાગી જ પડ્યો. એને ખાતરી થઈ ગઈ 'હૈયાને પણ શ્વાસ લેવા થંભી જવું જોઈએ.' કવિ ટોમ મૂર એનો જૂનો મિત્ર હતો. એને એણે લખ્યું 'ડૉક્ટરોએ મને સલાહ આપી છે : 'રુક જાઓ' પરંતુ લા ફોર્નેરીના સાથે વિક્ષેપ પડતાં તો કઠણાઈની હદ આવી ગઈ.

હવે વેનીસ છોડ્યે છૂટકો નહોતો. એટલે બાયરને જરા સખ્તાઈથી ફોર્નેરીનાને વિદાય થવા કહ્યું. જીવનમાં પહેલી જ વાર એ ભાગી પડી. કલ્પાંત કરી રહી. છતાં છેવટે એ ગઈ. થોડા દિવસ પછી એક વાર બાયરન જમતો હતો. ત્યારે નીચે ધડાકો થયો. ફોર્નેરીનાના પુનરાગમનની આગાહી થઈ. એને આવતી જોઈ એક પરિચારક બારણું બંધ કરવા ગયો. પરંતુ એણે ધક્કો મારી બારણું તોડી નાખ્યું. સીધી તે જમવાના ખંડમાં ચઢી આવી. છેક બાયરન સુધી ધસી ગઈ. એ ખાતો હતો એ ચપ્પુ ઝૂંટવી લીધું. પરંતુ બાયરને ઝડપથી તે હસ્તગત કર્યું. ઝઘડામાં એનો અંગૂઠો કપાયો.

શાંતિથી, હમદર્દીથી બાયરને એને ઘેર પાછા જવા કહ્યું. એક પણ શબ્દ બોલ્યા વિના એ પાછી ફરી ગઈ. ખંડ બહાર ચાલી ગઈ. બાયરને કપાયલા અંગુઠા પર રૂમાલ બાંધી દીધો. ને ખાવાનું શરૂ કર્યું. ત્યાં દાદર પર ધમાલ મચી. એક પરિચારક લા ફોર્નેરીનાને જલનીતરતી અંદર લઈ આવ્યો. એણે કેનાલમાં પડતું મૂક્યું હતું.

બાયરને એને સુવાડી દીધી. એ જાગી એટલે બાયરને એને ફરીથી વિદાય થવા કહ્યું. બિલકુલ દલીલ કર્યા સિવાય એણે અંતિમ વિદાય લીધી.

થોડાક મહિના પછી એક સંધ્યાટાણે પોતાની વિલાસિતાથી પુષ્કળ થાકી ગયો હતો. કાઉન્ટેસ બેન્ઝોનના એક આમંત્રણને એ નકારી કાઢવા માગતો હતો. પરંતુ એક જૂનો મિત્ર એને મળવા આવનાર હતો. થોડુંક એને બિરદાવવા બાયરન ટૂંકી મુલાકાતે જવા કબૂલ થયો. તેઓ કાઉન્ટેસના મહાલયમાં લગભગ મધ્ય રાત્રિએ પહોંચ્યા. થિયેટર પતાવીને તેઓ એક સોફા પર બેઠા. 'પંચ' થી તેઓ વિદાય થવા ચાહતા હતા. ત્યાં કાઉન્ટેએ એક નવાગન્તુક યુવતીનો બાયરન સાથે પરિચય કરાવ્યો. અને એણે બાયરનનો જીવનક્રમ પલટી નાખ્યો.

ટેરેસા ગુઈસીઓલીનું માથું દુ:ખતું હતું. કાઉન્ટેસ બેન્ઝોનેની મિલજસમાં જવાની એની ઇચ્છા નહોતી. થિયેટરમાં જ એ થાકી ગઈ હતી. વર્ષા ઘેરી એપ્રિલની એ સંધ્યા હતી. એને તો ઘેર જઈ નિદ્રાધીન થવાની ઇચ્છા હતી. પણ કાઉન્ટ ગુઈસીઓલી સાથે દલીલ કરવી નકામી હતી. એને અઠ્ઠાવન વર્ષ થયાં હતાં. રોમાનાનો એ

એક શ્રીમંત જમીનદાર હતો. ઓગણીસ વર્ષની ટેરેસા એની ત્રીજી પત્ની હતી. કાઉન્ટ ગુઈસીઓલી કાઉન્ટેસ બેન્ઝોનેના જલ્સામાં જવા માગતો હતો. એટલે તેઓ ત્યાં આવ્યાં. ટેરેસાની વિનવણીથી એણે ત્યાં થોડાક સમય રોકાવાનું કબૂલ કર્યું હતું.

આ પહેલી મુલાકાત ટેરેસાને ઘણાં વર્ષો સુધી યાદ રહી હતી. સોહામણા યુવાન અંગ્રેજ લૉર્ડમાં અને તેના વાર્તાલાપમાં એને એકદમ રસ જાગ્રત થયો હતો. થોડાંક મહિના પહેલાં તેઓ એક બીજી મિજલસમાં મળ્યાં હતાં એમ તેણે બાયરનને જણાવ્યું. પરંતુ દેખીતી રીતે બાયરન તો એને પહેલી જ વાર મળતો હતો. કાઉન્ટનું મહાલય 'રેવેન્ના'માં આવ્યું એમ તેણે વાત કરી. 'એ તો ડાન્ટેનું સમાધિસ્થાન !' બાયરને તુરત જ આશ્ચર્ય દાખવ્યું. પછી તો ટેરેસાએ ડાન્ટેની જ વાતો કર્યા કરી. એની કાવ્યકડીઓ પણ ટાંકી અને બાયરનને એમાં રસ ઉત્પન્ન થયો. એ વાતોમાં જ ગૂંથાયેલાં હતાં. ત્યાં કાઉન્ટ ગુઈસીઓલી ત્યાં આવી ઊભો. એ ક્યારનો ત્યાં આવી ઊભો હશે એની પણ બન્નેને ખબર નહોતી. 'થોડોક સમય' તો ક્યારનોય પૂરો થઈ ગયો, બન્નેએ ઊંચું જોયું ત્યારે એણે કાતીલ ટકોર કરી. ટેરેસા એના પતિ સાથે વિદાય થઈ પરંતુ બીજે જ દિવસે બાયરનને મળવાનું એણે છૂપી રીતે નક્કી કરી લીધું હતું.

બે જ દિવસમાં તેઓ એક બીજાને ચાહતાં થઈ ગયાં. પ્રથમ તો બાયરન એમના સંબંધને સામાન્ય મૈત્રી ગણી મન મનાવતો રહ્યો. પરંતુ ટેરેસાના પતિએ એને વેનીસ બહાર મોકલી દીધી. 'રેવેન્ના'ના મહાલય નજીક જ 'પો' નદીના કિનારે એની જમીન હતી. ત્યાં એને અલગ વાસ આપ્યો. બાયરને એને વિસારી મૂકવા પ્રયત્ન કર્યો. પરંતુ એને ભૂલી જવું શક્ય નહોતું. શાન્ત અને અંધારા 'મોસિનીગો' મહાલયમાં બેઠાં બેઠાં વહેલા પરોઢે 'જીન' ને પાણી પીતાં પીતાં એ ટેરેસાના વિચારોમાં ડૂબી જતો. ગ્રામ્ય મહાલયમાં ભરાઈ ગયેલી ટેરેસા ઉપર કાવ્યો લખતો. 'ખરેખર ! એ 'પો' નદીના કિનારા પર એ એકલી એકલી ટહેલતી હશે. એનો જ વિચાર કરી રહી હશે. 'ઈંગ્લેન્ડમાં એક લગ્ન કર્યું ને એ મુશ્કેલીમાં મુકાઈ ગયો. હવે બીજા એવા કોઈ બંધનમાં બંધાઈ જવાની એને ઇચ્છા નહોતી. પરંતુ જેમ જેમ દિવસો વહેતા ગયા તેમ તેમ એને ટેરેસાનો વિયોગ સાલતો ગયો. એનો પ્રેમ એના હૈયામાં ઘર કરતો ગયો. એક દિવસ એ પોતાની ગાડીમાં નીકળી પડ્યો. 'રેવેન્ના'માં એને પકડવા નક્કી કર્યું. રસ્તો ધૂળધોયો હતો. એ ખૂબ ખૂબ કંટાળ્યો. એના મિત્ર હોપનરને એણે લખ્યું, 'જૂન મહિનામાં ઈટલીમાં પ્રવાસ કરવો એ એક સજા છે. મારા જેવો મક્કમ આદમી ન હોય તો એ તરતો તરતો લીડોથી પાછો જ ફર્યો હોય. પાદૂઆની ધૂળમાં ન રગદોળાય.' એ રેવન્ના પહોંચ્યો ત્યારે ટેરેસા ગંભીર બિમાર હતી.

ગમે તેમ પણ બાયરન એની દવા હતો. એ આવ્યો એટલે એ ધીમે ધીમે સાજી થવા લાગી. એના પતિએ પણ એનું સ્વાગત કર્યું. બાયરન આશ્ચર્યચક્તિ થયો. એ દિવસોમાં પણ કાઉન્ટ ગુઈસીઓલી જેવા પતિનું આવું વલણ એક કોયડો હતું. બાયરનની તો સમજમાં જ એ ન ઊતર્યું. પરંતુ એનો ઉકેલ બહુ દૂર નહોતો.

પરંતુ એ દરમિયાન બાયરન અને ટેરેસા એકબીજામાં ખોવાઈ ગયો. ઈટાલીઅન કવિઓ બાયરનનો પ્રિય વિષય હતો. એમની વાતો એ ટેરેસા આગળ છેડ્યા જ કરતો. એનો કેશકલાપ રતાશભર્યો સુવર્ણો હતો. એના શ્વેત સ્કંધો પર એ ગજબ આકર્ષણથી રેલાતો. ટેરેસા બાયરન સામે જોતી ત્યારે એનાં નયનોમાં કોઈ ઓર ચમક આવતી. થોડા દિવસોમાં તો બાયરનનો એક રિવાજ પડી ગયો. લાંબી બપોર અને સંધ્યાટાણે કાઉન્ટ ઘણો ખરો ગેરહાજર રહેતો એટલે ટેરેસા એની સહચરી ને વિશ્વાસુ સ્વજન બની રહી. સખી અને પ્રેમિકા બની. કેટલીક વાર એને એ 'મીઓ બી રોન' કહેતી તો કેટલીક વાર 'જ્યોર્જ' કહી બોલાવતી.

ઈટલીમાં પત્નીને 'કેવેલીયર સર્વન્ટ' મળે એટલે પતિ આંખ આડા કાન કરે. કાઉન્ટ ગુઈસીઓલીએ પણ એ જ પ્રણાલિકા અપનાવી. ટેરેસાના દર્દે જ્યારે ઉથલો ખાધો ત્યારે કાઉન્ટે એને વેનીસ લઈ જવા રજા આપી. બાયરનનો વિખ્યાત મિત્ર ડૉક્ટર ઍંગ્લીટી વેનીસમાં મશહૂર હતો. તેની સારવાર નીચે મૂકવામાં આવી. પછી જ

કાઉન્ટ ગુઈસીઓલીના હેતુઓ સ્પષ્ટ થયા.

ઈટલીના બ્રિટિશ સરકારના અધિકારીઓ કાઉન્ટને રેવન્નાના બ્રિટિશ કોન્સલ નીમે તે માટે લાગવગ લગાવવા ગુઈસીઓલીએ બાયરનને આગ્રહ કર્યો. બાયરને પ્રયત્ન પણ કરી જોયો પરંતુ એ નિષ્ફળ ગયો. પછી કાઉન્ટે ચાર હજાર પાઉન્ડ ઉછીના માગ્યા. એ બાયરને આપ્યા. પછી કાઉન્ટે અચાનક 'અપમાનિત પતિ' તરીકે રમત રમવી શરૂ કરી. ગુઈસીઓલી વેનીસ આવ્યો. બાયરન કે પોતાને બેમાંથી એકને પસંદ કરી લેવા ટેરેસાને જણાવ્યું. ટેરેસાએ બાયરનને પસંદ કર્યો. પરંતુ બાયરને ધીમેથી એને રેવેન્ના જવા સમજાવી. પોતે તુરતજ રેવેન્ના આવશે એવું વચન આપ્યું. એના ગયા પછી એ સંબંધ તોડી નાખવા બાયરને છેવટનો આકરો પ્રયત્ન કરી જોયો. પરંતુ એનું દિલ માન્યું નહિ. એક વાર ફરીથી એ રેવેન્નાને માર્ગે પડ્યો. આ વખતે એલીગ્રા અને આખું ઘર એની સાથે હતું: વેનીસને એણે છેલ્લી સલામ કરી.

ત્યારે ફલોરેન્સમાં એક વાર બાયરનને ચાહતી અને હજી એ સ્નેહસ્મરણમાં રાચતી ક્લેર કર્લરમોન્ટે પોતાની નોંધબુકમાં ટાંક્યું 'નાયક' એણે કડવાશથી લખ્યું. 'રેવન્ના ગયો.'

૬

કેટલાક મહિનાથી ક્લેરનું જીવન ખારું થઈ ગયું હતું. જ્યારે બાયરન પોતાના નવા પ્રેમમાં ચકચૂર હતો ત્યારે શેલીદંપતી અને ક્લેર ઈટાલીઅન કરુણકથાના બીજા અંકના ભોગ બની ચૂક્યાં હતાં. એસ્ટી તો એમણે ક્યારનું ય છોડી દીધું હતું. ધૂળધોયા ને કાદવ કીચડ વાળા માર્ગોનો લાંબો પ્રવાસ ખેડી એ રોમ અને નેપલ્સ આવ્યાં હતાં. ત્યાંની આબોહવાએ એમનામાં ઉલ્લાસ પ્રેર્યો. શેલી પોમ્પીઆઈથી પ્રભાવિત થયો. એણે 'ઓડ ટુ નૅપલ્સ' નેપલ્સ ઉપર એક આહ્‌લાદક ઊર્મિકાવ્ય લખ્યું. એના મિત્રના 'ચાઈલ્ડ હેરોલ્ડ'ની પ્રારંભિક કડીઓના એમાં પડછંદ હતા. ખાલી નિઃશબ્દ શહેરનું એણે વર્ણન કર્યું. જ્વાલામુખીએ વર્તાવેલા વિનાશ પર હજી યે ભભૂકતા વિસુવિઅસના અગ્નિથી ધૂમ્રસેરોનું એણે આલેખન કર્યું.

પરંતુ સોનેમઢ્યું નેપલ્સ પણ ટૂંક સમયમાં જ તેજોહીન બન્યું. શેલીને નેપોલિયનોનો અણગમો થયો. એક દિવસ એની નજીકની શેરીમાં એક ખૂન થયું. એથી એને ખૂબ લાગી આવ્યું. ત્યારે નેપોલિયનો હસી રહ્યા. એક પાદરી પણ ઉપહાસમાં ભળ્યો. આખરે આખું ય કુટુંબ રોમ પાછું ફર્યું.

ત્યાં સૌને ઠીક લાગ્યું. મેરીને રોમન સમાજ નેપલ્સ કરતાં સારો લાગ્યો. ક્લેરે સંગીત શીખવા માંડ્યું. શેલી રોજબરોજ કેરાકેલાનાં સ્નાનગૃહોનાં ખંડેરીમાં ઘૂમવા લાગ્યો. એ પહાડી ખંડોરો પર એ કલાકોના કલાકો બેસતો. ત્યાં બેઠે બેઠે એણે પોતાની નાટકીય ને કરુણ છતાં વિજયપિચ્છ સમોવડું 'પ્રોમીથિયસ અનબાઉન્ડ' લખ્યું

*આવો રે ! આવો રે ! આવો રે !*
*આ સૃષ્ટિના સીમાન્તથી,*
*આ સૃષ્ટિના સીમાન્તથી;*
*રાત્રિ સમાધિ સ્થાન એ,*
*પ્રભાત ઉદય ભાણ એ:*
*આવો રે ! આવો રે ! આવો રે !-*
*નગરે નગર ચિત્કારતા ખંડેરમાં,*
*ત્યારે ભરો ઉલ્લાસના પડછંદને,*
*આનંદથી ડોલાવજો ગિરિશૃંગને;*
*પાંખો વિના પગલે ભમ સાગરપટે,*

*ડૂબેલ કોઈ વહાણને તારી રહો,*
*દુષ્કાળના સૌ માર્ગને ડારી રહો;*
*ભૂખે પીડાતા પંથને અજવાળજો;*
*આનંદજો : ઉલ્લાસના અર્કે ભરો :*
*આવો રે ! આવો રે ! આવો રે !–*

**– શેલી : 'પ્રોમિથિયસ અનબાઉન્ડ' અંક !**

પછી જૂન ૧૮૧૯ની બીજી તારીખે એનો પુત્ર વિલિયમ બિમાર પડ્યો. સાડા ત્રણ વર્ષનો ગભરુ બાલક. એના પિતાએ એમના એક મિત્રને લખ્યું 'એનાથી વધુ નમ્ર વધુ ચકોર બાલક શોધવો મુશ્કેલ છે. એનું આરોગ્ય સંપૂર્ણ લાગતું. શક્તિ પૂરેપૂરી જણાતી. અને એનું સૌંદર્ય ! એનો રેશમી કેશકલાપ. એનું પારદર્શક વદન. એનાં ઘેરાં ભૂરાં નીલવર્ણાં નયનો ને એમાં છૂપાયેલી ચમક. દરેકને આશ્ચર્યચક્તિ કરતાં. એ નિદ્રાવશ હોય ત્યારે ઈટાલીયન મહિલાઓ એને જોવા આવતી. પોતાની બહેનપણીઓને પણ બોલાવી લાવતી.'

જૂનની ત્રીજી તારીખે વિલિયમનો તાવ એકદમ વધી ગયો. એની સારવાર કરનાર રોમનો શ્રેષ્ઠ ડૉક્ટર હતો. શેલી પણ જંપ્યા વગર આંખનું એક મટકું પણ માર્યા સિવાય એની પથારી પાસે સાઠ કલાક બેસી રહ્યો. નિરાધાર દશામાં એના પુત્રને જીવન માટે મૃત્યુ સાથે ઝઘડતો જોઈ રહ્યો. એક વાર તો વિલિયમને તાણો આવવા માંડી. પરંતુ અચાનક એને સારું થતું જણાયું. મેરીએ પાછળથી લખ્યું છે, 'આ કલાકોનું દર્દ અમાપ હતું. મારા જીવનનો દોર એની સામે બંધાઈ રહ્યો હતો.' ને પછી સાતમી જૂનને દિવસે વિલિયમનું અવસાન થયું.

એક જ વર્ષમાં બીજીવાર એકલવાયો શેલી નાનકડી શબવાહિની લઈ સમાધિસ્થાનમાં ગયો. આ વેળા રોમનું પ્રેસ્બિટેરિયન કબરસ્તાન હતું. સપાટ આરસના પથ્થર પર કોતર્યું હતું, 'વિલિયમ શેલી : જન્મ ૨૪ જાન્યુઆરી, ૧૮૧૬ : અવસાન ૭ જૂન, ૧૮૧૯. પરસી અને મેરી વૉલ્સ્ટન ક્રેફ્ટ શેલીનો પુત્ર.' વિલિયમનો પિતા એ સ્થળતું વર્ણન કરતાં કહે છે. 'આ કબરસ્તાન ખંડેરો વચ્ચે આવેલી ખુલ્લી જગા છે. શિયાળામાં ત્યાં (વાયોલટ), જૂઈ, જાઈ અને (ડેઈમી) સૂર્યમુખી ખીલી ઊઠે છે. આવી મીઠી જગામાં સમાધિસ્થાન મેળવવા મૃત્યુને આવકારવાનું પણ દિલ થઈ જાય.'

ફરીથી પાછું દુઃખનું ઓસડ દહાડા. ને કામ બનાવે હામ. શેલી મેરી અને કલેરને ઉત્તરમાં ભૂમધ્યને કિનારે 'લેગહોર્ન' લઈ ગયો. ત્યાં 'વીલા વૉલ્સોવાલો' તેમણે ભાડે રાખ્યો. એક શેરીને છેડે એ ઊભું હતું. ગ્રીષ્મમાં એમને જરા સ્વસ્થતા આવવા માંડી. મેરી ઘરકામમાં લાગી ગઈ. ખોટ સાલે નહિ તે માટે એને ફરીથી ભાવિ વિચારતાં થઈ જવું પડ્યું. ફરીથી એ ગર્ભવતી થઈ. દૂર દૂર પથરાતો ગ્રામ્યપ્રદેશ રાતી ભૂમિ ને નીલવર્ણા દેવદાર વૃક્ષોથી મનોહર લાગતો. પાકતી દ્રાક્ષનાં રતુમડાં ઝૂમખાં જ્યાં ત્યાં નજરે પડતાં. મહાલયને અગાશી હતી. ઉપર છત્ર હતું. એટલે શેલીએ એને અભ્યાસખંડમાં પલટી નાખી. દૂર દૂર દરિયો લહેરાતો. આહ્‌લાદક ગ્રામ્ય પ્રદેશ એને પ્રેરણા પાતો ને એ લખતો. પડેલી ખોટની કડવાશ અને આ નવા ધામનો ઉલ્લાસ શેલીને એનાં ઊર્મિગીતો લખવા પ્રેરણા આપી રહ્યો. એણે એક વિષાદ છાયું નાટક પણ લખી નાંખ્યું. 'ધ સેન્સી' દૂર દૂર લૅગહૉર્ન બંદરમાં ગ્રીષ્મ તોફાનો જામતાં ને ભૂમધ્યને ધરણી પર રેલાવતાં. એમનો અણધાર્યો વિનાશવેગ એને દિગ્મૂઢ બનાવી દેતો.

તારીખ ૧૨ નવેમ્બર, ૧૮૧૯ પરસી ફ્લૉરેન્સ શેલીનો ફ્લૉરેન્સમાં જન્મ થયો. 'બિચારા વિલિયમ'ની પ્રતિકૃતિ સમોવડો' મેરી કહેતી. પછી આખું કુટુંબ પીઝા ગયું. પીઝા : આળસુ પણ આકર્ષક નગર. ભૂમધ્ય સમુદ્ર તેના ચરણ ચૂમે. આર્નોના તટ પર એક મહાલય. 'પેલેઝો ડી ચીઝા'. તેમાં એમણે વાસ મેળવ્યો. પીઝામાં તેમને

બીજો એક અંગ્રેજ સહચર મળી ગયો. બાલક પરસી વજનદાર બનતો ગયો. તંદુરસ્ત બાલક તરીકે વિકાસ પામ્યો. તેમ મેરીનું દિલ પ્રફુલ્લિત થતું ગયું. પોતાના અભ્યાસખંડમાંથી શેલી સુવર્ણી આર્નો પર દષ્ટિપાત ફરી શકતો. દરરોજ એ 'પાયનેટા' ફરવા જતો. ત્યાં એક ઝરા પર બેસતો. ખડકોમાંથી નીતરતાં ઝરણાં ઉપર કાવ્યો લખતો :

*દેવદારનાં વૃક્ષ ઘણાં :*
*ગુંજે ગંભીર ગીતો જૂજવાં.*
*જલધિ પણ મર્મર નાદ કરે,*
*કરુણાર્દ્રે કથા, ન સુણાય ? સખે !*

ત્યાં શેલીને ઈટનનો એક સહાધ્યાયી મળી ગયો. ઍડવર્ડ એલરકર વિલિયમ્સ. વિલિયમ દંપતી ટૂંક સમયમાં જ શેલી વર્તુલમાં સમાઈ ગયાં. શેલી અને વિલિયમ્સે લાકડાને કેનવાસની એક નાનકડી નૌકા બનાવી. વાંકી ચૂકી વહેતી 'સર્ચીઓ' પર નૌકાવિહાર માંડ્યો. વિલિયમ્સ સુકાન સાચવતો. શેલી તો પવન ને પ્રવાહમાં તણાવામાં રાચતો. સ્વપ્નશીલ ને તંદ્રસ્થ બની જતો.

*સર્ચીઓ ! તારા પ્રવાહે ઝૂલતી,*
*નિદ્રસ્થ એ નૌકા અમારી એકલી;*
*એના શઢો જો ફરફરે,*
*સ્વપ્ને વિચાર મઢ્યા દિસે.*
*હલેસાં ડોળ છે ત્હોયે,*
*સુકાની આળસુ દિસે,*
*હરાયા ઢોરની પેઠે*
*અમારી નાવડી ભમે.*

**શેલી - સર્ચીઓ પરની નૌકા.**

આ ગાળામાં શેલીએ કેટલાંક સુંદરમાં સુંદર ઊર્મિગીતો લખ્યાં છતાં ઇંગ્લેન્ડમાં તો એ અર્ધ ભૂલાયલો નિન્દિત આદમી હતો. સાહિત્યમાં ખ્યાતનામ શેલી તો એકલી મેરી શેલી જ હતી. એની નવલકથા 'ફ્રેન્ક્રીન્સ્ટીને' શેલી જીવનભરમાં કમાયો એથી દશ ગણી કમાણી કરી આપી હતી. બાયરન સાથેના 'ભૂતની વાતો'ની રમતિયાળ હરીફાઈમાં એણે એ લખી હતી.

છતાં આ સમય ક્લેર માટે તો ખરાબ જ હતો. રોજ એને એલીગ્રાને સંભાળ્યા વિના ચેન પડતું નહિ. શમણામાં પણ રાત્રે એ એલીગ્રાને જ જોતી. બાયરનને એ લાંબા લાંબા કાગળો લખતી. એક વાર એલીગ્રાને મળવા માટે મોકલી આપે એવો આગ્રહ કરતી. પરંતુ બાયરન એની ઉપેક્ષા કરતો. એણે શેલીને બાયરન પર લાગવગ વાપરવા વિનંતિ કરી. આમ ફરીથી એ નાનકડી છોકરી બે કવિઓ વચ્ચે કડી રૂપ બની રહી. શેલી બાયરનને મળવા રેવેન્ના ગયો. હજી યે 'પેલેઝો ગુઈસીઓલી'માં ભાડૂત હતો. સમાધાનનો માર્ગ કાઢવા કંઈક મથ્યો. ઈસ્વીસન ૧૮૨૧ના ઓગસ્ટની છઠ્ઠી તારીખે રાત્રે દશ વાગે એની ખુલ્લી ગાડી રેવેન્નાના રાજ્યમાર્ગ પર દોડી રહી. સવારના પાંચ વાગ્યા સુધી બાયરને એને જંપવા દીધો નહિ. બન્નેએ વાતો કર્યા જ કરી. ટેરેસાની કેટલી સુખદ ઝાંય પડી હતી એ જોઈ શેલી ખુશ થયો. એણે મેરીને લખ્યું 'વેનીસમાં જે બાયરન હતો તે હવે નથી. એનું જીવન સાવ પલટાઈ ગયું છે.' ફરીથી બન્ને કવિઓ ઘોડેસ્વાર થઈ નીકળી પડ્યા રેવેન્ના બહાર પાઈનેટા-પાઇનનાં મેદાનોમાં. છેક એડ્રિયાટિકના તટ સુધી એ વિસ્તરેલાં હતાં. બાયરનનો કાફલો પણ હવે વધી ગયો હતો. શેલીએ લખ્યું, 'એના કાફલામાં આઠ મોટા કૂતરા, ત્રણ વાનરો, પાંચ બિલાડીઓ, એક ગરુડ, એક કાગડો અને એક બાજ છે.' દાદર પર ચઢતાં જ એને પાંચ મોર, બે 'ગીની' મરઘી અને એક ઇજીપ્શિયન બગલાનાં દર્શન થયાં હતાં.

શેલીને પાછળથી એક લાક્ષણિક વિચાર આવ્યો 'આ પશુપંખીઓ ગયા અવતારમાં કોણ હશે ?'

રાત્રિના લાંબા લાંબા કલાકો વાર્તાલાપ અને ચર્ચામાં ક્યાંય સરી ગયા. જૂનાં સંસ્મરણો જાગ્યાં. નવી દલીલો રજૂ થઈ. બાયરન ચરબી ઘટાડવા ફક્ત બિસ્કીટ, જીન અને પાણી લેતો. શેલીનું તો ખાવાપીવા પર ધ્યાન જ નહોતું. બાયરનને ઘણી ઘણી નવાજૂની કહેવાની હતી. ટેરેસાના પિતા કાઉન્ટ રૂર્ગરો ગામ્લાને વેટીકનમાં સારી લાગવગ હતી. એ ટેરેસાને છૂટી કરાવી લાવનાર હતો. બાકી ઈટલીમાં એ જમાનામાં છૂટાછેડા કોઈ સમજતું પણ નહિ. પોપે ટેરેસાને સ્વતંત્રતા બક્ષી. એને પોતાના કુટુંબના મહાલયમાં રહેવા જવા પરવાનગી મળી. રેવેન્નાથી એ પંદર માઈલ દૂર હતું. પરંતુ બાયરને તો કાઉન્ટ ગુઈસીઓલીનું મહાલય છોડ્યું જ નહિ : કદાચ રીસથી. નવી રેવન્નામાં એથી વધુ સારું મહાલય મળે એવી શક્યતા જ નહોતી.

અને એલીગ્રા ! રેવેન્નામાં એનું જીવન પરિચારિકાઓથી વીંટાયલું રહેતું. ટેરેસા એને માટે ઓછી ઓછી થઈ જતી. બાયરનના સંખ્યાબંધ સેવકો એનો પડતો બોલ ઉપાડી લેતા. પરિણામે એ મિજાજી અને આત્મલક્ષી બાલિકા બની જવા પામી હતી. એની બેનપણીઓની સંખ્યા પણ નજીવી હતી. એટલે વય કરતાં એ વધારે મોટી અને ડાહિલી લાગતી. અને હવે એના બાપે આકરો નિર્ણય લીધો.

રેવેન્ના આરોગ્યધામ નહોતું. એડ્રિયાટિકને કિનારે જરાક નીચાણ પડતું એ પથરાયલું હતું. માઈલો સુધી ગંદા પાણી અને કીચડથી ભરેલા વિસ્તારોથી વીંટાયલું હતું. એટલે સમુદ્ર કિનારાથી દૂરનાં કોઈ પણ શહેર વધારે આરોગ્યપ્રદ લેખાય. એલીગ્રાને પોતાની જ વયની સખીઓની પણ જરૂર હતી. નવી શાળાના શિસ્તપાલનથી પણ એને નુકસાન થવા સંભવ નહોતો. વધારે સારી કેળવણી મળતી જાય એ સમય હવે પાકી ગયો હતો. બાકી આ પ્રદેશમાં તો ગૃહરક્ષિકા સિવાય અન્ય કોઈ શિક્ષણ આવે એવું હતું જ નહિ. પરંતુ એલીગ્રાને પોતાની પાસે રાખવાની ક્લેરની માગણી વિચારવા પણ એ તૈયાર નહોતો. બાયરનને મન ક્લૅર ક્લેરમૉન્ટ એક વળગાડ હતી. પાંચ વર્ષ પહેલાં એને અણધારી વળગી ગઈ હતી; અને હવે એ કંટાળાજનક ત્રાસ રૂપ બની રહી હતી. 'સારા શબ્દોમાં કહીએ તો મેડમ ક્લેર એક હીન કૂતરી જેવી છે.' પરંતુ શેલીના જીવનવિહારનું મૂલ્ય એ જરા ઊંચું આંકતો. એક મિત્રે 'ભલે ને શેલી એલીગ્રાને ઉછેરતાં 'એવી સૂચના કરી ત્યારે બાયરનનો કડવાશ ભર્યો ઉત્તર મળ્યો. 'એમણે કોઈ બાલક ઉછેરી જાણ્યું છે ?' 'એલીગ્રાને અળગી ન કરવાનો એનો દઢ નિશ્ચય હતો. એને લીલાં ફળ ખાઈને ભૂખે નહિ જ મરવા દે. કોઈ પુનિત પ્રતિમાનું અસ્તિત્વ જ નથી એવી માન્યતાને એના દિલમાં ઘર કરવા નહિ જ દે.' ખરું પૂછો તો એના નૂતન કુટુંબજીવનમાં એલીગ્રા રોમન કેથોલિક બને એવો બાયરને નિર્ણય કર્યો હતો.

એટલે માર્ચની પહેલી તારીખે એલીગ્રાએ પોતાનાં ગાંસડાં પોટલાં બાંધ્યાં. સુંદર ઢીંગલીઓ સાથે લીધી. બાપુજી અને ટેરેસાની વિદાય લીધી ને રોમાનાનાં. બારેક માઈલનાં ગંદાં મેદાનો વટાવી 'બાગના કેવેલ્લો'ના પુરાણા કિલ્લામાં પહોંચી. દોડતી ગાડીની બન્ને બાજુએ ઊંચી ઊંચી ખાલીખમ દીવાલો હતી. ગોળ કમાનદાર વળાંક આવતા તે વટાવી આવી ઊભી. સ્થાનિક ઇટાલીઅન અમીરકુટુંબીનાં બાલકો માટે ઈસ્વી સન ૧૮૨૦માં ત્યાં એક શાળા ચાલુ કરવામાં આવી હતી. બાયરનનો શરાફ 'સિનોર પેલીગ્રીનો ધીગી' એની સાથે હતો. મખમલના કોટમાં શોભતી નાનકડી એલીગ્રા એની આંગળિયે હતી. એમણે મુખ્ય સંચાલિકાને સુપ્રત કરી. બન્ને છૂટાં પડ્યાં. કોઈના ય મુખારવિંદ પર કોઈ પણ પ્રકારનું ભાવપ્રદર્શન થવા પામ્યું નહિ. એલીગ્રા સંચાલિકા સાથે પડછંદ પાડતા ખાલી આંગણામાં આગળ વધી.

આ વાત સાંભળતાં જ કલેરના રોષનો પાર ન રહ્યો. એ ભભૂકી ઊઠી. બાયરન પર એક રોષભર્યો પત્ર રવાના થયો. 'આવી શાળાઓમાં બાલકો દુઃખી દુઃખી થઈ જાય છે. ઈટાલીમાં ઘૂમતો એક એક પ્રવાસી અને લેખક એના પર પ્રહાર કર્યા વિના રહી શકતો નથી. આવા મઠોમાં ઉછરેલી છોકરીઓ ખરાબ ગૃહિણીઓ નીવડે છે.

અને સર્ગિક માતૃત્વ ભાવના પામે છે. અજ્ઞાની ને વિલાસી બની જાય છે. સમાજનું એ ભયંકર કલંક છે. પરંતુ બાયરને એ પત્રની પરવા પણ ન કરી. પરંતુ હવે શેલી આવ્યો એટલે એની સાથે મઠની મુલાકાત લઈ જાતે ખાત્રી કરવા એણે નિર્ણય લીધો.

શેલીએ જોયું તો તેની સામે સફેદ મજલીન અને શ્યામ રેશમી ઉપરણામાં સજ્જ થયેલી એક વિનીત યુવતી તેની સામે ઊભી હતી. બે વર્ષ પહેલાં એ વેનીસ મૂકી આવ્યો હતો એ એલીગ્રા જ જાણે ન હોય. એનો કેશકલાપ વધ્યો હતો. એના શ્યામળા વાંકડિયા વાળ સ્કંધ ઉપર છવાઈ રહ્યા હતા. સાડા ચાર ફૂટ ઊંચી થઈ હતી. જરા સુકાઈ પણ હતી. એનાં ઘેરાં ભૂરાં નયનો શેલીનો ગંભીર અભ્યાસ કરી રહ્યાં હતાં પરંતુ એથી એના વદનની ફિક્કાશ વધારે વરતાઈ આવતી. પ્રથમ તો એણે જરા સંકોચ અનુભવ્યો પણ તુરત જ શેલીની સ્મૃતિ તાજી થઈ પછી તો એ શેલીને શાળા બતાવવા દોડી. એનો ખંડ, એનો પલંગ, ખાણા વખતે બેસતી એ ખુરસી. ગાડીમાં બેસી સખીઓ સાથે એ બગીચામાં ઘૂમતી એ ગાડી વગેરે દરેક વસ્તુ શેલીને બતાવવામાં આવી. શેલીએ થોડીક ખાટીમીઠી એને આપી. બાયરન સાથે રહેતી એલીગ્રાના વર્તન કરતાં ઊલટી જ રીતે એણે તે પોતાની બહેનપણીઓને વહેંચી આપી.

'બાને કાંઈ સંદેશો મોકલવો છે ?' શેલીએ પૂછ્યું.

'એક સુંદર પોષાક અને મીઠું ચુંબન મોકલી આપે.'

'કેવો પોષાક ?'

'સુવર્ણો ને રેશમી.'

'બાપુજીને કાંઈ કહેવું છે ?' આ મઠમાં આવ્યે પાંચ મહિના થઈ ગયા હતા છતાં એક વાર પણ એ તે બાજુ ફરક્યો નહોતો.

'એ અહીં આવે એમ કહેજો. સાથે 'મમીનાને પણ લાવે.'

'મને તો છોકરી ઠાવકી લાગી.' શેલીએ ક્લેરને કહ્યું 'મઠના કડક શુષ્ક જીવનથી ઠીકઠીક ટેવાઈ ગયેલી છે.' 'મઠની મુલાકાત પછી એણે નિરાંત અનુભવી છે.' શેલીએ બાયરનને કહ્યું. પરંતુ ક્લૅર તો પોતાના મતમાં જ અડગ રહી. 'એલીગ્રાને શાળામાં મૂકવામાં ભયંકર ભૂલ થઈ છે.'

પરંતુ શેલીને હવે એક નવો વિચાર આવ્યો. કદાચ એથી કાંઈ ઉકેલ આવશે એવી આશા પડી. ટેરેસા અને તેનું કુટુંબ ફ્લોરેન્સ રહેવા ગયું હતું. એટલે 'ગામ્બા' પીઝામાં સ્થાયી થાય પછી બાયરન એમની સાથે રહેવા જાય. ક્લેર ફ્લૉરેન્સ જવાની હતી. ત્યાં એને ગૃહરક્ષિકા તરીકે નોકરી મળી હતી. એટલે એની હાજરી હવે પીઝામાં બાયરનને પીડે તેમ નહોતી. એટલે શેલીના દિલમાં એક જુદી જ કલ્પના હતી. જો બાયરન અને એલીગ્રા 'પીઝા' આવે તો ક્લેરને એલીગ્રાને નિકટ લાવવાનો કોઈ માર્ગ વિચારી શકાય. બાયરનથી છૂટા પડતાં આ વાતનો વિચાર કરવા અહાલાયરન પાસેથી વચન લઈ લીધું. ફરીથી એ બાલિકા બન્ને વચ્ચે દઢતર કડી બની રહી.

'ગામ્બા' પીઝા જવા કબૂલ થયા. ત્યાં એક નાનકડું મકાન તેમણે રાખી લીધું. શેલીએ ઊંચું પ્રભાવશાળી મહાલય 'પેલેઝો લેન્ફ્રેન્ચી' રાખી લીધો. 'ટ્રે પાલાઝો'થી આર્નો આવતાં એ ઊભું હતું. બાયરન માટે એ તૈયાર કરવામાં આવ્યું. અન્તે ઈસ્વી સન ૧૮૨૧ના નવેમ્બરમાં બાયરને પોતાના રાચરચીલાના આઠ ડબ્બા ભર્યા. કપડાંની પેટીઓ ને રાયફલને સરંજામના પટારા ખડકાયા. પ્રાણીઓ પીંજરમાં પૂરાયા. ચાર મીજાજી બતકોને એની ગાડી નીચે લટકાવવામાં આવી. પીઝાના પ્રવાસ દરમિયાન ભલેને કલબલાટ કર્યા કરે.

રાજમાર્ગ બોલોના થઈ એવીનાઈનના ઘાટ વીંધતો હતો. પછી ફ્લોરેન્સ આવે ને આર્નોના કિનારે

કિનારે પીઝા પહોંચાય. પ્રવાસ મઝાનો હતો. રસ્તો ખાડાખૈયાવાળો હોવાથી ગાડીને અવારનવાર ઉછાળતો ને પેલી બતકોનો કલબલાટ બહેલાવતો. છેવટે વૃદ્ધ કાઉન્ટ અને વિષાદછાયું મહાલય છોડી બાયરન ખુશ થયો. પીઝામાં નવું જીવન શરૂ કરવા તેણે ઉમેદ રાખી. ટેરેસાને મળ્યે પણ ત્રણ મહિના વીતી ચૂક્યા હતા.

માર્ગમાં જ એના કાફલાએ પીઝા જતી ભાડૂતી ગાડી વટાવી. બાયરને બારી બહાર પણ જોયું નહિ. જો એણે બારી બહાર જોયું હોત તો એજ ગાડીમાં ફ્લોરેન્સ ગૃહપાલિકા નોકરીએ જતી ક્લૅર ક્લૅરમેન્ટ એની નજરે ચઢી હોત. પરંતુ ક્લૅરે તો એને જોઈ જ લીધો. બાગના કેવેલ્લો મઠમાં એલીગ્રાને પાછળ મૂકી એને જતો જોઈ એના રોષનો પારો એકદમ ઊંચે ચઢી ગયો.

આમ ઇતિહાસની એક વિખ્યાત સાહિત્યિક મિલનલહરી યોજાઈ. પીઝ વર્તુલ યા પીઝા મંડળી. દરેક નવાગમને ને વિદાયક્ષણે પલટાતી રહેતી. પરંતુ કેન્દ્રીય વ્યક્તિઓ તો શેલીને બાયરન જ રહ્યા. વિખ્યાતમાં વિખ્યાત મુલાકાતી શેલીને મળવા આવતા પરંતુ બાયરનના નિકટતમ અનુયાયી બની રહી પડતા.

ઍડવર્ડ જહૉન ટ્રેલોની બાયરનનો પૂરો આત્મીયજન બની ગયો હતો. એનું જીવન અવનવી ગજબ ઘટનાઓથી ભરપૂર હતું. એ સૈનિક હતો, નૌકાનો ટંડેલ અને છેવટે ચાંચિયો બન્યો હતો. મેરી શેલી એનાથી અંજાઈ ગઈ હતી. એણે એક મિત્રને લખ્યું, ‘ટ્રેલોની ગજબ માણસ છે.’ ટ્રેલોનીને શેલી એક દિવ્ય વ્યક્તિ લખતો. બાયરન એને અહંભાવી લાગતો. છતાં એનું વ્યક્તિત્વ સામાને જકડી લે એવું જણાતું. બન્ને કવિઓમાં, શેલીને મન આ નવાગંતુકમાં મોજીલો સાથ જણાયો. બાયરનને એ પોતાના દ્રવ્યોના નાયકની પ્રતિકૃતિ જેવો જણાયો. પ્રથમ એણે એને એ રીતે વધાવ્યો. કાંઈક મોહ ને કાંઈક ઘૃણા પણ પ્રગટી.

ટ્રેલોની ટૂંક સમયમાં જ એ વર્તુલમાં સહેલાઈથી ભળી ગયો. બાયરન ને શેલી લગભગ રોજ મળતા. ત્યારે એ પણ ટપકી પડતો. સાંજે શેલી કવિતા વાંચતો. એ સાંભળવા કેટલીક મંડળી ભેગી થતી. બાયરન દર અઠવાડિયે ભોજન સમારંભ યોજતો. કેટલીક વાર એ મિજલસ સવારના ત્રણ વાગ્યા સુધી લંબાતી. શેલી ફક્ત પાણી જ પીતો ને બીજાને ક્લરેટમાં ચકચૂર બનતા જોતો. મેરીને ટેરેસા ગમતી. એ પોતાની ચિત્રકળા તરફ પુનઃ વળતી જણાઈ. એક મિત્રને તેણે લખ્યું. ‘પીઝા ગાતાં પંખીનો એક નાનકડો માળો બની રહ્યું છે.’ ટ્રેલોનીના આગમન સાથે આ ઈટાલીઅન કરુણ કથાનાં સર્વપાત્રો અંતિમ અંક માટે રંગમંચ ઉપર ગોઠવાઈ ચૂક્યાં હતાં.

# લોકદેવો : ઉત્પત્તિ, વ્યુત્પતિ અને વિભાવના

◆

ભીમજી ખાચરિયા*

**લઘુસાર**

લોકદેવોઃ ઉત્પત્તિ, વ્યુત્પત્તિ અને વિભાવના સંશોધન લેખમાં પૂર્વ સંશોધનોના આધારે લોકદેવોની સૃષ્ટિ અને ઉત્પત્તિ વિષયક સમજણ આપી અહીં લોકદેવ શબ્દ, વ્યુત્પત્તિ તેમજ વિવિધ કોશમાં આપેલા અર્થો તપાસી લોકદેવના સમીપવર્તી અર્થ નજીક જઈ લોકદેદવની વિભાવના બાંધવાનો પ્રયત્ન છે. અહીં લોકદેવનાં લક્ષણો, સ્વરૂપો વિધિવિધાનો, સ્થાપત્ય, આર્યો અને અનાર્યોના લોકદેવ, નિષાદ, કિરાત સંસ્કૃતિના લોકદેવ, લોકદેવનાં સામાજિક, મનોવૈજ્ઞાનિક, રાજકીય કારણો, સંસ્કૃતિ અવલંબન, સાંસ્કૃતિક પરિબળો વગેરે તપાસી સાંસ્કૃતિક દૃષ્ટિથી લોકદેવની વિભાવના બાંધવાનો અહીં નમ્ર પ્રયત્ન છે.

ગુજરાત પ્રદેશની લોકજાતિઓએ શ્રદ્ધા અને વિશ્વાસની ભાવનાને બળવત્તર બનાવવા, જીવનની શ્રદ્ધા ટકાવવા, ધાર્મિક, આધ્યાત્મિક મૂલ્યોના સિંચન ને સંસ્કાર માટે પોતે જ આસ્થાકેન્દ્રો ઊભાં કર્યાં છે. ગુજરાત એ પ્રદેશ છે કે જ્યાં કોઈ જીવે ક્યારેય રોટલાના અભાવે જીવ છોડ્યો નથી. કીડીના કીડિયારાથી લઈને હજારો ગાયોની ગૌશાળાઓ આ પ્રદેશની ઓળખ છે. પશુપંખીઓ માટે જીવ આપવામાં પણ પ્રજા ક્યારેય અટકી નથી. ગુજરાતની દેહાણ્ય જગ્યાઓમાં રામ અને રોટલો સતત પૂજાતો જોવા મળે છે, તો આ ગુજરાતે નદીઓને લોકમાતા, વૃક્ષોને પિતા, પર્વતને પૂર્વજો કહ્યા છે. આ ગુજરાતની ભૂમિમાં લોકદેવોનું પ્રાગટ્ય કે સ્થાપન એ સહજ ઘટના છે. ધર્મ ને સંસ્કૃતિને બચાવવા, ટકાવવા, ગૌ, બ્રાહ્મણ કે ગામનું રક્ષણ કરતાં જેઓએ પ્રાણ આપ્યાં છે એવા સદ્‌ગતોથી માંડીને સૂર્ય, ચંદ્રની પૂજા અહીં છે. ગુજરાત પ્રદેશે કુદરતી તત્ત્વોમાં દેવતત્ત્વનું આરોપણ કરી તેને લોકદેવ તરીકે સ્થાપી પૂજા તો કરી, સાથે સાથે 'પાણાઓને પીર' ગણી જીવતત્ત્વનું આરોપણ કરી જડ અને ચેતન, સર્વ જગતમાં ઈશ્વરનો વાસ છે અને અણુ કે ભૌતિક પદાર્થનું આ જગત માત્ર રસાયણનું નિર્માણ નથી પણ રામનું નિર્માણ છે એ ભાવના પ્રગટાવી છે.

લોકદેવોની ઉત્પત્તિકથાઓ અને વિભાવના સમજતાં પૂર્વે આ પ્રદેશની પ્રકૃતિ અને પ્રાકૃતજનો વિષે વિગતે વાત જાણીએ. પ્રાચીનકાલથી માંડીને વર્તમાન સમય સુધી આ પ્રદેશની શ્રદ્ધા ને વિશ્વાસના પથ પર રહેલી ભક્તિ એ ગુજરાતની પ્રથમ નિશાની છે. જીવનના સુખ, દુઃખને, અહીંની પ્રજાએ કુદરતનાં વિવિધ રૂપો ગણીને જ સ્વીકાર્યાં છે. જીવનના ઝંઝાવાતને આ પ્રજાએ શ્રદ્ધા ને વિશ્વાસના બળે સ્વીકારી દુઃખમાંથી બહાર નીકળવા પ્રયત્ન કર્યા છે. સોરઠી સંતોની ભૂમિ તરીકે ઓળખાતા આ પ્રદેશને ભજનિકોએ ભવસાગરની ઉપમા આપી છે. ભવસાગરને પાર ઊતરવા મથતો પ્રાકૃતજન લોકજીવનના સુખ-દુઃખોથી ઘેરાઈને, હતાશ કે હામ હારવાની ક્ષણે અટકે છે ત્યારે દેવી કે ગેબી સહાય માટે આકાશ ભણી હાથ લાંબો કરે છે. ગુર્જરજન જ્યાં સુધી પોતાની તાકાત પર ઊભો છે ત્યાં સુધી પરમ તત્ત્વને પૂજે છે ખરો, પણ તેની પાસે લાચાર બનીને ઊભો રહેતો નથી. સામાન્ય, અસામાન્ય સંજોગોમાં ક્યારેય હાર ન સ્વીકારનારો માનવ, પ્રતિકૂળતાની પરાકાષ્ઠામાં ક્યારેય સંજોગોનો દાસ બનીને ઊભો રહે છે, ત્યારે પોતાના અસ્તિત્વને કે હયાતીને ટકાવવા મથામણ કરવી પડે એ સમયે તારણહાર તરીકે જેની પૂજા કરે, દિવ્યતાના દર્શન કરે, જીવ કે રૂપમાં દેવના દર્શન કરે એ ક્ષણથી એ વસ્તુ, પદાર્થ, જીવ કે લોકદેવનું રૂપ બની જાય છે. લોકજીવનના ધબકાર સાથે જોડાયેલા લોકદેવો વિષે શ્રદ્ધા કે અંધશ્રદ્ધાના વિશ્વાસને

---

* 'ઉત્સવ', બાલચોક, ખોડપરા, જેતપુર - ૩૬૦૩૭૦

બાજુ પર રાખીને વાત કરીએ તો, લોકજીવનમાં વીરત્વ, શીલ, સેવા, સદાચાર, ઉપકાર, બલિદાન, પવિત્રતા, ભક્તિભાવ જેવાં કેટલાંય ગુણપ્રધાન લક્ષણોને કારણે લોકદેવોનું સ્થાપન થયેલું જાણી શકાય છે. ગુજરાતમાં લોકદેવોનું સ્થાપન લોકજીવનનાં સંવર્ધન ને સાંસ્કૃતિક મૂલ્યોના વારસા માટે પણ એટલું જ મહત્ત્વનું બની રહે છે. લોકજીવનના આ સાંસ્કૃતિક મૂલ્યોને ટકાવવા, લોકજીવનનાં અવિરત ધબકારમાંથી લોકદેવનું પ્રાકટ્ય થયું છે એમ પણ કહી શકાય છે.

ગુજરાતના લોકવિદ્યાવિદ જોરાવરસિંહજી જાદવ, હસુ યાજ્ઞિક, આદિવાસી સાહિત્યવિદ ભગવાનદાસ પટેલ, સંતસાહિત્યના અભ્યાસુ નિરંજન રાજ્યગુરુ, રહસ્યમાર્ગ અને ભજનમીમાંસકો રાજેન્દ્રસિંહજી રાયજાદા, નાથાલાલ ગોહેલ, ઇતિહાસવિદ નરોત્તમ પલાણ, રામજીભાઈ સાવલિયા, હસમુખ વ્યાસ, જાણીતા વિવેચક લાભશંકર પુરોહિત વગેરે અનેક જાણયા અજાણ્યા વિદ્વાનોએ લોકદેવ બાબતે ઘણાં સંશોધન ને ચર્ચા વિચારણાઓ પણ કરી છે. અહીં આ સર્વ વિદ્વાનોની ચર્ચાઓ અને એમણે ચીંધેલા રસ્તે આગળ ચાલીને આ વિષયને વધુ સ્પષ્ટ રીતે ઉદ્‌ઘાટિત અહીં પ્રયત્ન છે.

### લોકદેવો : સૃષ્ટિ, ઉત્પત્તિ

ભારતીય લોકદેવોની સૃષ્ટિ ધાર્મિક માન્યતા આધારિત મળે છે. પુરાણો અને વેદોને આધારે પૌરાણિક, વૈદિક દેવતાઓ, ગ્રામદેવતા અને ગૃહદેવતા, રોગ સંબંધી દેવતાઓ, મૃતાત્મા સંબંધી દેવતાઓ, પિતૃપૂજા વિષયક દેવતાઓની અદ્‌ભુત સૃષ્ટિ છે. આપણી સામાજિક સંસ્થાઓ, વર્ણ, આશ્રમ, જાતિપ્રથા, સંયુક્ત પરિવાર, વ્રતો, તહેવારો, કૃષિજગત, પશુપાલન, નદી, સમુદ્ર, ભૂગોળ તેમજ અવકાશી પદાર્થો વગેરે દ્વારા પણ લોકદેવોની સૃષ્ટિ રચાયેલી જોવા મળે છે. ભારતીય કે ગુજરાતની પ્રજા મૂળથી જ અધ્યાત્મ, ધર્મ કે દેવસૃષ્ટિને પૂજતી આવી છે. પરિણામે, ગુજરાતના લગભગ દરેક પ્રદેશ કે ગામમાં લોકદેવનું કોઈને કોઈ સ્થાનક હોય છે; એમ માની શકાય છે કે માનવીની બૌદ્ધિકતા જ્યાં અટકે છે ત્યાંથી દેવોની સૃષ્ટિ શરૂ થાય છે. વિજ્ઞાનની શોધ પૂર્વે ભારતના પ્રાકૃતજનો શરીરની બીમારી કોઈ પાપી કે દુષ્ટ આત્માનું કારણ છે, એમ માની બીમારીઓ માટે સ્થાપેલા દેવો પાસે જઈને પૂજા-પ્રાર્થના કરતા. માતા નીકળે તો શીતળા માતા, કૂતરાં કરડે તો વાછરા ડાડા, નાગ કરડે તો ભાથીજી ઝેર ઉતરાવી ભયમુક્ત બનતો. હજારો વર્ષોથી ગુજરાતની પ્રજાના લોકજીવન ટકાવવામાં જે લોકદેવોએ શ્રદ્ધા-વિશ્વાસ અને સમરસતાના પાઠ ભણાવ્યા છે એ ગુજરાતની વિવિધ લોકજાતિઓ પોતાના કુળદેવી, કુળદેવતા, ગ્રામદેવતા, ગૃહદેવતા, લોકદેવ, દેવીઓને વગેરેને આજે પણ પૂજે છે. ગુજરાતની પ્રજાએ લોકદેવોને માત્ર નમન કે પૂજાના સ્થાને નહીં પણ આત્મામાં શ્રદ્ધાના પ્રતીક તરીકે રાખી વતનથી દૂર જ્યાં હોય ત્યાં લોકદેવને સમર્યા છે. આ લોકદેવોની સૃષ્ટિ આજે પણ એટલી જ અદ્‌ભુત છે.

### લોકદેવ : શબ્દ વ્યુત્પત્તિ

ગુજરાતી અને અન્ય ભાષાના વિવિધ કોશને તપાસતાં 'લોકદેવ' શબ્દ ક્યાંય જોવા મળતો નથી. 'લોકદેવ'ના સમીપવર્તી શબ્દો તપાસતાં દેવ કે દેવતા એ રૂપના શબ્દો મળે છે. આમ, લોકદેવમાં ઉત્તરપદમાં રહેલ દેવ'નો અર્થ વિવિધ કોશમાં આપેલ 'દેવ' શબ્દનો અર્થ સમાનતા ધરાવતો હોવાથી અહીં 'દેવ' શબ્દ ઉપરથી 'લોકદેવ' શબ્દ સુધી પહોંચીને તેની વ્યુત્પત્તિગત વિભાવના સ્પષ્ટ કરવી, એ ઉપક્રમ રાખ્યો છે.

દેવ = (૧) પું. (સં.) ઉચ્ચ કોટિનું ચેતન તત્ત્વ – ઈશ્વર પરમાત્મા બ્રહ્મ, (૨) ઈશ્વરના અંશ, વિભૂતિ વગેરે પ્રકારનો દિવ્ય પુરુષ (૩) પૌરાણિક માન્યતા પ્રમાણે સ્વર્ગવાસી (૪) સ્વામી, શેઠ, પતિ, ધણી, બ્રાહ્મણ, વિપ્ર

દેવ = (૧) (સં.) પું. આર્ય લોકોની એ નામની સર્વશ્રેજ જાતિ (૨) પું. ઇન્દ્રિય (૩) પું. ઈશ્વરી અંશ, વાયુ, સ્વર્ગમાં રહેનાર, ઉત્તમ જન, સુર, અજર, અમર, દેવત્વ, વસુ, મરુત, આદિત્ય, ઇન્દ્ર, પ્રજાપતિ (૪)

જૈન મતે દ્રવ્યદેવ, નરદેવ, ધર્મદેવ, દેવાધિદેવ, ભાવદેવ, વાયુદેવ, અગ્નિદેવ, આદિત્યદેવ, અધિષ્ઠાતા દેવ

દેવ = (૧) સં. વું. આર્ય લોકોની એ નામની એક સર્વશ્રેષ્ઠ જાતિ. આ લોકો વિદ્વાન, હુન્નરકલાસંપન્ન, ઈશ્વરભક્ત, દાની, પરોપકારી સજ્જન અને ગૌર વર્ણના હતા. તેમનાં લગ્નજીવન શિથિલ હતાં. મોજશોખ અને સ્વચ્છંદથી આખરે આ ઉત્તમ જાતિનો નાશ થયો.

(૨) વું. ઈશ્વરી અંશવાળું સ્વર્ગમાં રહેનાર ઉત્તમ જન, સુર, અમર, અજર, સ્વર્ગમાં રહેતું દિવ્ય સત્ત્વ, દેવતા, ૮ વસુ, ૧૧ મરુત, ૧૨ આદિત્ય, ઇંદ્ર અને પ્રજાપતિ મળી દેવ ૩૩ મનાય છે. જૈન મતે દેવોના પાંચ પ્રકાર નીચે પ્રમાણે છે. (૧) દ્રવ્યદેવ એટલે શુભ કર્મ દ્વારા દેવગતિ સંબંધી આયુષ્યનો બંધ પાડી દીધો હોય તે મનુષ્ય અથવા તિર્યંચ પંચેદ્રિય. (૨) નરદેવ એટલે સાર્વભૌમ ચક્રવર્તી રાજા, જેને ચૌદ રત્ન, નવનિધિ તેમ જ છ ખંડનું સ્વામિત્વ પ્રાપ્ત થયેલ હોય. તે અન્ય મનુષ્યો કરતાં પૌદ્ગલિક ઋદ્ધિમાં સર્વોતમ વર્તે છે. (૩) ધર્મદેવ એટલે જેઓશ્રી તારક જિનેશ્વર દેવના પુનિત પ્રવચનના અર્થને અનુસરનારા અને ઉત્તમ પ્રકારના શાસ્ત્રોક્ત આચારને પાળનારા આચાર્ય વગેરે. (૪) દેવાધિદેવ એટલે તીર્થંકર નામકર્મના ઉદયથી જેઓ પોતાની સુધા સમી વાણીથી ભવ્યાત્માંઓ ઉપર અસીમ ઉપકાર કરે છે. તેવા પરમ પૂજ્ય સર્વોતમ આત્માઓ. (૫) ભાવદેવ એટલે જેઓ નાના પ્રકારની ક્રીડા કરવામાં લુબ્ધ છે અને દેવગતિ પામેલા છે.

– પિતૃદેવ = પુ. પિતરો, પિતારૂપી દેવ, પિતૃઓના અધિષ્ઠાતા દેવ, પિતૃગણ

– અગ્નિદેવ = સં. અગ્નિદેવ, પુ. તેજ, તત્ત્વનો દેવ

– વરુણદેવ = જલદેવ, જલાધિપતિ, સમૃદ્ધિનો દેવ

– જળદેવ = પુ. કૂવો ખોદતી વખતે તેની અંદરનો પહેલો પથ્થર કાઢીને કરાતી સ્થાપનાનો દેવ તે જળદેવ, જળના દેવ, વરુણદેવ

– દેવ = ફળદ્રુપતાના દેવ, ગૃહસ્થધર્મના દેવ, કૃષક દેવ, યુદ્ધદેવ, પ્રેમ દેવ-દેવી, કલાદેવી, કવિતાદેવી, વિધાત્રીદેવી, જલદેવ, વનદેવ, સ્થલદેવ, ગ્રામદેવ, પાતાલદેવ, હિન્દુ દેવ-દેવી, ભગ, ભગવાન, ભગવતી, ભૈરવ, બૃહસ્પતિ, વાચસ્પતિ, કામ, રતિ, વરુણ, અશ્વિનિ, કુબેર, દાનવ, સૂરધન, પ્રેત, ક્ષેત્રપાલ, અન્નદેવ, પ્રાણીદેવ, પિતૃ, પિતૃદેવ, 'પ્રાચીન-પૌરાણિક-કપોલ કલ્પિત દેવ, દિવ્ય દેવો, દેવદૂતો

– देव = राक्षस, पिशाच, भूत

– देव = रब, खुदा      – देव = शक्तिशाली, सुंदर पुरुष

– देव = देवतावर, मांगणहारा, गंधर्व, यक्ष, अलौकिक, गुणवान, परमेश्वर, जगतनियंता

– देव = स्वर्ग का अमर प्राणी, पूज्य

God = ઈશ્વર, સર્જનહાર, દેવ, પ્રતિમા, ઈશ્વર, ઈશ્વરસત્ત્વ, દેવત્વ, દિવ્ય પ્રકૃતિ

God = The blind God, cupid, God of the sea, Nepture

– God = The creator and suprimo Ruler of the Universe, Super man a greatly admired or influential person.

– God = Superman being worshipped as possessing power over nature, human fortunes.

– God = Deity or Supreme being Each of the major monotheistic world

religions worships a Supreme Being, who is the sole god of the universe, the maker of all things, omniscient and all-powerful. God is also good. In ancient Israel God was named Yahweh. The God of the Hebrew Bible also became the God of Christinity but generic words, such as theos in Greek or Deus in Latin, were often used to refer to him. In Islam the term is Allah. See also Monotheism.

– God and goddess = Generic terms for the many deities of ancient and modern polytheistic religions. There may be deities of earthly and celestial phenomena as well as deities related to human values, pastimes and institutions, including love, marriage, hunting, war and the arts. They may be capable of being killed but are often immortal and always more powerful than humans, though they are often described in human terms, with all the flaws, thoughts and emotions of humans. See also Polytheism.[9]

**લોકદેવોની વિભાવના**

લોકદેવોની વિભાવના બાંધવી એ શાસ્ત્રીય ચર્ચા ને સૈદ્ધાંતિક ચર્ચા છે. ગુજરાત પ્રદેશના લોકદેવોની વિભાવના માટે આ પ્રદેશના ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજિક, સાહિત્યિક અને લોકસાહિત્યિક પરિબળોને ખપમાં લેવો જરૂરી બને છે. કોઈપણ પ્રદેશની વિધવિધ આબોહવા તેના વિધવિધ ઘટકોને આધારે બંધાય છે. કૃષ્ણની ભૂમિ તરીકે ખ્યાત આ પ્રદેશમાં છેલ્લા સૈકાઓમાં ગોરખનાથથી માંડીને દયારામ, જૈનોથી માંડીને ઈસ્લામ, બૌદ્ધ અને પારસીઓના સમન્વય મળે છે. સનાતન જ્યોતની પરંપરાના ઉપાસકો, રોટલો અને આશરાધર્મને જ ભગવાન ગણીને ચાલનારા કાઠિયાવાડના સંતો અને તેની દેહાણ્ય જગ્યાઓ, સંતોના થાનકોથી લઈને રામદેવપીરની ઠેરઠેર જગ્યાઓ, આ બધાં પરિબળો લોકદેવોની વિભાવના બાંધવા, સમજવા જરૂરી છે. ગુજરાત પ્રદેશની સાધનાધારાઓમાં સનાતન, પ્રણામી, નાથ, કબીર, રવિભાણ, નકલંકી, વૈષ્ણવ, ગણેશ, સ્વામિનારાયણ વગેરે ધારાઓ પણ એટલી જ જવાબદાર છે. આ પ્રદેશમાં વસતી વિવિધ કોમ જેમાં વણિક, બ્રાહ્મણ, કાઠી, રાજપૂત, કણબી, કોળી, ખવાસ, હરિજન, ભંગી, મોચી, લુહાર, સુથાર, ખારવા, કુંભાર, કડિયા, મેર, રબારી, આહિર, ભરવાડ, ખાંટ, વણઝારા, રાવળ, રજપૂત વગેરે તેમજ આદિવાસીઓની ચૌધરી, ભીલ, રાઠવા, કુંકણા અને ગામીત જેવી અસંખ્ય નાની મોટી લોકજાતિઓ પણ એટલી જ જવાબદાર છે. લોકસમાજે પોતાની શ્રદ્ધા-આસ્થાને મજબૂત કરવા સ્થાપેલા લોકદેવોનાં સ્થાનકોનાં સ્થાપત્ય, બાંધકામની વિશિષ્ટતા, દિશા, કોતરણી, બારસાખ, સ્થંભ, મંડપ, દેરી, મૂર્તિ, ફળા, શિલા વગેરેને પણ જાણવા જરૂરી બને છે. લોકદેવોની પૂજાવિધિ, વિધિવિધાન, મંત્ર, તંત્ર, નૈવૈદ્ય, જયંતિ, ઉત્સવ, મેળા, બીજ, અગિયારસ, અમાસ, પૂનમ, કાળીચૌદશ, હુતાશન જેવા પ્રસંગોને પણ જાણી, સમજી લોકદેવની વિભાવના બાંધી શકાય છે. આ પ્રદેશની લોકવિદ્યા જેમાં લોકસાહિત્ય, લોકકલા, લોકસંગીત પણ જાણવા એટલા જ જરૂરી બને છે. લોકદેવના સ્થાનકમાં મોટે ભાગે ચોપાઈ, આખ્યાન અને દેવના રાજીપા માટે નૃત્ય, શૃંગાર, ધૂણ, ધૂન, ગરબા, પાટે ચડવું, ફૂલેકાં, સમાધિ, ઉપવાસ, પારણા વગેરે બાબતો જાણવી જરૂરી છે. ભૌગોલિક ઘટકો, નદી, પર્વત, તળેટી, ગુફા, રણ, વાડી-ખેતર, સીમશેઢો, વર્ષા, ઉષ્ણ, શીતકાલથી લઈને ધનધાન્ય, ફળફૂલ, શાકભાજી વગેરે બાબતો પણ ધ્યાનમાં લેવી એટલી જ જરૂરી છે.

ગુજરાતના લોકદેવોનાં સ્થાનકો, અભ્યાસુઓ, સંતો, સેવકો, મુંજાવરોની મુલાકાત તથા રઝળપાટને અંતે સ્પષ્ટ થાય છે કે ભારતીય સંસ્કૃતિના લોકદેવોની વિભાવના ભારતીય શાસ્ત્રોમાં, લોકશાસ્ત્રોમાં, વિવિધ કોશ,

વેદ, પુરાણમાં કે અત્ર તત્ર સર્વાંગપૂર્ણ મળતી નથી. ભારતીય લોકસંસ્કૃતિમાં, લોકસાહિત્યમાં, લોકવિજ્ઞાન વગેરે ગ્રંથોમાં પણ લોકદેવની વિભાવના, વ્યાખ્યા, લક્ષણો કે સ્વરૂપગત વિશિષ્ટતાઓ વિશે ચોક્કસ બંધારણીય રીતે ક્યાંય કહેવાયું નથી. આ સિવાય જો કાંઈ કહેવાયું હોય તો તે મારી જાણમાં નથી. આમ છતાં 'ગુજરાતના લોકદેવો'ની ઉત્પત્તિ, સ્થાપન, સાહિત્ય, વિધિવિધાનો, મંત્ર, તંત્ર, સંગીત, ગાનપરંપરા, નૃત્ય, ભૂગોળ, પ્રકૃતિ, નૈવેદ્ય અને અન્ય બાબતોનો અભ્યાસ કરીને લોકદેવોની વિભાવના આ મુજબ બાંધી શકાય.

- વિશ્વની તમામ આદિજાતિઓની ઉત્પત્તિ સાથે ઉત્પન્ન થયેલા દેવો એટલે લોકદેવો. જે અવિચલ હોય છે ને લોકના આદિમ માનસમાંથી પ્રગટ્યા હોય છે.
- ભારતીય મૂલ્યોની જાળવણી માટે ખપી જનાર લોકદેવનું રૂપ પામે છે. જો કે ગ્રામદેવ, સ્થાનદેવને લોકદેવ ગણી શકાય.
- લોકસમાજના મનોરોગ કે મનોવૈજ્ઞાનિક દોષોના નિવારણ માટે, સામજિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક, બૌદ્ધિક, નૈતિક વિકાસ માટે લોકદેવોનું સ્થાપન જરૂરી જણાયેલ છે.
- લોકદેવોનાં વિકરાળ અને સૌમ્ય, સૂક્ષ્મ અને વિરાટ સ્વરૂપો હોય છે. આ લોકદેવોના ગુપ્ત મંત્ર, તંત્ર, સ્તુતિ, ગાન, આરણ્ય, ગીતો હોય છે.
- પ્રજાના સ્થળાંતરને કારણે એક જ લોકદેવનાં ઘણાં રૂપો જોવા મળે છે. જેના સ્થાપન, દેગરડી, ઓટા, ખેતર, મંદિર, વૃક્ષનું, થડ, દેરી, મઢ, ગોખ, ટોડલો, શીંકુ, ગાડાનું ભંડકિયું, સૂંડો, ચોરો, પછીત, મોભાર, પાદર, તળાવ, નદીકાંઠો, સીમાડો, ધારે સ્થપાયેલા હોય છે.
- લોકદેવોનું સ્થાપત્યગત કે શિલ્પગત સ્વરૂપ રેતિયા, લાલ, કાલા પથ્થરો, લાકડું, માટી ધાતુ, દીવાલ, વાંસ, સિંદૂર, કોડી, ધાન, કાપડ, કપાસિયા વગેરેમાંથી બનેલું જોઈ શકાય છે.
- લોકદેવોની પૂજા જળ, આકડો, બીલી, ધતૂરો, ચૂંદડી, બંગડી, ચાંદલા, ઘોડિયા, હોકા, બીડી, ગાંજો, દારૂ, કસૂંબો, મરઘાં, બકરાં, અબીલ-ગુલાલ, કંકુ, રેશમી કાળા દોરા, શ્રીફળ, ઘી તેલના દીવા, રૂના નાગલા, ચોખા, સિંદૂર વગેરેથી થાય છે.
- લોકદેવોના નૈવેદ્ય, તલવટ, દૂધ, ખીર, લાપસી, કુલેર, ચોખા, શ્રીફળ, ગોળ, ખાંડ, સાકર, સુખડી કાજુ, પેંડા, બોર અને બકરું, મરઘું, પાડો, ઘેટું, માછલા વગેરેથી પણ થાય છે.
- લોકદેવોના વાહનોમાં ગધેડું, મગર, ઊંટ, ઘોડો, ઉંદર, ઘેટો, ઘુવડ, બકરો, બગલો, હાથી, પોઠિયો, ચકલી, વાનર, વાઘ વગેરે જીવસૃષ્ટિને જોડાયેલી છે.
- લોકસમાજે પશુ પણ લોકદેવો તરીકે સ્થાપેલ છે. જેમ કે, ગાય, હાથી નાગ, વાઘ, મગર, ગધેડાં, અશ્વ, ઊંટ, કૂતરાં, પાડા વગેરે...
- લોકદેવોના સાંગીતિક ઉત્સવો બીજ, અગિયારસ, અમાસ, પૂનમ, કાળીચૌદસ, હુતાશની જેવી તિથિઓએ ચૌપાઈ, આખ્યાન, ભજન, ગીત, દુહા, છંદ, ધોળ, કીર્તન, આરતી, આરણ્ય, સરજુ, સ્તુતિ, ગરબી-ગરબા, વગેરે ગાઈને ઉજવવામાં આવે છે.
- લોકદેવોના ઉત્સવો સમાધિ, ફુલેકા, ઉપવાસ, પારણા, ઢોલ, નગારા, ઝાલર, ડંકા, નોબત, કાંસાજોડ વગેરે વાદ્યોથી ઉજવવામાં આવે છે.

સૌરાષ્ટ્રના લોકદેવોની ઉત્પત્તિ, વ્યુત્પત્તિ અને વિભાવના સંબંધી સંશોધન તો હજુ પણ સમય અને સૂઝ માંગે છે. આ વિષયને ગુજરાત કે ભારતની સીમાઓ પણ બાંધી શકે એમ નથી. લોકદેવો વિષયક સંશોધનોના હજુ પણ નવાં રહસ્યો માનવજગત સામે પ્રગટી આવે તો તે ઘટના માનવકલ્યાણમાં જ હશે.

### આર્યો, અનાર્યો અને લોકદેવો

ગુજરાતના લોકદેવોના અભ્યાસના મૂળમાં આર્ય, અનાર્ય સંસ્કૃતિના બીજ પડેલાં છે. આ સમયમાં ગુજરાતમાં પૂજાતા લોકદેવોના મૂળ વૈદિક યુગમાં મળે છે. ગુજરાતના લોકજીવન પર વૈદિક દેવો, આર્યેતર દેવોનો પ્રભાવ વિશેષ છે. વેદકાળ પૂર્વેથી શરૂ થયેલા લોકદેવો-દેવીઓનો પ્રવાહ સમયના વહેણની સાથે વહેતો વહેતો સમગ્ર ભારતમાં, તમામ પ્રદેશોમાં જેમ વિસ્તર્યો એમ ગુજરાત પ્રદેશમાં પણ વિસ્તર્યો. આદિયુગમાં દેવો-દેવીઓને રાજી રાખવા પશુબલિ, યજ્ઞો, પૂજાવિધિ, વિધિવિધાન, ઉત્સવ, મેળા, મંદિર, સ્થાનક, તપ, વ્રત, યાત્રા વગેરેની જે પ્રથાઓ હતી તેમાં કાલાંતરે ઘણા ફેરફારો થયા અને લોકજીવનને પુરસ્કૃત કરતા દેવ-દેવીઓ પ્રચાર પામ્યાં. આ દેવ-દેવીઓ સમયાંતરે સમગ્ર લોકમાં પૂજાતા થયા, વિદ્વાનો, ધર્માચાર્યો, પુરોહિતો, ઉપાસકો કે બ્રાહ્મણોએ તેમાં યથામતિ સ્વરૂપ, વિધિવિધાન, પૂજા, નૈવેદ બાબતે ફેરફાર કર્યા. પરિણામે ગુજરાતમાં વૈદિક, પૌરાણિક દેવોની સાથે એક નવી જ લોકદેવોની સૃષ્ટિ ઊભી થઈ. જેમાં લોકદેવોના રૌદ્ર, ભદ્ર, મેલા, ચોખ્ખા, શાંત સ્વરૂપો વગેરે અસ્તિત્વમાં આવ્યાં.

ગુજરાતના લોકદેવોના દર્શન કરતાં પવિત્ર સ્થિતિનું નિર્માણ થાય એવી દેવોની દિવ્યતા છે. આ પ્રદેશના પ્રસિદ્ધ અને કોમેકોમમાં પૂજાતા લોકદેવ રામદેવપીર, વીર વત્સરાજ, દરિયાપીર, દાડમાદાદા નાગદેવતા, ભૂતડા દાદા, સૂર્ય દાદા, ઢુંઢિયાદેવ, બળિયાબાપ, પૂનમિયો દેવ, યક્ષદેવ, ગોગાબાપજી, ભાથીજી, માલબાપા, કાંધલિયાદાદા, જળદેવ; આદિવાસીઓના લોકદેવો જેમ કે બાબો પીઠોરો, ડુંગરદેવ, દેવરાદેવ, રહણદેવ, સીમાર્યદિવ, ઘોડાદેવ, વાઘદેવ, ભરમદેવ, મામાદેવ, ગોવાળદેવ વગેરે દેવોનાં વિવિધ રૂપો અને સ્થાનકો આ પ્રદેશમાં ગામડે ગામડે પૂજાતાં-મનાતાં મળે છે. ગુજરાત પ્રદેશમાં લોકદેવનાં સ્થાનકો માત્ર ભૂતલ પર નથી, લોકોનાં હૈયામાં, શ્રદ્ધા ને વિશ્વાસમાં સ્થપાયેલાં જોવા મળે છે. ગુજરાતની લોકશ્રદ્ધાની મજબુતાઈને કારણે કદાચ યુગો સુધી દેવ-દેવીઓની આસ્થા કે શ્રદ્ધા તોડી શકાશે નહીં.

### લોકદેવો : વિવિધતામાં એકતા

ભારતીય લોકસંસ્કૃતિ, ભારતના લોકદેવોની જનની છે. ઝીણી દૃષ્ટિએ જોઈએ તો પૃથ્વી, આકાશ, વનસ્પતિજગત, પશુજગત, માનવજગત, આત્મા, પુનઃજન્મ, અતિમાનવો જેમકે, દેવો, દેવીઓ', શુકન, અપશુકન, જાદુ, ટોણાં, વ્યવસાય, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ, વ્રતો, તહેવારો, ઉત્સવો, રમત-ગમત, ખાનપાન, આવાસનિવાસ, લોકગીતો, કથા, ભાષાઓ, ઔષધો અને બીજું ઘણું મળીને સંસ્કૃતિ ઘડતર થાય છે. ગુજરાતના લોકસમાજની ભાષા, માન્યતા, ધર્મો, ઉત્સવો, લોકજાતિઓમાં જેમ અપાર વૈવિધ્ય હોવા છતાં એકતા છે એમ પોતાના અને જીવ-જગત માત્રના કલ્યાણ માટે સ્થાપેલા લોકદેવોની સેવા, પૂજા, પ્રાર્થનામાં પણ લોકની એટલી જ એકતા છે. ભારતીય વેદકાલીન સંસ્કૃતિમાં ભાષા ને ધર્મોના ભેદ અને લોકજીવનની સામૂહિક વિવિધતા હોવા છતાં ભારત વર્ષનો અંતરાત્મા ક્યારેય સમૂહથી છૂટો પડ્યો નથી. ભારતીય સંસ્કૃતિ જેમ વિવિધતામાં એકતાનાં દર્શન કરાવે છે એ જ રીતે ગુજરાત પ્રદેશમાં સ્થાપિત લોકદેવો અને દેવીઓ સામાજિક એકતાનાં દર્શન કરાવે છે. આ પ્રદેશમાં વરસોથી વિવિધ લોકજાતિઓએ પોતાના દેવદેવીઓ માટે મેળા, સ્થાનક, ઉત્સવ, મંદિર સ્થાપેલાં છે. અહીં જૂના કાળથી જ દેવ, દેવીઓ, પીર, પયગંબરો, પિતૃઓની માંડીને કૃષ્ણ રુકિમણીના લગ્નના મેળાઓ પણ ભરાય છે. અહીં સર્વધર્મ સમન્વય અને સમવાય દૃષ્ટિકોણથી લોકો દેવદેવીઓને પૂજે છે. નાત, જાત, ધર્મ, ઊંચ, નીચના સઘળા ભેદો ભૂલાતાં, લોકમાં એકતાનું પ્રતિપાદન થાય છે. આપણી સંસ્કૃતિનો પાછા પગલે અભ્યાસ કરીએ તો એટલા તાણાવાણા મળે છે કે કાલના પરિમાણમાં યુગોથી પૂજાતા દેવો, લોકદેવો કયા રૂપમાં હતા ? આજે કયા રૂપમાં પૂજાતા જોવા મળે છે ? એ પણ સંશોધન બને છે.

**લોકદેવો : સાંસ્કૃતિક પરિબળ**

આપણી વૈદિક કિરાત, નિષાદ અને દ્રવિડ સંસ્કૃતિના સમન્વયવાદી અભિગમવાળી ભારતીય સંસ્કૃતિનું એક રૂપ ગુજરાત પ્રદેશ છે. આ પ્રદેશના સમાજજીવનમાં અધ્યાત્મતત્ત્વ, લૌકિકતત્ત્વ એમ બે મુખ્ય ધારાઓ જોવા મળે છે. આ બે ધારાઓમાં અધ્યાત્મતત્ત્વ જોઈએ તો સ્વર્ગ અને નર્કની કલ્પના, મોક્ષ અને આત્મા, સાધનાધારાઓ, જીવનના હેતુઓ અને ધાર્મિક સિદ્ધાંતોની ચર્ચા થાય છે, જ્યારે લૌકિક તત્ત્વોને જોઈએ તો માનવજીવનનાં વિવિધ સંસ્કારો, સામાજિક ઉત્સવો, પર્વ, તહેવારો, મનોરંજન, લોકરમતો, લોકમાન્યતા, કલા, શિલ્પ, લોકપરંપરા અને લોકદેવ-દેવીઓનો સમાવેશ થાય છે. આ પરંપરાએ જ લોકદેવોને સ્થાપી લૌકિકતત્ત્વ, સાંસ્કૃતિક પરંપરાને જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. જીવનના ઉદાત્ત ગુણો આશ્રય, પુરુષાર્થ, પ્રેમ, દાન, સત્ય, વીરતા, રક્ષણ અને કલ્યાણને પોતાના લોકસમાજમાં દિવ્યરૂપે, દેવોના રૂપે દેવોની કથાના રૂપે સચવાતાં જોવા મળે છે. લોકસમાજની પ્રેમ અને કલ્યાણની પરંપરાએ જ, વીરતા અને રક્ષણની પરંપરાએ જ વત્સરાજ અને વાસુકીદાદા જેવા લોકદેવોને પ્રગટાવ્યા છે. આ સાંસ્કૃતિક પરંપરાઓ વૃક્ષો, ગાય, નદી, પશુપંખીઓની પૂજા કરી એ સર્વેમાં દેવ તત્ત્વને નિરૂપીને શ્રદ્ધા ને વિશ્વાસ વધુ બળવત્તર બનાવેલ છે. આ પ્રદેશે ઇસ્લામ, પારસી, જૈન અને બૌદ્ધ પ્રજાને પણ સ્વીકારી છે. પરિણામે હિન્દુ ધર્મની સાથે આ ધર્મની પ્રજાના પણ લોકદેવોનાં સ્થાપન થયાં છે.

**લોકદેવો : રાજકીય પરિબળ**

ગુજરાત પ્રદેશના લોકદેવોના સ્થાપનમાં રાજકીય પરિબળોએ ખૂબ ભાગ ભજવ્યો છે. પ્રજા હંમેશા રાજ્ય, સત્તા કે ધંધા, રોજગાર માટે સ્થળાંતર કરતી હોય છે. પરિણામે દરેક પ્રજાએ પોતાના કુળદેવ-કુળદેવીની જેમ પોતના લોકદેવને પોતાની સાથે રાખ્યા છે. આપણે જોઈએ છીએ કે રજપૂતોમાં કુળદેવી તરીકે પૂજાતાં આશાપુરા માતાજીનાં સ્થાનકો જ્યાં જ્યાં જાડેજા રાજવંશો છે ત્યાં દરેક રાજ્યની હદમાં પ્રજાજનો ને રાજમહેલમાં રાજકુટુંબ માટે પૂજાતાં, સ્થપાયેલાં મળે છે. આમ કુળદેવી તરીકે માતા આશાપુરા એક જ, પણ તેનાં મંદિરો કે સ્થાનકો જ્યાં જ્યાં જાડેજા રાજપૂતોનાં રાજ્યો હતાં ત્યાં દરેક જગ્યાએ છે. એ જ રીતે વત્સરાજ એટલે વાછરાદાદા, વાસુકી, સૂર્યદેવ વગેરે લોકદેવનાં સ્થાનકો રાજકીય ઘટનાઓને કારણે પણ પ્રદેશે પ્રદેશે સ્થપાયેલાં મળે છે. પૂર્વેના સમયમાં કણબી, રબારી, મેર, આહિર, સુથાર, લુહાર અને આદિવાસીઓ વગેરે પ્રજા જે તે રાજ્યમાં રહીને રાજ્યસત્તાના નિયમો મુજબ વસવાટ કરીને ગુજરાન ચલાવતી. પ્રજાને પોતાની આજીવિકા માટે સતત સંઘર્ષ કરવો પડતો. એ સંઘર્ષને કારણે પ્રજાસમૂહને ક્યારેક રાજ્યસત્તા સાથે ઘર્ષણ પણ થતું. પરિણામે પ્રજા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સતત સ્થળાંતર કરતી, ત્યારે પોતાના કુળદેવનાં સ્થાનકો, મઢ વગેરેને પોતાની સાથે લઈ જઈ શકાય એ સ્થિતિમાં તેનું સ્થાપત્ય હોવાથી તેને લઈ જતી. પણ જે લોકદેવનાં સ્થાનકો ગામના પાદર, વગડામાં કે સીમ શેઢે બંધાયેલાં હતાં તેનું શું ? આમ એ સ્થાનકોના પ્રતીકરૂપે તેમાં વસેલા જે તે દેવની પ્રસાદીરૂપ વસ્તુને સાથે લઈ જઈને અન્ય સ્થળે જ્યાં ફરી વસવાટ કરવાના હોય ત્યાં જઈને તે ગામ કે રાજ્યની હદમાં પધરાવી પોતાની શ્રદ્ધા-આસ્થા માટે ત્યાં ફરી જે તે દેવનું સ્થાનક કે મંદિર બાંધતાં. આમ એક જ કોમ એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય ત્યારે પોતાના લોકદેવનું મૂળ મંદિર કે પ્રાગટ્ય એક જગ્યાએ હોય અને ત્યાંથી રાજકીય પરિબળને કારણે છૂટાં પડેલાં થોડાંક કુટુંબોને લીધે એ જ લોકદેવની પ્રતિમૂર્તિ કે અન્ય પ્રસાદની વસ્તુઓ જેવી કે, પંજો, ત્રિશૂલ, ચૂંદડી, શ્રીફળ, આંખો, ઘોડો, પગલાં વગેરેને પોતાની સાથે લઈ જઈને જ્યાં ફરીથી સ્થિર થતાં ત્યાં નવું મંદિર કે સ્થાનક બનાવીને પધરાવતા. સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર પૂજાતા લોકદેવોના એક જ રૂપનાં વિવિધ મંદિરોનાં આ કારણો છે. રજવાડાંના રાજ્યસત્તા માટેના ઝઘડાઓને કારણે પ્રજાને એકબીજા રાજ્યની હદમાં પ્રવેશવાની મનાઈ પણ હતી, પરિણામે લગ્નપ્રસંગોમાં, છેડા છેડી છોડવામાં, બાળકોના કર ઉતરાવવામાં, સારા માઠા પ્રસંગ વખતે દેવને શ્રીફળ, ચૂંદડી, ચાંદલા માટે જવાનું થતું. આ કારણોના સમાધાન રૂપે, પ્રજા પોતાની શ્રદ્ધા અને ભક્તિને પુષ્ટ કરવા પોતાની આજુબાજુના પ્રદેશમાં જ્યાં પોતે મોકળાશથી જઈ શકે એવા વિસ્તારમાં

લોકદેવનું સ્થાપન કરી પોતાની બાધા આખડી પૂરી કરતી. આ રીતે એક કરતાં વધુ લોકદેવના અસ્તિત્વમાં આપણે રાજકીય ઘટનાઓ કે પરિબળોને તેના પાયામાં જોઈ શકીએ છીએ.

**લોકદેવ : સામાજિક - મનોવૈજ્ઞાનિક પરિબળ**

ગુજરાત પ્રદેશમાં પારંપારિક રીતે થતાં લોકદેવનાં પૂજન, સ્થાપનનાં કારણોમાં લોકજીવનનું મનોવૈજ્ઞાનિક પરિબળ મહત્ત્વનું ઘટક છે. પ્રાચીન કાળથી જનસમાજ હંમેશા સરળ ને સુખદ જીવનને ઝંખતો રહ્યો છે. જો કે ઘણાં અવરોધક પરિબળોનો સામનો પણ લોકજીવનને સતત કરવો પડે છે. જેમકે, રોગચાળો, દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાંઝિયાપણું, અંધાપો, સર્પદંશ, પશુઉછેર વગેરે કારણોનો લોક સમાજે માર્ગ કાઢી સમાજને દુઃખથી બચાવ્યો છે. આ રીતે પોતાના જ સમૂહમાંથી પોતાના માંહેના જ કોઈએ સમગ્ર લોકને, જે રીતે રક્ષણ આપ્યું એ પરિપાકરૂપે, સમાજ પર થયેલાં ઉપકારને, આભારના સ્વરૂપમાં જે તે દેવ, દેવી, સાધુ, સંત કે સ્ત્રી, પુરુષને પૂજતો જોવા મળે છે. અહીં મનોવૈજ્ઞાનિક, સામાજિક લક્ષણ એ છે કે સમાજ હંમેશા જીવંત અને હકારાત્મક અભિગમ ધરાવે છે. આ હકારાત્મક લક્ષણોને ધ્યાને લઈ આ પવિત્ર કાર્યના પરિપાકરૂપે વીર પુરુષ સમાજના તારણહાર તરીકે પૂજાય છે. આ ઘટનાના પરિણામે ગુજરાતમાં ઠેર-ઠેર લોકદેવનાં સ્થાપનો છે. ગુજરાત પ્રદેશમાં જે તે સમયના સામાજિક વિકાસ, શિક્ષણ, વાહન વ્યવહાર, ઔષધ કે ઉપચારના અભાવની સામે પોતાની જાતને સતત સલામત રાખવા મથતો લોકસમાજ લોકદેવને સ્થાપી મનોયાતનાને રજૂ કરે છે. મનોકામનાઓ અને આસના-વાસના પૂરી થાય એ હેતુથી પોતાના ઉદ્વેગ અને સામાજિક સ્વીકૃતિ માટે પણ મેળા, ઉત્સવો, તહેવારો વગેરેને સતત ઇચ્છી લોકદેવને પૂજે છે ને લોકદેવના મંદિર-સ્થાનક સ્થાપે છે. આ રીતે લોકવિશ્વાસના પરિબળે, મૃત આત્મા સંબંધી વિશ્વાસે, પિતૃપૂજાને કારણે, આકાશ, પૃથ્વી, નદી, પર્વત, વૃક્ષ, પશુપંખી, દિવસ, તિથિ, માસ, ઋતુસંબંધ, ગૃહ ઉપયોગી પદાર્થો દ્વારા પણ સલામતી અને તેની કૃપા મેળવવા લોકસમાજ લોકદેવોને પૂજતો જોવા મળે છે. આમ એક વ્યક્તિ કે કુટુંબથી શરૂ થયેલી પૂજા ધીરે ધીરે સમગ્ર ગ્રામ સમાજની બનીને કાળક્રમે લોકદેવનું રૂપ ધારણ કરે છે.

પૂર્વે થયેલી ચર્ચા મુજબ લોકસમાજ પોતાની શ્રદ્ધાને પ્રગટાવવા, પોતાની માનસિક શારીરિક વ્યાધિઓના, પ્રાકૃતિક વિટંબણાઓના એક માત્ર ઉદ્ધારક તરીકે લોકદેવને પૂજતો જોવા મળે છે. લોક હંમેશા મૃત્યુથી ડરતો રહ્યો છે. વંશવૃદ્ધિ, દામ્પત્ય, મૃત્યુનાં વિવિધ રૂપો, રોગ કે અન્ય ભૌગોલિક ક્રિયાકલાપો, સંસ્કૃતિનું રક્ષણ, સમાજના કાયમી નિવાસસ્થાનો કે વાડી ખેતરમાં સતત તેને ભટકતા તિર્યંચ જીવ, સર્પ, મગર, સિંહ જેવાં જીવલેણ જાનવરોથી પોતાની જાતને સલામત ઇચ્છતો લોકસમાજ લોકદેવને સ્થાપે છે અને પૂજા-પ્રાર્થના કરે છે. લોકસમાજે પોતાના અલ્પજ્ઞાનથી કે અંધશ્રદ્ધાથી, જે કારણો ગણો તેનાથી, ભૌતિક સંપત્તિના રક્ષણ માટે, પૂર્વજોની આત્મા ભૂત પ્રેતાદિ યોનિમાં ન પ્રવેશી હમેશાં પોતાનું કલ્યાણ કરે એ માટે, ભાવિ પેઢીના રક્ષણ ને આયષ્ય માટે, ભયને કારણે ગુજરાત પ્રદેશમાં લોકદેવોની ઉત્પતિ અને સ્થાપન થયેલાં જોવા મળે છે.

### સંદર્ભ સૂચિ


૧. કે.કા. શાસ્ત્રી, 'બૃહદ્ ગુજરાતી કોશ', ભાગ ૨, પ્રથમ આવૃત્તિ, યુનિ. ગ્રંથનિર્માણ બૉર્ડ, ગાંધીનગર, ૧૯૮૧

૨. મહારાજા ભગવતસિંહજી, 'ભગવદ્ગોમંડલ', ગોંડલ, ૧૯૫૦

૩. દવે, ઈશ્વરલાલ, ગુજરાતી ભાષાનો શબ્દાર્થ કોશ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૧૯૯૪

૪. નરહરિ કે. ભટ્ટ(સંપા.), 'વિનયન શબ્દકોશ', યુનિ. ગ્રંથનિર્માણ બૉર્ડ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૯

૫. જાદવ, જોરાવરસિંહજી, 'દિવ્ય મંદિરો મારા દેવના રે,' પ્રવીણ પ્રકાશન, રાજકોટ, ૧૯૯૬

૬. सैयद, असद अली, 'उर्दू हिन्दी शब्दकोश (व्यावहारिक)', लिपि प्रकाशन, दिल्ली, १९७७

૭. तिवारी, भोलानाथ, 'हिन्दी पर्यायवाची कोश', प्रभात प्रकाशन, दिल्ही, १९७७
૮. Alon Sponer, *Compact Oxford Dictionary*, Indian Edition, 2005
૯. Julia Ellion, *Oxford Dictionary*, Oxford Press, 2001
૧૦. *Britanica Ready Reference Encyclopedia*, First Edition, H. Private Ltd., 2005

***મુલાકાત અને માર્ગદર્શન***

જોરાવરસિંહજી જાદવ, રાજેન્દ્રસિંહજી રાયજાદા, હસુ યાજ્ઞિક, ભગવાનદાસ પટેલ, નાથાલાલ ગોહેલ નિરંજન રાજ્યગુરુ વગેરે.

# સં. ૧૮૨૧ (ઈ.સ.૧૭૫૫)નો વડોદરાનો ઘરની વહેંચણી અંગેનો દસ્તાવેજ

◆

રસીલા કડિઆ

સ્કેન કરેલ પ્રસ્તુત દસ્તાવેજ અમદાવાદના ભાસ્કરભાઈ દવેના સંગ્રહમાંથી પ્રાપ્ત થયો છે. સંયુક્ત કુટુંબની મિલકત-ઘરની વહેંચણી બાબતે હંમેશ કજિયા થતા, બન્ને પક્ષે મામલો પંચને સોંપાયો અને આ રીતે વિવાદનો અંત આવ્યો. પંચે જે રીતે ઉકેલ આપ્યો છે તે અહીં શિરોરેખાવાળી ગુજરાતી લિપિમાં લખવામાં આવ્યો છે. કુલ ૪૨ લીટીનો આ દસ્તાવેજ મતુ અને સાક્ષીની સહી સાથે સંપૂર્ણ છે.

સં. ૧૮૨૧ના ચૈત્ર વદ ૭ના રોજ શુક્રવારે તે તૈયાર થયો છે. સા. કેવલ તાપીદાસસુત રણછોડ તથા ભગવાન જોગલ અને સા. હરજીવનદાસ તાપીદાસ સુત હરીભાઈ વચ્ચે ઘરની બાબતે ઝઘડો થયો હતો. ભાઈ-ભાઈના દીકરાઓ વચ્ચેનો આ ઝઘડો છે. પંચે આપેલા નિર્ણયમાં હરીભાઈએ સહી કરી છે. બીજી સહી તેમાં જ કેવલ તાપીદાસની છે. ત્યારપછી કેવલ તાપીદાસ સુત ભગવાનની છે. મતૂ સાક્ષીની સહીઓ પૂર્ણતઃ વાચ્ય નથી તેથી બન્યું તેટલું ઉકેલીને મૂક્યું છે. હવે પંચે ઘર બાબતે નિર્ણય આપતાં, વહેંચણીમાં હરીભાઈ તરફનું ખડકીમાં આવેલ પાણિયારું ભોંયથી છાપરા સુધીનું કેવલને અપાયું છે. તેના ૫૦રૂા. તથા ખડકી ઉપરની મેડીના અર્ધા મળીને કુલ ૧૦૧/- રૂ. હરીભાઈએ કેવલ પાસેથી લીધા છે. સાથે સ્પષ્ટ કરવામાં આવે છે કે ખડકીમાં પ્રવેશતાં, જમણા હાથનું ઘર તથા અર્ધી ખડકી નીચેથી ઉપર સુધી હરજીવન તાપીદાસની છે. તેના પર હવે કોઈનો દાવો રહેતો નથી. ખડકીને નાકે ઓટલા પર આવેલ સંડાસ બન્ને જણા વચ્ચે સહિયારું રહે છે તેથી બન્ને વાપરે. જરૂર જણાય ત્યારે બન્ને મળીને એને સમરાવે. કેવલ તાપીદાસની બાજુ ખાળકૂવા છે તે બન્ને વાપરે તથા પડે, આખડે, સમરાવે કે ગળાવે એ પણ બન્નેએ સાથે મળીને કરવાનું છે.

ખડકીમાં પેસતાં કેવલ તાપીદાસના ભાગનું ઘર તથા અર્ધી ખડકી નીચેથી ઉપર સુધીની છે. ચોક અરધો અરધ વહેંચાયો છે. પોતપોતાની હદનો ચોક વાપરવાનો રહે. ખડકીમાં પ્રવેશતાં ડાબે હાથે પોણો ગજ ને ત્રણ તસુનો ખડ બાસીએ ગજે જમીન છોડીને આંતરો અરધોઅરધ કરે. બે જણ વચ્ચે ચોક છે તેમાં આંતરો ન કરે કે બીજી ખડકી મૂકવાની સત્તા નથી. ચોક અને ખડકીના ખાળ સહિયારા નક્કી થયા. કેવલ તાપીદાસ પોતાના ભાગે આવેલું ઘર નવું કરે ત્યારે પોતાના ભાગના જૂના પાયામાં ખોદાણ કે પૂરણ કરી શકે અને તેમાં કોઈ બીજાનો હક દાવો રહેશે નહિ. પોતાની હદમાં પુક (પુરાણ), ટાંકું, કૂવો, રસોડું, પાણિયારું કે અગાશી કરે તો તેમાં અન્યનો હકદાવો ગણાશે નહિ પરન્તુ, ઓરડાના કરામાં પુક કે પરસાળમાં કરો કરે તે બન્ને બેઉના અરધોઅરધ ગણાશે તેવું નક્કી થયું. આ પ્રમાણે પંચે ચુકાદો આપ્યો તેને બેઉ જણાએ સામસામી લખી લઈ રાજીખુશીથી આ ચુકાદો સ્વીકાર્યા બાબતની સહીઓ કરી છે.

વળી, આ લખાણમાં ભવિષ્યમાં આવતા પ્રશ્નોને ધ્યાનમાં રાખેલા હોય તેવું લખાણ નોંધપાત્ર છે. ઓરડા-પરસાળનો કરો બેઉ જણાએ મળીને કરાવવાની સૂચના છે. પાણીના નિકાલ માટે નીક બંધાવવાની થાય તો તેનો ખર્ચ બન્નેએ વહેંચવાનો રહે. પાણીના નિકાલની અને ખાસ તો ચોમાસાના પાણીના નિકાલની સૂચવેલી વ્યવસ્થા સૂઝપૂર્વકની જણાય છે. આમ, નીમેલા પંચે કેવી કોઠાસૂઝથી ઘરની વહેંચણી કરી આપી છે તેનો આ ઉત્તમ નમૂનો છે. શિરોરેખા માટે સળંગ લીટી દોરેલી છે. દસ્તાવેજની લિપિ શિરોરેખાવાળી ગુજરાતી ભાષાની છે. ત્રિપાંખિયો અ હવે આધુનિક ગુજરાતીના અ વર્ણ તરફ જતો જણાય છે. અનુસ્વાર તરીકે પોલું મીંડુ કરેલ છે. ખ માટે હવે ષને બદલે ખ જ વપરાયો છે પણ ષ માટે ખ વાપર્યો છે ! દા.ત. 'વરષે' ને બદલે 'વરખે'

ભાષાકીય રીતે, અહીં અનુસ્વારનો આગલો વર્ણ અનુનાસિક લેતો જણાયો છે. જેમ કે - ભગવાન

હરજીવન કે રણછોડ 'છિ' માટે છે અને શબ્દમાં લખાયેલ અંક ૨ હજુ સુધી બિ કે બ્યિ લખાતા તેનું 'બે'માં રૂપાંતર થયું છે. બોલચાલની ભાષામાં વપરાતા અમે, તમેને બદલે અમો-તમોનો પ્રયોગ થયો છે. તિહ્વારીનું 'તારે' જેવું રૂપાંતર નોંધપાત્ર છે. મજમુ, આંતરો, ગમા જેવા તળપદા શબ્દો ધ્યાન ખેંચે છે.

ખડબાસીએ શબ્દ સમજાતો નથી. પણ જમીનમાપણી 'તસુ'માં થતી હતી તે નોંધ લેવા જેવી છે. જમીન માપણીનું એકમ એ જમાનામાં 'તસુ' અને 'ગજ'નું છે. સં. ૧૮૨૧ના દસ્તાવેજમાં ઘરના વિભાજનમાં અરધા ભાગમાં આંતરો કરવા ભૂમિ પોણો ગજ અને ૩ તસુ છોડવાની વાત કરી છે.

'શોતખાનુ' એ ડબ્બાના સંડાસને કહેવાતી રચના છે જે વાડાને સ્થાને બદલાયેલી રચના છે.

પ્રસ્તુત દસ્તાવેજ કચેરીમાં થયો નથી તેથી, તેમાં શાસકો અને તેના અધિકારીઓની વિગતો નોંધાઈ નથી.

દસ્તાવેજની રૂઢિ અનુસાર પ્રયોજાતી પદાવલિઓ પૈકી અહીં 'રાજીરજાવંત થઈને', 'લખુએ બાપના બોલસુ પાલીએ' તથા 'અભરામના દાવે' પ્રયોજાઈ છે. 'અભરામને દાવે' પહેલાં કુલ શબ્દ ગેરહાજર છે તે ધ્યાન ખેંચે છે.

આમ, પ્રસ્તુત દસ્તાવેજ વડોદરાના સ્થાનનિર્દેશ વિનાનો છતાં પંચની કામગીરી, મકાનની રચના, ભાષા તથા લિપિની દૃષ્ટિએ મૂલ્યવાન છે.

## સં. ૧૮૨૧નો વડોદરાનો કજિયાવાળા ઘરના પંચે કરેલા ભાગ બાબતનો દસ્તાવેજ

### મૂળપાઠ

१. संवत १८२१ अढारसेहे ने अेकवीसना वरखे(षे) चइत-
२. र वद ७ दने वार सुकरे अदे(द्ये)हंग वडोदरा वास्तवंग सा. केवल
३. तापीदास सुत. रंणछोड त. (तथा) भगवान जोगल. सा हरजी-
४. वंनदास तापीदास सुत. हरीभाई हस्ताखरंण दता जत
५. सा. राजारांम तापीदासवालु घर अमो वेचांण लीधु
६. छे तारे अंमारे कजीओ थतो तारे अमो तमो जण
७. बे मलीने पंच करी छे ते पंचे चुकावू छे जे अमारी मां-
८. गनु पाहांणीआरु त(तथा) घडू त. कोइ पाणीनी खडकी म-
९. धेनु हतू ते भोअतलीआथी ते छापरां सुधी अमा-
१०. रा भागनुं सा. केवल तापीदासने अपावू छे तेहेना रु-
११. पीआ पंचास ऊपरनी मेडी खडकीनी अरधनी त रुपीआ
१२. एकावंन हेठलतल खडकी अरधीनुं मजमले रुपीआ
१३. अेकसो ने अेक तमारी पासे अमो लीधा छे ने खडकी
१४. नी मेडी त.(तथा) हेठलदल भोअतलीआथी ते छापरा सु-
१५. धी अमो तमने आपू छे अरधो अरध आपू छे खडकी
१६. मधे पेसतां जमणा हाथनुं घर त.(तथा) खडकी अरधनी हेठल

१७. थी ते छापरा सुधी सा. हरजीवंन तापीदासनु छे ते मधे
१८. कोहोनो दरदावो नहीं. त. खडकीने मोढे ओटला उपर से-
१९. तखांनु छे ते जण वे वापरे त. (तथा) जण बे समरावे त. (तथा) खाल-
२०. कोई सा. केवल तापीदासनी गमां छे खडकी मधे पेसतां
२१. बे हाथ बारंणे छे ते जण बे वावरे त.(तथा)जण बे पडी आख-
२२. डी समरावे त. जण बे मलीने गलावे त. तथा खडकी मधे पे-
२३. सतां डाबे हाथ सा. केवल तापीदासना भागनुं घर छे त. (तथा)
२४. खडकी अरधी हेठलथी ते ऊपर सुधी सा. केवलनी छे ते मधे
२५. कोहोनो दरदावो नहीं चोक अरधोअरध छे पोते पोतानी
२६. हदमा चुक वावरे त.(तथा) खडकी मधे पेसतां डाबा हाथनी साखे-
२७. थी गज पोणो ने तसु त्रंण खड बासीअे गजे भोअ मुकी
२८. ने सा. केवल तापीदास आंतरो करे त. (तथा) खडकीनी मडीनो
२९. आंतरो अरधो अरध करे त. (तथा) चोक जण बे मधे कोई आं-
३०. तरे नही खडकी बीजी मुके नही त. चोक त. खडकीनो खाल
३१. मजमु छे त. सा. केवल तापीदास पोताना भागनु घर
३२. नवू करे तारे पोताना जुना पाआमा पुक करे ते मधे कोहोनो-
३३. दरदावो नही ओरडाना कहरामां पुक परसाल मधे कहरो
३४. करे अे कहरो ओरडानो त. परसालनो जण बे ने अरधो
३५. अरध छे पोते पोतानी हदमा पुक टांकु त. कोई त. रसोडु
३६. त. पांहाणीआरु त. अगाशी करे तेहेमां कोहोनो दरदावो
३७. नही अे लखु जण बे मलीने राजी रजावंत थईने सांहांम
३८. साहांमां करी छे घरनो कहरो पडो आखडो ओरडा परसा-
३९. लनो जण बे मलीने करावे कहरो जण बेने अरधोअरध छे
४०. त. चोमासानु पाणी मास-४ चारनु खडकी मधे नीक बांधी
४१. ने काढीअे नीक बंधावतां जे बेसे ते जण बे अरधोअरध
४२. खरचे अे लखु बापना बोलसीधी पालीअे अभरांमन दावी

**१ अत्र मत्**

१. सा. हरीजीयाना
तपीदासा मत्
अमो हरीजीरने
— — सा जता खडकी
मधा सा. कवली
तपीदास सही चले
ज कप न चलस
वा चलन व़ती

— — अकाना
ता. ११/३ सा.
कवलदा सता
पीदास पता
न मगमंह थ
चलन पांड्य मु
की छे

चकापती पतीनी
हदाम फूक ववरी सही

**१ अत्र साख्न**

१ शा. ईछरांम वणारशीदास धणी बे
हजुर लखा परमांण साख
१ सा. इछाराम कीशेदासनी साख
धणी बा हजु[र]
१ दोशी झवेरनाथ साख धणी
बे हजुर
१ थो. हरीदास भोगीदास शाख
धणी वे हजुर
१ शा. गुलाला मोररजी साखी
धण ब हजर साख
१ शा. नरशीही सवराजी सा
धंणी बा हीजीरा, शखरा--जनुखरु
१ चश्रा. इस्वरदास नागरदास शाख
१ दौ. लालादासा गोकालदास
हाजरी शाखा धण बे हजूर...
१ शा मंगलां भीखा धांम रेहनाजुरी
हाजी लाखा परमांणा साखा १
१ सुखडीआ. सांणं वालाजी ला
खा पारमांणा साखी बा... हाजी रसाला
१ भाईनादावाळा वानी
लाखा शखा बाहारजा—

**શબ્દાર્થ**

૭. चुकावु छु = ચુકાદો આપ્યો છે.
૧૮-૧૯ शेतखानुं = સંડાસ
૨૦. खालकोई = ખાળકૂવો
૨૬. चुक = ચોક
૨૭. खड बासीए ?
૨૮. આંતરો = વાડ જેવું કરી જુદું પાડવું - દીવાલ કરવી
૩૧. મજમુ = મજિયારું = સહિયારું
૩૨. તારે = ત્યારે
૩૨. पाआ = પાયા
૩૨. पुक = ખોદાણ અને પુરાણ
૩૩. कहरो = કરો





સં. ૧૮૨૧ (ઈ.સ.૧૭૫૫)નો વડોદરાનો ઘરની વહેંચણી અંગેનો દસ્તાવેજ ]



# ભવાઈ : એક અભિગમ

◆

જનક એચ. દવે*

ગુજરાતના લોકનાટ્ય : ભવાઈ અંગે વખતોવખત લખાતું રહ્યું છે. સુધાબહેન દેસાઈએ એમના મહાનિબંધ દ્વારા, તો મહેશ ચોકસીએ અને બીજાઓએ પણ વિગતે વાત કરી છે. એક સશક્ત લોકનાટ્યપરંપરા લેખે, સંગીત-નૃત્યપ્રધાન ઉપરૂપક રૂપે, એના વિવિધરંગી દેહ અંગે, ઉપાસના પ્રકાર લેખે, એમાં આવતા ઇતિહાસ પુરાણ અને સામાજિક પ્રસંગો વગેરે અંગે પણ અત્ર તત્ર વાત થતી રહી છે. આમ છતાં ઘણી કડીઓ એ તમામ પ્રયત્નો પછી પણ સંદિગ્ધ રહી હતી, કારણ કે પ્રયોગ દૃષ્ટિએ જોઈને કોઈએ આ સ્વરૂપ કરી આપવાનું દુષ્કર કામ કર્યું ન હતું. આ ખૂટતા અંકોડા, ખાંચ પૂરી આપવાનું દુષ્કર કાર્ય થયેલું જે ગ્રંથોમાં દેખાય છે (અને તે એવા માહોલ વચ્ચે કે 'ભવાઈ' શબ્દ બોલવો ઇચ્છા વિરુદ્ધનો લાગે, શિષ્ટસમાજ એના પ્રત્યે હેબકાના રૂપની અરુચિ રાખે અને એનું નામ દેવું કે જોવું નાપસંદ ગણાય) તેને મેં અહીં ચર્ચામાં લીધા છે, ખાસ તો 'ભવાઈ સત્ય' સુધી પહોંચવા માટે મેં આ ચર્ચા કરી છે.

એ સંદર્ભે લખાણ માટે મેં હાથ પર લીધેલા ઉપલબ્ધ પુસ્તકો આ પ્રમાણે છેઃ (૧)જસમાઃ લોકનાટ્ય-પ્રયોગ-શિલ્પની દૃષ્ટિએ (૧૯૮૮) - સાહિત્ય અકાદમી (ગુજરાત રાજ્ય) અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુ.જી.સી.ની આર્થિક સહાયથી (૨) લોકનાટ્ય : ભવાઈ (૧૯૯૦) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ - ૩૮૦૦૦૯ (૩) ભવાઈ : નટ, નર્તન અને સંગીત (૧૯૯૪)-યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦૦૦૬ (૪) ભવાઈ : સ્વરૂપ અને લક્ષણો (૧૯૯૬)-પ્રાચ્યવિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા (૫) ભવાઈ : ભક્તિ, રસ અને આહાર્ય (૨૦૦૩)-પ્રાચ્યવિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા. - અહીં એક મુદ્દો સ્પષ્ટ કરવાની જરૂર છે. આ તમામ પુસ્તકો એક જ લેખકના મેં લીધા છે તે એટલા માટે કે લેખકે ભવાઈ, એના કલાકારો અને સંદર્ભનું બધું પ્રયોગ દૃષ્ટિએ જોયું છે, એટલું જ નહીં, એક જ અને સમાન દૃષ્ટિબિંદુથી તે સંપૂર્ણ લખાયા છે. માટે સચવાતું સાતત્ય મારા આ લેખનો વિષય બને એ મને ગમ્યું છે. આમ હોવાને કારણે બીજા ગ્રંથો સ્વતંત્ર રીતે અથવા આ ગ્રંથોની સાથે સામ્ય-વૈષમ્યની દૃષ્ટિએ અન્ય સ્વતંત્ર લેખ દ્વારા તપાસવામાં આવે તો એ વધુ ઉચિત થાય એમ હું સમજું છું.

જે કોઈ વિદ્યાર્થી અથવા રસજ્ઞને ભવાઈમાં રસ હોય અને તે આ કલા સંયોગે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરવા માગતો હોય તો ડૉ. કડકિયાના ઉપર કહ્યા તે ગ્રંથો દ્વારા એને, ઓછી કે અધૂરી નહીં એવી, પૂર્ણ- Entire માહિતી મળી રહે છે, એટલું જ નહીં, ભવાઈ વેશોની રજૂઆત કરવા માટે પણ આ ગ્રંથો એટલા જ ઉપયોગી અને શ્રદ્ધેય છે. દરેક કલાકારે તે વાંચવા જ જોઈએ. પ્રિ.વિ.જે.ત્રિવેદીએ ''ભવાઈ : નટ, નર્તન અને સંગીત'' નામક ગ્રંથનું વિવેચન કરતાં યથાર્થ જ નોંધ્યું છે કે ''આ ગ્રંથ ન વાંચવો તે અજ્ઞાનતાની નિશાની છે.'' આ વિધાન કલાકારોને પણ એટલું જ લાગુ પડે છે.

ભવાઈના વેશો, એટલે કે, ભવાઈના આદ્ય પિતા અસાઈત ઠાકરના વેશોના લખાણમાં પાત્રોના મુખે બોલાતા સંવાદો, ગાણાં કઈ રીતે રજૂ કરવા, નાચ, ચાલ વગેરે શી રીતે યોજવા વગેરે તથા ગર્ભિત-Implied-અર્થ આદિ અહીં અભ્યાસપૂર્ણ અને સંશોધનાત્મક રીતે કહેવાયું હોઈ સંપૂર્ણ રીતે પ્રામાણિક છે. વિદ્યાર્થીને સંશોધન કાર્ય કરવું હોય તો આ પુસ્તકો પૂર્ણ માર્ગદર્શન પૂરું પાડે છે. કલાકારો કે ટોળીના નાયક (ડિરેક્ટર) ને પણ તે એટલા જ ઉપકારક છે.

---

* પૂર્વાધ્યક્ષ, નાટ્યવિદ્યા વિભાગ, ગુજરાત કૉલેજ, અમદાવાદ.

''લોકદર્પણ'' (૧૯૯૩)- માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર - નામે એક દળદાર ગ્રંથ ગવર્મેન્ટ ઑફ ગુજરાતને ડૉ. કડકિયાએ તૈયાર કરી આપ્યો છે. એ જ પુરવાર કરે છે કે શ્રી. કડકિયાએ લોક-કલાઓના અસ્પૃશ્ય પાસાંઓને બરાબર આત્મસાત્ કર્યા છે. એ જ રીતે ગુજરાત-સૌરાષ્ટ્રનાં ગામડાંઓ અને શહેરોમાં ફરી પરંપરાગત તથા નવી ભવાઈના વેશો જોઈને, રમનારાઓનો સંપર્ક સાધીને - સુપેરે ચર્ચા કરીને, ભવાઈના માળખાને સમજી પ્રશ્નો તથા સમસ્યાઓનો ઉકેલ લાવી આપ્યો છે. કેવળ વર્ણન જ નહીં, ડાયેગ્રામ, શેપ, ફિગર વગેરે પણ દર્શાવીને રમનારાઓને ભવાઈ નિર્માણ કાર્યમાં મદદરૂપ થાય એ રીતે આ ગ્રંથોની રચના થઈ છે. ભવાઈના સંખ્યાબંધ પ્રશ્નોની એક સંશોધક તરીકે ચર્ચા કરી એની આંટીઘૂંટીને ઉકેલી આપી છે; ભવાઈની ભજવણીની શૈલી, પરંપરા, તખ્તો, નટ, એનો પરિવાર, કલાકારો અને પ્રેક્ષકો વચ્ચેના સંબંધો, ભવાઈનું સ્વરૂપ નાટક કરતાં કઈ રીતે જુદું પડે છે, Total Theatre તરીકે ભવાઈ, સામાન્ય જનતાને કેંદ્રમાં રાખતી એની વેશ-રચનાઓ - આ અને આવા પ્રશ્નો જ માત્ર નહિ, બીજાય પ્રશ્નો હાથ પર લીધા છે અને પ્રમાણો સુધ્ધાં આપ્યાં છે; દા.ત. -- લોકનાટ્ય-પ્રયોગ-શિલ્પ એમ કહે છે ત્યારે લખે છે : 'ચિત્ર-ફ્રેમ સ્ટેજમાં જેવાં દશ્યો દેખાય છે તેવાં દશ્યોવાળી આ કલા નથી એ ખરું, એમ છતાં કેટલાંક ઉદાહરણો તપાસો : ઝંડાના વેશમાં ઝંડો, રંગપટ્ટી (લાછોરી)ની પાછળ નારીનો ચહેરો, જસમાનું સૌંદર્ય, ઝાંઝ, તબલાં વગેરે વગાડનારાઓ - જેમાં ચિત્ર-ફ્રેમ સ્ટેજમાં હોય છે તેવાં દશ્યો દેખાશે. વળી એને Top Perspective ની દષ્ટિએ તપાસો તો એમાંથી તેવાં ચિત્રો મળશે, જે આપણને પ્રયોગ-શિલ્પ એમ કહેવાને પ્રેરશે. આ પ્રયોગ-શિલ્પ કશીક પ્રવૃત્તિ-activityને અંતે અથવા એ માટે તૈયાર થાય છે અને activity (પ્રવૃત્તિ), act (ભજવવું), actor (નટ) વગેરે શબ્દો લૅટિન 'actus' સાથે સંબંધ ધરાવે છે, જે શબ્દનો અર્થ અભિનય કરવો એં થાય છે (act to represent or perform by action esp. on stage, Webster's seventh Collegiate Dictionary.)

એબ્સર્ડની વાત કરે છે ત્યારે એ આ સ્વરૂપ બંધનરહિત છે એટલું માત્ર કહી અટકી જતા નથી પણ કેટલાક અંશો ભવાઈ સ્વરૂપમાંથી શોધી બતાવે છે; દા.ત. ડાગલો કુબ્જા બને છે તે, પાત્રકૃષ્ટ અને અવકૃષ્ટ જેવી ધ્રુવાઓ જેવા દુમેળિયા બોલે છે તે - જે અર્થહીનતાનું-પ્રતીક છે અને વખતોવખત રંગલામાં દેખાય છે. દેખાતી બિનપ્રણાલિગત યુક્તિઓ અજમાવવાની પદ્ધતિઓ, ડાગલાના મૌનથી એના મનમાં દેખાતા શૂન્યાવકાશ, એમાંથી ઉત્પન્ન થતી માનવદશા ઈત્યાદિ વર્ણવે છે. ''ઍબ્સર્ડ'' એટલે માત્ર પશ્ચિમમાંથી આવ્યું એવી રૂઢિને તેઓ વળગી રહેતા નથી. એમના મનમાં ''ઘોડો જે રીતે અમેરિકામાં દોડે છે એજ રીતે બીજા દેશોમાં પણ દોડે છે'' એ સિદ્ધાંત છે. (વિશેષ ચર્ચા માટે જુઓ : 'લોકનાટ્ય-ભવાઈ, ગુજ.યુનિ. પ્ર.આ.૧૯૯૦ પા. ૨૦ અને પછી,' 'જસમા : લોકનાટ્ય-પ્રયોગ-શિલ્પની દષ્ટિએ, પૃ. ૨૪ થી ૨૬)

આપણે જ્યારે વિરોધમૂલક ભાષાની વાત કરીએ છીએ ત્યારે પણ એ પશ્ચિમમાંથી આવી છે એટલું જ કહીએ છીએ અને ભૂલી જઈએ છીએ કે આપણા હિંદુ ધર્મની ભાષા વિરોધમૂલક છે; દા.ત. કર્મ છતાં અકર્મ વગેરે. લોકનાટ્યોમાં પણ એ પરંપરા ઊતરી છે; જેમકે ભવાયો પણ એવી જ વિરોધાભાસવાળી ભાષામાં વાત કરે છે - લેખક 'એને બેબિલોનની એક કથા સાથે સરખાવે છે જે પૂલ પર ઉગાડેલાં અવળાં વૃક્ષો અંગેની છે. ('ભવાઈ : ભક્તિ, રસ અને આહાર્ય', પૃ. ૩૪). વધુમાં તેઓ કહે છે : 'ભવાઈનો બ્રાહ્મણ મંદિરમાં નમાજ પઢવા ગયો હતો. મસ્જિદમાં વેદ પઢતો હતો. વગેરે. (એજન, પૃ. ૩૪) : ઉપનિષદો પણ જણાવે છે કે ''મનુષ્ય ઊંધું લટકેલું વૃક્ષ છે.'' આ બહુ જ મહત્ત્વનું પ્રતિક ભવાઈનો નટ પોતાની રીતે રજૂ કરે છે. એનો ડગલો કે રંગલો એમ કહેવાનો કે ''પાડો ચડ્યો પીપળે''. એમ કરી ભવાઈ નામની પાઠશાળામાં નટ પ્રેક્ષકોને કશુંક શીખવે છે. એ કેળવણી અનેકરૂપે આવે; જૂઠણ થઈને, બ્રાહ્મણ થઈને, સવાલ બનીને કે જવાબ થઈને અથવા નાચીને કે ગાણાના રૂપમાં અથવા ભાષણના રૂપમાં જે મૌન થઈને પણ તે પ્રગટે છે અથવા એમાં પેલી અવળી ભાષા અને જરૂર પડે તો કોઈકવાર પારસી કે સાંકેતિક બોલી પણ હોય. ડૉ. ઠક્કર દશરથભાઈએ ઉપનિષદોની આ રહસ્યાત્મક

ભાષાનું મૂળ યથાર્થ જ શોધી આપ્યું છે: ''આત્મતત્ત્વના એકત્વની પ્રતીતિને વાણી દ્વારા સચોટ રીતે અને પૂર્ણતઃ અભિવ્યક્ત કરવાનું અશક્ય નહિ તોપણ ઘણું જ મુશ્કેલ હોય છે. જ્યારે ઉપનિષદોના દ્રષ્ટા ઋષિમુનિઓને આ ગૂઢતત્ત્વનો અનુભવ થયો ત્યારે તેને વ્યક્ત કરવાનું તેમને મુશ્કેલ જણાયું, કારણ કે બ્રહ્મતત્ત્વ મન વાણીથી પર છે. આથી જ ઉપનિષદોમાં વિરોધાભાસવાળી વાણીનો પ્રયોગ થયેલો છે.'' (-એ માટે ડૉ. ઠક્કર દશરથભાઈ, ગુજરાતી સાહિત્યમાં સૂફી રહસ્યવાદ, એકેડમી ઓફ મિસ્ટિસીઝમ, પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ-૭, પ્ર.આ. ૧૯૮૮, પૃ. ૭)

ભાઈ કડકિયા મૌનની ભાષા પણ ભવાઈમાં જે વપરાય છે તેની વિગતોમાં ઊતરે છે; દા.ત. જૂઠણ, તલવાર ઊંધી પકડે છે, ઊંધી ક્રિયાઓ કરે છે અને એવી ચેષ્ટા-ક્રિયાઓ કરતાં કરતાં મૌન થઈ જાય છે. આ મૌન શું છે તે ચર્ચે છે : બહુચર જેવા વેશોમાં નટનું મન કઈ રીતે ધ્યાનમાં ચાલ્યું જાય છે અને શરીર યોગમાં. તે વિગતે વર્ણવે છે અને કહે છે : 'ભવાઈનું કલા-સત્ય ધર્મ-સત્યનો જ પર્યાય છે.' એ સુખ આપનાર તથા ધર્મને વધારનાર છે. એવી સાધના છે કે જે કરુણામાં આંસુને પણ આનંદથી વહાવી દે.' 'એની સાર્વલોકિકતા પહેલાની સમાધિ-સ્થિતિ' એનો 'ધર્મ-ધ્યાન તરફ જવાનો સંદેશ' વગેરે કહીને એઓ ભવાઈ અને એના કલાકારોને ભારોભાર ગૌરવ બક્ષે છે. ('ભવાઈ : ભક્તિ, રસ અને આહાર્ય', પૃ. ૩૫ થી ૪૫).

આમ છતાં એઓ વર્ણવે છે છે : 'ભવાઈના નટને વધારે પડતી સ્વતંત્રતા મળી, તે કારણે તે આછકલો થઈને મદે ચઢ્યો. ગપાટા મારવા તેમ આડી અવળી વાતો કરી ગમે તે વિશે દોષ જોઈ બોલવામાં મઝા લેવા લાગ્યો. કેટલાક નટોએ સ્વચ્છંદી થઈ બ્રાહ્મણ, જૂઠણ જેવા વેશોને એકદમ બીભત્સ જ બનાવી દીધા, જેણે ભવાઈના મૂળભૂત હાર્દને જ મારી નાખ્યું. આ એ જગા હતી કે સાહિત્યકારો અને કલાકારોએ તથા કલાના વિધાયકોએ એવા વેશોને એના સાચા સ્વરૂપે જાણી, અર્થગ્રહણ કરી, પ્રજા સમક્ષ રજૂ કરવા જોઈતા હતા. એમ કરવાથી જ એના સત્યને પામી શકાયું હોત. એને બદલે આકરા પ્રહારો કર્યા. ૧૮૬૦માં 'બુદ્ધિપ્રકાશે' તો ચીસો પર ચીસો પાડી. આ પદ્ધતિ અવૈજ્ઞાનિક છે. જેણે સમાજને ખોટા 'રોલ' પૂરા પાડ્યા અને સમાજે એ રોલ સ્વીકારી પણ લીધા. સત્ય સુધી પહોંચવાનો પ્રયત્ન કરવાને બદલે એકે એને 'ભૂંડી' કહી એટલે બીજાઓ પણ એમ જ બોલ્યા. એને કઈ રીતે સુધારી શકાય તે અંગે કોઈ સાહિત્યકાર કે કલાકારે એ ચોપાનિયામાં કશું લખ્યું પણ નહીં અને માત્ર વગોવણીમાં જ રસ લીધો. લેખકે બારાડી હસમુખના 'નાટક સરીખો નાદર હુન્નર - પૃ. ૭૪-૭૫માંથી પ્રમાણ તરીકે ટાંકેલું વિધાન એમના ઉપરોક્ત વિચારોને પૂરેપૂરો ટેકો આપે છે. 'ભવાઈના રૂપઘાટને સાંપ્રત આવશ્યકતા અનુસાર પલોટીને વિકસવા દેવા જોઈતાં હતાં, પણ એને તો એકે ''ભૂંડી'' કહી એટલે કોઈએ પાછું વાળીને જોયું જ નહીં'.

'રણછોડભાઈ ઉદયરામ દવે (૧૮૩૭-૧૯૨૩)ની પ્રવૃત્તિ-પ્રેરણા માટે સાહિત્યના ઇતિહાસ લેખકો જે પ્રસંગ ઉલ્લેખવો આવશ્યક ગણે છે તે પ્રસંગ છે પોતાના વતન (મહુધા)માં એમણે જોયેલી ભવાઈનો. બીભત્સ તથા કઢંગી શૈલીની ભવાઈ જોઈને તેઓ જાણે ભરતમુનિના અનુયાયી હોય એવી એમની લાગણી ઉશ્કેરાઈ આવી. એવી નોંધ છે. આશ્ચર્ય એ બાબતનું છે કે રણછોડભાઈએ વતન સિવાય બીજા ગામોમાં થતી ભવાઈ ન જોઈ-અંબાજી, ભાવનગર, મોરબી, વડોદરા, રાજકોટ, લીલાપુર, વલભી, ગોંડલ કે બીજા પણ ગામની ભવાઈ એમણે જોયાની નોંધ અથવા ઉલ્લેખો ક્યાંય દેખાતા નથી. એમણે જો બીજાં ગામોની પણ ભવાઈ જોઈ હોત તો ઉપર કહ્યું તેમ એમની લાગણી ઉશ્કેરાઈ ન હોત. બીજું આશ્ચર્ય એ બાબતનું છે કે રણછોડભાઈને કોઈએ એ અંગે પૂછ્યું પણ નહીં. બહુ ઓછી મૂડીને કારણે એમને ભવાઈ પ્રત્યે અભાવ થઈ ગયો. સાહિત્યના ઇતિહાસ-લેખકો જેને નાટ્યોત્કર્ષ માટેની રણછોડભાઈની સભાનતા કહે છે અને જવાબદારી ઉપાડી એમ ગણે છે તે ખરી રીતે તો ગુજરાતની એક માત્ર કલા ભવાઈ પ્રત્યેની અભાનતા અને બેજવાબદારી છે. આ ઘટનાને કારણે ભવાઈના

ઉત્કર્ષને બહુ મોટી ઈજા થઈ છે. તે એટલે સુધી કે આપણા કેટલાક કોશકારોએ પણ ''ભવાઈ'' અને ''ભવાયા'' સંદર્ભે સમજ વગરના અર્થ આપ્યા છે જેને એક જાતના પાર્શ્વપ્રકાશ (Side-light)ની ગરજ સારવાને બદલે ભવાઈના વિકાસને ગૂંગળાવી (-To block up) છે. આ ગૂંગળામણ (-To be suffocated) ભવાઈને ઘાતક નીવડી છે.' (તા. ૨૯-૧૦-૨૦૧૪ ના રોજ Centre For Heritage Management અને Theatre Media Centre (TMC) ના સંયુક્ત ઉપક્રમે થયેલ એક કાર્યક્રમમાં - Symposium on performing traditions of Ahmedabad– Saturday)

પ્રશ્ન એ ઊભો થાય છે કે આખી રાત આ ભવાઈ કલાકારો અને પ્રેક્ષકો શું બીભત્સ તથા કઢંગી શૈલી જ પ્રયોજ્યા કરતા હશે ?

'ના, રાતમાં જે સવાર છુપાયેલી છે તેની શોધ તેઓ કરે છે અને સવાર મળી જતાં છૂટા પડે છે - કાળની પાછળ અકાળ, અમરત્વનું સંગીત અને અમૃતનો સ્રોત જે છે તે આ સવાર છે. આ શ્રદ્ધાથી જ ભવાઈનો પ્રારંભ અને અંત થાય છે - અંતઃકરણમાં જોવાની આ કલા ધર્મનો જ પર્યાય છે - કેવી છે આ શ્રદ્ધા ? મણિલાલમાં બહુચરમાતા, ચીમનભાઈમાં કાલિકા અને રમણભાઈમાં ગણપતિ જે દેખાય છે તે શ્રદ્ધા-પાત્રો અને પ્રેક્ષકો પણ આ દેવદેવીઓને પગે લાગે છે અને પૂજે છે. જેવી રીતે બાળક અવતરતાં પહેલાં જ મા પારણું લાવે છે તે સંતતિ આવશે તેવી શ્રદ્ધાને કારણે. આવી રીતે તેઓ આખી રાત પેલી સવારને શોધે છે. -રણછોડભાઈ આ જોઈ શક્યા હોત તો ખોટી લાગણીથી ઉશ્કેરાઈ ગયા ન હોત.

'આ રીતે આખો મહોત્સવ ચાલે છે અને સમાપન યજ્ઞ વગેરેથી થાય છે.

'પણ પેલી બીભત્સ અને કઢંગી શૈલીનું શું ?'

'અહીં મેં યજ્ઞની વાત કરી. રણછોડભાઈ યજ્ઞ અને ધર્મ- વિધિથી તો પરિચિત હશે જ. સોમયાગની મહાવ્રત નામની વિધિમાં બ્રહ્મચારી અને પુંશ્ચલીનો સંવાદ છે. એ અત્યંત અશ્લીલ છે - એમાં તેમના મૈથુનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. (લાટ્યાયન શ્રૌતસૂત્રમાં એ સંવાદ સંસ્કૃતમાં છે. અશ્વમેધ-વિધિમાં પણ રાણીએ બોલવાના મંત્રો અશ્લીલ છે છતાં સંસ્કૃતમાં છે). બ્રહ્મચારી અને પુંશ્ચલીનો સંવાદ યજ્ઞના એક અંગ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, પ્રતીકાત્મક અર્થ 'સૃજનશક્તિની સારી રીતે પોષણ-વૃદ્ધિ પામેલું' એવો છે. કીથ કહે છે કે એને ઉપેક્ષવો મુર્ખાઈભર્યું છે. (-એ માટે કીથ, એ.બી.-ધી સંસ્કૃત ડ્રામા, ઑક્ષ્ફર્ડ, ૧૯૨૪, પૃ.૩૯). એમાંથી જ પછી સંસ્કૃત નાટકોમાં દાસી અને વિદૂષકની ગાળો આવી એવું માનવામાં આવે છે. સોમ ખરીદવાની વિધિ- ''સોમક્રયણ''-માં એક શૂદ્ર પાસેથી ઘણી ખેંચાખેંચ પછી સોમવલ્લી ખરીદાય છે. પણ મૂલ્ય આપવાને બદલે શૂદ્રને મારવામાં આવે છે. આ શૈલી કઢંગી છે. (મહાવ્રત જેવી વિધિઓ આખી ધાર્મિક હોઈ તેમાં પ્રતીકાત્મક અર્થ છુપાયેલો છે. ભવાઈમાં પણ એમ જ છે.) કોઈ વાર જડબાતોડ વાત કરવા માટે પણ અશ્લીલતાનો આશ્રય લેવામાં આવે છે; દા.ત. ઋગ્વેદના સંવાદસૂક્તોમાં એક સૂક્ત 'વૃષાકપિસૂક્ત' (ઋગ્વેદ : ૧૦. ૮૬) નામનું છે. આ વૃષાકપિ અશ્લીલ પણ જડબાતોડ ભાષણ કરે છે.

આપણા સાંપ્રદાયિક પ્રચારમાં પણ જડબાતોડ વાત કરવા અશ્લીલતા આવે જ છે ને ? દા.ત. આ શ્લોક જુઓ :

यत् कण्ठे तुलसी नास्ति ते नरा मूढमानसाः ।
अन्नम् विष्टा जलम् मूत्रम् पीयूषम् रुधिरम् भवेत् ॥

(જેના ગળામાં તુલસીની માળા નથી તે મૂઢ માણસ છે. અન્ન ખાય છે તે વિષ્ટા જેવું છે, જલ પીએ છે તે મૂત્ર જેવું છે અને દૂધ પીએ છે તે રુધિર જેવું છે.) - એક જ શ્લોકમાં કેટલી બધી અશ્લીલતા ! પણ એ બધું

જડબાતોડ એટલા માટે છે કે એ દ્વારા આચાર્ય ઘેરી અસર ઉપસાવવા માગે છે - આ સર્વ જોઈને કે વાંચીને રણછોડભાઈની લાગણી ઉશ્કેરાઈ આવતી જોઈતી હતી. પણ આવી એમની નોંધ નથી. તો પછી એકલી ભવાઈ જોઈને એમની લાગણી કેમ ઉશ્કેરાઈ આવી ? એમણે જુદાં જુદાં Value આંક્યાં- ભવાઈનું ઓછું અને નાટકનું ખૂબ જ વધારે. આ Valuation ને કારણે રણછોડભાઈ રંગભૂમિપ્રવર્તકના બિરૂદના અધિકારી ઠર્યા પણ ગુજરાતની એક માત્ર કલા ભવાઈની ઉપેક્ષા કોઈને એમાં દેખાઈ નહિ. આ આઘાતજનક પ્રસંગને કારણે ભવાઈ ક્ષેત્રે વિકાસ વહેણ અટકી ગયાં. આ એ જગ્યા છે કે જ્યાં સાહિત્યનો ઇતિહાસ ફરીથી લખાવો જોઈએ -જેમાં આ ખોટા Valuation દૂર કરી સત્ય તરફની ગતિ હોય. (નાટકમાં કોઈ વાત અવરોધક હોય તો નવા પ્રયોગે જેમ આપણે તે દૂર કરીએ છીએ તેમ ભવાઈમાં પણ કરી શકાય; દા.ત. પૂર્વે કહેલ સોમયાગની મહાવ્રત નામની વિધિમાં બ્રહ્મચારી અને પુંશ્ચલીનો સંવાદ આવે છે. એ અત્યંત અશ્લીલ છે - એમાં તેમના મૈથુનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પછીથી આવી ક્રિયા અયોગ્ય લાગવાથી વિધિમાંથી એને દૂર કરવામાં આવી. (-એ માટે કીથ, એ.બી.- ધી. સંસ્કૃત ડ્રામા, ઓક્ષ્ફર્ડ, ૧૯૨૪, પૃ. ૨૪-૨૫) ભવાઈમાં પણ એમ થઈ શકે. એને બદલે આખા ભવાઈ-સ્વરૂપની જ અવજ્ઞા કરવી એ સમજૂપણાની નિશાની નથી.)

Allienation ની પણ ચર્ચા કરી છે : યથાર્થ જ કહે છે : 'આ સ્વરૂપની સમૃદ્ધિ સંભ્રમને નહિ પણ ગ્રામ પ્રજાના ઊર્મિ-વ્યાપાર, નૈતિક -સામાજિક વ્યવહાર મૂલ્યો આદિની અભિવ્યક્તિની આભારી છે ****** કૃષ્ણ-ગોપીનો વેશ કરનાર પાત્રોમાંથી કોઈ પાત્ર અલગ થઈ બીડી-સિગારેટ પી લે છે. ''હું મણિલાલ છું, ગોપી નથી'' એ કદી પોતે ભૂલતો નથી.*****' વળી કહે છે : 'આ સ્વરૂપ સ્વીકારતાં મોટું ઓડિયન્સ મળે, તેની સાથેના સંબંધ મળે, ''Theory of breaking of Illusion''નો લાભ મળે. હું મણિલાલ છું એમ સિદ્ધારાજ કહે એ લાભ ઓછો નથી' (લોકનાટ્ય-ભવાઈ, ગુજ.યુનિ. પ્ર.આ.૧૯૯૦ પા. ૧૬, ૧૬૭)

'Liberty in Bhavai Theatre' અંગે કહે છેઃ' ભવાઈ કલાકારો આંતરપ્રેરણાને વશ હોય છે. મારી-બાંધીને પણ એમને વશમાં રાખી શકાય નહિ. એ એવા કલાકારો નથી. કોઈ પણ વસ્તુ શીખવાની હોય ત્યાં એમની ચોટલીયે હાથ આવે એમ નથી. શાળા-કૉલેજની દીવાલોમાં એમને ગોંધી રાખી શકાય જ નહિ. કલાકારો જે કંઈ શીખે છે તે એમના વડીલોના છૂપા ટેકાને જોરે જ. તેઓ પ્રેક્ષકોમાં બેસીને તન્મય થઈને ચાચરમાં વડીલોને પગલાં પાડતાં જોઈ રહે છે અને મન અંદરથી કહેવા લાગે છે : ''હું પણ આવાં પગલાં પાડીશ''. ભવાઈના શિક્ષણનો આ પહેલો પાઠ તેઓ આ રીતે શીખે છે.' —આ વાત, આ સ્વતંત્રતા માટે, એઓ જુદાં જુદાં ઉદાહરણો પણ આપે છે; દા.ત. તા. ૨૮-૧૦- ૮૦, સોલાગામમાં રામદેવનો વેશ ચાલે. કલાકારોએ કલાત્મક રીતે બીજા પણ વેશો એમાં દાખલ કર્યા. તા. ૧૨-૫-૭૯, મોરબી, જસમાનો વેશ ચાલે. પ્રેક્ષકોમાં એક બાળક ઊભું થયું હતું. સિદ્ધરાજનો રોલ કરતાં બાબુભાઈએ તાળી પાડી કહ્યું ''એ છોકરા બેસી જા'' અને પાછા રોલમાં આવી ગયા.' (-એ માટે 'લોકનાટ્ય-ભવાઈ, ગુજ.યુનિ. પ્ર.આ.૧૯૯૦ પા. ૧૯ અને પછી', 'ભવાઈઃ નટ, નર્તન અને સંગીત, પ્ર.આ.યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૯૪ પા.નં. ૨૨ અને પછી)

આ જ રીતે એમને ભવાઈમાં 'Litreature and song of Bhavai' 'Prologue' 'After Prologue' 'Pedun, Ganapati, Kali, Brahmin, Daglo' 'Sangit, Foot-Movement and nartan etc' 'Chatakun, Kerabo, Fudadies And so on' 'Entry, The method of Training, Rasa, Customs, Ranghbhūshā' 'Kakada, Bhungal' 'Necessity of entry of the director etc.' અને બીજા પણ પ્રશ્નોની વિશદ ચર્ચા કરી છે. વિસ્તાર ભયે તેની વિગતોમાં ઊતરવું શક્ય નથી. રસિકોએ ઉપર ઉલ્લેખેલ મૂળ પુસ્તકો જોવાં. વળી આ પુસ્તકો એવી રીતે લખાયાં છે કે વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તકો પણ બની રહે.

૧૯૪૯માં વડોદરામાં મ.સ. યુનિવર્સિટીની સ્થાપના થઈ. આ સ્થળ કલાના અભ્યાસ માટે બહુ જ

જાણીતું બન્યું. હું આ યુનિ. નો વિદ્યાર્થી ૧૯૫૭ માં યુનિ.ના નાટ્ય વિભાગે ''નટ-ઘર''ની સ્થાપના કરી. નાટકો ઉપરાંત ગુજરાતનું લોક-નાટ્ય ''ભવાઈ'' પણ, અનેક પ્રયોગો કરી, ''નટ-ઘર'' દ્વારા જીવતું અને ધબકતું કરવાના પ્રયત્નો થયા. એ માટે નટ-ઘરે તાલીમ વર્ગોની પણ યોજના કરી. ભવાઈ અંગેનાં કોઈ પાઠ્ય પુસ્તકો ન હતાં પણ ખુલ્લાં પુસ્તકો હતાં અને તે ચાચર ચોકમાં. પેઢીના ક્રમથી ભવાઈ રમતા ભવાઈ કલાકારો. આવા અનુભવી કલાકારો વિદ્યાર્થીઓને તાલીમ આપે એ માટે નિમંત્રિત કરવામાં આવ્યા.

એક વિદ્યાર્થી તરીકે મેં પણ અહીં ભવાઈના પગલાં પાડ્યા : છ છ છુમ (દા.ત. વેશમાં મણિબા અને તેની સખીઓના નૃત્યમાં યોજી શકાય), તબલું વગાડ્યું : ધીનન તાકતા તીનીન તાકતા (ચલતી, લય : દ્રુત), ભૂંગળનો શેક લીધો (ચલતી) : (૧) ધતત ધતત ...(નાદ અને સ્વર-વ્યંજનનું મૂળ રૂપ) (૨) ધસત ધસત ધા ધસત ધસત તા (નાદ અને સ્વર વ્યંજનનું વિકસિત રૂપ) : ચલતીના તો અનેક પ્રકાર છે અને એના પ્રકાર પ્રમાણે માત્રાઓમાં ફેરફાર થાય છે. મોટે ભાગે એ ૬ અથવા ૮ માત્રાઓમાં વાગે છતાં એના પ્રકાર પ્રમાણે માત્રાઓમાં પણ ફેરફાર થાય. મુખ્ય ચલતી તાલ કેરવાની નજીક છે અને ચાર માત્રામાં વાગે. (ચલતીનું શાસ્ત્રીય રૂપ સિંગલ લાવણી જેવું છે, જેને ડબલ કરવાથી ખુલ્લા બાજમાં ચલતીનો પ્રકાર થઈ જાય.) માન (ચલતીનું) : ધીન ધીન ધીન ધીના તાકતા. ભૂંગલના બે શેક : અડધો અને આખો (૧) અડધા શેક માટે એક ભૂંગલ ચાલે - ત તાં તાં ઈ ધાં તાં ધાં તાં ધાં. એક ફૂદડી માટે એ વાપરવામાં આવે (૨) આખા શેક માટે બે ભૂંગલ જોઈએ-તાં હાં ધાં તાં હાં ધાં ત ત ત તા ધાં ધાં તા ધાં તા ધા ... બે ફૂદડી માટે એ વાપરવામાં આવે. (અહીં ભૂંગલના આખા સપ્તકનો ઉપયોગ થાય છે.) ઝાંઝ :ઝીમ ઝીમ ઝીમ ઝીના તકા ઝીનાથકા. થેઈકારા કર્યા : થેઈ થેઈ. થપ્પા આપ્યા : થઈ થઈ થઈ-થપ્પો / થઈ થઈ થઈ-થપ્પો, વગેરે -આવી તો અનેક ગડ ભવાઈ સ્વરૂપમાં છે. મારા અભ્યાસ દરમ્યાન મારે આવી ગડમાંથી પસાર થવાનું થયું.

અહીં નોંધવું જોઈએ કે આ અને આવી તમામ આંટી ઘૂંટીઓમાંથી-ગૂંચ પેચ ગડમાંથી - આ ગ્રંથોના લેખકને પણ પોતાના સંશોધન કાર્ય માટે પસાર થવાનું થયું છે. એનું પૃથક્કરણ અને વર્ણન એમણે પોતાના ગ્રંથોમાં વિસ્તારથી આપીને ભવાઈ સ્વરૂપને ખુલ્લું - Uncovered, Bare - કરી આપ્યું છે કે જેને કારણે ભવાઈ અંગે કંઈ પણ ન જાણનાર વિદ્યાર્થી પણ આ સ્વરૂપને સહેલાઈથી સમજી શકે અને એના પ્રયોગમાં જોડાય તથા રોલ કરવામાં ચોક્કસ જ સફળતા પણ પામી શકે.

મને બરાબર યાદ છે કે ગુજરાત યુનિવર્સિટીએ આપેલી સંશોધન ગ્રાંટ સબબે ડૉ. કડકિયા નિયમિત, નિશ્ચિત સમયે, ગુજરાત કૉલેજના નાટ્ય વિભાગમાં આવતા. હું ત્યાં વિભાગીય વડો હતો. અમે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું (૧૯૭૯) -એવો કાર્યક્રમ કે જેના મૂળભૂત-Fundamental- સંસ્કાર ઉપર કહ્યું તેમ, હું વડોદરાની મ.સ. યુનિવર્સિટીના નાટ્ય વિભાગમાંથી એકઠા કરીને આવ્યો હતો.

ભવાઈના ખુલ્લા પુસ્તક જેવા ચિમનભાઈ નાયકને - બ્રાહ્મણવાડાવાળા - નિમંત્રણ આપી, અમે નાટ્યના વિદ્યાર્થીઓને ભવાઈની પરંપરાગત તાલીમ આપવાનો કાર્યક્રમ રાખ્યો હતો. સરકારે આર્થિક સહાય કરી હતી. ભાઈ કડકિયા ભાગ્યે જ કોઈ Rehearsal - અભ્યાસ માટે ભજવવા તેમાં ગેરહાજર રહ્યા હશે. મઝાની વાત તો એ છે કે -- પૂરા થતાં જ ડૉ. કડકિયા ચિમનભાઈ નાયકને મોટર સાઈકલ પર બેસાડી પોતાને ઘેર લઈ જતા. ચિમનભાઈ નાયક એમને ત્યાં રોકાતા એ દરમ્યાન એઓ ચિમનભાઈ નાયક પાસેથી-આ ખુલ્લા પુસ્તકમાંથી - શક્ય એટલું પામવાનો પ્રયત્ન કરતા. ઘરમાં મુલાકાત માટેનો ખાસ ઓરડો હતો. એમાં નવાઈ ગુરુ નર્તનનાં પગલાં પાડે, તબલાં બજાવે, ભૂંગલ વગાડે ને પછી તમામનાં ઘટક તત્ત્વો જુદાં પાડી સમજાવે. ડૉ. કડકિયા નોંધો કરતા, ડાયેગ્રામ, શેપ, ફિગર વગેરે પણ કરતા - આ લખાનારા ગ્રંથો માટેની ઉપયોગી અને સાધન તરીકે મહત્ત્વની સામગ્રી હતી. ગુરુ ચિમનભાઈની પૃથક્ કરવાની રીત અદ્‌ભુત હતી. પ્રશ્ન કરીને જાણવાની સંશોધકની

ઈચ્છા પણ ભાગ્યે જ અધૂરી રહેતી.

ઉપર કહ્યું તે કંઈ નવું નહોતું. ગુજરાત કૉલેજમાં તેઓ જે કંઈ શીખતા તે, એકની એક વાત, ફરીને શીખવાની હતી. પણ આ રીતે લેખકે પૃથક્‌શિક્ષણનો લાભ મેળવ્યો હતો. જે સંશોધન માટે બહુ જ અગત્યનું હતું. પૃથક્‌શિક્ષણ એટલે સમૂહ શિક્ષણથી ઊલટું એકેક વિદ્યાર્થીને છૂટો છૂટો ભણાવવો તે.

મારે અહીં એ પણ લખી લેવું જોઈએ કે ઉપરનો કાર્યક્રમ પૂરો થયા પછી મેં વખતોવખત ગુજરાત કૉલેજમાં વિધ્યાર્થીઓ સાથે ભવાઈના પ્રયોગો કર્યા છે - અદ્યતન પ્રશ્નો હાથ પર લઈ ભવાઈના નવા નવા વેશો લખીને પણ પ્રયોગો કર્યા છે. ભાઈ કડકિયાએ એ તમામ અજમાયશ વેળાએ અને વેશ, ગાણાં, સંવાદ તથા નર્તન ઈત્યાદિ માટે જે કંઈ ભજવવા પડતાં તે Rehearsal માં પણ હાજરી આપી છે અને શોધખોળ હેતુએ કશુંક પામવાનો સતત પ્રયત્ન કર્યો છે, એટલું જ નહિ, પણ જ્યાં જ્યાં તક મળી છે ત્યાં ત્યાં ગયા છે : આઈ એન ટી એ યોજેલ ભવાઈ મહોત્સવમાં-મોરબી, એન.એસ.ડી એ યોજેલ ભવાઈ મહોત્સવમાં- સોલા વગેરે. નવરાત્રી મહોત્સવે ભાવનગર, અંબાજી, લીલાપુર, વલભી અને બીજે ગામે ગામ ફર્યા છે. મુલાકાતો કરી છે તથા સંશોધનને માટે આવશ્યક એવી તમામ સામગ્રી એકઠી કરી, ભવાઈ સંદર્ભે, એક પછી એક સંશોધન ગ્રંથો આપ્યા છે.

શ્રી. કડકિયાની લોકનાટ્ય તરફની ગતિ અંગેની જાણકારી પણ રસ પડે એવી છે. તા. ૨૯-૧૦-૨૦૧૪ના રોજ Centre For Heritage Management અને Theatre Media Centre (TMC)ના સંયુક્ત ઉપક્રમે થયેલ એક કાર્યક્રમમાં – એ સંદર્ભે કહેલી વાત આ વિષયે પૂરતો પ્રકાશ પાડે છે : એમના જ શબ્દો જોઈએ :

'લોક-નાટ્ય પ્રત્યેની ગતિ સંદર્ભે મારે અહીં કહેવું જોઈએ કે નાટકના અભ્યાસ દરમ્યાન જ. ઠા.ના પ્રત્યેક નાટકોમાં રોલ કરવાનો થતો ત્યારે વિસામા કે પ્રવાસ સમયે એમની ખૂબ જ નિકટ આવવાનું થતું. વર્ગમાં પણ બહુ ઓછા વિદ્યાર્થી હતા તેથી પણ એમ બનતું. એક વેળાએ ચાલુ વર્ગે, સહજભાવે, મેં પૂછ્યું : સર, તમે ગુજરાતની ભવાઈ કલા અંગે વખતોવખત વાત કરો છો તે એ શીખવતા કેમ નથી ? એ અભ્યાસક્રમમાં શા માટે નથી ? એમણે આપેલો જવાબ પ્રહાર કરે એવો હતો. ''શીખવવા માટે પાઠ્યપુસ્તકો જોઈએ. એ ક્યાં છે ? તમે પ્રોફેસર છો, લેખક પણ છો. પુસ્તકો તૈયાર કરી આપો'' અને આ વાત મને સ્પર્શી ગઈ. નાટકનો અભ્યાસ પૂરો કર્યા પછી મેં ભવાઈ પર કામ કરવાનું શરૂ કર્યું. મેં પીએચ.ડી. કર્યું હતું. શ્રી. કે. કા. શાસ્ત્રીજીના હાથ નીચે હું તૈયાર થયો હતો, પાઠ્ય પુસ્તકો જ માત્રથી રાજી નહોતો, સંશોધન દ્વારા આખા ભવાઈ સ્વરૂપને ઉજાગર કરી આપવા માગતો હતો. એમ મેં કર્યું. મારાં આ પુસ્તકોને પ્રથમ ઍવોર્ડ જે મળ્યા તે પણ સંશોધન ગ્રંથો તરીકે જ એ પુસ્તકો ધ્યાન પર લેવાયાં હતાં. પણ તમામ વિવેચકોએ એને પાઠ્યપુસ્તકો કહ્યાં છે. તેથી હું એટલા માટે ખુશ થયો છું કે મારા ગુરુની ઉમેદ સુધી હું પહોંચી શક્યો છું.''

''લોકનાટ્ય : ભવાઈ'' વિદ્યાર્થીમાં ખૂબ જ પ્રિય રહ્યું છે. ભાવનગર, વલ્લભવિદ્યાનગર વગેરે યુનિ.માં તે ઉપયોગમાં પણ લેવાય છે. આ પુસ્તકને આવકાર મળતાંની સાથે જ એના સિંધી, હિંદી અને અંગ્રેજીમાં અનુવાદો પણ થયા છે અને એ રીતે ગુજરાતની સ્વકીય એવી એકમાત્ર - પોતાની ભૂમિગત કહી શકાય એવી - કલાને લખનારે પ્રત્યક્ષ કરી આપી છે. આવા અભ્યાસી હોવાને કારણે જ તો લેખકનું આગવું વ્યક્તિત્વ ઊભું થયું છે અને તેથી જ તો જાહેરક્ષેત્રે એઓ સન્માનિત થયા છે, એટલું જ નહીં, વિશ્વના મહત્ત્વના ગ્રંથાલયોમાં તથા અન્યત્ર પણ એમના ગ્રંથો અને કાર્યો સંદર્ભે પ્રતિભાવ ઇ. ઉપલબ્ધ છે; દા.ત. google પર www.worldcat.org/Inentities/Iccn-no 2010-117004/ કે www.printsaia.in કે viaf.org/154021396 University of Visconsin -Madison - www.Wisc.edu/search/? Cx વગેરે પર search કરવાથી એનો ખ્યાલ આવશે.

open Library-https: //openlibrary.org/authors/OL4767228A કે Regional books -એ માટે 164.100.47 / 132/Pd Fload / my folder % 5c Feb reg.15pdf અને બીજી પણ યાદી -Who's Who of indian writers-https//books.google.co.in/books ? id = QA 1v7 sl colw = PA 542 & 1 pg - PA 542 & dq ઇ. સ્થળે તે દેખાશે.

''જસમા : લોકનાટ્ય-પ્રયોગ-શિલ્પની દૃષ્ટિએ'' ૧૯૮૮માં પ્રગટ થયેલ (એની બીજી આવૃત્તિ ૨૦૧૦માં પ્રગટ થયેલ છે.) આ ગ્રંથમાં બહુ ચર્ચિત અને ખ્યાત ''જસમા ઓડણ''ના વેશને પૂર્ણતયા કેન્દ્રમાં રાખી ઉત્પત્તિકથાથી લઈને એના નિર્માણના પ્રત્યેક પાસા વિશે લેખકે વિશદ ચર્ચા કરી છે અને નિર્માણ કરનારાઓ માટે આકૃતિઓ સાથે દિશાસૂચન પણ કર્યું છે, એ સ્તુત્ય છે.

''ભવાઈમાં ભક્તિ, રસ અને આહાર્ય'' કે જેના વિશે આજ પર્યન્ત કોઈએ વિચાર્યું ન હતું. એવા અઘરા વિષય પર પણ ગ્રંથ રચના થઈ છે અને એ ગ્રંથ વડોદરા સ્થિત પ્રાચ્ય વિદ્યામંદિર - મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય દ્વારા ૨૦૦૩ માં શ્રી સયાજીસાહિત્યવાળા, પૃ. ૩૭૫ સ્વરૂપે પ્રકાશિત પણ થયેલ છે.

એકવાર ડૉ. કડકિયાએ ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રત્યે મારું ધ્યાન દોર્યું હતું. એમાં ભવાઈનો અર્થ આપ્યો છે - ભવાઈ સ્ત્રી. [सं. भव = શંકર, भवा = પાર્વતી ઉપરથી કે भाव = નટ ઉપરથી; સર. म.] અને પછી કહ્યું છે : હલકા પ્રકારનું એક જાતનું નાટક. ભવાયો વિશે કહ્યું છે : નિર્લજ્જ કે ફજેતી કરે એવો માણસ. English Dictionary પણ એવા જ સમજ વગરના અર્થો આપે છે; દા.ત. The Modern Gujarati - English Dictionary – Vol. II (Director of Languages, Gujarat State) : 'ભવાયો'નો અર્થ કરે છે : A shameless person : an Impudent man – આ બરાબર નથી. ભવાયો 'બેઅદબ' નથી અને એને Impolite કે rude- અસભ્ય કહી શકાય નહીં.

હવે આ ગ્રંથોમાં ભવાઈનો જે અર્થ મળે છે તે જુઓ : ભવાઈ એટલે પરમેશ્વર કૃત કલાની અભિવ્યક્તિ' અથવા 'વિશ્વાસમાં જ શાશ્વતને શોધવું તે' વગેરે. લેખક કહે છે : 'વસ્તુતઃ તો એ (ભવાઈ કલાકાર) કંઈ કરતો નથી, પણ માતાની હાજરીમાં કંઈક થાય છે. કર્તા બનીને તે ભવાયો બહુચર અથવા કાલી બન્યો છે. પોતે શૂન્ય છે, નિમિત્ત માત્ર છે. તમારે એને ફૂંકીને વગાડવાનું, નળી જેવું એક વાદ્ય કહેવું હોય તો ભલે કહો, એવું કે જેની પાસે કંઈક બને છે, કંઈક થાય છે, પણ એને વિજ્ઞાન અનુસાર કે શાસ્ત્ર અનુસાર ચાલનારો ન કહેશો. તમે એને માતાનો કવિ કહી શકો, એવો કે જે પોતાની મેળે નાચતો, ગાતો કે કહેતો ના હોય, પણ પરમ-આત્મા જ જાણે કે ત્યાં નાચે છે, ગાય છે અને કહે છે :' એટલે કે પ્રભુત્વ કલાની અભિવ્યક્તિ છે તે. એવી કલા જ્યારે થાય ત્યારે દિગ્દર્શકિ શાસ્ત્ર, નિયમો તો બંધ જ કરી દેવા અને કહેવું ''ગાઓ, નાચો''. (ભવાઈ : ભક્તિ, રસ અને આહાર્ય (૨૦૦૩, મ.સ.યુનિ., વડોદરા) પૃ. ૧૩૨ આને પૃ. ૩૨)

ડૉ. કડકિયા 'ભવાયો'નો અર્થ આપે છે તે જુઓ : તેઓ કહે છે : 'ભવાયો એટલે નાના હૈયા સાથે વિરાટનો સમાગમ કરાવી આપનાર'. વિસ્તારથી તેઓ જણાવે છે કે 'અનેક રંગ અને ઢંગથી ભવાયાની સમજ જે અભિવ્યક્ત થાય છે તેમાં નાચ તથા ગાન મહત્ત્વનાં છે. જે ભક્તિ તથા મસ્તીનું સીધું પરિણામ છે. જેનાથી એ ધરતી અને આભને એક કરી શકે છે. આ મિલન-વાટ મીરાંના નાચ અને ગાન જેવી છે. ભવાઈના ઘણા વેશો એવી અદ્‌ભુત અસર લઈને આવે છે. બહુચર, કાલી, ગણપતિ જેવા વેશો જેને જેને એવી રીતે સ્પર્શી જાય તેને, ભક્તિની પાંખો ફૂટે, ગાનનો ગેરુવો રંગ લાગે અને મિલન વાટે નટની સાથે તે ઊડવા લાગે. એવી અસરવાળાં નાચ અને ગાન જેણે જોયાં તેને મન બીજાં નાચ-ગાનનું શું મહત્ત્વ છે ? નાચવાની કે ગાવાની જાણકારીથી નહિ, પણ મસ્તીથી તે નાચે છે અને ગાય છે. એ મસ્તી, એ ભક્તિ જ્યાં છે ત્યાં આનંદભાવ, પ્રેમની ધારા દેખાશે. પ્રેક્ષકો પણ એ સાથે એટલી નિકટતાથી જોડાય છે કે બીજાં નાચ-ગાન એમને ફિક્કાં માલૂમ પડવાનાં.'' (ભવાઈ :

ભક્તિ, રસ અને આહાર્ય (૨૦૦૩, મ.સ.યુનિ., વડોદરા), પૃ. ૧૩૬)

વળી, ઈશ્વરનું પ્રમાણ આપતાં તેઓ કહે છે 'ચારમાં તમે નટને અંબા કે બહુચરનો રોલ કરતાં જુઓ છો : બધી ઉપાધિમાંથી મુક્ત, મન સાથેના આત્માની બ્રહ્મવિચારના જેવી એ શક્તિ છે, જેને આપણે ધ્યાન કહીએ છીએ. બહુ મનોથી તેમ ઇતર જ્ઞાનોથી મુક્ત, એક સરખા જ્ઞાનરૂપ-ધ્યેય રૂપી આલંબનમાં સ્થિર છે એવું એ રૂપ ધ્યાનનું જ છે. ધ્યેયના પ્રદેશ પર મનને સ્થિર રાખવું એટલે ધારણ કરવું તે. ધ્યેય અને ધારણ આ બે શક્તિ કેળવવી કલાકાર માટે બહુ આવશ્યક છે. છેવટની સ્થિતિમાં ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે છે; તેવું ઊંડું ધ્યાન કે જેને આપણે યોગ કહીએ છીએ તે અહીં હોય છે. જેને આવી સમાધિ સિદ્ધ થઈ છે તેને સર્વ શાસ્ત્રનું જ્ઞાન સ્વયં થાય છે. માટે જ તો એ સ્થિતિએ પહોંચેલા ભવાયાને પ્રેક્ષકો પગે લાગે છે અને ચાચર મન્દિર બની જાય છે. આનંદ એવો સ્વભાવ છે. તે અહીં વ્યક્ત થતો આપણે જોઈએ છીએ, એટલે કે આ જેની અભિવ્યક્તિ છે એ જ ચેતનપણામાંનો ચમત્કાર અથવા રસ. જો પરમાત્મા ન હોય તો આ જે વિરાટ પ્રેમ, ચમત્કાર, રસ વહે છે તે કેવી રીતે વહે છે !' - એ માટે લેખક પ્રમાણો આપતાં કહે છે : 'યોગશાસ્ત્રનો કલા વગેરેમાં ઉપયોગ વગેરે અંગે અગ્નિપુરાણ વિગતે વાત કરે છે — અધ્યાય -૩, શ્લોક ૭૩ અને પછી' (એજન, પૃ. ૪૩, ૬૫). લેખક અધ્યાય - ૨માં 'ભક્તિ' નામના પ્રકરણમાં 'ભવાઈ એટલે : દહેરા તરફ ગતિ અને દહેરું બની જવાની સિદ્ધિ' 'ધર્મ-ધ્યાન તરફ જવાનો સંદેશ' 'પરમાત્માની આવવાની ઘટના' ''શિવ'' તત્ત્વની પૂજા, 'પ્રકૃતિ તત્ત્વની પૂજા', 'સૌમ્ય સ્વરૂપે પૂજાતાં રૌદ્ર સ્વરૂપો' અને બીજા પણ અનેક પ્રશ્નો ચર્ચે છે જે અહીં 'ભવાઈ' અને 'ભવાયો' સંદર્ભે નોંધ્યું છે તે વાતને જ સમર્થન આપે છે. પ્રયોગોમાંથી લીધેલા ફોટોગ્રાફ પણ તેની બોલતી સાબિતી છે. (એજન, પૃ. ૧૩૭ અને પછી-ચિત્ર-૮,૮/અ, ૧૦-૧૩,૨૫,૩૨-૩૩,૩૫,૩૬,૪૪,૪૮,૪૯ અને ચિત્ર-૮/અ, બ અને બીજા).

અલગ અલગ વેશોની બાંધણી, એના ગાનના ભાગ, તાલ, ભૂંગળના શેક સાથે કલાકારની પદગતિ ઇત્યાદિ વિશે એવી સરળ રીતે કહેવાયું છે કે શરૂઆત કરનાર ચાચરમાં લયબદ્ધ પદગતિ સાથે નાચી શકે. એમને હાલ બંધ પડેલી વિસનગર સ્થિત ભવાઈ તાલીમ શાળાનું સંચાલન સોંપી શકાયું હોત.

બહુશ્રુત વ્યક્તિત્વ ધરાવનાર શ્રી કૃષ્ણકાંત કડકિયાએ શ્રી. કે. કા. શાસ્ત્રીજીના માર્ગદર્શન નીચે ''૧૯૨૧ થી ૧૯૪૦ સુધીની ગુજરાતી અને હિંદીની ઐતિહ્યમૂલક નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ'' કરી ડૉક્ટરેટની ડિગ્રી પ્રાપ્ત કરી છે, એટલું જ નહીં, લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારો અને વિદ્વાનોએ સામયિકો અને સમાચાર પત્રોમાં ગ્રંથોના અવલોકનો દ્વારા શ્રી કડકિયાને નવાજ્યા છે.

શ્વાસ નીચે ન મૂકનાર, રાત્રી-દિવસ ભવાઈ માટે ચિંતાતુર - Anxious - શ્રી કૃષ્ણકાન્તે અમૂલ્ય કહી શકાય એવો ગ્રંથ ''ભવાઈ : સ્વરૂપ અને લક્ષણો'' આપીને ભવાઈ કલાકારો માટે, ખૂબ જ આભાર દર્શાવી શકાય એવું મહત્ત્વનું પ્રદાન કર્યું છે. આ ગ્રંથ વિદ્યાર્થીઓ અને કલાકારો માટે અગત્યનો છે અને પૂરતું માર્ગદર્શન આપે છે - યોગ્ય રસ્તો દર્શાવે છે. (અહીં એ નોંધવું જોઈએ કે ભાઈશ્રી કડકિયાનાં પુસ્તકો પ્રગટ થતાં રહે છે તેમાં પણ તેઓ ભવાઈ સંદર્ભે વખતોવખત લખે છે. સામયિકોમાં પણ લખે છે. એ લેખો પણ બહુ જ મહત્ત્વના છે અને માર્ગદર્શન આપે એવા છે. આપણે ઈચ્છીએ કે એ ગ્રંથસ્થ થઈ ભવાઈ વિષય સંદર્ભે એક સ્વતંત્ર પુસ્તકરૂપે બહાર આવે.)

આ ગ્રંથોના લખનારની ખૂબી અને આંતરિક સૂઝ એવી છે કે છેક ૧૪મી સદીમાં લખાયેલા વેશોમાં સાંપ્રત સમયને કેન્દ્રમાં રાખી — જે શક્યતાઓ ભરપૂર Filled up - ભરી હોય તેની વિગતો આપીને નવા સંશોધકો માટે, સમજપૂર્વક કાર્ય કરી શકે એવો, ચીલો ચાતરી આપ્યો છે.

ભરતનાટ્યશાસ્ત્રમાં રસનિષ્પત્તિ જે પ્રકારે અને આધારે થાય છે એ વિગતોને સ્પર્શી ભવાઈમાં ભાવ, વિભાવ, અનુભાવ આદિના સહારે રસાનુભૂતિનો ખ્યાલ તેઓ આપે છે, એટલું જ નહીં, એ પ્રકારે શ્રી રસિકલાલ

છે. પરીખ સિવાયના કોઈ અન્ય સાક્ષરોએ તેના પર ચિંતન કે આલેખન કર્યું નથી. વિશેષમાં તેઓએ વેદો તથા બીજા પણ ગ્રંથોનો ટેકો લઈ રસની વ્યાખ્યાને વિસ્તારી આપી છે. જેને કારણે નાટ્યશાસ્ત્રના અવલંબન ઉપરાંત પણ લોકનાટ્યોમાં રસને પામવાના વધારે અધિકરણો પ્રાપ્ત થાય છે. આ પ્રકારની શોધ પ્રથમ જ વખત સાંપડે છે. શ્રી કે.કા.શાસ્ત્રીએ ડૉ. કડકિયાના બે ગ્રંથો ''ભાવાનુભૂતિ'' અને ''ભાવવ્યંજકતા''માં પુસ્તકના વેષ્ટનની પાંખ પર - Flap-Pocket-Cover પર યથાર્થ જ લખ્યું છે કે ''રસ અંગે શાસ્ત્રકારોએ બાંધેલા રૂઢ વર્તુળો તોડી વિસ્તારીને એમણે લોક-નાટ્યોમાં રસ જોવા-માણવાની પદ્ધતિ વિકસાવી છે.''

નાટકો, નાટ્યરૂપકો વગેરે અને તેનું લોકનાટ્યસ્વરૂપ સાથેનું સંધાન તથા મૂળભૂત તત્ત્વોએ કઈ રીતે પરસ્પરને પ્રબળ અવલંબન તથા શક્યતા બક્ષી છે એની શાસ્ત્રીય ચર્ચા કરવા સાથે ભાઈ શ્રી. કડકિયાએ એમાં દેખાતું સરખાપણાનું તત્ત્વ પણ દર્શાવ્યું છે. વળી વિદેશમાં જઈ ભારતીય લોકનાટ્ય સ્વરૂપ વિશે જે તે દેશોના લેખકો, કલારસિકો, અને ફોક આર્ટમાં રસ ધરાવનારાઓને માહિતગાર કર્યા છે.

અહીં એ નોંધવું જોઈયે કે સમાજ અને સરકારે આ ગ્રંથોના લેખકને ખૂબ જ સહકાર આપ્યો છે જે વગર આ ભારે ઉદ્યમિતા પાર પાડવી મહામુશ્કેલ છે

એમના જે શબ્દોમાં જોઈએ :

'પ્રથમ મારું કામ ગુજ. યુનિ.એ મને આ અંગે આપેલી સંશોધન ગ્રાન્ટથી શરૂ થયું હતું. યુનિ.ને મેં એક પાઠ્યપુસ્તક તૈયાર કરીને આપ્યું. આ પુસ્તકને ખૂબ આવકાર મળ્યો. સિંધી, હિંદી અને અંગ્રેજી ભાષામાં એના અનુવાદો પણ થયા. પછી વેનિસવિલેના ''ફોકમૂટ'' અને વર્મોન્ટના ''ઇન્ટરફોક'' ના આયોજનકારોના નિમંત્રણથી અને એમાં યુ.જી.સી.એ આપેલ સંશોધન-ગ્રાન્ટને કારણે વિશ્વનાં લોકનાટ્યો અને લોકનૃત્યો જોવાની મને તક મળી. મેં અહીં ૮૪ દેશોના પ્રયોગો જોયા જેને મારા સંશોધન કાર્યમાં ઉપકારક સામગ્રી તથા માર્ગદર્શન પૂરાં પાડ્યાં. પછી ભારત સરકારની મિનિસ્ટ્રી ઑફ હ્યુમન રિસોર્સિસના સાંસ્કૃતિક પ્રવૃત્તિ અંગેના ખાતાએ, ભવાઈ અંગે વધુ અભ્યાસ અને સંશોધન કરવાના સબબે, મને સંશોધન ગ્રાન્ટ આપી. આ અને આવા બીજા પણ સંજોગોને કારણે ગામડે ગામડે ભવાઈના અભ્યાસ અને સંશોધન હેતુએ હું ફરી શક્યો છું અને ગુજરાતની પોતાની કહી શકાય એવી એક માત્ર કલા માટે ઊંડાણપૂર્વક કહી શકવાને શક્તિમાન બન્યો છું.' (તા. ૨૯-૧૦-૨૦૧૪ના રોજ Centre For Heritage Management અને Theatre Media Centre, (TMC) ના સંયુક્ત ઉપક્રમે થયેલ એક કાર્યક્રમમાં -Symposium on performing traditions of Ahmedabad-Saturday)

ભાઈશ્રી કડકિયાએ સાહિત્ય અને કલાના ક્ષેત્રે ઘરોબો -Intimacy- કેળવીને તથા તલસ્પર્શી - Touching the surface - અને યથાસ્થાને ઊંડાણ- Depth-માં અભ્યાસ કરીને એ ક્ષેત્રે ખૂટતી કડીઓનું સંધાન કરી આપ્યું છે. ખાસ કરીને ''લોકનાટ્ય : ભવાઈ'' માટે તો એ પ્રદાન ખૂબ જ મહત્ત્વનું અને અનન્ય છે.

મારે કહેવાનું હતું તે અહીં પૂરું થાય છે. મેં કદાચ ગમે નહિ, એવું પણ કોઈ સ્થળે લખ્યું હશે, મતભેદ પણ લાગે, પરંતુ જે કહ્યું તે સારા હેતુએ કહ્યું છે. એ હેતુ લક્ષમાં લઈ કલાની ચડતી માટે કાર્ય કરવા તૈયાર થશો તો સત્ય સુધી પહોંચી શકાશે અને હું સમજીશ કે મારો શ્રમ સફલ રહ્યો છે.

# "यज्ञोपवीत धारण-विधिः" જનોઈ ધારણ કરવાની વિધિx

◆

ડૉ. લક્ષ્મેશ જોષી*, શશિકાંત શુક્લ+

**યજ્ઞોપવીત ધારણ કરવાની આવશ્યકતા**

નવજાત શિશુના સોળ સંસ્કાર માંહેનો આ બારમો સંસ્કાર તે ઉપનયન. આ સંસ્કાર વખતે પિતા તથા ઋત્વિજ (આચાર્ય) દ્વારા ત્રૈવર્ણિક બટુકોને યજ્ઞોપવીત ધારણ કરાવવામાં આવે છે. જે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ ત્રણેય આશ્રમોમાં આ ઉપવીત અનિવાર્યપણે અખંડરૂપે ધારણ કરી રાખવાનો શાસ્ત્રનો આદેશ છે. ધારણ કરેલી યજ્ઞોપવીત અવસ્થા વિશેષરૂપે બદલીને નવીન જનોઈ ધારણ કરવી પડે છે. આમ તો ઉપનયન અને વેદાધ્યયનનું સ્ત્રીપુરુષ બંને માટે સમાન વિધાન શાસ્ત્રોએ કર્યું છે.

**यज्ञोपवीत धारण विधि : જનોઈ ધારણ કરવાની વિધિ :-**

सूतके मृतके चैव गते मासचतुष्टये ।
पतितं त्रुटितं वापि ब्रह्मसूत्रं यदा भवेत् ।
श्राद्धकर्मणे यज्ञादौ शशिसूर्यग्रहेऽपि च ।
नवयज्ञोपवीतानि धृत्वा पूर्वाणि संत्यजेत् ॥

કુટુંબમાં પ્રસૂતિ સબબ વૃદ્ધિ સૂતક તથા મરણનું સૂતક પ્રાપ્ત થાય અથવા જનોઈ બદલે ચાર માસ થઈ ગયા હોય ત્યારે જનોઈનો કોઈ તંતુ (દોરો) તૂટી જાય અને અસ્પૃશ્યતાનો સ્પર્શ થઈ જાય તો, શ્રાદ્ધમાં, યજ્ઞ આદિમાં, ચંદ્ર અને સૂર્ય ગ્રહણ બાદ નવીન યજ્ઞોપવીત ધારણ કરી પ્રથમ પહેરેલી જનોઈનો ત્યાગ કરવો. (गोभिल आचारभूषण - पृ. ५५(ज्योतिषार्णव).

પ્રથમ આચમન પ્રાણાયામ કરી નીચે પ્રમાણે સંકલ્પ કરવો.

अद्येत्यादि० मम श्रौत स्मार्त-कर्मानुष्ठानसिद्ध्यर्थं (अमुक मास, पक्ष, तिथि, दिवसे) कर्मांगत्वेन यज्ञोपवीतधारणं अहं करिष्ये ॥

અમુક (માસે, પક્ષે, તિથિ, દિવસે) વેદમાં કહ્યા અને મનુસ્મૃતિમાં દર્શાવ્યા પ્રમાણે મારા નિત્યકર્મની સિદ્ધિ અને કર્મના અંગરૂપે હું આ કર્મ કરું છું.

પછી જનોઈને બન્ને હથેળીના સંપુટ વચ્ચે રાખી દશવાર ગાયત્રી મંત્ર ભણી જવો.

ત્યારબાદ નીચે પ્રમાણે નવતંતુ દેવતાનું આવાહન (આમંત્રણ) કરવું.



प्रथम-तन्तौ ॐकाराय नमः ॐकारमावाहयामि ॥१॥
પ્રથમ તંતુએ ૐકારને નમન કરી ૐકારનું આવાહન કરું છું.

---

x **સંકલન-ગુજરાતી ભાષાન્તર :-** Retd. Professor & Head of Sanskrit Deptt. Gujarat University, AHMEDABAD. & Shashikant K. Shukla.

* પૂર્વ પ્રાધ્યાપક અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

\+ ૧૯, સાબરમતી સોસાયટી, પોસ્ટ ઑફિસ, સાબરમતી, અમદાવાદ-૫



द्वितीय-तन्तौ अग्नये नमः अग्निमावाहयामि ॥२॥
દ્વિતીય તંતુએ અગ્નિને નમન કરી અગ્નિદેવનું આવાહન કરું છું.



तृतीय-तन्तौ सर्पेभ्यो नमः सर्पानावाहयामि ॥३॥
તૃતીય તંતુએ સર્પને નમન કરી સર્પદેવતાનું આવાહન કરું છું.



चतुर्थ-तन्तौ सोमाय नमः सोमम् आवाहयामि ॥४॥
ચતુર્થ તંતુએ સોમ(ચંદ્ર)ને નમન કરી સોમદેવનું આવાહન કરું છું.



पञ्चम-तन्तौ पितृभ्यो नमः पितॄन् आवाहयामि ॥५॥
પંચમ તંતુએ પિતૃઓને નમન કરી પિતૃદેવનું આવાહન કરું છું.



षष्ठ-तन्तौ प्रजापतये नमः प्रजापतिम् आवाहयामि ॥६॥
છઠ્ઠા તંતુએ પ્રજાપતિને નમન કરી પ્રજાપતિદેવનું આવાહન કરું છું.



सप्तम-तन्तौ अनिलाय नमः अनिलम् आवाहयामि ॥७॥
સપ્ત તંતુએ વાયુને નમન કરી વાયુદેવનું આવાહન કરું છું.



अष्टम-तन्तौ यमाय नमः यमम् आवाहयामि ॥८॥
આઠમા તંતુએ યમને નમન કરી યમદેવનું આવાહન કરું છું.



नवम-तन्तौ विश्वेभ्यो देवेभ्यो नमः विश्वान्देवान् आवाहयामि ॥९॥
નવમા તંતુએ વિશ્વદેવને નમન કરી વિશ્વદેવોનું આવાહન કરું છું.




यज्ञोपवीत ग्रन्थि देवतावाहनम् ।

યજ્ઞોપવીતની ગ્રંથિએ દેવતાનું આવાહન

ૐ ब्रह्मजज्ञानं० ॥ ग्रन्थि मध्ये ब्रह्मणे नमः ब्रह्माणम् आवाहयामि ॥१॥

ૐ સુષુમ્ણા નાડી સ્થિત બ્રહ્માંડના સર્જક બ્રહ્મા. યજ્ઞોપવીતની બ્રહ્મગ્રન્થિ મધ્યે બ્રહ્માજીને નમન કરી બ્રહ્માનું આવાહન કરું છું.

ૐ इदं व्विष्णु० ॥ ग्रन्थि मध्ये विष्णवे नमः विष्णुम् आवाहयामि ॥२॥ ૐ સુષુમ્ણા નાડી સ્થિત બ્રહ્માંડના પાલનહાર વિષ્ણુને ઉપવીતની બ્રહ્મગ્રન્થિ મધ્યે વિષ્ણુને નમન કરી શ્રીવિષ્ણુનું આવાહન કરું છું. ૐ त्र्यम्बकं० ॥ ग्रन्थि मध्ये रुद्राय नमः रुद्रम् आवाहयामि ॥ ૐ સુષુમ્ણા નાડી' સ્થિત બ્રહ્માંડના સંહારક ત્ર્યંબક૦ યજ્ઞસૂત્રની બ્રહ્મગ્રન્થિ મધ્યે રુદ્રને નમન કરી રુદ્રનું આવાહન કરું છું.

तंतुदेवताभ्यो नमः गंधाक्षतपुष्पाणि समर्पयामि ॥

સર્વ તંતુ દેવોને નમન કરું છું અને સુગંધી ચંદનલેપ, ચોખા અને પુષ્પ સમર્પણ કરું છું. ત્યારબાદ નીચેના મંત્રથી યજ્ઞોપવીત ધારણ કરવી.

ૐ यज्ञोपवीतं परमं पवित्रं प्रजापतेर्यत्सहजं पुरस्तात् ॥
आयुष्यमग्र्यं प्रतिमुंच शुभ्रं यज्ञोपवीतं बलमस्तु तेजः ॥
यज्ञोपवीतमसि यज्ञस्य त्वा यज्ञोपवीतेनोपनह्यामि ॥

ૐ યજ્ઞોપવીત પરમ પવિત્ર છે અને પ્રજાપતિની સાથે જન્મલું છે. તે ઈશ્વરના અનુગ્રહથી દીર્ઘાયુષ્ય, ઉદાત્ત ઉજ્જવળ જીવન, શ્રેષ્ઠ ગુણો, બળ અને તેજ આપવાવાળું થાઓ. હું (આચાર્ય) તેની પ્રાર્થના કરી તે પૂજનીય પરમાત્માની ભક્તિ તથા અનુષ્ઠાન કરવા માટે અર્થાત્ યજ્ઞ માટે યજ્ઞસૂત્રથી તને સંનદ્ધ(તૈયાર) કરું છું. ત્યારબાદ નીચેનો મંત્ર બોલી જૂની જનોઈનો ત્યાગ કરવો.

एतावद्दिन-पर्यंतं ब्रह्मत्वं धारितं मया ॥
जीर्णत्वात् त्वत्परित्यागो गच्छ सूत्र यथा सुखम् ॥

અત્યાર સુધી બ્રહ્મત્વને ધારણ કર્યું. તે જૂની થવાથી તેનો ત્યાગ કરી રહ્યો છું. હે જનોઈ, તમે સુખેથી જાઓ.

આ પ્રમાણે મંત્ર ભણી શિરોમાર્ગ (માથા ઉપર)થી ત્યાગ કરી.

તત્પશ્ચાત્ યથાશક્તિ ગાયત્રીમંત્રનો જપ કરવો.

**ટિપ્પણી** :- જૂની જનોઈને કંઠી જેવી બનાવી માથાથી પીઠ બાજુએ કાઢીને તેને યથાસ્થાને શુદ્ધભૂમિમાં ત્યાગવું.

संकल्प : अनेन नवयज्ञोपवीत धारणेन श्री परमेश्वरः प्रीयतांनमम ॥

સંકલ્પ : આ પ્રકારે નવી યજ્ઞોપવીત ધારણ કર્મ કર્યું. તેનાથી શ્રી પરમેશ્વર પ્રસન્ન થાઓ.

इति यज्ञोपवीत-धारण-विधिः ॥ યજ્ઞોપવીત ધારણ વિધિની સમાપ્તિ.

પાદટીપ : ૧ જો શ્રાવણી પૂજનમાં યજ્ઞોપવીતને અભિમંત્રિત કરવામાં આવી હોય તો નવ તંતુ દેવતાની પુનઃ સંસ્કારની જરૂરિયાત નથી. કેવળ ધારણ વિધિ સંકલ્પથી તે ધારણ કરી લઈ, જૂની જનોઈનો ઉપર્યુક્ત રીતે ત્યાગ કરવો અને યથાશક્તિ ગાયત્રી મંત્રના જપ કરવા.

:૨:૦।। (સંસ્કૃત) ૦ ગુજરાતી ચિહ્નો : છે તેના સવિસ્તૃત શ્લોક માટે વેદનો અભ્યાસ કરવો એમ સૂચવે છે.

અનિવાર્ય ટિપ્પણ : લેખ સાથે સંકલન-ગુજરાતી ભાષાન્તરકારે મુક્તિધામ કાશી જેવો બનાવેલો જનોઈ જોટો મોકલ્યો છે. તે માટે તેમણે વેદાંતી સંસ્કૃતના વિદ્વાન પાસે યજ્ઞોપવીત નિર્માણ તથા બ્રહ્મગ્રન્થિ બાંધણીનું પ્રશિક્ષણ લીધું. ત્યારબાદ ગૂઢ આંક (જાડાઈ)નું કપાસનું સૂતર અરવિંદ લી. સાંતેજ ડિવીઝને કાંતી આપ્યું તે બદલ તેઓ સર્વ અભિયોગિકોનો હાર્દિક આભાર માને છે.

## સંદર્ભો :


૧. बृहद् ब्रह्मनित्यकर्मसमुच्चयः । शास्त्री दुर्गाशंकर उमाशंकर ठाकर, वालुकेश्वर संस्कृत पाठशाला, मुंबई – ४००००६, आवृत्ति १३मी इ.स.१९८०, पृष्ठ १-५१६

૨. શ્રી ब्रह्मनित्यकर्म કર્તા અને પ્રકાશક, જયકૃષ્ણ પ્રેમશંકર શુકલ, રાંદેર રોડ, પારેખ ફળી આ. સનેઃ૧૯૨૫

૩. ''ષોડશ સંસ્કાર સમુચ્ચય'', વેદ વિજ્ઞાન અકાદમી, હાઈલેન્ડ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૧૫, ઈ.સ. ૧૯૮૬

૪. નિત્યકર્મ - પૂજા પ્રકાશ, ગુજરાતી. અનુવાદક : મહેન્દ્ર હ. જાની. પ્રકાશક : ગોબિંદભવન, કાર્યાલય : ગીતાપ્રેસ, ગોરખપુર. ઈ.સ.૨૦૦૧.

૫. Images-Google Website.


લેખ સંરચના કાળ : તા. ૨૫-૫-૨૦૧૫ થી ૪-૭-૨૦૧૫ = કુલ ૪૧ દિવસ.

# માધવ ક્યાંય નથી.

◆

યોગેન્દ્ર વ્યાસ*

ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં
માધવ ક્યાંય નથી મધુવનમાં.
કાલિંદીના જળ પર ઝૂકી પૂછે કદમ્બ ડાળી
યાદ તને બેસી અહીં વેણુ વાતા'તા વનમાળી ?
લહર વમળને કહે વમળ એ વાત વહે સ્પંદનમાં
માધવ ક્યાંય નથી...
કોઈ ન માંગે દાણ કોઈની આણ ન વાટે ફરતી,
હવે કોઈ લજ્જાથી હસતાં રાવ કદી ક્યાં કરતી ?
નંદ કહે જશોમતીને માતા લાલ ઝરે લોચનમાં
માધવ ક્યાંય નથી...
શિર પર ગોરસ મટુકી મારી વાટ ન કેમે ખૂટી
અબલગ કંકર એક ન લાગ્યો ગયાં ભાગ્ય મુજ ફૂટી.
કાળજ કહે આંખોને આંખો વાત વહે અસુંઅનમાં
માધવ ક્યાંય નથી...

– હરીન્દ્ર દવે

સંવેદનની બરાબર બંધબેસતા શબ્દો (ઉચિત શબ્દોમાં), બરાબર બંધબેસતા (ઉચિત) લયમાં/ક્રમમાં ગોઠવણીને જો કવિતા કહેવાય તો આ એક ધ્યાન ખેંચે તેવું કાવ્ય છે. સંવેદનની તીવ્રતા અને ઊંડાણ શબ્દે શબ્દે અનુભવાય અને લય સાથે સીધું અંદર ઊતરી જાય, હૃદયને વિગલિત કરી દે, વ્યક્તિત્વને ઓગાળી નાખે એવી અસર કરે ત્યારે ભાવકને રસ-સમાધિનો આનંદ આવે.

આ કાવ્ય કોઈ ફરિયાદ રૂપે નથી આવ્યું, દાદ માગવા નથી આવ્યું, વાસ્તવિકતાનો અહેવાલ આપવા નથી આવ્યું પણ એક અભાવનો જે તીવ્ર અનુભવ છે અને એ અનુભવને કારણે ખાલીપાનું જે દર્દ છે તેને માત્ર અભિવ્યક્ત કરવા આવ્યું છે.

એક એક શબ્દને સમજતા જઈએ અને અંદરના એક એક દરવાજા ઊઘડતા જાય છે. ફૂલ કહે છે. 'ફૂલ'ની સાથે કાવ્યમય પુષ્પ અથવા કુસુમ શબ્દ તરત યાદ આવે. કહેની સાથે પ્રાસ ગમે એવો કુસુમ શબ્દ વાપરવાને બદલે કવિથી ફૂલ શબ્દ કેમ વપરાઈ ગયો ? 'કુસુમ કહે' એવી શરૂઆત વધુ ધ્યાન ખેંચનારી બની શકે પણ કવિથી ફૂલ શબ્દ વપરાઈ ગયો. પુષ્પ કે કુસુમના અર્થમાં 'ફૂલ' શબ્દ સંસ્કૃતમાં ચલણી નથી તે સૂચક છે. સંસ્કૃતમાં ફૂલે છે, ખીલે છે એવા અર્થનો 'ફુલ્લ' શબ્દ છે. એ ખીલેલું છે. પણ સંપૂર્ણ ખીલેલું. વિકસેલું નથી. (સંપૂર્ણ ખીલેલું કે વિકસેલું માટે 'પ્રફુલ્લ' શબ્દ વપરાય છે.) કુસુમ કે પુષ્પ સંપૂર્ણ ખીલેલાં-વિકસિત છે તેથી પૂર્ણ સુવાસથી મઘમઘે છે. જેઓ પૂર્ણ વિકાસને પ્રાપ્ત થઈ ચૂક્યાં છે તેઓ તો પોતે જ માધવસ્વરૂપ બની ગયા છે. જે હજુ ખીલી રહ્યું છે, વિકસી રહ્યું છે તેને જ કૃષ્ણમય બનવાની તમન્ના છે, કૃષ્ણને પામવાની આરઝૂ છે. કૃષ્ણનો ઝૂરાપો છે. તેને જ માધવની શોધ છે. એવું જ 'મધુકર' શબ્દનું છે. 'ફૂલ' મધુકરને પોતાની પીડાની

* પૂર્વ ડિરેક્ટર, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

વાત નથી કરતું. એ તો સમદુઃખીને કહે છે. 'મધુકર' પણ પોતે મધુ કરનારો હોવાથી 'માધવ' સ્વરૂપ પામી ચૂક્યો છે પણ ભમરો હજુ માધવની શોધમાં છે. એક ડાળેથી બીજી ડાળે એ અસંતોષની આગમાં શેકાતો, તૃપ્તિની શોધમાં ભટક્યા કરે છે, ભમ્યા કરે છે તેથી ભમરો છે. એટલે ભમરાને ફૂલની વેદના સમજાય છે. એ તરત જ ફૂલની વળને પોતાના ગુંજનમાં 'વહે' છે, વહે છે એટલે વહન કરે છે એ તો ખરું જ પણ વહે છે એટલે જોડી દે છે, ગુંજનની સાથે જ સાંકળી લે છે. એનું ગુંજન જ જાણે 'માધવ, માધવ'નો જાપ બની જાય છે. 'સિમરન મન કી પ્રિત હૈ, સો મન તુમ્હારે પાસ' એવી સ્થિતિએ ફૂલ અને ભમરો બંને પહોંચ્યા છે અને 'માધવ, માધવ' કરતાં ફર્યા કરે છે, ફરવા માટે ભટકવા માટે આખું મધુવન છે. આખો સંસાર 'મધુવન' છે. અહીં કામનાઓનું મધુ ચારેબાજુ છે અને શ્રીકૃષ્ણની કૃપાનું મધુ પણ છે. કામનાઓના મધુનો મોહ છૂટે પછી શ્રીકૃષ્ણની કૃપાનું મધુ પમાય એવો ઘાટ છે એ સમજ સુધી પહોંચવાનું ફૂલ અને ભમરાને બંનેને બાકી છે. સમજાયું હશે કે 'માધવ' શબ્દ પણ ઘણો સૂચક રીતે વપરાઈ ગયો છે. મધુ અને મધુવન બંનેના સર્જક માધવ છે. દેખીતી રીતે એ મધુના વંશજ છે પણ તાત્ત્વિક રીતે મધુ એમનું સર્જન છે.

શરૂની આ પંક્તિઓ ઈશ્વરદત્ત બની રહી છે. પછીની ત્રણ કડીઓ કવિની સંસ્કારભૂમિકામાંથી આવી છે. કૃષ્ણ જે મુખ્ય ત્રણ બાબતો માટે ખ્યાત છે – બંસરી બજવૈયા તરીકે, ગોપીઓ પારો દાણ ઉઘરાવનાર તરીકે અને ગોપીઓની મટુકીને કંકર મારીને તોફાન કરનાર તરીકે તેનો કાવ્યમય ઉપયોગ કવિ કરે છે.

કદંબડાળી કાલિંદીના જળ ઉપર મૂકીને જાણે કે કાનમાં પૂછે છે એવી રમ્ય કલ્પના કવિ કરે છે. કાલિદાસના 'મેઘદૂત'ની વિરહિણી યક્ષપત્ની પિંજરામાં રહેલી સારિકાને પૂછે છે, 'कश्चित् भर्तुः स्मरसि रसिके ?' એવું જીવંત ચિત્ર અહીં કવિ બે પંક્તિમાં ખડું કરે છે. કદંબવૃક્ષ ગામને પાદર થતું બહુ જાણીતું વૃક્ષ છે. એનાં નાનાં છતાં સુગંધયુક્ત પુષ્પો અને મોટાં ગોળાકાર પાંદડાંની શીતળ છાયા વર્ષાઋતુને વધુ રમણીય બનાવે છે. 'लोकप्रसिद्धतरुराज कदम्बनामा' - રતિવિહાર દૂર કરે છે. સાથે સાથે મનોવિહાર પણ દૂર કરે છે એવું જાણે કે કવિને સૂચવ્યું છે. એ કદંબની ડાળી ઉપર બેસીને તો શ્રીકૃષ્ણ વાંસળીના હૈયામાં પ્રેમનો પ્રાણવાયુ ફૂંકતા હતા અને તેને જ નહીં, કદંબવૃક્ષ, કાલિંદી અને સમગ્ર ગોકુળને ઘેલું કરી મૂકતા હતા. કલિંગપર્વતની પુત્રી કાલિંદી યમની બહેન પણ છે મૃત્યુને જીવનનો સંદેશો પહોંચાડવાનો (જળનો અર્થ જીવન પણ થાય છે) યશ એને પેલા વાંસળીના સૂરોએ અપાવ્યો હતો અને તેનામાં એ સૂરોએ જ લહરનાં સ્પંદન (જીવનના ધબકારા) જગાડ્યાં હતાં. તેની વાત જાણે કે કદંબ યાદ કરાવે છે. કદંબ પોતે પણ એ સૂરોને સકારણ યાદ કરે છે. વાંસળીમાં પ્રેમનો પ્રાણવાયુ ફૂંકાતાં જ (વેણુ વગાડતા નહીં, વાતા'તા એટલે વેણુમાં પ્રાણવાયુ 'ફૂંકતા'તા) કદંબની કળીઓ મ્હોરી ઊઠતી હતી (વર્ષારંભે મેઘગર્જનાથી કદંબને કળીઓ બેસે છે એવો કવિસમય છે.). સ્પંદન શબ્દનો અર્થ કંપન જ નહીં ધબકાર - જીવનનો ધબકાર પણ થાય છે તે અહીં બંધબેસે છે. વેણુ અહીં વેણુગોપાલની અને વનમાળી અહીં કદંબનાં સુરભિત પુષ્પોની માળા ધારણ કરેલા બાળકૃષ્ણની પ્રેમમૂર્તિની સ્મૃતિ તાજી કરાવે છે. વેણુના સૂરોમાં વહેલો પ્રેમનો સંદેશો જ જીવન છે. એની આટલી તીવ્ર યાદ કદંબ અને કાલિંદી સિવાય બીજા કોને હોય ?

એ પછીની કડીમાં કવિ જીવનના માર્ગમાં પ્રેમની દાણ ઉઘરાવતા બાળકૃષ્ણની છબિ તાજી કરે છે, 'વાટ' શબ્દ એ રીતે ઘણો અર્થપૂર્ણ છે. રસ્તા અને માર્ગો બનાવવા પડે છે, એ ક્યાંકથી શરૂ થાય છે, ક્યાંક પૂરા થાય છે. વાટ તો એની મેળે અસ્તિત્વમાં આવે છે. ચરણ ચાલવા માંડે છે અને વાટ પડી જાય છે. જીવન શરૂ થાય છે અને એ જીવનની વાટ એની મેળે અસ્તિત્વમાં આવે છે. આવી જીવનવાટ ઉપર પ્રેમમૂર્તિ શ્રીકૃષ્ણની સત્તા ચાલે છે. પ્રેમની જ આણ ફરતી હોય, પ્રેમની જ આજ્ઞા ચાલતી હોય એનું નામ જ કૃષ્ણમય જીવન, પ્રેમમય જીવન, પ્રભુમય જીવન. પ્રેમની આણ ચાલતી એની મીઠી રાવ ગોપી કરતી. ગોપીઓ પ્રેમપૂર્ણ જીવાત્માઓનું પ્રતિનિધિત્વ કરે છે. જીવાત્મા ઉપર પ્રેમસ્વરૂપ કૃષ્ણની આણ ચાલતી હોય, પ્રેમની જ દાણ માગવામાં આવતી હોય એના જેવું આનંદમય જીવન બીજું કયું હોઈ શકે ? આ પ્રેમની સત્તા, પ્રેમની આણ

અને પ્રેમની દાણ વિના જીવન કેવું શૂન્યાવકાશનો અનુભવ કરે છે તેની વાત નંદ યશોદાને કરે છે.* યશોદા તો એનો રાતદિવસ અનુભવ કરે છે છતાં એમના હૈયામાં ઝૂરાપા રૂપે વસેલો તેમનો લાલ-પ્રેમસ્વરૂપે ધબકતો એમનો કૃષ્ણ કનૈયો એમની આંખોમાંથી સતત ઝર્યા કરે છે. 'લોચન'નો અર્થ જ જે જુએ છે તે એવો થાય છે, આ લોચન હવે અશ્રુરૂપે પોતાના લાલને જ ઝર્યા કરે છે, જોયા કરે છે. 'ઝરે' શબ્દનો ઉપયોગ પણ નોંધી શકાય. 'ઝરવું' એટલે સતત વહ્યા કરવું, એક સરખી ગતિથી વહ્યા કરવું. 'નિશદિન બરસત નૈન હમારે' - અહીં તો બરસત નહીં, ઝર્યા કરે છે. વરસાદમાં ગતિની તીવ્રતા ઓછીવત્તી થાય. આ તો એક સરખી તીવ્રતાથી નિરંતર શ્રીકૃષ્ણરૂપે - હૈયામાંથી નિતરતા પ્રેમરૂપે આવ્યા કરે છે.

છેલ્લી કડીમાં 'મોહે કંકરના માર'- એવી નકારમાં હકારવાળી લાડપ્યારના પ્રસંગની વાત છે. કવિએ એ પ્રસંગનો ઊંચા તત્ત્વજ્ઞાનને-જીવનની ઊંડી ફિલસૂફીને રજૂ કરવા માટે કાવ્યમય ઉપયોગ કર્યો છે. ગોરસ એ ગોકુળના જ નહીં, વિશ્વભરના પ્રેમનું પ્રતિનિધિત્વ કરે છે. ગાયનાં દૂધ, દહીં, માખણ આ કવિતાના સંદર્ભમાં જગતનું જે અ-મૃતત્વ, જે અમર નવનીત છે, જીવનના સારરૂપ જે તત્ત્વ છે તેની વાત કરે છે. અહંની અથવા ભૌતિકતાની મટકીમાં એ પ્રેમના અમૃતને મૂકીને જીવાત્મા નીકળ્યો છે. અહંની-અહંકારની - હુંપણાની મટકી માથા ઉપર હોય એ સહજ છે. હુંપણાની મટકીમાં ભરેલો પ્રેમરસ 'હું' સિવાય કોઈને ટીપું ય મળતો નથી. હું પણાની મટકીનો ભાર કંઈ ઓછો નથી હોતો. એ ભાર લઈને ચાલ્યા જ કરો. ચાલ્યા જ કરો. વાટ ખૂટતી જ નથી. એ ભાર માથે છે એટલે હુંપણાની વાત પણ ખૂટતી નથી. અત્રતત્ર સર્વત્ર મારી જ વાત કર્યા કરવાનું ક્યારેય ખૂટતું જ નથી. એ મટકી ફૂટે તો ભાગ્ય ત્રુઠે-પ્રસન્ન થાય. એ મટકી ફૂટે તો પ્રેમરસ છલકાઈને પોતાને જ નહીં, અન્યને પણ ભીંજવી જાય, નવડાવી દે. અહંકારની મટકી ફૂટતી નથી કારણકે ઈશ્વરની કૃપાનો કંકર એને લાગ્યો નથી. કંકર શબ્દ માત્ર શંકરની યાદ અપાવે છે એટલેથી વાત અટકતી નથી. કંકર શબ્દનો અર્થ પણ સૂચક છે. ગમે તે સામાન્ય પથ્થર કંકર નથી હોતો. ઈંટનો કટકો હોય તો ઢેખાળો હોય, ખડકનો મોટો ટુકડો હોય તો પાણો અથવા પથ્થર હોય અને નાનો-ઝીણો ટુકડો હોય તો કપચી હોય પણ કંકર તો ચુનાનો નાનો ટુકડો છે. એ પથ્થર જેટલો કઠણ કે સખત નથી છતાં મૃદુતાથી મટકી ફોડી શકે એવો તો છે જ. વળી 'અબ લગ' માંનો 'લગ' અને 'લાગ્યો'માંનો 'લાગ' (કવિએ કંકર વાગ્યો નહીં પણ લાગ્યો કહ્યું છે અને અબતક નહીં પણ અબલગ કહ્યું છે તે નોંધો) લગ્ન-લગ્ગ-લાગ શબ્દ છે. - એ શબ્દ સૂચવે છે કે કંકર લાગ્યો હોત તો પોતે એ પ્રેમરસ સાથે જોડાઈ જાત (ચૂનાનું કામ જોડવાનું છે એ અર્થમાં કંકરને જુઓ). પ્રેમરસમાં ભળી જાત - હરિરૂપ બની જાત. એમ ન થયું એટલે પોતાનાં ભાગ્ય રૂઠ્યાંનું નહીં, ફૂટ્યાંનું અનુભવાય છે. 'ભાગ્ય' તો ભાગ ઉપરથી-હિસ્સા ઉપરથી આવેલો શબ્દ છે. પોતાના હિસ્સાનું જેને મળે છે તે ભાગ્યશાળી હોય છે. અહંની મટકી ફૂટી નહીં તેથી પોતાના હિસ્સે આવતો પ્રેમરસ મળ્યો નહીં તેથી ભાગ્ય ફૂટ્યાં છે, ભાગ્ય રૂઠ્યાં હોય તો કોઈ દિવસ પણ ત્રૂઠવાની શક્યતા રહે પણ આ તો ફૂટી જ ગયાં. હવે તો 'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે' એવું ગાવાનું ભાગ્યમાં રહ્યું. પોતાના આ ફૂટલા ભાગ્યનો અહેસાસ કાળજાને કોરી નાખે છે, દિલને તોડી નાખે છે. એ કાળજું આવી દુર્ભાગ્યના દુ:ખની વાત કહે તોય કોને કહે ? જશોમતી તો સદ્ભાગી છે કે એ તો એનાં લોચનોમાં એના હૈયામાં બેઠેલા એનાં લાલને ઝર્યા કરે છે. અશ્રુરૂપે પ્રેમરસ જ છલકાયા કરે છે પણ અહીં તો કરમની કઠણાઈ જ એ છે કે 'અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફૂટી'ની વાત ને- અત્યંત શોક અને અફસોસની વાતને જ આંખોયે આંસુરૂપે વહાવ્યા કરવાની છે, 'કાળજ' શબ્દ કાળમાંથી જન્મેલું, કાળાશમાંથી જન્મેલું કાજળ એવો પણ સમજાય તો કાજલ અને આંખોની ગુફ્તેગો સાંભળી શકાય. આશ્વાસનની વાત એ છે કે 'ગયાં ભાગ્ય મુજ ફૂટી'નો

* બધી કડીઓમાં આગળના પાત્રનું નામ કવિ બેવડાવવે છે - ભમરો વાત કહે, પત્રથીએ વાત કહે આંખો વાત વહે - પણ વચ્ચેની કડીમાં જશોમતિને કહેલી વાત જશોમતી નહીં, માતા લાલ ઝરે - વાત વહેવી અને લાલ ઝરે લોચનમાં નો તફાવત સમજવા જેવો છે.

અહેસાસ આંસુ બનીને વહ્યા કરે છે એટલે એ ઝુરાપો પોતેજ ક્યારેક પ્રેમરસ રૂપે રૂપાંતર પામે એવી શક્યતા રહે છે. 'ભગ' એટલે ઐશ્વર્ય. જેમાં સમત્વ, બળ, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્યનો સમાવેશ થાય છે. છમાંથી એક પણ હોય તે ભાગ્યશાળી, છએ હોય તે ભગવાન. હવે એ છએ ગુણોના ધારક શ્રીકૃષ્ણ જ સાથે ન હોય, તેમની કૃપાનો કંકર ન વાગ્યો તેથી ભાગ્ય ફૂટ્યાં.

કાવ્યમાં આ બધા શબ્દો આટલી સભાનતાથી કવિએ વાપર્યા છે એમ કહી શકાય નહીં. ભાવક અથવા અભ્યાસી તરીકે કાવ્યપ્રવાહમાં તણાયા વિના તટસ્થ રીતે આ તપાસ કરીએ ત્યારે આવા બધા અર્થો સમજાય છે. આ સમજણ આપણને આ કવિતાનું આપણા પૂરતું, આપણા આસ્વાદ પૂરતું એક પુનઃસર્જન કરવા પ્રેરે છે. માધવ ક્યાંય નથી નો અનુભવ તો કવિની જેમ જ માણસ જાતે દરેક યુગે કર્યો છે. કોઈને 'માધવ ક્યાંય નથી.'નો અહેસાસ 'ક્યાં છે કવિતા ?' જેવા પ્રશ્નમાં થયો હોય એટલો જ તફાવત ગણાય. વળી કોઈને એ અહેસાસ 'ક્યાં છે પ્રેમ ?' 'ક્યાં છે માનવતા ?' 'ક્યાં છે સમસંવેદન ?' એવા વિવિધરૂપે થયો હોય. તાત્ત્વિક રીતે આ અહેસાસને કવિએ કૃષ્ણકથાના હૃદયસ્પર્શી અને હૃદયંગમ મુખ્ય ત્રણ પ્રસંગો સાથે સાંકળીને કાવ્યમયરૂપે મૂક્યો છે. એ અભિવ્યક્તિમાં એમનાથી શબ્દોની જે પસંદગી થઈ ગઈ છે તે વ્યંજનાના અનેક અર્થોને ખોલી શકે અને અંતે માનવહૃદયનાં દ્વાર ખોલી શકે એવી ક્ષમતા ધરાવે છે એટલું જ સૂચવવાનો આ ઉપક્રમ છે. રસિકો જોઈ શકશે કે આ શબ્દોની પસંદગીને કારણે જ એક ભજનનો લય આ કવિતાને પ્રાપ્ત થયો છે. 'વાત વરે' 'વેણુ વાતા'તા વનમાળી', 'દાણ કોઈની આણ' 'રાવ કદી ક્યાં કરતી ?' 'મટુકી મારી', 'કાળજ કહે' જેવા આંતરયમક અથવા ગુંજન/મધુવન/સ્પંદન/લોચન/અસુંઅન' જેવા કે ડાળી/વનમાળી, ફરતી/કરતી, ખૂટી/ફૂટી જેવા પ્રાસ એ માત્ર લયતત્ત્વ માટે જ કસબરૂપે આવ્યા છે એમ નહીં કહી શકાય.કાવ્યના લયને એ જેટલા ઉપકારક છે એટલા જ કાવ્યના હાર્દને પ્રગટ કરવામાં એ ઉપયોગી છે. આ શબ્દો જ જાણે કે આપણને કહી જાય છે કે માધવ ક્યાંય નથી પણ જો છે તો વેણુની વેદનામાં અને કદંબના ઝુરાપામાં છે. ગોપીની રાવના અભાવમાં અને નંદ-યશોદાના વહાલથી વરસતાં આંસુમાં છે, મટુકીના ગોરસમાં છે તો કંકર રૂપી કૃપામાં અને તે ન લાગ્યાને કારણે ફૂટી ગયેલા ભાગ્યના અહેસાસમાં વહેતાં આંસુઓમાં પણ છે. કારણ કે આ વેદના, આ ઝુરાપો, આ અભાવ અને ખાલીપો, આ અહેસાસ અને આંસુઓ જ અહંને- 'હું'ને ઓગાળી નાખી શકે છે. 'હું'નો જડઘન બરફ આંસુઓમાં ઓગળી જાય છે પછી તો માત્ર કાલિંદીનાં જળનો કાળપ્રવાહ જ પ્રેમરસરૂપે વહેતો હોય છે. એ પ્રેમરસ જ ઈશ્વર છે, શ્રીકૃષ્ણ છે. 'જબ મૈં થા તબ હરિ નહીં, જબ હરિ હૈ તો મૈં નાહી' એવી સ્થિતિ માત્ર પછી તો રહે છે.

# સૂરતના લોકોની મીઠાવેરા વિરોધી લડત - ૧૮૪૪

◆

ડૉ. જયકુમાર ર. શુક્લ

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ (૧૯૦૬) કરી, તેમાં વિજય મેળવીને ભારત ૧૯૧૫માં આવ્યા. તે અગાઉ પણ ભારતના લોકોમાં અહિંસક વિરોધ કરીને પરદેશી સરકારને નમાવવાની આવડત હતી. તે પુરવાર કરતી મીઠાવેરા વિરોધી લડત સૂરતમાં થઈ હતી. આ લડત માટે 'સત્યાગ્રહ' શબ્દ વપરાયો નથી, કારણ કે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાની લડત વખતે તે શબ્દ બનાવ્યો હતો. પરન્તુ સૂરતની ૧૮૪૪ની આ લડત સત્યાગ્રહ જેવી જ હતી. વળી આ લડતના કોઈ એક નેતા ન હતા. આખી લડત સામૂહિક હતી. તેમાં સંઘશક્તિનો વિજય આપણે જોઈ શકીએ છીએ.

કંપની સરકારે મુંબઈ રાજ્યમાં એક મણ મીઠા પરનો કર રૂ. ૦-૮-૦ આઠા આના હતો, તે ૧લી સપ્ટેમ્બર, ૧૮૪૪થી વધારીને એક રૂપિયો, એટલે બમણો કર્યો. આનાથી સામાન્ય લોકોના આર્થિક જીવન પર ઘણી વિપરીત અસર થાય તેમ હતી. સૂરતના લોકોને આ કર ઘણો વધારે તથા અન્યાયી લાગ્યો. તેથી તેમણે તેનો સખત વિરોધ કર્યો.

તે વખતે સૂરત શહેરની વસતી ૮૦,૦૦૦ની હતી. તેમાં સૌથી વધારે હિંદુ, પછી મુસ્લિમો, પછી પારસી અને સૌથી ઓછી સંખ્યામાં જૈનો હતા. તે સમયે મુસ્લિમોના આગેવાન સૈયદ એન્ડ્રૂસ હતા. તેમના પ્રભાવને કારણે મુસ્લિમો આ લડતમાં જોડાયા ન હતા. આ લડત ૨૯મી ઑગસ્ટથી ૩૧મી ઑગસ્ટ સુધી એટલે ત્રણ દિવસ ચાલી. તેના છેલ્લા દિવસે સૂરતના વહોરાઓ પણ લડતમાં જોડાયા અને કંપની સરકાર સામે મેદાને પડ્યા હતા.

કાયદો પસાર થયા પછી, એ અંગે વિચારણા કરવા માટે સૂરતમાં મળેલી એક જાહેર સભામાં પ્રસિદ્ધ સુધારક દુર્ગારામ મહેતાજીએ જણાવ્યું કે, ''રાજા પ્રજા ઉપર જુલમ કરે તો પ્રજાએ રાજા સામે લડીને, રાજાને શિક્ષા કરીને, રાજ્ય બીજાને સોંપવું જોઈએ. જો રાજા પોતે જ પ્રજાને દુઃખી કરવા ધારે તો, પ્રજાએ રાજાને પોતાની તાકાત બતાવવી જોઈએ.''

તે વખતે સૂરત શહેરમાં મહાજન શેઠ તથા કેટલાક વેપારીઓ (શાહુકારો) લોકોના આગેવાનો હતા. પરન્તુ ધાર્મિક અગ્રણીઓનો પ્રભાવ લોકમાનસ ઉપર ઘણો વધારે હતો. હિંદુઓમાં મોટી હવેલીના મહારાજ, મુસલમાનોમાં સૈયદ એન્ડ્રૂસ તથા વહોરાઓમાં વડા નઝમુદ્દીન મુલ્લાંનો પ્રભાવ સૌથી વધારે હતો.

શરૂમાં તો લોકો પોતાના ઘરમાં વિરોધી ચર્ચા કરતા. પરન્તુ ૨૭મી ઑગસ્ટના રોજ અન્ય વિસ્તારોમાં વસતા ગરીબ લોકોમાં કર વધારા સામે વિરોધ દેખાઈ આવ્યો. ૨૮મી ઑગસ્ટના રોજ લોકો સંગઠિત થયા. ૨૯મી ઑગસ્ટના રોજ સૂરતના મોટા ભાગના વિસ્તારોમાં કરવેરા વધારા સામેનો વિરોધ જાગ્યો. શહેરમાં હડતાળ પડી. બજારોમાં દુકાનો ટપોટપ બંધ થઈ ગઈ. સૂરત શહેરના હિંદુઓએ હજારોની સંખ્યામાં આગેવાનોને ઘેર જઈને ફરિયાદ કરી. લોકોએ કહ્યું કે, સૂરત શહેરના મેજિસ્ટ્રેટ તથા સેશન્સ જજ રેમિંગ્ટનની અદાલતમાં અરજી કરવાની છે. માટે તમે અમારી સાથે ચાલો. લોકોના આગ્રહને સ્વીકારીને તમામ કોમોના આગેવાનો જવા તૈયાર થયા.

કરવધારા સામે લોકોમાં વિરોધ સ્વયંભૂ પેદા થયો હતો. કોઈ એક કે વધારે નેતાઓએ આગેવાની લઈને આ લડત ઊભી કરી ન હતી.

આગેવાનોના નેતૃત્વ હેઠળ સૂરતના હજારો લોકો અદાલતે ગયા. ઘણી મોટી સંખ્યામાં લોકોને આવતા જોઈને, ત્યાં ફરજ પરના પોલીસો ગભરાઈ ગયા. તેમણે શહેરના નગરશેઠ તથા ભણસાળી શેઠ-એ બે જ

આગેવાનોને અદાલતમાં જવા દીધા. પોલીસોએ તે પછી અદાલતના દરવાજા બંધ કરી દઈને, લોકોને અંદર જતા રોક્યા. લોકોને અંદર જતા અટકાવવા પોલીસોએ બળ વાપરવું પડ્યું. તેથી લોકોએ પોલીસો ઉપર નળિયાં તથા ઢેફાં ફેંક્યાં. લોકોએ બીજે રસ્તેથી કૉર્ટમાં પ્રવેશવા પ્રયાસ કરવાથી લોકો અને પોલીસ સામસામે આવી ગયા અને અથડામણ થઈ.

મેજિસ્ટ્રેટ રેમિંગ્ટને લોકોનો મિજાજ જોયો અને ટોળામાંથી વીસ માણસોની ધરપકડ કરાવીને તેમને જેલમાં પૂર્યા. લોકોનાં ટોળાંને દરવાજાથી દૂર કરવામાં આવ્યાં. મેજિસ્ટ્રેટની માગણીથી સંબંધીઓની એક ટુકડી કલેક્ટરે વ્યવસ્થા માટે મોકલી અને કલેક્ટર આર્બુથનૉટ પણ ત્યાં ગયા. ટોળાની માગણી હતી કે મીઠા પરનો કર વધારો દૂર કરો. ટોળું વિખેરાતું ન હતું. એટલે શહેરના આગેવાનો ત્યાંથી નીકળીને ચાલતા થયા. ટોળામાં ભેગા થયેલા લોકો પણ તેમની પાછળ પાછળ ગયા અને સાંજના છ વાગતા સુધીમાં બધા લોકો વિખેરાઈ ગયા.

કલેક્ટર આર્બુથનૉટ શહેરની પરિસ્થિતિની તપાસ માટે નીકળ્યા, ત્યારે શહેરનાં બધાં બજારો બંધ હતાં. કેટલાક લોકો સમૂહમાં ભેગા થઈને ચર્ચા કરી રહ્યા હતા. તેઓ કોઈ જાતની હિંસક પ્રવૃત્તિ કરતા ન હતા.

૩૦મી ઑગસ્ટ એટલે બીજે દિવસે સવારે બરાનપુરી ભાગોળ પાસે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા. તે દિવસે એવી અફવા ફેલાવવામાં આવી કે મીઠા પરના કરવધારા ઉપરાંત હવે ઘી, તેલ, બળતણ વગેરે પરના કર પણ વધારવાના છે. તે જાણીને મેજિસ્ટ્રેટ રેમિંગ્ટને શહેરમાં જાહેર કર્યું કે હવે કોઈ જાતના બીજા કર વધારવાના નથી. વળી શહેરમાં દાખલ થતા કેટલીક જાતના માલ ઉપરથી જકાત દૂર કરવામાં આવશે. આ જાહેરાતથી લોકોને સંતોષ થયો નહિ; કારણ કે જકાત રદ થવાની હતી, તેના કરતાં મીઠા પરનો કર ઘણો વધારે (રૂપિયા ૨૨ લાખ) થતો હતો.

થોડીવાર પછી ભાગોળ પાસે ટોળું તોફાને ચડ્યું. પરન્તુ કોઈ હિંસક પ્રવૃત્તિ થવાની શક્યતા નહોતી. પોલીસોએ કોઈ ઠેકાણે મારપીટ કરવાથી લોકો તેમનો વિરોધ કરતા હતા. તે સિવાય શહેરમાં શાંતિ જળવાઈ રહી હતી. પરન્તુ લોકોએ દુકાનો બંધ રાખી હતી. તેથી અમલદારોને વહેમ પડ્યો કે હુલ્લડ અથવા બળવો થાય એવી સ્થિતિ છે. એટલામાં કેટલાક લોકોએ કિલ્લાના મેદાનમાં રાખેલી તોપોનાં મોઢાં જુદી જદી વસ્તુઓ ભરીને બંધ કરી દીધાં.

મેજર કૂક લશ્કરની ટુકડી લઈને ત્યાં ગયા. તેમણે સૈનિકોને ગોઠવ્યા અને લોકોને વિખેરાઈ જવા હુકમ કર્યો. લોકો તરત આસપાસની શેરીઓમાં ભરાઈ ગયા અને પોલીસો પર નળિયાં, અને ઢેફાં નાખ્યાં. તેથી કેટલાક પોલીસોને ઈજા થઈ.

સિબંધીની ટુકડીએ કિલ્લાની સામેના મેદાનમાં ભેગા થયેલા લોકોને દૂર કર્યા. ત્યાં આવેલા મેજિસ્ટ્રેટ રેમિંગ્ટને લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો. પણ લોકો ત્યાં જ ઊભા રહ્યા. કલેક્ટર આર્બુથનૉટને એવી માહિતી મળી કે, લોકોની માગણીને સમયસર સંતોષવામાં નહિ આવે તો બળવો ફાટી નીકળશે. તે અગાઉ કલેક્ટરે હિંદુઓના અગ્રણી ગોંસાઈજી મહારાજ, વહોરાના વડા નેતા નઝમુદ્દીન મુલ્લાં વગેરે દ્વારા લોકોને મીઠા પરના વધારાના કરનો વિરોધ છોડી દેવા સમજાવ્યા. પરન્તુ સફળ થયા નહિ. આ ઉપરાંત બીજે દિવસે સૂરતના આગેવાન વેપારીઓ તથા શેઠિયાઓને કલેક્ટરની ઑફિસમાં ચર્ચા કરવા નિમંત્ર્યા. પરન્તુ ખાસ કોઈ ફેર પડ્યો નહિ.

બીજે દિવસે સવારે કલેક્ટરે સભામાં જાહેર કર્યું કે લોકોની માગણી વિષે તે મુંબઈ સરકારને જણાવશે; તથા બીજો હુકમ આવે ત્યાં સુધી કરવધારો મુલતવી રાખશે. આ સાંભળીને આગેવાનો ખુશ થયા. તેમણે શહેરમાં જઈને આ સમાચાર લોકોને જણાવ્યા.

આમ કલેક્ટરે પરિસ્થિતિ પારખીને પોતાની સમજદારી બતાવી. પરન્તુ મુંબઈ સરકારે કર વધારો રદ કરવાનો ઇનકાર કર્યો. વળી લોકોને ડરાવવા માટે યુરોપિયન તોપચીઓની ટુકડી સૂરત મોકલી અને જકાત રદ કરવાની જાહેરાત તાત્કાલિક રદ કરવા કલેક્ટરને જણાવ્યું. ત્યારબાદ બ્રિટિશ સરકારે ૧૪મી સપ્ટેમ્બર, ૧૮૪૪ના રોજ એક જાહેરાત કરીને મીઠા પરનો કર એક મણ ઉપર એક રૂપિયો લેવાનો હતો તે ઘટાડીને ૦-૧૨-૦ બાર આના (૭૫ પૈસા) કર્યો. લોકોએ તે સ્વીકારી લીધો.

ગુજરાતના લોકોનો આ પ્રથમ રાજકીય વિજય હતો. ભારતમાં આ પ્રથમ જનજાગૃતિ હતી.

### સંદર્ભ સૂચિ


૧. સોર્સ મટિરિયલ ફોર એ હિસ્ટરી ઑફ ધ ફ્રીડમ મુવમેન્ટ ઇન ઇન્ડિયા, વૉલ્યૂમ-૧, ૧૮૧૮-૧૮૮૫ (બૉમ્બે, ૧૯૫૭) પૃ. ૧ થી ૧૨

૨. ધારૈયા, આર. કે., 'ગુજરાત ઇન એઇટીન ફિફ્ટી સેવન' (અમદાવાદ, ૧૯૭૦), પૃ. ૧૩, ૧૪.

૩. ગુજરાત રાજ્ય, જિલ્લા સર્વસંગ્રહ (ગેઝેટિયર) સુરત જિલ્લો (ગાંધીનગર, ૧૯૯૪), પૃ. ૧૧૭-૧૧૮

૪. દેસાઈ ઈશ્વરલાલ ઇ., 'મુક્તિનું પરોઢ' (સૂરત, ૧૯૭૪), પૃ. ૧ થી ૮

૫. શાસ્ત્રી અને પરીખ, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', ગ્રંથ ૮, બ્રિટિશ કાલ પૃ. ૨૦૧, (અમદાવાદ, ૧૯૮૪).

# 'બારડોલી સત્યાગ્રહમાં ફૂલચંદભાઈ શાહનું પ્રદાન'

◆

**દિલીપ ચૌધરી***

**પ્રસ્તાવના :**

ગુજરાતમાં અનેક ખેડૂત આંદોલનો કે સત્યાગ્રહો થયાં છે. જેમાં ખેડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ, ખાખરેચી સત્યાગ્રહ, પાંચતલાવડા સત્યાગ્રહ, વળા (વલભીપુર) સત્યાગ્રહ, મોટા ચારોડિયા સત્યાગ્રહ અને માણસા સત્યાગ્રહ જેવા સત્યાગ્રહોનો સમાવેશ થાય છે. આ પૈકીના કેટલાક સત્યાગ્રહો ગાંધીજીના સીધા માર્ગદર્શનમાં, તો કેટલાક સ્વતંત્રપણે થયા છે.

બારડોલીનો ખેડૂત સત્યાગ્રહ ઊંચી મહેસૂલ-આકારણીના વિરોધમાં થયો. જેનું નેતૃત્વ વલ્લભભાઈ પટેલે લીધું હતું. ગુજરાતમાંથી અનેક કાર્યકરો બારડોલીમાં સેવાર્થે પહોંચી ગયા. જેમાંના એક હતા - સૌરાષ્ટ્ર- કાઠિયાવાડના ફૂલચંદભાઈ શાહ. પ્રસ્તુત લેખમાં ફૂલચંદભાઈ શાહે બારડોલી સત્યાગ્રહમાં કરેલા પ્રદાન વિશે ચર્ચા કરવામાં આવી છે. આ ચર્ચા કરતાં પહેલાં ફૂલચંદભાઈ શાહનો થોડો પરિચય મેળવીએ.

**ફૂલચંદભાઈ શાહ : એક પરિચય :**

ફૂલચંદભાઈનો જન્મ ૨ માર્ચ, ૧૮૯૫ના રોજ વઢવાણ શહેરમાં એક ગર્ભશ્રીમંત પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ કસ્તૂરચંદ અને માતાનું નામ અમ્રતબાઈ હતું. મુંબઈમાં કૉલેજના અભ્યાસ દરમિયાન તેઓ રાષ્ટ્રીય રંગે રંગાયા. વઢવાણમાં શિક્ષકની નોકરી મેળવી અને પછી તે છોડી દીધી. ૧૯૧૭માં તેઓ કુંટુંબ સહિત ગાંધીજીના આશ્રમમાં જોડાયા. તે પછી ગાંધીજીના કહેવાથી વઢવાણ આવી રાષ્ટ્રીય શાળા શરૂ કરી. તેઓ ગામેગામ ભજનો ગાતા ફરતા અને દારૂ તેમજ સામાજિક અનિષ્ટો સામે લોકોને જાગૃત કરતા. ૧૯૨૧માં કાઠિયાવાડ રાજકીય પરિષદમાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. ૧૯૨૩માં નાગપુર સત્યાગ્રહમાં તેઓ જોડાયા અને તેમને એક વર્ષની જેલની સજા થઈ. તેઓ ૧૯૨૮ની બારડોલીની લડતમાં જોડાયા.વળી તેઓએ ખાખરેચી સત્યાગ્રહ (૧૯૨૯), મીઠા સત્યાગ્રહ (૧૯૩૦), ધ્રાંગધ્રા સત્યાગ્રહ (૧૯૩૧) અને રાજકોટ સત્યાગ્રહ (૧૯૩૮)માં ભાગ લીધો. આમ લડતો દરમિયાન તેમણે અવાર-નવાર જેલવાસ પણ ભોગવ્યો. તેઓ લડતમાં એટલા ગળાડૂબ રહેતા કે શરીરને સાચવવામાં બેદરકાર બની જતા. વળી વારંવારના જેલવાસને કારણે પણ તેમનું સ્વાસ્થ્ય બગડ્યું. ગાંધીજીએ પણ તેમને તબિયત સાચવવા ટકોર કરી હતી. પરંતુ તેમનું સ્વાસ્થ્ય બગડતું ગયું અને અંતે શરીરે સાથ ન આપતાં ખૂબ નાની વયે ૩૦ ઑગસ્ટ, ૧૯૪૧ના રોજ તેમનું અવસાન થયું.[૧]

બારડોલી સત્યાગ્રહમાં ફૂલચંદભાઈ શાહના પ્રદાનની ચર્ચા કરતાં પહેલાં બારડોલી સત્યાગ્રહ વિશે થોડી માહિતી મેળવીએ.

**બારડોલી સત્યાગ્રહ : એક પરિચય**

ઈ.સ. ૧૯૨૮માં વલ્લભભાઈ પટેલના નેતૃત્વપદે અન્યાયી મહેસૂલ વધારાના વિરોધમાં બારડોલી તાલુકાના ખેડૂતો દ્વારા 'બારડોલી સત્યાગ્રહ' કરવામાં આવ્યો હતો. અસહકારની લડતના કેન્દ્ર તરીકે ૧૯૨૧માં બારડોલીની પસંદગી થઈ હતી. ત્યારથી જ સરકારની બારડોલી પર કરડી નજર હતી. ઈ.સ. ૧૮૯૬માં બારડોલીની છેલ્લી જમાબંધી થઈ હતી અને ઈ.સ. ૧૯૨૬માં એમાં પુનઃસુધારો કરવાનો હતો. સરકારે ભૂતકાળનો બદલો વાળવા ગમે તેમ અવળો સવળો મેળ બેસાડી તાલુકાના મહેસૂલમાં ૨૨ ટકા જેટલો ધરખમ વધારો કર્યો. જેના

---

* અનુ.સ્નાતક ઇતિહાસવિભાગ, સ.પ. યુનિ. વલ્લભ વિદ્યાનગર-૩૮૦૧૨૦

સંદર્ભે બારડોલીના ખેડૂતોએ ઈ.સ.૧૯૨૭ના જાન્યુઆરી મહિનામાં એક પરિષદ ભરી ભીમભાઈ નાયક અને શિવદાસની આગેવાની નીચે સરકારને એક ડેપ્યુટેશન મોકલવાનો ઠરાવ કર્યો. સપ્ટેમ્બર, ૧૯૨૭માં રાવસાહેબ દાદુભાઈ દેસાઈના પ્રમુખપદે એક પરિષદ મળી. જેમાં હજારો ખેડૂતોએ હાજર રહી, વધારાની રકમ ન ભરવાનો ઠરાવ કર્યો. પરંતુ આ ઠરાવની કશી અસર ન થઈ અને તા. ૫-૨-૧૯૨૮થી નવી આકારણી પ્રમાણે મહેસૂલ વસૂલ કરવાના હુકમ થયા. પરિણામે સરકાર સાથે સીધી લડત માંડવાનો પ્રસંગ આવીને ઊભો.[૨]

જિલ્લાના કાર્યકર્તાઓ અમદાવાદમાં વલ્લભભાઈને મળ્યા અને ખેડૂતોને સરકાર સામેની લડતમાં દોરવણી આપવા વિનંતી કરી. આ પછી કાર્યકર્તાઓએ ગાંધીજીને આખી પરિસ્થિતિ સમજાવી તેમની સંમતિ અને આશીર્વાદ મેળવ્યાં.

તા. ૪-૨-૧૯૨૮ના રોજ વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે તાલુકાના તમામ ખેડૂતોની એક પરિષદ બારડોલીમાં મળી. ત્યાર બાદ અમદાવાદ આવીને તા. ૬-૨-૧૯૨૮ના રોજ વલ્લભભાઈએ ગવર્નરને પત્ર લખી સમગ્ર વસ્તુસ્થિતિ સમજાવી અને મહેસૂલ વસૂલ કરવાનું મુલતવી રાખી આખો કેસ નવેસરથી તપાસી જવા તથા પ્રજાને પોતાનો કેસ નિષ્પક્ષ પંચ સમક્ષ રજૂ કરવાની તક આપવા વિનંતી કરી. તા. ૧૧-૨-૧૯૨૮ સુધી મહેસૂલ ખાતાનો જવાબ ન આવતાં તા. ૧૨-૨-૧૯૨૮ના રોજ બારડોલીમાં ખેડૂતોની પરિષદમાં વલ્લભભાઈ પટેલના ભાષણ બાદ, સત્યાગ્રહનો ઠરાવ કરીને 'બારડોલી સત્યાગ્રહ'નો પ્રારંભ કરવામાં આવ્યો.

બારડોલી તાલુકામાં કુલ ૧૩૭ ગામડાં આવેલાં હતાં. વલ્લભભાઈએ લડત સારું તંત્ર ગોઠવવા માંડ્યું. તાલુકામાં બારડોલી, સરભોણ, મઢી અને વેડછી ખાતે ચાર છાવણીઓ હતી જ. તદુપરાંત વાલોડ, વાંકાનેર, વરાડ, બામણી, બાલદા અને બાજીપુરા ખાતે નવી છાવણીઓ બનાવવામાં આવી. મુસલમાનોની સેવામાંથી અબ્બાસ તૈયબજી અને ઈમામ સાહેબ, જુગતરામ દવેના હાથ નીચે પ્રકાશન ખાતું તથા સરદારની સાથે મંત્રી તરીકેની જવાબદારી સ્વામી આનંદે ઉપાડી હતી.[૩] ખેડૂતોએ પોતાનામાંથી જ અનેક સ્વયંસેવકો ઊભા કર્યા હતા. વળી ગુજરાતભરમાંથી અનેક કાર્યકરોના ધાડા બારડોલી આવવા લાગ્યા. કાઠિયાવાડથી પહેલી જ ટુકડી એવી આવી કે જેને શ્રી વલ્લભભાઈએ પ્રેમથી વધાવી લીધી. એ ટુકડીમાં મૂળ સત્યાગ્રહાશ્રમના અને પછી વઢવાણમાં રાષ્ટ્રીય શિક્ષણનું કામ કરનારા ફૂલચંદભાઈ તેમનાં પત્ની ઘેલીબહેન, ભાઈ શિવાનંદ અને રામનારાયણ પાઠક હતાં.[૪]

વાલોડ છાવણીના સૈનિક ડૉ.ચંદુલાલ દેસાઈના નેજા હેઠળ તેમણે પોતાની કામગીરી સંભાળી હતી.

બારડોલી સત્યાગ્રહમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા રાજાઓમાં અબ્બાસ તૈયબજી, મોહનલાલ પંડ્યા, સ્વામી આનંદ, મહાદેવભાઈ દેસાઈ, પ્યારેલાલજી, રવિશંકર વ્યાસ, જુગતરામ દવે, કલ્યાણજી મહેતા, ડૉ.ચંદુલાલ દેસાઈ, કુંવરજી મહેતા, દરબાર ગોપાળદાસ, ડૉ. સુમંત મહેતા, અમૃતલાલ શેઠ, ભક્તિ લક્ષ્મીબહેન, મીઠુબહેન પીટીટ, શારદાબેન મહેતા, મણિબહેન પટેલ ઈત્યાદિનો સમાવેશ થાય છે.

ગાંધીજીના આશીર્વાદ વલ્લભભાઈના નેતૃત્વ અને કાર્યકર્તાઓ તથા પ્રજાજનોનાં ત્યાગ ને કષ્ટસહનને કારણે તા. ૯-૮-૧૯૨૮ના રોજ બારડોલી સત્યાગ્રહનો સુખદ અંત આવ્યો.[૫]

**ફૂલચંદભાઈનું બારડોલીમાં આગમન**

'બારડોલી સત્યાગ્રહ' જેવો શરૂ થયો કે સ્થાનિક સ્વયંસેવકો તો ઉપસ્થિત થયા જ પરંતુ ગુજરાત અને દેશભરમાંથી અસંખ્ય કાર્યકરો બારડોલી ખાતે ઊમટી પડ્યા. કાઠિયાવાડથી જે પ્રથમ ટુકડી બારડોલી આવી તેમાં ફૂલચંદભાઈ શાહ, તેમનાં ધર્મપત્ની ઘેલીબહેન, ભાઈ શિવાનંદ અને રામનારાયણ પાઠકનો સમાવેશ થાય છે. ફૂલચંદભાઈ શાહ મૂળ સત્યાગ્રહાશ્રમના નિવાસી હતા અને પછી વઢવાણમાં તેઓએ રાષ્ટ્રીય શિક્ષણનું કાર્ય સંભાળ્યું હતું.

ફૂલચંદભાઈ અને તેમના સાથીદારોએ વાલોડ છાવણીમાં ડૉ. ચંદુલાલ દેસાઈના નેજા હેઠળ પોતાની કામગીરી સંભાળી હતી. બારડોલી સત્યાગ્રહમાં તેમની ભૂમિકાના સંદર્ભે હવે જોઈએ.

ફૂલચંદભાઈએ બારડોલી પહોંચતાં પહેલાં જ પોતાનું કામ નક્કી કરી લીધું હતું. તેઓએ લોકોને સમજાય એવા અસરકારક, ટૂંકા અને તરત મોઢે ચડે એવાં સત્યાગ્રહ ગીતો તૈયાર કરી દીધાં હતાં.[૬]

આમે તેઓએ બારડોલીની લડતમાં ગીતો દ્વારા લોકોમાં જોમ અને જુસ્સો પ્રગટાવવાનું પોતાનું કાર્ય નિશ્ચિત કર્યું હતું.

**બારડોલી સત્યાગ્રહમાં ભૂમિકા**

બારડોલી સત્યાગ્રહ દરમિયાન ઠેર ઠેર સભાઓ ભરાતી અને એ સભાઓમાં ભાષણો થતાં અને અંતે ફૂલચંદભાઈ શાહની ભજન મંડળીની માગણી થતી. આવી ઘણી સભાઓ તેમણે પોતાનાં ગીતો દ્વારા ગજવી હતી. સરદારનાં પ્રાણપ્રેરક ભાષણો, ફૂલચંદભાઈનાં ગીતો ને કાર્યકરોની અથાગ મહેનતને પરિણામે એક મહિનામાં તો બારડોલીની જાણે કાયાપલટ થઈ ગઈ હતી. ફૂલચંદભાઈની આવી સભાઓ નીચે દર્શાવી છે.

**બારડોલી સત્યાગ્રહમાં ફૂલચંદભાઈની સભાઓ**

| ક્રમ | તારીખ | ગામ | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| ૧. | ૨૫-૨-૧૯૨૮ | વાલોડ | ગીતોનું ગાન[૭] |
| ૨. | ૨૯-૨-૧૯૨૮ | હથુકા | ભાષણ[૮] |
| ૩. | ૮-૩-૧૯૨૮ | મોતા | ગીતોનું ગાન-ભાષણ[૯] |
| ૪. | ૯-૩-૧૯૨૮ | નાની ફરોદ/હરિપરા | ગીતોનું ગાન - ભાષણ[૧૦] |
| ૫. | ૨૪-૩-૧૯૨૮ | કડોદ | ગીતોનું ગાન-ભાષણ-શૂરકથાઓ[૧૧] |
| ૬. | – | કડોદ | ગીતોનું ગાન-ભાષણ[૧૨] |
| ૭. | – | બાજીપુરા | ગીતોનું ગાન[૧૩] |
| ૮. | – | ગોલણ | ગીતોનું ગાન[૧૪] |
| ૯. | ૧૫-૪-૧૯૨૮ | રૂવા/ભરમપોર | ગીતોનું ગાન[૧૫] |
| ૧૦. | ૧૬-૪-૧૯૨૮ | મોતા | ગીતોનું ગાન - ભાષણ[૧૬] |
| ૧૧. | ૧૯-૪-૧૯૨૮ | બારડોલી | ગીતોનું ગાન[૧૭] |

આમ ફૂલચંદભાઈએ તેમના સાથીઓ સાથે મુખ્યત્વે વાલોડ છાવણીમાં પોતાનાં ગીતો દ્વારા પ્રજાજાગૃતિનું ઉત્તમ કાર્ય કર્યું હતું.

ફૂલચંદભાઈ શાહના સાથી શિવાનંદ ઉપર મામલતદારને અટકાયત કરવા માટે અને વેઠિયાઓને ધમકી આપવા માટે અને તેના દ્વારા સરકારી કામમાં વિઘ્ન નાખવાના આરોપસર તા. ૧૫-૫-૧૯૨૮ના રોજ નવ મહિનાની સખત કેદની સજા ફરમાવવામાં આવી હતી.[૧૮] જેથી કેટલાંક ગામોમાં હડતાલ પાડવામાં આવી હતી. આમ બારડોલી સત્યાગ્રહમાં ફૂલચંદભાઈના સાથીદારે સરકારના મહેમાન બનવાનું બહુમાન મેળવ્યું હતું.

ફૂલચંદભાઈની ભજન મંડળીના સાથી શિવાનંદ ઉપરાંત વાલોડ છાવણીની અન્ય બે વ્યક્તિઓને પણ સરકારનું તેડું આવ્યું હતું. આ ત્રણેય બારડોલી કોર્ટમાં તા. ૧૨-૫-૧૯૨૮ના રોજ હાજર થાય તે પહેલાં તા. ૧૧-૫-૧૯૨૮ના રોજ રાત્રે નવ વાગ્યે તેઓને માનપૂર્વક વિદાય આપવા એક સભાનું આયોજન કરાયું હતું. જે અંગેની વિગતો સત્યાગ્રહ પત્રિકામાંથી આ પ્રમાણે મળે છે. ''તા. ૧૧-૫-૧૯૨૮ ને રોજ રાત્રે નવ વાગે વાલોડ

ગામની એક એક કોમનાં સ્ત્રી પુરુષો વાલોડ ગામમાંથી સત્યાગ્રહની લડતના જે ત્રણ વણિક વીરોને તા. ૧૨ મીની બપોરે બારડોલી કોર્ટમાં હાજર થવા સરકારની કંકોત્રી આવી હતી, તેમને વિદાય આપવા ઊમટ્યા હતા. બે અઢી હજારની એ મેદનીમાં જ્યાં જુઓ ત્યાં દરેકના મ્હોં પર શૌર્ય અને નિશ્ચયનું તેજ ઝળકતું હતું. આ મહેસૂલ સત્યાગ્રહની લડતમાં શરૂથી જ વાલોડ વિભાગનું કામ ઉપાડી લઈ પ્રજા સંગઠન કરવામાં સૌથી વધુ ફાળો આપ્યો છે તે સન્મુખલાલ શાહને તેમજ વાલોડના સ્વયંસેવકદળના મુખી અને કવિશ્રી ફૂલચંદભાઈની મંડળીના સિતારાશ્રી શિવાનંદ અને ત્રીજા સોરઠી વીર અમૃતલાલ હરગોવનને સરકારે તેમની અપૂર્વ સેવાઓની કદર કરી તેડું મોકલ્યા બદલ વાલોડની પ્રજાએ તેમનું જાહેર અભિનંદન કરી ઉત્સવ મનાવવા આ જંગી જાહેર સભા રાખી હતી. આ સભામાં વલ્લભભાઈ તથા અન્ય મહાનુભાવો પણ હજાર હતા. ---આ સભામાં ફૂલચંદભાઈએ પોતાના સાથી શિવાનંદના સાથમાં

*કોણ કહે છે લોકો ડરશે*
*કોણ કહે છે લોકો હઠશે*
*કહેનારા અહીંયા આવો*
*તાલુકો નજરે ભાળો.*

વાળું સ્વરચિત ગીત લલકાર્યું હતું.[૧૯]

આમ પોતાના સાથી શિવાનંદ સરકારી મહેમાન બનવા જઈ રહ્યા હતા ત્યારે ફૂલચંદભાઈએ પોતાના ગીત દ્વારા તેમનું બહુમાન કર્યું હતું.

ફૂલચંદભાઈ અને તેમની મંડળીનો ઉલ્લેખ કરીને વલ્લભભાઈએ જણાવ્યું હતું કે ''ફૂલચંદભાઈ અને તેમનાં પત્ની પોતાના સાથીઓ સાથે આ તાલુકાના લોકોમાં આટલો સૂર પૂરી રહ્યા છે, અને મુડદામાં પણ ચેતન પૂરે છે એ જોઈ હું હેરત પામ્યો છું, તેઓ ઠેઠ કાઠિયાવાડથી આવ્યા છે. મેં તો તેમને આમંત્રણ પણ આપ્યું નહોતું, પણ લડવૈયા હોય તે કાંઈ ડંકો સાંભળે ત્યારે નોતરાની રાહ જોવા બેસે ? તેઓ આવ્યા છે ત્યારથી અહીંથી ખસ્યા નથી. ખરેખર ગુજરાત એ કાઠિયાવાડનું ઋણ કયે દિવસે ફેડી શકશે ?''[૨૦]

આમ બારડોલી સત્યાગ્રહમાં વાલોડ છાવણીના સ્વયંસેવક દળના મુખી તરીકે ફૂલચંદશાહે વિભિન્ન ગામોની સભામાં ભાષણો, ગીતોનું ગાન, શૂરકથાઓ તથા ખાદી વેચાણ જેવી પ્રવૃત્તિઓ પોતાના સાથી મંડળની સહાયથી ચલાવી હતી અને વલ્લભભાઈ સહિત અનેકની પ્રશંસા મેળવી હતી.

**ફૂલચંદભાઈનાં ગીતો :**

બારડોલી સત્યાગ્રહ ખેડૂતો અને અન્ય પ્રજાજનોની ભાવાત્મક એકતાના પ્રતીકરૂપ હતો. આ ભાવાત્મક એકતા માટે અનેક પરિબળો જવાબદાર હતાં. આમ છતાં પણ તે સમયે લખાયેલાં લોકગીતોએ જે રીતે સત્યાગ્રહીઓનો જુસ્સો ટકાવી રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો તે ઉપરથી આપણે કહી શકીએ કે કોઈ પણ સત્યાગ્રહ કે આંદોલન ટકાવી રાખવામાં ગીતો અને સૂત્રો અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. આવાં ગીતોની પાછળ કવિની માત્ર કલ્પના જ નથી હોતી. પરંતુ તાત્કાલિક બનાવની વાસ્તવિક ભૂમિકા પણ તેના માનસમાં હોય છે. બારડોલી સત્યાગ્રહને લગતાં આવાં ઘણાં ગીતો ફૂલચંદભાઈ શાહે લખ્યાં હતાં. જેમાં બારડોલી સત્યાગ્રહના અન્યાયી પ્રતિજ્ઞા પાલન અંગેનાં ગીતો, સત્યાગ્રહનો મર્મ સમજાવતાં ગીતો, અંગ્રેજ સરકારની અન્યાયી નીતિને લગતાં ગીતો, સત્યાગ્રહનાં શૌર્યગીતો, ખેડૂતો પર થયેલા અત્યાચારનાં ગીતો, સરકારી પદ ત્યાગ અંગેનાં ગીતો, તાલુકાના યશોગાન ગાતાં ગીતો અને બારડોલી સત્યાગ્રહના નેતા અને વિજય અંગેનાં ગીતો ફૂલચંદભાઈએ લખ્યાં હતાં. જેની વિગતો આ પ્રમાણે છે :

સત્યાગ્રહની લીધેલી પ્રતિજ્ઞા ખેડૂતો તોડે નહીં અને તેને સમજપૂર્વક વળગી રહે તે અંગે માર્ગદર્શન

આપતાં કેટલાંક ગીતો આ પ્રમાણે છે :

૧. અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે જપતીના જુલમો થાય. અમે.

૨. શૂરા સાચા પ્રતિજ્ઞા પૂરી પાળજો રે - શૂરા.
પૂરી પાળશે રે, નામ ઉજાળશે રે - શૂરા.

૩. માથું મેલો સાચવવા સાચી ટેકને રે !
સાચી ટેકને રે (૨) માથું મેલો.

બારડોલી સત્યાગ્રહમાં સત્યાગ્રહીઓમાં શૂરાતન ચઢાવવા માટે પણ કેટલાંક ગીતોની રચના કરવામાં આવી હતી, જેમ કે.

૧. ડંકો વાગ્યો, લડવૈયા શૂરા જાગજો રે !
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે !
ડંકો વાગ્યો.

૨. નહિ હઠશે નહિ હઠશે
બહાદુર પાછા નહિ હઠશે.[૨૩]

૩. કોણ કહે છે લોકો ડરશે ?
કોણ કહે છે લોકો ડગશે ?
કહેનારા અહીઆ આવો.
તાલુકો નજરે ભાળો[૨૪]

અન્યાયી મહેસૂલ વધારાના વિરોધમાં શરૂ થયેલા બારડોલી સત્યાગ્રહમાં મહેસૂલ નહીં ભરવા માટે પ્રેરણા આપતાં ગીતો જોવાં મળે છે. જેમ કે.

૧. અમે રોપ્યો સત્યાગ્રહ માંડવો રે
નથી ભરવું સરકાર મહેસૂલ- અમે.[૨૫]

૨. નહિ ભરીશું નહિ ભરીશુ,
સરકાર મહેસૂલ નહિ ભરશું ![૨૬]

૩. જે દુઃખ પડે તે પડવા દેજો રે,
નહી મહેસૂલ ભરતા;[૨૭]

અંગ્રેજ સરકારની અન્યાયી નીતિનો વિરોધ કરતાં કેટલાંક ગીતો પણ જોવાં મળે છે જેમ કે.

૧. ડરતા નથી, સરકારથી રે. અમે.
સાચના બેલી, ન્યાયીના બેલી. [૨૮]

૨. તારા વાગે નગારા હવે અંતના રે !
હજી ચેતી લે ઓ સરકાર
તારી સત્તાનાં ઊખડે મૂળીઆં રે - તારા.[૨૯]

સત્યાગ્રહમાં પ્રજાજનોને કષ્ટ સહન માટે તૈયાર કરવાના ઉદ્દેશથી કેટલાંક ગીતોની રચના કરવામાં આવી

હતી. જેમ કે,

૧. છાતીએ, છાતીએ છાતીએ રે,
બાણ વાગ્યાં સરકારનાં છાતીએ;[30]

૨. બારડોલીના યુદ્ધમાં રે
ખેડુ વેઠે કેવા કેવા દુઃખ મારા બંધવા.[31]

લડતનું મહત્ત્વ દર્શાવતાં કેટલાંક ગીતો રચાયાં હતાં. જેમ કે;

૧. સતનો માંડ્યો છે સંગ્રામ
પ્યારી માતૃભૂમિને કાજે ![32]

બારડોલી સત્યાગ્રહનો અંત આવવા જીતની ખુશાલીમાં પણ કેટલાંક ગીતોની રચના કરવામાં આવી હતી જેમ કે;

૧. હાક વાગી વલ્લભની વિશ્વમાં રે.
તોપ બળિયાને કીધા માત હાક.[33]

૨. લાજ રાખી પ્રભુએ આપણી રે,
જીત આપી પળાવી ટેક - લાજ.[34]

આવાં ઘણાં ગીતો ફૂલચંદભાઈ શાહે લખ્યાં. ફૂલચંદભાઈ કવિ ન હતા. તેમનામાં ગંભીર અને સૌંદર્યકલાયુક્ત કાવ્યસંપત્તિ નહોતી. પરંતુ પોતાનાં સરળ, સંક્ષિપ્ત અને અસરદાર ગીતો દ્વારા જનસમુદાયને જાગૃત કરવાની અજબ તાકાત તેમનામાં હતી. તેઓએ લખેલાં ગીતો આજે પણ પ્રાસંગિક છે. અને લોકજીભે રમે છે.

**સત્યાગ્રહનો અંત અને ફૂલચંદભાઈ**

તા. ૯-૮-૧૯૨૮ના રોજ બારડોલી સત્યાગ્રહનો સુખદ અંત આવ્યો. સત્યાગ્રહના વિજય પ્રસંગે ફૂલચંદભાઈ અને તેમની મંડળીનો આનંદ સ્વાભાવિક રીતે જ માતો ન હતો.

બારડોલી સત્યાગ્રહના વિજયના દશ્યનું વર્ણન કરતાં શ્રી મહાદેવભાઈ દેસાઈ લખે છે ''પોતાના સીધાં, સાદાં અને ગામડિયાઓની જીભે સહેજે ચડી જનારાં ગીતોથી આખા બારડોલીને ઘેલું કરનાર ફૂલચંદભાઈનો અને તેમના ભેરુ શિવાનંદનો આનંદ માતો નહોતો. કેટલાય દિવસો થયાં ગીતો બનાવવાનું બંધ કરેલું છતાં વિજયની ખબર આવી કે તરત જ ફૂલચંદભાઈને ઊર્મિ છૂટી આવી. અને વિજયનાં અનેક ગીતો રચી કાઢ્યાં એમાં :

*હાક વાગી વલ્લભની વિશ્વમાં રે*
*તોપ બળિયાને કીધા માત - હાક*

એ ગીત સભામાં, સરઘસોમાં અને ટ્રેનમાં એ સૈનિકો લલકાર્યા જ કરતા હતા.''[35]

ફૂલચંદભાઈ તથા તેમની મંડળીને વાલોડ અને વેડછીના લોકોએ માનપત્રો આપીને તેમનું બહુમાન કર્યું હતું. જેની વિગતો સત્યાગ્રહ પત્રિકામાં આ પ્રમાણે દર્શાવી છે : ''વાલોડના લોકોએ તેમના સેનાપતિ ડૉ. ચંદુલાલ દેસાઈને તેમજ શ્રીમતી ભક્તિબાને અને શ્રી ફૂલચંદભાઈ તથા તેમની મંડળીને માનપત્રો આપ્યાં. વેડછીના રાનીપરજ લોકોએ પણ ભક્તિબા તથા ફૂલચંદભાઈની મંડળીને માનપત્ર આપ્યાં અને તેમાં ફૂલચંદબાબા એવું પ્રેમભર્યું સંબોધન કરીને તેમના પ્રત્યે બંધાએલી મમતા દર્શાવી. ફૂલચંદભાઈએ વેડછીમાં રહીને બીજું ઘણું કર્યું. તેમાં બાળકોની નાની ભજનમંડળી તૈયાર કરી આપી એ એક તેમનું મોટું સંભારણું છે અને વેડછીના ભાઈ ગોમજી

લાલાએ માનપત્ર અર્પણ કરતાં એ માટે ખાસ આભાર માન્યો."

આમ ફૂલચંદભાઈ અને તેમની મંડળીને વાલોડ અને વેડછીના લોકોએ માનપત્રથી નવાજ્યા હતા. વેડછીના રાનીપરજ લોકોએ 'ફૂલચંદબાબા'ના સંબોધન દ્વારા તેમના પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો. ફૂલચંદભાઈએ વેડછીમાં બાળકોની એક ભજન મંડળીની રચના કરીને વેડછીને પોતાનું બહુમૂલ્ય સંભારણું આપ્યું હતું.

**સમાપન :**

આમ ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહનો સુખદ અંત આવ્યો. નાના-મોટા અસંખ્ય કાર્યકરોની મહેનત અને વલ્લભભાઈની દોરવણીથી બારડોલીના ખેડૂતોનો આ વિજય શક્ય બન્યો હતો. જેમાં ફૂલચંદભાઈ શાહ અને તેમની ભજન મડળીનું પણ ખૂબ મોટું યોગદાન હતું. લડત શરૂ થઈ અને સૌ પ્રથમ જે સ્વયંસેવક ટુકડી કાઠિયાવાડથી આવી તે ફૂલચંદભાઈ શાહની હતી. સત્યાગ્રહના પ્રારંભથી અંત સુધી સત્યાગ્રહમાં તેઓએ સભા-સરઘસ, ગીતોનાં ગાન તથા શૌર્યકથા દ્વારા પ્રજામાં જોમ-જુસ્સો અને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો હતો. ખાદી, રેંટિયો તથા દારૂબંધી જેવી રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા પણ તેઓ દોરવણી આપતા હતા. તેમની ભજન મંડળીના એક સાથી શિવાનંદને જેલની સજા થઈ હતી. છતાં અણનમ યોદ્ધાની જેમ લડતમાં આખર સુધી તેઓએ યથાયોગ્ય સેવા આપી હતી. ગાંધીજીના સાચા સત્યાગ્રહી એટલે ફૂલચંદભાઈ શાહ. સાચો સત્યાગ્રહી કેવો હોવો જોઈએ ? ગાંધીજી કહેતા કે વધારેમાં વધારે કષ્ટ સહન કરે તે સાચો સત્યાગ્રહી. ફૂલચંદભાઈ શાહ અને તેમની ભજન મંડળીએ બારડોલી તાલુકાને લડત દરમિયાન જીવંત રાખવાનું અદ્‌ભુત સેવાકાર્ય કર્યું હતું.

ફૂલચંદભાઈનાં સરળ, સંક્ષિપ્ત અને અસરકારક ગીતોએ આ સત્યાગ્રહમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ફૂલચંદભાઈએ વેડછીમાં બાળકોની ભજન મંડળીની રચના કરીને વેડછીને અણમોલું સંભારણું આપ્યું હતું. સત્યાગ્રહના અંત બાદ વાલોડ અને વેડછીના લોકોએ ફૂલચંદભાઈ અને તેમની મંડળીને માનપત્રો આપ્યાં હતાં.

## પાદનોંધ


૧. જયાબેન વજુભાઈ શાહ, 'સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિકો અને લડતો,' સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ રાજકોટ, ૧૯૮૮, પૃ. ૨૦૨-૨૦૩.

૨. ઈશ્વરલાલ ઇ. દેસાઈ, 'બારડોલી સત્યાગ્રહ', સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, સુરત, ૧૯૭૦, પૃ. ૫-૬

૩. મહાદેવભાઈ દેસાઈ, 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ', ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ, અમદાવાદ, ૧૯૯૧, પૃ. ૩-૪૧

૪. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૬, તા. ૨૪-૨-૧૯૨૮, પૃ. ૨.

૫. બિંદુવાસિની જોષી, 'ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાતી પત્રિકા પ્રવૃત્તિ : દફતરો આધારિત એક અધ્યયન (ઈ.સ. ૧૯૧૫-૧૯૪૭)' પ્રથમ આવૃત્તિ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૨૦૦૩, પૃ.૮૫

૬. જુઓ પાદનોંધ ૩, પૃ. ૫૬.

૭. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૭, તા. ૨૬-૨-૧૯૨૮, પૃ. ૨

૮. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૯, તા. ૨-૩-૧૯૨૮, પૃ. ૧

૯. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૧૩, તા. ૯-૩-૧૯૨૮, પૃ. ૨

૧૦. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૧૪, તા. ૧૧-૩-૧૯૨૮, પૃ. ૨

૧૧. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૨૫, તા. ૨૬-૩-૧૯૨૮, પૃ. ૨
૧૨. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૨૩, તા. ૨૨-૩-૧૯૨૮, પૃ. ૨
૧૩. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૨૯, તા. ૧-૪-૧૯૨૮, પૃ. ૧
૧૪. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૩૮, તા. ૧૩-૪-૧૯૨૮, પૃ. ૨
૧૫. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૪૦, તા. ૧૭-૪-૧૯૨૮, પૃ. ૨
૧૬. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૪૧, તા. ૧૯-૪-૧૯૨૮, પૃ. ૧
૧૭. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૪૨, તા. ૨૦-૪-૧૯૨૮, પૃ. ૨
૧૮. જુઓ પાદનોંધ ૩, પૃ. ૧૧૦.
૧૯. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૬૧, તા. ૧૨-૫-૧૯૨૮, પૃ. ૨
૨૦. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૪૦, તા. ૧૭-૪-૧૯૨૮, પૃ. ૨
૨૧ જુઓ પાદનોંધ ૨, પૃ. ૫૧૩
૨૨. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૧૩, તા. ૯-૩-૧૯૨૮, પૃ. ૨
૨૩. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૪૦, તા. ૧૭-૪-૧૯૨૮, પૃ. ૨
૨૪. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૬૧, તા. ૧૨-૫-૧૯૨૮, પૃ. ૨
૨૫. જુઓ પાદનોંધ ૨, પૃ. ૫૧૯
૨૬. જુઓ પાદનોંધ ૨, પૃ. ૫૨૬
૨૭. જુઓ પાદનોંધ ૨, પૃ. ૫૨૪
૨૮. જુઓ પાદનોંધ ૨, પૃ. ૫૨૫
૨૯. જુઓ પાદનોંધ ૨, પૃ. ૫૧૮
૩૦. જુઓ પાદનોંધ ૨, પૃ. ૫૧૪
૩૧. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૧૨૪, તા. ૧-૭-૧૯૨૮, પૃ. ૧
૩૨. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૮૪, તા. ૩૧-૫-૧૯૨૮, પૃ. ૧
૩૩. જુઓ પાદનોંધ ૩, પૃ. ૨૩૩
૩૪. જુઓ પાદનોંધ ૨, પૃ. ૫૨૭
૩૫. જુઓ પાદનોંધ ૩, પૃ. ૨૩૩
૩૬. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર ૧૬૬ તા. ૨૮-૮-૧૯૨૮, પૃ. ૩

# વર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો આધાર શિક્ષકોની ગુણવત્તા પર : સુધારણાનાં ઉપયોગી સૂચનો

◆

ડૉ. પ્રિયંકા ગાંધી*

**સારાંશ**

ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રને વિકસિત દેશોની હરોળમાં સામેલ થવું હોય તો સાચા અર્થમાં વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને શિક્ષણની ગુણવત્તાને અને સાથે શિક્ષકોની ગુણવત્તાને સુધારવી ખૂબ જરૂરી છે કારણ કે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો આધાર શિક્ષકોની ગુણવત્તા પર હોય છે. શિક્ષણનાં સાર્વત્રિકીકરણની સાથે શિક્ષણની ગુણવત્તાને સુધારવા માટે સઘન ઝુંબેશ સરકાર, સમાજ, શિક્ષકો, વાલીઓ અને કેળવણીકારોએ સતત ચાલુ રાખવી પડશે કારણ કે શિક્ષકો એ સમગ્ર શિક્ષણની આધારશીલા છે.

પ્રારંભિક શિક્ષણ (Elementary Education) એ કોઈ પણ રાષ્ટ્રના સાધારણ-જનસમુદાય માટે મૂળભૂત અને સૌથી વધારે અગત્યની જરૂરિયાત છે. કોઈપણ રાષ્ટ્રનો માનવ વિકાસ અંક (Human Development Index (HDI) એ નાગરિકોનો શિક્ષણ સાથે સીધો સંબંધ ધરાવે છે. રાષ્ટ્રીય શિક્ષણ (National Primary Education (NPE - 1986) અંતર્ગત શિક્ષણની ગુણવત્તાને સુધારવા માટે પ્રો. રવીન્દ્ર દવેની સમિતિની નિમણૂક કરવામાં આવી. આ સમિતિના અહેવાલ મુજબ જૂન, ઈ.સ. ૧૯૯૪માં સમગ્ર ભારત દેશમાં લઘુત્તમ અધ્યયન કક્ષા (Minimum Levels of Learning at Primary Stage) નો અભિગમ અપનાવવામાં આવ્યો. ત્યારબાદ શિક્ષણની ગુણવત્તા વધારવા માટે રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રમાણીકરણ (National Assessment and Accreditation Council-NAAC)ની સ્થાપના ઈ.સ.૧૯૯૪માં કરવામાં આવી અને તેના કારણે શિક્ષણમાં અનેક પરિવર્તનો થયાં. પરંતુ સાર્વત્રિક શિક્ષણ માટેની ગુણવત્તાનો (Quality of Educaiton) નો ક્રમશઃ હ્રાસ થતો ગયો છે.

શિક્ષણનો વ્યાપ વધવાની સાથે શિક્ષણની ગુણવત્તાની કટોકટી ઊભી થઈ છે. શિક્ષણમાં ગુણવત્તાની કટોકટી સર્જવા માટે જવાબદાર અનેક પરિબળોમાંનું એક પરિબળ (પ્રારંભિક) પ્રાથમિક શિક્ષણનો નબળો પાયો અને બીજું પરિબળ નબળા શિક્ષકો જ છે, તેથી શિક્ષણની ગુણવત્તા અને શિક્ષકોની ગુણવત્તા ઉપર ભાર મૂકવો તે ખૂબ જરૂરી બન્યો છે.

દેશમાં દરેક બાળકને પ્રાથમિક શિક્ષણ મળે તે હેતુથી સ્તવંત્રતા પછી શૈક્ષણિક સુવિધાઓમાં અનેક પ્રકારના વધારા થયા પરંતુ આ સાથે ગુણવત્તામાં કટોકટી ઊભી થઈ છે. શિક્ષણની ગુણવત્તા અને શિક્ષકોની ગુણવત્તા એક વિકટ પ્રશ્ન બન્યો છે. તે વિકટ પ્રશ્ન પર સતત ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે. વર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો આધાર શિક્ષકોની ગુણવત્તા પર હોવાથી સુધારણાનાં ઉપયોગી સૂચનો દર્શાવવામાં આવ્યાં છે.

**શિક્ષણનો અર્થ વિશે સમજૂતી :**

શિક્ષણ શબ્દ સંસ્કૃત ભાષાનો છે. સંસ્કૃતમાં શિક્ષ એટલે શીખવું, ભણવું એટલો જ અર્થ થાય છે પરન્તુ શિક્ષણ શબ્દનો અર્થ શીખવનાર અને શીખવું એમ બે અર્થ થાય છે. શિક્ષણ શબ્દમાં શીખવું અને શીખવવું એમ

---

* અધ્યાપક : માનસશાસ્ત્ર, ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર

બન્ને કાર્યોનો અર્થ શિક્ષણ શબ્દમાં સમાયેલો છે. રૂસોના મતે શિક્ષણ જીવન છે એટલે શિક્ષણનું લક્ષ વ્યક્તિત્વના ઉત્કર્ષ માટે થાય છે. આ વ્યાખ્યા સ્પષ્ટ થાય છે કે વ્યક્તિ જીવનભર શિક્ષણ ગ્રહણ કરે છે.

પેસ્તાકલીત્સીના મત મુજબ શિક્ષણ એ આપણી આંતરિક શક્તિઓનો વિકાસ કરે છે, ઉપરથી આવેલ જ્ઞાન નહીં પરન્તુ સ્વયં વિદ્યાર્થીની કાર્યશીલતા તથા તેના અનુભવોનું પરિણામ છે. શિક્ષણ એ મનુષ્યની સમગ્ર શક્તિઓનો અને વાસ્તવિકતાનો પ્રગતિશીલ વિકાસ છે.

મેન ડઈ શિક્ષણનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે. શિક્ષણ એક ક્રમ છે જેમાં વ્યક્તિ શક્તિઓ પર નિયંત્રણ પ્રાપ્ત કરે છે અને વ્યક્તિગત અનુભવો દ્વારા સામાજિક ઉત્કર્ષ સહયોગ પ્રાપ્ત કરે છે.

એરિસ્ટોલના મતે શિક્ષણ પણ એક કળા છે. શિક્ષણ કોનું કલ્યાણ કરે છે. વ્યક્તિનું કે સમષ્ટિનું ? બન્નેનું શિક્ષણ લેનારનું તો કલ્યાણ થવાનું જ છે અને શિક્ષિત માનવી પોતાનાં સત્કાર્યોથી સુવાસ ફેલાવીને સમાજનું પણ કલ્યાણ સાધે છે એટલે દરેક નાગરિકે શિક્ષિત થવું જોઈએ.

**શિક્ષણ અને કેળવણીના અર્થભેદની સમજૂતી :**

સામાન્ય રીતે શિક્ષણ અને કેળવણી સામાન્ય જનને મન તો બન્ને શબ્દમાં કોઈ જ અર્થભેદ નથી. આપણી સામાન્ય વાતચીતમાં તો આપણે શિક્ષણ, કેળવણી, તાલીમ, ભણતર એકબીજાના પર્યાય હોય એવી જ રીતે વાપરીએ છીએ.

સામાન્ય રીતે અંગ્રેજી પરિભાષાની દૃષ્ટિએ વિચારીએ તો કેળવણી એટલે એજ્યુકેશન (Education) અને શિક્ષણ એટલે ટીચીંગ (Teaching).

એજ્યુકેશન શબ્દની ઉત્પત્તિ રોસે લેટિન શબ્દ, એજ્યુકેર કેળવીને ઉછેરવું (To cducare to bring up) ઉપરથી આપી છે અને ટીચીંગ (Teaching) એટલે વિદ્યાર્થીને પાસે બેસાડીને કોઈ વિષયક પ્રક્રિયા પ્રત્યક્ષ શીખવવી, એવો મર્યાદિત જ અર્થ થાય છે એટલે વર્ગમાં પ્રત્યક્ષ પણે શિક્ષિત વિદ્યાર્થીઓને જે કંઈ શીખવે તેને શિક્ષણ કહીશું પણ શાળામાં શાળાના વાતાવરણમાંથી, પુસ્તકાલયના વાંચનમાંથી, ઇતર પ્રવૃત્તિમાંથી વિદ્યાર્થી જે કંઈ શીખે એને કેળવણી કહી શકાય છે.

**શિક્ષકના અર્થ વિશે સમજૂતી :**

''શિસ્ત, ક્ષમા અને કેળવણીનો ત્રિવેણીસંગમ એટલે શિક્ષક.'' ''શિક્ષક એટલે જ્ઞાનની ઊર્જા આપતો સૂરજ એટલે શિક્ષક.''

શિક્ષક શિસ્ત પાલન કરનાર હોવો જોઈએ. શિક્ષકમાં ક્ષમા હોવી અત્યંત આવશ્યક છે. વિદ્યાર્થીને યોગ્ય કેળવણી પૂરી પાડવી જોઈએ, શિક્ષક એ સમાજનું પ્રતિનિધિરૂપ પાત્ર છે.

**શિક્ષણની સંસ્થાઓ વિશે સમજૂતી :**

શિક્ષણની પાંચ આવશ્યક સંસ્થાઓ છે.

૧. ઘર (કુટુંબ)

૨. શાળા

૩. સમાજ

૪. ધર્મ

૫. રાજ્ય.

આ શાળા-શિક્ષણનું પ્રત્યક્ષ કાર્ય છે.

**શિક્ષણનાં આવશ્યક અંગો વિશે સમજૂતી :**

શિક્ષણનાં ચાર આવશ્યક અંગો છે.

૧. બાળક
૨. શિક્ષક
૩. શીખવાની વસ્તુ
૪. શીખવાની પદ્ધતિ

આ ચાર અંગો દ્વારા શિક્ષણનો વિકાસ થાય છે.

**પ્રાથમિક શિક્ષકનાં અર્થ વિશે સમજૂતી :**

પ્રાથમિક શાળાના અધ્યાપનકાર્યની ફરજ બજાવતાં કર્મચારીને પ્રાથમિક શિક્ષક કહી શકાય છે.

મહાન તત્ત્વચિંતકો અને કેળવણીકારોના મતે (પ્રાથમિક શિક્ષણ અને કેળવણી) વિશે સમજૂતી :

ઊગતી પેઢીનાં વિકાસ અને કલ્યાણની ભાવનાથી પ્રેરાઈને ઇરાદાપૂર્વક સહેતુક યોજનાબદ્ધ રચાયેલી વ્યવસ્થાને પ્રાથમિક શિક્ષણ, વિદ્યાર્થીના વ્યક્તિત્વ ઉપર સુયોજિતપણે બાહ્ય અસરો પાડવાની ક્રિયાને શિક્ષણ, પરિસ્થિતિને અનુકૂળ થતા વિદ્યાર્થીને અનુકૂલ કરવાની કલા શીખવે તે પ્રાથમિક શિક્ષણ.

કેળવણી એટલે બાળકના શરીર અને મનના ઉત્તમ અંશોને વિકસાવે તે. બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરે તે કેળવણી, વિદ્યાર્થીના વર્તન, વિચારો અને વલણોમાં પરિવર્તન આણવાની પ્રક્રિયા તે કેળવણી.

**પ્રાથમિક શિક્ષણ માટેના ઍક્ટ અને પ્રાથમિક શિક્ષણના વેગપ્રવાહ વિશે સમજૂતી :**

ઈ.સ. ૧૯૩૪માં લૉર્ડ-મિકોલે ગવર્નર જનરલની કાઉન્સિલના કાયદાના સભ્ય બની ભારતમાં આવ્યા હતા. લૉર્ડ મિકોલેની નિયુક્તિથી ભારતીય શિક્ષણનો એક નૂતન યુગ શરૂ થયો અને ઈ.સ. ૧૯૩૫માં તેણે પોતાનો વિચક્ષણ પત્ર ગવર્નર જનરલ કાઉન્સિલ સમક્ષ રજૂ કર્યો.

લૉર્ડ રિપને ઈ.સ. ૧૮૮૨માં ભારતીય શિક્ષણ આયોગની નિમણૂક કરી તેના અધ્યક્ષ તરીકે વિલિયમ હંટર હતા. પ્રાથમિક શિક્ષણ સંબંધી હંટર કમિશને ઈ.સ. ૧૮૮૨માં આયોગ પ્રાથમિક શિક્ષણ તરફ વધારે ધ્યાન આપ્યું. પંચે પ્રાથમિક શિક્ષણની જાતિ, વહીવટ અને સંચાલન અર્થવ્યવસ્થા, પ્રશિક્ષણ અને પાઠ્યક્રમ વિશે ભલામણો કરી. હંટર કમિશને ઈ.સ. ૧૮૮૨માં પ્રાથમિક શિક્ષણ સંબંધી ભલામણો જણાવી.

વુડનો ખરીતાં (ઈ.સ. ૧૮૮૩) કંપનીએ તૈયાર કરેલ ચાર્ટર ઍક્ટના અમલીકરણ દરમિયાન શિક્ષણ ક્ષેત્રે કેટલીક સમસ્યાઓ ઊભી થવા પામી હતી. આ સમસ્યાઓના અનુસંધાનમાં શિક્ષણ ક્ષેત્રે પુનઃ સંશોધનની જરૂરિયાત ઊભી થવા પામી હતી, આને પરિણામે બ્રિટનની લોકસભાએ એક સમિતિની રચના કરી. આ સમિતિએ તાત્કાલિક શિક્ષણ નીતિ અને ગુણદોષોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો અને કેટલીક સંસ્થાના સંચાલકોએ ભારતમાં પોતાની શિક્ષણ વિષયક નીતિ જાહેર કરી.

**પ્રાથમિક શિક્ષણની શાળાઓની સંખ્યા અને પ્રાથમિક શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના સાક્ષરતાના પ્રમાણ વિશે સમજૂતી :**

ભારતમાં પ્રાથમિક સ્કૂલોની સંખ્યા આશરે ૬,૪૧,૬૪૫ છે. ભારતમાં (૫-૯) વર્ષ વચ્ચેના પ્રાથમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ ૧૦૯ મિલિયન હતાં. જેમાં વિદ્યાર્થીઓ ૫૬ મિલિયન અને વિદ્યાર્થીનીઓ ૫૩ મિલિયનની સંખ્યામાં જોવા મળ્યાં હતાં.

ભારતમાં પ્રાથમિક શિક્ષણ લેતાં ૭ વર્ષના વિદ્યાર્થીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૫.૮૫ અને વિદ્યાર્થિનીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૫૪.૧૬ જોવા મળ્યું હતું. પ્રાથમિક શિક્ષણ લેતાં ૭ વર્ષના વિદ્યાર્થિઓમાં અને વિદ્યાર્થિનીઓમાં આશરે ૬૫.૩૮ જેટલું સાક્ષરતાનું પ્રમાણ જોવા મળ્યું હતું, તે બીજા અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું અંકાય છે.

**ભારતનાં રાજ્યો મુજબ પ્રાથમિક શિક્ષણ લેતાં છોકરાઓ અને છોકરીઓના સાક્ષરતાના પ્રમાણ વિશે સમજૂતી :**

**ભારત દેશમાં પ્રાથમિક શિક્ષણ લેતાં (૭ વર્ષની) વયનાં છોકરાઓ અને છોકરીઓનું સાક્ષરતાનું પ્રમાણ રાજ્ય મુજબ અહેવાલ પ્રમાણે :**

૮૦ થી ૯૦% માં જે રાજ્યો આવતાં હોય તે રાજ્યનાં છોકરાઓ અને છોકરીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ધરાવતાં રાજ્યોમાં : દિલ્લી ૮૧.૮૨%, ગોવા ૮૨.૩૨%, કેરલ ૯૦.૯૨%, મિઝોરમ ૮૮.૪૯%, આંદામાન ઍન્ડ નિકોબાર દ્વીપસમૂહ, ૮૧.૧૮%, ચંડીગઢ ૮૧.૭૬%, દમન અને દીવ ૮૧.૦૯%, લક્ષદ્વીપ ૮૭.૫૨, પોન્ડેચેરી ૮૧.૪૯% સૌથી વધારે સાક્ષરતાનું પ્રમાણ આ રાજ્યમાં જોવા મળ્યું હતું.

૬૦ થી ૭૯% માં જે રાજ્યો આવતાં હોય તે રાજ્યનાં (છોકરાઓ અને છોકરીઓમાં) સાક્ષરતાનું પ્રમાણ ધરાવતાં રાજ્યોમાં : આંધ્રપ્રદેશ ૬૧.૧૧%, આસામ ૬૪.૨૮%, છત્તીસગઢ ૬૫.૧૮%, ગુજરાતમાં ૬૯.૭૭%, હરિયાણા ૬૮.૫૯%, હિમાચલ પ્રદેશમાં ૭૭.૧૩%, કર્ણાટક ૬૭.૦૪%, મધ્યપ્રદેશ ૬૪.૧૧%, મહારાષ્ટ્ર ૭૭.૨૮%, મણિપુર ૬૮.૮૭%, મેઘાલય ૬૩.૩૧%, નાગાલેન્ડ ૬૭.૧૧%, પંજાબ ૬૯.૯૫%, રાજસ્થાન ૬૧.૦૩%, દાદરાનગર હવેલી ૬૦.૦૩%, પશ્ચિમ બંગાળ ૬૯.૨૨%, ઉત્તરાંચલ ૭૨.૨૮%, ત્રિપુરા ૭૩.૬૬%, સિક્કિમ ૬૯.૬૮%. આ રાજ્યોમાં ૬૦ થી ૭૯% સાક્ષરતાનું પ્રમાણ જોવા મળ્યું હતું.

૫૦ થી ૫૯% માં જે રાજ્યો આવતાં હોય તે રાજ્યનાં (છોકરાઓ અને છોકરીઓમાં) સાક્ષરતાનું પ્રમાણ ધરાવતાં રાજ્યોમાં અરુણાચલ પ્રદેશ ૫૪.૭૪%, બિહાર અને જમ્મુ કાશ્મીર ૫૪.૧૩%, ઉત્તરપ્રદેશ ૫૭.૩૬%, આ રાજ્યોમાં ૫૦ થી ૫૯% સાક્ષરતાનું પ્રમાણ જોવા મળ્યું હતું.

૪૦.૪૯% માં જે રાજ્યો આવતાં હોય તે રાજ્યનાં છોકરાઓ અને છોકરીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ધરાવતાં રાજ્યોમાં બિહાર ૪૫.૪૩%. આ રાજ્યમાં સૌથી ઓછું સાક્ષરતાનું પ્રમાણ જોવા મળ્યું હતું.

ભારત દેશમાં છોકરાઓ અને છોકરીઓમાં સૌથી વધારે સાક્ષરતાનું પ્રમાણ કેરલ રાજ્યમાં ૯૦.૯૨% અને સૌથી ઓછું બિહાર રાજ્યમાં ૪૫.૪૩% સાક્ષરતાનું પ્રમાણ જોવા મળ્યું હતું.

**ભારતમાં આઝાદી પહેલાં અને પછી પ્રાથમિક શિક્ષણના વિકાસ વિશે સમજૂતી :**

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર, પ્રાથમિક શિક્ષણના વિકાસ પર પૂરતું ધ્યાન આપી શકે નહિ. પરિણામે પ્રાથમિક શિક્ષણમાં આ તબક્કે જે કાંઈ વિકાસ થયો તેમાં ખાનગી સાહસોનો ફાળો અગ્રિમ રહ્યો છે.

ઈ.સ. ૧૯૬૪-૧૯૬૬માં રાષ્ટ્રીય શિક્ષણ પંચે (કોઠારી પંચે) પ્રાથમિક શિક્ષણને મનોવૈજ્ઞાનિક ગણાવી આગામી વીસ વર્ષમાં શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર વધારવાની ભલામણ કરી. આઝાદી પછી પ્રાથમિક શિક્ષણનાં સાર્વત્રિકીકરણના લક્ષને આંબવાના અનેક પ્રયત્નો થયા છે. ઈ.સ. ૧૯૫૦-૫૧માં વિશાળ દેશમાં પ્રાથમિક શાળાઓમાં સંખ્યા ૨.૨ લાખ હતી તે વધીને ૯.૩૨ લાખ થઈ, તે ઉપરાંત હાલમાં ૩ લાખ જેટલાં અવૈદિક શિક્ષણ કેન્દ્રો છે.

ભારત દેશમાં ૧૦ કરોડ બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવી રહ્યાં છે. ધોરણ ૧ થી ૪ ની પ્રાથમિક શાળાઓ અને ૫-૭ ની પ્રાથમિક શાળાઓ ૮૩.૯૮% બાળકો માટે ૩ કિલોમીટરનાં અંતરે છે. આઝાદી પછીનાં ૬૦ વર્ષમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે, પણ સાથે સાથે તેનું સ્તર ઘણું નીચું ગયું છે. ભારત સરકારે શિક્ષણ સંબંધી ચાર પ્રકારની

પંચવર્ષીય યોજનાઓમાં પ્રથમ, બીજી, ત્રીજી અને ચોથી આ પ્રમાણે યોજનાઓ બહાર પાડી.

૧. પ્રથમ યોજના(ઈ.સ. ૧૯૫૧-૫૬)માં પ્રારંભિક શિક્ષણ પાછળ ૮૫ કરોડ ખર્ચ કરેલ.
૨. બીજી યોજના(ઈ.સ. ૧૯૫૬-૬૧)માં પ્રારંભિક શિક્ષણ પાછળ ૮૭ કરોડ ખર્ચ કરેલ.
૩. ત્રીજી યોજના(ઈ.સ. ૧૯૬૧-૬૬)માં પ્રારંભિક શિક્ષણ પાછળ ૨૦૯ કરોડ ખર્ચ કરેલ.
૪. ચોથી યોજના(ઈ.સ. ૧૯૭૧-૭૬)માં પ્રારંભિક શિક્ષણ પાછળ ૩૨૨ કરોડ ખર્ચ કરેલ.

સરકારે ખર્ચ કરેલ અને સાથે પ્રાથમિક શિક્ષણને મહત્ત્વ આપેલ. આ ચાર યોજનાને કારણે પ્રાથમિક શિક્ષણ વ્યાપ વધ્યો પરંતુ સાથે સાથે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ઘટતી ગઈ છે.

**વર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો આધાર શિક્ષકોની ગુણવત્તા પર હોવાથી ગુણવત્તા સુધારણા માટે ઉપયોગી સૂચનો.**

૧. શિક્ષણની ગુણવત્તામાં પરિવર્તન લાવવા માટે સઘન ઝુંબેશ : કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સમાજ, શિક્ષકો, વાલીઓ, નાગરિકોએ અને કેળવણીકારોએ શરૂ કરવી પડશે, આ સઘન ઝુંબેશોથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવી શકાય.

૨. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના શિક્ષણ-પ્રધાનો માટે પ્રાથમિક શિક્ષક અને પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તાએ ચિંતાનો વિષય બનવો જોઈએ, કારણ કે પ્રાથમિક શિક્ષણ અને શિક્ષક એ સમગ્ર શિક્ષણની આધારશીલા છે.

૩. કોઈપણ વિદ્યાર્થીનો પ્રાથમિક શિક્ષણનો પાયો નબળો હોય તો માધ્યમિક શિક્ષણની ઈમારત શિક્ષકોએ ના ચણવી જોઈએ. આનાં પરથી સ્પષ્ટ કહી શકાય કે નીચેના સ્તરનું શિક્ષણ પૂરેપૂરું પરિપક્વ થયા વગર ઉપરના સ્તરના શિક્ષણ માટે વિદ્યાર્થીઓને શિક્ષકે ના મોકલવા જોઈએ.

૪. પ્રાથમિક શિક્ષણને જરૂરી એવો યોગ્ય આકાર આપવા માટે શિક્ષણ વિશેની શિક્ષકોની તાલીમને સુદઢ બનાવવી જરૂર છે, જેથી શિક્ષણની ગુણવત્તામાં વધારો થઈ શકે.

૫. પ્રાથમિક શિક્ષણ લેતાં બાળકોને સાદી સૂચનાઓ આપી, અલગ અલગ અનુભવો નિર્માણ કરી, વિદ્યાર્થીઓની જ્ઞાનેન્દ્રિયોના માધ્યમ દ્વારા શિક્ષકોએ વિધિસર શિક્ષણ આપવું જોઈએ.

૬. પ્રાથમિક શિક્ષણનાં વિદ્યાર્થીઓને સીધી રીતે શિક્ષણ આપવા કરતાં તેના માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરીને વિદ્યાર્થીઓ આપ મેળે સ્વયં શિક્ષણ મેળવે તેવી વ્યવસ્થા સ્કૂલમાંથી અથવા સંસ્થામાંથી કરવી જોઈએ.

૭. ભારત દેશમાં દરેક મહિલાઓને શિક્ષિત બનાવવી જરૂરી છે, કારણ કે જો મહિલા શિક્ષિત હશે તો તેનાં છોકરા અને છોકરી માટે શિક્ષણ પ્રત્યે વિધેયાત્મક વલણ રાખશે અને સાથે છોકરા-છોકરીઓને શિક્ષિત બનાવવા પ્રયત્નશીલ રહેશે અને શિક્ષણના વિકાસમાં ગતિ જોવા મળશે.

૮. પ્રાથમિક સ્કૂલોમાં વિદ્યાર્થીઓની બૌધ્ધિક (માનસિક), સામાજિક, સર્જનાત્મકલક્ષી, શારીરિક, આ ઉદ્દેશ્યો સિધ્ધ થઈ શકે તેવી વ્યવસ્થા ધરાવતું પ્રાથમિક શિક્ષણ હોવું જોઈએ, જેથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં વધારો થઈ શકે.

૯. દેશમાં શિક્ષણનો વ્યાપ વધવાની સાથે શિક્ષણની ગુણવત્તા સુધરે તો જ શિક્ષણ સાચા અર્થમાં સામાજિક વિકાસનું ઉત્તમ માધ્યમ બની રહે તેથી દરેક નાગરિકે શિક્ષણ સાથે તેની ગુણવત્તા વધે તેના ઉપર ભાર મૂકવો ખૂબ જ જરૂરી છે.

૧૦. પ્રાથમિક શિક્ષણની વ્યૂહરચના શિક્ષકોએ તે પ્રમાણે કરવી જોઈએ જેથી શિક્ષણની ગુણવત્તા વધે અને પ્રાથમિક શિક્ષણ પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરુચિ વધે અને શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય. દા.ત. વ્યાખ્યાન, વાર્તાલાપ, પ્રત્યક્ષ અનુભવો, અનુકરણ મુજબ રમત, વિદ્યાર્થી જોઈ શકે અને સાંભળી શકે તેવી સામગ્રી. આ રીતે શિક્ષકોએ વ્યૂહરચના શિક્ષણની ગોઠવવી જોઈએ.

૧૧. દેશમાં દરેક બાળ-વિદ્યાર્થીઓને ઘર અને કુટુંબમાંથી સારા સંસ્કાર, ટેવ, રીતભાત યોગ્ય રીત શીખવાય તે જરૂરી છે. ઘર અને કુટુંબમાંથી મળેલ પ્રાથમિક શિક્ષણ બાળ-વિદ્યાર્થીઓના જીવનમાં કાયમ રહે છે. શાળા કરતાં બાળ-વિદ્યાર્થીઓનાં શિક્ષણની શરૂઆત ઘર અને કુટુંબમાંથી જ થાય છે. એટલે દરેક ઘરના અને કુટુંબના સભ્યોને શિક્ષણ પ્રત્યે જાગૃત થવાની જરૂર છે, જેથી બાળ-વિદ્યાર્થીઓના શિક્ષણમાં વધારો થઈ શકે.

૧૨. શિક્ષકો જેમ કે આગમન અને નિગમન પદ્ધતિ, પ્રશ્ન પદ્ધતિ, રમત દ્વારા શિક્ષણ પદ્ધતિ, કિન્ડર ગાર્ટન પદ્ધતિ, મોન્ટેસોરી પદ્ધતિ, હ્યુરિસ્ટીક પદ્ધતિ. આ દરેક પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રાથમિક શિક્ષણનું પ્રદાન શિક્ષકો કરે અને આ મુજબની પદ્ધતિનો ઉપયોગ પ્રાથમિક સ્કૂલોમાં કરે એ આવશ્યક છે.

૧૩. લોકશાહીની સફળતા માટે દરેક બાળ નાગરિકને શિક્ષિત બનાવવો ખાસ જરૂર છે. બાળ-નાગરિકમાં સાક્ષરતાનું પ્રમાણ વધે અને નિરક્ષરતા ઘટે તે દેશ માટે ખાસ જરૂરી છે.

૧૪. ખાસ તો ગ્રામ્ય અને શહેરની સરકારી પ્રાથમિક સ્કૂલો ઉપર ખાસ ભાર આપવો જરૂરી છે, જેથી ગ્રામ્ય અને શહેર વિસ્તારોમાં સરકારી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા વધે તેવું શિક્ષણ આપવું જોઈએ.

૧૫. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સરકારે ક્ષમતાકેન્દ્રી શિક્ષણ પર આધારિત અભ્યાસક્રમ દાખલ કર્યો છે. ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ દ્વારા પ્રાથમિક શિક્ષણને સફળ બનાવવાની જવાબદારી પ્રાથમિક શિક્ષકોની છે. પ્રાથમિક શિક્ષકો ક્ષમતાકેન્દ્રી શિક્ષણ તરફ સારું વલણ દર્શાવતા હશે તો જ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા વધશે.

૧૬. શિક્ષકનાં તાલીમ અને વર્ગોનું આયોજન કરવું જોઈએ. ક્ષમતાકેન્દ્રી પ્રાથમિક શિક્ષણની સમજ આપતું સંદર્ભ સાહિત્ય સ્કૂલની લાયબ્રેરીમાં તેમને સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા હોવી જરૂરી છે.

૧૭. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધરે તો જ શિક્ષણ સાચા અર્થમાં સામાજિક વિકાસનું ઉત્તમ માધ્યમ બની રહે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કેટલાક પ્રકારની શિક્ષણસારણી દ્વારા ક્ષમતાકેન્દ્રી અભિગમ અપનાવવો જોઈએ, જેથી શિક્ષણની ગુણવત્તા અને સાથે શિક્ષકોની ગુણવત્તામાં વધારો થઈ શકે.

૧૮. શિક્ષકોની ગુણવત્તાને સુધારવા માટે શિક્ષક સજ્જતાનાં કાર્યક્રમોનું સંકલન થાય તો ભારત દેશનું શિક્ષણજગત અને સાથે શિક્ષકજગત બન્ને ગુણવત્તાયુક્ત બને.

**સંદર્ભો**

'ભારતીય બાળક એક આકલન', (૨૦૦૨) મહિલા અને બાળ વિકાસ વિભાગ, માનવ સંશોધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર (પૃ. ૩-૫)

પબ્લીક રિપોર્ટ ઑન બેઝિક એજ્યુકેશન ઇન ઇન્ડિયા, (૧૯૯૯) ઓક્સ્ફર્ડ યુનિવર્સિટી પ્રેસ (પૃ. ૭૯-૮૧)

'શિક્ષણના સિદ્ધાંતો', 'જગમોહનદાસ મોદી', મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલય, બરોડા (૧૯૬૪), (પૃ. ૪-૭)
'બાલ્યાવસ્થા અને કુમારાવસ્થાની શિક્ષણની સમસ્યાઓ', હિંમતભાઈ મહેતા, (૨૦૦૨). નવભારત સાહિત્ય મંદિર (પૃ. ૧૩, ૨૯-૩૦)
'ભારતમાં પ્રાથમિક શિક્ષણ', રેણુ અને અર્પણા ત્રિવેદી, (૨૦૦૬). ઓમેગા પબ્લિકેશન, નવી દિલ્હી, (પૃ. ૩, ૨૦, ૨૫, ૯૫, ૧૨૧, ૧૬૨-૬૩)
'શિક્ષણની આજ અને કાલ', ડૉ. મોહનભાઈ પંચાલ (૨૦૦૦). નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, ઑક્ટોમ્બર (પૃ. ૧૪, ૮૪-૮૫)
'કારકિર્દી માર્ગદર્શન', પ્રકાશક બિપીન શાહ (૨૦૦૮) ડિસેમ્બર, માલિક વિકાસ ટ્રસ્ટ, ભાવનગર-૩૮૪૦૦૦૧ (પૃ. ૧૩-૧૫)

# ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો વ્યક્તિ અભ્યાસ

◆

**પ્રવીણચંદ્ર એચ. પ્રજાપતિ***

**૧. પ્રસ્તાવના**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ શિક્ષણ વિષે ઘણું ચિંતન કર્યું છે અને આ ચિંતનના પરિપાકરૂપે ઈ.સ.૧૯૩૭માં વર્ધા શિક્ષણ યોજના અંતર્ગત દેશને નઈ તાલીમના શિક્ષણની અણમોલ ભેટ આપી. તેમના મતે ''કેળવણી એટલે વ્યક્તિના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા.'' અર્થાત્ શિક્ષણની દૃષ્ટિએ વિદ્યાર્થી શિક્ષણની સાથે-સાથે શારીરિક, માનસિક અને વ્યાવસાયિક કેળવણી પણ પામે.

વિદ્યાર્થીઓની પ્રતિભા દ્વારા તેમની શક્તિઓ, ક્ષમતાઓ, વિચારો, લાગણીઓ વગેરે જાણી શકાય છે. દરેક વિદ્યાર્થી તેમની ક્ષમતાઓની બાબતમાં એક સમાન હોતા નથી. તેમનામાં વ્યક્તિગત તફાવત તરી આવે છે. તેમનાં સમાજ, કુટુંબ, જાતિ, ધર્મ અને સંસ્કાર વગેરે ભિન્ન છે. દરેક ઘરનું વાતાવરણ પણ અલગ-અલગ હોય છે. આવું ભિન્ન વાતાવરણ લઈને વિદ્યાર્થી શાળામાં પ્રવેશે છે. અસરકારક શિક્ષણ આપવા આવા વિદ્યાર્થીઓને તેમનાં પ્રશ્નો, મૂંઝવણો અને મુશ્કેલીઓને દૂર કરવા તેમને શિક્ષણમાં મદદરૂપ થવા તેમના પોતાના ખ્યાલોને સમજવા જરૂરી છે. અભ્યાસ વિષયક તેમની પ્રતિભામાં ફેર પડે તે હેતુથી વ્યક્તિગત અભ્યાસક્ષેત્રે સંશોધન કરવું જરૂરી છે.

ગુજરાતમાં છેલ્લાં વર્ષોમાં ઉત્તર બુનિયાદી શાળાઓમાં અભ્યાસ કરતા અનામત વર્ગના વિદ્યાર્થીઓની કુલ સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જોવા મળે છે. જે સૂચવે છે કે અનામત વર્ગના વિદ્યાર્થીઓ હવે શાળામાં આવતા થયા છે. તેમ છતાં કેટલાક અવરોધોને કારણે પૂરું શિક્ષણ લઈ શકતા નથી.

સમાજના અન્ય વર્ગોની તુલનાએ અનામત વર્ગના વિદ્યાર્થીઓમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ખૂબ જ જૂજ સંખ્યામાં વિદ્યાર્થીઓ શિક્ષણ પૂર્ણ કરે છે :

અનામત વર્ગના વિદ્યાર્થીઓ ઘણા અવરોધોને લીધે ઉચિત પ્રતિભા ધરાવતા નથી. પ્રસ્તુત સંશોધનનો ઉદ્દેશ આવા અવરોધોને ઓળખી તે નિવારવાના પ્રયાસો સૂચવવાનો છે.

**૨. સંશોધનના હેતુઓ**

દરેક કાર્ય, વિચાર કે અભ્યાસ પાછળ હંમેશાં કોઈને કોઈ ચોક્કસ હેતુ રાખવામાં આવે છે. સંશોધકે પોતાના અભ્યાસ માટે નીચે મુજબના હેતુઓનો સમાવેશ કર્યો છે.

(૧) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો વ્યક્તિ-અભ્યાસ કરવો.

(૨) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના વાર્ષિક પરીક્ષાનાં પરિણામો જાણવા.

(૩) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે સિદ્ધિકસોટીની રચના કરવી.

(૪) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની બુદ્ધિકક્ષા જાણવી.

* આચાર્ય, જી.એસ.એમ.બી.આર.મહેતા ઉ.બુ. વિદ્યાલય, નારદીપુર, જિ. ગાંધીનગર

(૫) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની વિશિષ્ટ સિદ્ધિનો અભ્યાસ કરવો.

(૬) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્થિતિનો અભ્યાસ કરવો.

(૭) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની અભિરુચિ જાણવી.

(૮) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનાં પ્રેરક પરિબળો જાણવાં.

(૯) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનાં અવરોધક પરિબળો જાણવાં.

**૩. સંશોધનના અભ્યાસ પ્રશ્નો**

અભ્યાસ પ્રશ્નો શૈક્ષણિક સંશોધનના હાર્દ સમા છે. આથી અભ્યાસ પ્રશ્નોની રચના કોઈ પણ શૈક્ષણિક સંશોધન માટે અગત્યની છે. અભ્યાસ પ્રશ્નો સંશોધન અંગેની દોરવણી સંશોધનકારને આપે છે. આ સંશોધન માટે નીચે પ્રમાણેના અભ્યાસ પ્રશ્નો રાખવામાં આવ્યા છે.

(૧) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાનાં પરિણામો કેવા હશે ?

(૨) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની સિદ્ધિ કેવી હશે ?

(૩) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની બુદ્ધિકક્ષા કેવી હશે ?

(૪) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની વિશિષ્ટ સિદ્ધિ કેવી હશે ?

(૫) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સિદ્ધિ કેવી હશે ?

(૬) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની અભિરુચિ કેવી હશે ?

(૭) ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનાં અવરોધક પરિબળો ક્યાં હશે ?

**૪. સંશોધનનું વ્યાપવિશ્વ અને નિદર્શ**

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયના ઉત્તર ગુજરાતના ચાર જિલ્લા મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરવામાં આવેલ. ઉત્તર બુનિયાદી શાળાઓના ધોરણ ૮ અને ૯ ના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સંશોધનનું વ્યાપવિશ્વ છે.

પ્રસ્તુત સંશોધનમાં સ્તરીકૃત યાદચ્છિક નમૂનો લઈને તેની વ્યક્તિ-અભ્યાસ માટે પસંદગી કરવામાં આવી છે. આમ, પ્રસ્તુત સંશોધનમાં આ નમૂનો બહુસોપાની નમૂનો થશે.

**૫. સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનનો વ્યાપ ઉત્તર ગુજરાતના ચાર જિલ્લા મહેસાણા, સાબરકાંઠા બનાસકાંઠા અને પાટણ હોઈ સંશોધનના ક્ષેત્રમાં આ ચાર જિલ્લામાં આવેલ ઉત્તર બુનિયાદી શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ ચાર જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના ધોરણ ૮ અને ૯ ના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ તે પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર રહેશે.

## ૬. સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ઉત્તર ગુજરાતના ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના વિદ્યાર્થીઓનો વ્યક્તિ અભ્યાસ જાણવા સંશોધન હાથ ધરેલ છે. જેથી આ સંશોધન ગુણાત્મક સંશોધન હશે.

## ૭. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ અને બુદ્ધિકક્ષા જાણવા સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે અને અનામત કક્ષાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનાં બધાં જ પાસાંનો અભ્યાસ કરવા માટે વ્યક્તિ-અભ્યાસ પદ્ધતિ હાથ ધરવામાં આવેલ છે.

## ૮. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે વિદ્યાર્થી અને તેના વાલીની માહિતી મેળવવા માટે સ્વરચિત મુલાકાતપત્રક, વિદ્યાર્થીઓની સિદ્ધિ જાણવા માટે સ્વરચિત સિદ્ધિ કસોટી તેમજ વિદ્યાર્થીઓની વ્યક્તિગત માહિતી જાણવા માટે સ્વરચિત પ્રશ્નાવલિ, શિક્ષક અભિપ્રાયાવલિ અને વાલી અભિપ્રાયાવલિ તૈયાર કરી અભિપ્રાયો મેળવવા ઉપયોગ કરેલ છે. આમ, પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબના શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ કરીને માહિતી પ્રાપ્ત કરવામાં આવેલ છે.

(૧) મુલાકાતપત્રક
(૨) સિદ્ધિકસોટી
(૩) પ્રશ્નાવલિ (વિદ્યાર્થીઓ માટે)
(૪) વાલી અભિપ્રાયાવલિ
(૫) શિક્ષક અભિપ્રાયાવલિ

## ૯. સંશોધનની કાર્ય પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નીચે પ્રમાણેની કાર્યપદ્ધતિથી સંશોધન કરેલ છે.

ગુજરાત રાજ્યના ઉત્તર ગુજરાતના ચાર જિલ્લા મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાની તમામ ઉત્તર બુનિયાદી શાળાઓમાંથી ધોરણ ૮ અને ૯ ના વિદ્યાર્થીઓનો સ્તરીકૃત યાદૃચ્છિક નમૂનો લઈને તે નમૂનામાં ધોરણ ૮ અને ૯ ના વાર્ષિક પરીક્ષામાં ૬૦% કે તેથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ છે.

જેમાંથી યાદૃચ્છિક નમૂનો લઈને ૧૦૦ વિદ્યાર્થીઓને બુદ્ધિકસોટી અને સિદ્ધિકસોટી આપવામાં આવેલ છે. આ બુદ્ધિકસોટી ડૉ. કે.જી.દેસાઈ કૃત તૈયાર લીધેલ છે. જ્યારે સિદ્ધિકસોટી સ્વરચિત હતી. તજ્જ્ઞશ્રીઓના માર્ગદર્શન નીચે તૈયાર કરીને આ ૧૦૦ વિદ્યાર્થીઓની સિદ્ધિકસોટીમાં સૌથી વધુ ગુણ મેળવનાર તથા બુદ્ધિકસોટીમાં ૧૩૦ કે તેથી વધારે આંક મેળવનાર વિદ્યાર્થીઓને વ્યક્તિ-અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.

આવા ૨૫ વિદ્યાર્થીઓના વ્યક્તિ-અભ્યાસ કરવા માટે તેમની પાસેથી વ્યક્તિગત રીતે વિદ્યાર્થી પ્રશ્નાવલિ, શિક્ષક અભિપ્રાયાવલિ તેમજ વાલી અભિપ્રાયાવલિ દ્વારા માહિતી મેળવીને વ્યક્તિ-અભ્યાસ કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે.

આમ, પ્રસ્તુત અભ્યાસ દ્વારા ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો વ્યક્તિ અભ્યાસ ઉપરોક્ત કાર્ય પદ્ધતિ દ્વારા કરેલ છે.

## ૧૦. પ્રાપ્ત માહિતીના પૃથક્કરણની પ્રવિધિ :

પ્રશ્નાવલિ અને અભિપ્રાયાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીનું વર્ગીકરણ કરી જુદા જુદા વિભાગોમાં વહેંચવામાં આવી. પ્રશ્નાવલિ અને મુલાકાતપત્રક દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનું આવૃત્તિ અને ટકાવારીમાં વિશ્લેષણ કરી અર્થઘટન કરવામાં આવે છે.

## ૧૧. સંશોધનનાં તારણો

પ્રસ્તુત સંશોધનમાં વિવિધ સંશોધન ઉપકરણો દ્વારા માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે. જેમાં ઉત્તર ગુજરાતની ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓમાં ધોરણ ૮ અને ૯ના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા (વર્ષ ૨૦૧૦-૧૧)નાં પરિણામો મેળવવામાં આવ્યાં હતાં. ઉપરાંત આવા વિદ્યાર્થીઓને સિદ્ધિકસોટી અને બુદ્ધિ કસોટી આપીને તેમાંથી ૨૫ વિદ્યાર્થીઓના વ્યક્તિ અભ્યાસ માટે તે વિદ્યાર્થીઓને પ્રશ્નાવલિ અને તેમના વાલીઓને અભિપ્રાયાવલિ અને તેમના શિક્ષકને અભિપ્રાયાવલિ આપીને માહિતી એકત્ર કરીને આ માહિતી તેમજ રૂબરૂ મુલાકાત લઈ મુલાકાતપત્રક દ્વારા પ્રાપ્ત માહિતીનાં તારણો મેળવવામાં આવ્યાં હતાં.

### વિદ્યાર્થી પ્રશ્નાવલિનાં તારણો

ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થી સમયસર શાળાએ જાય છે. દરેક વિદ્યાર્થી સહઅભ્યાસ પ્રવૃત્તિમાં ભાગ લે છે, દરેક વિદ્યાર્થી તેમના અભ્યાસ પ્રત્યે જાગૃત છે. આવા વિદ્યાર્થીઓ શાળાની વિશિષ્ટ પ્રવૃત્તિમાં ભાગ લે છે, શાળાની વિશિષ્ટ દિનની ઉજવણીમાં ભાગ લે છે, તેમને શાળામાંથી કોઈને કોઈ સ્પર્ધા માટે પુરસ્કાર મળ્યો છે, તેમને પોતાનો વર્ગખંડ ગમે છે, આવા વિદ્યાર્થીઓની શાળામાં કોમ્પ્યુટર રૂમની સુવિધા છે. આવા બધા જ વિદ્યાર્થીઓ પ્રયોગશાળા અને શાળા પુસ્તકાલયમાં જાય છે.

ઉત્તર બુનિયાદી અનામત વર્ગના પ્રતિભાશાળી દરેક વિદ્યાર્થીને શાળામાંથી પાઠ્યપુસ્તકોનો લાભ મળે છે, શાળામાંથી સરકાર તરફથી શિષ્યવૃત્તિ મળે છે, બધી જ શાળામાં ઉદ્યોગ શિક્ષણ માટે પૂરતી સુવિધા છે. તેમજ આવા શિક્ષણ માટે રોજ એક તાસ ફાળવવામાં આવે છે, દરેક વિદ્યાર્થી શાળાની સમૂહપ્રાર્થનામાં ભાગ લે છે, છાત્રાલયનો દરેક વિદ્યાર્થી સફાઈ પ્રવૃત્તિ કરે છે.

### વાલી અભિપ્રાયાવલિનાં તારણો

ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના વાલીઓનો એવો અભિપ્રાય જોવા મળે છે કે આવા વિદ્યાર્થીઓના વાલીઓ શાળાની અવારનવાર મુલાકાત લે છે, મોટા ભાગના વિદ્યાર્થીઓની શિસ્ત બાબતે ફરિયાદ આવતી નથી. તેમજ વાલીઓ શાળાની વાલીમંડળની મિટિંગમાં જાય છે. મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના વાલીઓને વ્યવસાયમાં મદદરૂપ થાય છે.

ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના વાલીઓનો એવો અભિપ્રાય જોવા મળે છે કે મોટાભાગના વિદ્યાર્થીઓના વાલીઓ તેમના સંતાનના મિત્રોને જાણે છે, તેમજ વિદ્યાર્થીઓ માટે ઘરમાં અલાયદા ઓરડાની વ્યવસ્થા નથી. મોટાભાગના વિદ્યાર્થીઓ પ્રાઈવેટ ટ્યુશને જાય છે અને વિદ્યાર્થીઓને ભણાવવા માટે સરકાર સિવાય બીજેથી મદદ મળે છે, તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ પોતાના સંતાનને શાળામાંથી યોજાતા પ્રવાસે મોકલે છે. મોટાભાગના વિદ્યાર્થીઓના વાલીઓ તેમના સંતાનના રસ વિષે જાણે છે અને મોટાભાગના વિદ્યાર્થીઓના વાલીઓને પોતાના સંતાનના મનગમતા વિષયોની જાણકારી છે.

### શિક્ષક અભિપ્રાયાવલિનાં તારણો

ઉત્તર ગુજરાતના ઉત્તર બુનિયાદી શાળાઓના અનામત વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના શિક્ષકોનો એવો અભિપ્રાય જોવા મળે છે કે, આવા બધા જ વિદ્યાર્થીઓ શૈક્ષણિક કાર્યમાં સામાન્ય વિદ્યાર્થી કરતાં વધુ

ઉત્સાહથી ભાગ લે છે, સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લે છે. સ્વાવલંબનની ભાવના જોવા મળે છે. નિયમિત ગૃહકાર્ય કરે છે. તેમને સોંપેલ કાર્ય પ્રામાણિકતાપૂર્વક કરે છે. શિક્ષકો પ્રત્યે આદરની લાગણી જોવા મળે છે. નેતૃત્વના ગુણો જોવા મળે છે. વક્તૃત્વ શક્તિ ધરાવે છે. રાષ્ટ્રપ્રેમ જોવા મળે છે. શિસ્ત જોવા મળે છે. શાળા પ્રત્યે પ્રેમ જોવા મળે છે અને કમ્પ્યુટરનો ઉપયોગ જાણે છે.

## સંદર્ભસૂચિ


ઉચાટ, ડી.એ. (૨૦૦૯). 'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર'. રાજકોટ : સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.

ઉચાટ, ડી.એ. અને અન્ય (૧૯૯૮). 'સંશોધન અહેવાલની લેખન પ્રવિધિઓ' (છઠ્ઠી આવૃત્તિ). રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.એ. (૨૦૦૦). 'સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ', રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.એ. (૧૯૯૭). 'ગુણાત્મક સંશોધન'. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ,ડી.એ. (૨૦૦૪). 'માહિતી પર સંશોધન વ્યવહારો' (પ્રથમ આવૃત્તિ). રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

જોષી, હરિપ્રસાદ ઓ. (૨૦૦૦). 'શૈક્ષણિક તત્ત્વજ્ઞાન'. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

દેસાઈ, એચ. જી. અને કે. જી. દેસાઈ (૧૯૯૭). 'સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ' (છઠ્ઠી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ.

દેસાઈ, રમાબહેન મ. (૧૯૯૧). 'ગુજરાત રાજ્યમાં ઉત્તર બુનિયાદી શિક્ષણનો ઉદ્ભવ, વિકાસની તેની સમસ્યાઓ અને સામૂહિક વિકાસના કેન્દ્ર તરીકે બુનિયાદી વિદ્યાલયોનો ફાળો' (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠ

પટેલ, મગનભાઈ જો. (૨૦૦૭). 'શૈક્ષણિક મનોવિજ્ઞાન' (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : આર. આર. શેઠની કંપની.

પટેલ, આર. એસ. (૨૦૦૮). 'શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ' (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : જય પબ્લિકેશન.

પરીખ, સી. ડી. (૧૯૯૮). 'વિવિધ પછાત વર્ગો માટે શિક્ષણ સુવિધાઓ'. અમદાવાદ : રીલાયેબલ પબ્લીકેશન.

- મનોવિજ્ઞાન. ધોરણ ૧૨, ગાંધીનગર : ગુજરાત રાજ્યપાઠ્યપુસ્તક મંડળ, પૃ. ૧૩

શાહ, દીપિકા બી. (૨૦૦૪). 'શૈક્ષણિક સંશોધન' (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ.

શાહ, ગુણવંત (૧૯૮૬) 'શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં અધ્યનય મીમાંસા'. અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ.

Best, J. W. & Khan J.V. (1999). *Research in Education.* New Delhi : Prentice Hall of India Pvt. Ltd.

Kothari, C. R. (1986). *Research Methodology.* New Delhi : Wiley Estern Ltd.

Sidhhu, K. S. (1985). *Methodology of Research in Education.* New Delhi : Sterling Publisher Pvt. Ltd.

# આવો, ઓળખીએ પુરાવસ્તુને અને તેના સંરક્ષણને

◆

ડૉ. રસેશ જમીનદાર

વિરાસત આપણો વૈભવી વારસો છે. જેમ આપણે બાપદાદાની કૌટુંબિક સ્થાવર-જંગમ મિલકતની દિલથી અને દિમાગથી તથા ચીવટથી દરકાર કરીએ છીએ, એના પરત્વે નિસબત ધરાવીએ છીએ તેવી જ રીતે આપણે જે સમાજમાં-ગામમાં-નગરમાં-સ્થળે રહીએ છીએ તેની સ્થાવર મિલકતની પણ ખરા હૃદયથી જાળવણી કરવી, એનું સંરક્ષણ કરવું અને અન્યથા થતા નુકસાનથી એની સલામતી સાચવવી એ પ્રક્રિયા-પ્રવૃત્તિને પણ આપણે હૃદયસ્થ કરવી એ એક સંસારી તરીકેની પવિત્ર ફરજ સમજવી એ સમયનો તકાજો છે. વિરાસત એ આપણા પૂર્વજોએ બૌદ્ધિક તાકાતથી અને સમજણથી કરેલું નિર્માણ કે કરેલું સર્જન છે જે આપણને કશાય વાદવિવાદ વિના વારસામાં ઉપલબ્ધ થયું છે. એટલે એના પરત્વે નિષ્ક્રિય રહેવું એ સામાજિક ગુનો છે. કૌટુંબિક મિલકત માટે આપણે ક્યારેક અદાલતનો સહારો લઈએ છીએ પરન્તુ આપણી સામાજિક વિરાસત વાસ્તે અદાલતે જવાની જરૂર નથી. પણ જરૂર છે આપણી સાંસ્કૃતિક નિસબતની અને એના કાજે આપણે ઇતિકૃતિના વિદ્યાર્થી થવાની જરૂર છે. આપણા પૂર્વજોએ આપણને સુપરત કરેલા એ સાંસ્કૃતિક વારસાને જાળવીએ એ આપણી નૈતિક ફરજ છે.

તો શું કરવું જોઈએ ? સૌ પ્રથમ તો આપણે જે નગરમાં-શહેરમાં-ગામમાં કે પર્વતની તળેટીમાં કે પર્વત ઉપર કે જળાશય કાંઠે રહેતા હોઈએ તેના ઇતિહાસની અને એની પડછે રહેલી સંસ્કૃતિની માહિતી મેળવવી રહી, તે પરત્વેની વિગતો એકઠી કરવી રહી અને પછી આપણા એ વિરાસતી વૈભવની જાળવણી કરવા કાજે નિસબતી ધ્યાન કેન્દ્રિત કરવું રહ્યું.

આપણે રહેતાં હોઈએ તે સ્થળવિશેષના આર્થિક વિકાસ અને ભૌતિક પ્રગતિ કરવા વિષેનો અભિગમ એ તો માનવકલ્યાણ માટેના સમગ્ર પ્રયત્નોનો રહે કે માનવમૂલ્યોની સમીક્ષાનું દર્શન કરવું એ શાશ્વતી માહોલ ભલે રહે પણ વાંસોવાંસ પૂર્વજો તરફથી અનાયાસે સાંપડેલા સાંસ્કૃતિક વારસાને જાળવવા પરત્વેની પ્રાવૃત્તિક-પ્રક્રિયાને પણ આપણે હાથ ધરવી જોઈએ; કેમ કે માનવપ્રવૃત્તિ કેવળ ભૌતિક બાબતોમાં સીમિત થયેલી નથી. પણ આપણે અવલોક્યું તેમ આધ્યાત્મિક-સાંસ્કૃતિક-ઇતિહાસી-પુરાવસ્તુકીય બાબતો પણ એમાં અનુસ્યૂત છે જ છે. હકીકતમાં તો સાંસ્કૃતિક-ભૌતિક વિકાસ એ તો સાંસ્કારિક વિકાસ પછીનું સોપાન ગણી શકાય, કહો કે સાંસ્કારિક વિકાસ આધારિત પગથિયું છે. એટલે માનવી તરીકે આપણે સંસારી જનોએ, જો આપણે સુજ્ઞજનો હોઈએ તો, ભૌતિક સાધનોની સંપ્રાપ્તિ સારુ સાંસ્કારિક ઉપકરણોની ઉપલબ્ધિ સૌ પ્રથમ પ્રાપ્ત કરવી રહી. આ તત્ત્વને જો ઉવેખીશું તો પછી પૃથ્વી ઉપરની અન્ય સ્થાવર-જંગમ-મિલકતને આપણે હાથતાળી દઈશું એમ કહી શકાય.

ભૂતકાલીન સંસ્કારવારસાનું, કહો કે વૈભવી વિરાસતનું, એક આગવું મહત્ત્વ પ્રસ્થાપિત થયેલું જ છે. પણ જરૂર છે તે પરત્વેની આપણી અશ્વઅંધારીને સદ્ય દૂર કરવાનું. આપણો અમૂલ્ય એવો આ જે સાંસ્કૃતિક વારસો સંપ્રાપ્ત થયો છે, જેના અધ્યયનથી આપણે વર્તમાનમાં પોતાનાં કાર્યોની દિશા-દશા ગોઠવી શકીએ અને ભાવિના ગર્ભમાં રહેલાં એંધાણને પારખી લઈને જરૂર પડે સામનો કરવાનો સક્ષમ પ્રયત્ન કરી શકીએ. આથી આપણા પૂર્વજોનાં બૌદ્ધિક કાર્યની પ્રત્યક્ષ માહિતી અને એમણે જીવન જીવવા કાજે સર્જેલી અને ઉપયોગમાં લીધેલી ચીજવસ્તુઓની વારસાકીય માહિતી આપતા ભૌતિક પદાર્થોના અવશિષ્ટ અવશેષોના અભ્યાસની અને અન્વેષણની અગત્ય પ્રસ્તુત બની રહે. આ સાંસ્કૃતિક વારસાની ભીતર ભંડારાયેલા સાંસ્કારિક મૂલ્યોના ખજાનાને ઓળખી શકીએ તેમ જ અનુભવી શકીએ. જરૂર છે ઇતિકૃતિ પરત્વેની રુચિ, વૃત્તિ, દૃષ્ટિને સંકોરવાની.

આ માટે પુરાવસ્તુઓને ઓળખવાની-સમજવાની તાતી જરૂર છે. આ પરત્વેના અભ્યાસ સાંસ્કૃતિક વારસાને સાચવવામાં વિશેષ ઉપાદેયી થઈ પડશે. અલબત્ત, આવો અભ્યાસ ત્યારે જ સફળ પરિણામો લાવનારો નીવડે અને પરિમાણી પર્યાવરણને સંતુલિત કરી શકે, જ્યારે એની શાસ્ત્રીય જાળવણી થઈ હોય. તાત્પર્ય એટલું જ કે અવશેષોનાં યોગ્ય જતન-જાળવણીથી એની પડખે રહેલા ઇતિહાસને અને આપણા પૂર્વજોકૃત બૌધ્ધિક પ્રયાસોને પિછાની શકીશું. પુરાવશેષોના આવા અભ્યાસથી અને જાળવણીથી આપણા પ્રત્યેક સ્થળવિશેષની સાર્વત્રિક-સામાજિક, ધાર્મિક-આર્થિક-પ્રજાકીય-પ્રકારની ભૂતકાલીન સર્જિત-સામગ્રીનો પ્રત્યય મેળવી શકાશે. આવી વિગતો હાંસલ થવાથી પૂર્વકાલમાં આપણા સ્થળવિશેષની શી સ્થિતિ હતી, – ખાસ કરીને ભૌગોલિક, ધંધાકીય, ખેતીવિષયક, હુન્નરકલા, ઉદ્યોગો વગેરે-તેની જાણકારી હાથવગી થવાથી વર્તમાનમાં વિકાસને કઈ દિશામાં દોરી જવો તે અંગેનું વૈચારિક ભાથું ઉપલબ્ધ થશે.

તો પછી શું કરવું રહ્યું ? આટલું તો અવશ્ય થઈ શકે, કરવું જોઈએ :

(૧) આપણે જેમાં રહીએ છીએ - ગામ, શહેર નગર વગેરે - તેને સ્થળવિશેષ ગણીને ત્યાં જે પુરાવશેષો હોય તેની માહિતી મેળવી, તેની જરૂરી યોગ્ય નોંધણી કરવી અને પ્રાથમિક તબક્કે એની દેખભાળ રાખવી, જેથી જે સ્થિતિ છે તેને વધુ નુકસાનથી બચાવી શકાય. આરંભે આટલું અવશ્ય કરવું.

(૨) અવશેષો મુખ્યત્વે ત્રણ પ્રકારના હોય છે : (૧) કેટલાક અવશેષો જમીન સાથે ચુસ્ત રીતે જોડાયેલા હોય છે, જેથી તે ખસેડી શકાય તેમ હોતા નથી. દા.ત. ઈમારતો જેમાં મંદિર, મસ્જિદ, રાજમહેલ, કિલ્લા વગેરે. (૨) કેટલાક અવશેષ કે ભગ્નાવશેષ ચુસ્ત ઈમારતો કે સ્મારકો કે સ્થાપત્ય ચોપાસ છૂટા છવાયા કે વેરવિખેર પડેલા જોવા પ્રાપ્ત થાય છે. આમાંના જે વજનદાર હોય છે તે ખસેડી શકાય તેવા હોતા નથી અને તેથી તેની ત્યાં જ જાળવણીના પ્રયાસ હાથ ધરવા જોઈએ. જે ચીજવસ્તુઓ શક્યતઃ ખસેડી શકાય તેને સૌ પ્રથમ તો ગામના ચૉરામાં કે પંચાયતના પ્રાંગણમાં કે શાળાના મકાનમાં મૂકીને સાચવવાના પ્રયાસ કરવા જોઈએ. (૩) કેટલાક અવશેષ ગામમાં જ્યાં ત્યાં રખડતા પડેલા હોય છે. એને પણ ચોરામાં કે પંચાયતમાં કે શાળામાં લાવીને એના સંરક્ષણના ઉપાય હાથ ધરવા જોઈએ. જો ગામ આર્થિક રીતે સંપન્ન હોય તો સંગ્રહાલયની સ્થાપના કરી એમાં તે અવશેષો સચવાય તેવી જોગવાઈ કરવી રહી.

(૩) આ ઉપરાંત હેરફેર કરી શકાય તેવા કેટલાક પુરાવસ્તુકીય અવશેષો કોઈના મકાનની ભીંતમાં જડાઈ ગયેલા જોવા મળે છે. તો કેટલાક કોઈના નાવણિયાના પથ્થર તરીકે વપરાશમાં લીધેલા જોઈ શકાશે. તો ક્યાંક આવી પુરાવસ્તુસામગ્રી મકાનના ઉંબરની ગરજ સારતાં જોવાં નજરે પડે છે. આ પ્રકારના અવશેષમાંના ઘણા બધા સતત વપરાશને કારણે કુરુપ થયેલા હોવાના પૂરતા સંભવ નજરે પડશે. પરન્તુ જે અવશેષ સારી સ્થિતિમાં જોવા મળે કે ઓછા ઘસાયેલા સાંપડે તો તેમની યોગ્ય જાળવણી કરવી એ સમાજની ફરજ બની રહેવી જોઈએ. એક બાબત અહીં ધ્યાનાર્હ રહેવી જોઈએ કે ખાસ કરીને અવશેષોમાંના કલાની દૃષ્ટિએ ઉપયોગી પદાર્થ ઘણીવાર દાણચોરી મારફતે કે જાણીબૂઝીને પગ કરી જતા હોવાનો આપણો શાશ્વતી અનુભવ છે. ત્યારે એવા પુરાવશેષ ચોરાઈ જતા અટકાવવા એટલા જ જરૂરી છે. આ માટે પ્રજાકીય જાગરૂકતા હોવી અનિવાર્ય છે. આમ થતી પ્રક્રિયા રોકવા સબબ આ વિષયના નિષ્ણાતને ગામમાં નિમંત્રી અવશેષોની ઉપયોગિતા બાબતે જાહેર પ્રવચન ગોઠવવાની યોજના સાકાર કરવી જોઈએ. ઉપરાંત આ અંગેના સરકારી કાયદાકાનૂનથી પ્રજાને વાકેફ કરવી જોઈએ. ખાસ તો ગામની શાળાના વિદ્યાર્થીઓ વાસ્તે શોધયાત્રા-સમજણયાત્રા-વિરાસતીયાત્રા જેવા કાર્યક્રમ યોજવાની અનિવાર્ય આવશ્યકતા રાખવી જરૂરી છે.

(૪) અલબત્ત, આ વાસ્તે ગ્રામજનોએ કે જિજ્ઞાસુ લોકોએ ઉત્સાહથી મચી પડવાની જરૂર નથી. આ માટે સૌ

પ્રથમ તો આ વિષયના નિષ્ણાત વિદ્યાપુરુષને, કહો કે પુરાવિદ કે ઇતિહાસકાર કે સંસ્કૃતિવિદને, પોતાના ગામમાં નિમંત્રીને એમનાં સલાહ-સૂચન અંકે કરવાની જરૂર છે. એમને આવા અવશેષ, ઈમારત, ખંડેર, ટેકરા(ટીંબા) વગેરે પુરાવસ્તુકીય સામગ્રી બતાવવી જોઈએ અને તેમના જણાવ્યા પ્રમાણે સંરક્ષણના પ્રયાસ હાથ ધરવા જોઈએ.

(૫) વિકાસ એ માનવજીવન સાથે જોડાયેલી ઘટના છે. પ્રત્યેક કાર્ય સાથે પ્રગતિના પંથ નિહાળી શકાય છે. એટલે પ્રત્યેક સ્થળે કોઈ ને કોઈ પ્રકારના બાંધકામની પ્રક્રિયા આપણા સારુ નવીન ઘટના નથી. બલકે આપણાં જીવન સાથે તે રક્તમાંસની જેમ સંલગ્ન છે. પરિણામે ઇમારતોનાં નવાં બાંધકામ કે અસ્તિત્વ ધરાવતા મકાનના પુનઃ નિર્માણનાં કાર્ય કે રસ્તાઓ પહોળા કરવાની પ્રક્રિયા કે નળગટર વાસ્તે વારંવાર ખોદકામ થતાં રહે છે અને થતાં રહેવાનાં. આ પ્રકારનાં વિકાસ સંદર્ભિત ખોદકાર્યની પ્રક્રિયા દરમિયાન ઘણીવાર પુરાવશેષો હાથ લાગતા હોય છે. ત્યારે તે સમયે ખોદકામની પ્રવૃત્તિ અટકાવી દેવી એ કોન્ટ્રાક્ટરે, જાહેર સંસ્થાએ કે વ્યક્તિવિશેષે ફરજની ભાવના સમજવી જોઈએ. અને સહસા આની જાણ નજીકના સ્થાનિક સરકારી અધિકારીને (મામલતદાર, કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી જેવા) કરવી રહી. દરમ્યાન ત્યાં પડેલા પુરાવશેષ કોઈ ઉઠાવી ના જાય તેની સતર્કતા રાખવી એટલી જ અગત્યની છે. સરકારી અધિકારી એમની મંથર ગતિએ કાર્ય કરવા ટેવાયેલા છે. તેથી આ વિષયના નિષ્ણાતને સદ્ય બોલાવી પ્રાપ્ત અવશેષોની જાણકારી આપી એનાં સંરક્ષણના પ્રયાસ હાથ ધરવા જોઈએ.

(૬) વર્તમાન વસાહત કે ગામ કે શહેર અસલમાં ત્યાં હોય પણ ખરું અને ના પણ હોય અથવા વર્તમાને વિકસી રહેલા શહેર અંતર્ગત તે વિદ્યમાન પણ હોય. આવી સ્થિતિમાં જો અસલ ગામ વર્તમાન ગામની નજીક કે થોડે દૂર હોય તો ગ્રામજનોએ કે પંચાયતે કે નિષ્ણાત અધ્યાપકે તે પુરાણા ગામની જમીનમાં દટાયેલા કે જમીન ઉપર વેરવિખેર પડેલા અવશેષને એકત્રિત કરવાનું અને અનુસમયે એના યોગ્ય સંરક્ષણની તકેદારી રાખવાનું કામ પણ કરવું જોઈએ.

(૭) ઘણીવાર અથવા અકસ્માતે કોઈ વ્યક્તિ પાસે આવા પુરાણા પદાર્થ અંગત સંગ્રહમાં સચવાયેલા (?) હોય છે. આ પ્રસંગે નિસબતી વ્યક્તિએ પોતાની પાસે સુરક્ષિત (?) પુરાવશેષની જાણકારી યોગ્ય અધિકારીને અને યોગ્ય સંસ્થાને કરવી જોઈએ. પછીથી નિષ્ણાત કે તજજ્ઞના માર્ગદર્શન હેઠળ એની જાળવણી કરવી જોઈએ. જો શક્ય હોય તો તે વ્યક્તિએ એવી પુરાણી ચીજવસ્તુ (સિક્કા, હસ્તપ્રત, દસ્તાવેજ વગેરે) પોતાના ગામની શાળા કે પંચાયત કે ચોરાને સુપરત કરવી, ભેટ આપવી અથવા માલિકી હક્ક સાથે સુરક્ષિત રાખવા જાહેર સંસ્થાને સુપરત કરવી કે ખાસ કરીને નજીકના કોઈ સંગ્રહાલયને સોંપી દેવી જોઈએ. હા, આવા પુરાવશેષ ઉપર ભોરિંગ બનીને બેસી રહેવાની વૃત્તિ સવેળા ત્યાગવી જોઈએ. શક્ય હોય ત્યાં સુધી પોતાના ગામના અવશેષ પોતાના જ ગામમાં સુરક્ષિત રહે કે રાખવાની યોજના ગ્રામજનોએ સામુદાયિક રીતે અમલી બનાવવી જોઈએ એ વિરાસતી ભાવનાનો ઉદ્દેશ છે.

(૮) આપણા વિસ્તારમાં કહો કે ગામમાં કે ગામના પરિસરમાં કે ગામના પરિઘમાં સ્થિત કે અસુરક્ષિત કે છૂટા રખડતા અવશેષ જોવા મળે તો તેની જાળવણીના પ્રયાસ સત્વરે હાથ ધરવા જોઈએ. પણ સહુ પ્રથમ તો એવા અવશેષ જ્યાં હોય ત્યાં તે જ સ્થળે તેના ફોટાઓ પાડી લેવા જરૂરી છે અને પછી જ એનાં સ્થળાંતર-સ્થાનાંતરની પ્રક્રિયા હાથ ધરવી જોઈએ. આનું મુખ્ય કારણ ખાસ કરીને થનાર નુકસાનથી કે ચોરીથી સુરક્ષા બક્ષવાનું છે. પ્રત્યેક પુરાવશેષ ધ્યાને આવે ત્યારે તે જ્યાં હોય ત્યાં રહેવા દઈને તદર્થ પુરાવશેષીય પ્રક્રિયા હાથ ધરવી રહી. આમ કરવાથી તે સ્થળનાં કે ગામનાં ઇતિહાસ અને સંસ્કૃતિને સમજવામાં સરળતા સાંપડી રહે.

(૯) આમ કરવા જતાં આર્થિક પ્રશ્ન ઉદ્ભવે જ. આ તદ્દન સ્વાભાવિક માનવસહજ મુદો છે. આવે તબક્કે પંચાયતે, શાળાએ કે શ્રીમંત વ્યક્તિએ સહજ રીતે અગ્રેસર રહીને પુરાવશેષોનાં સંરક્ષણ વાસ્તે સક્રિય થવું જોઈએ. ગ્રામપંચાયતે કે શાળાએ ખાસ પ્રકારના વેરા વડે કે શિક્ષણકર મારફતે નાણાંભંડોળ ઊભાં કરવાં જોઈએ. ખાસ તો ગ્રામજનોએ યથાશક્તિ ઉઘરાણું કરીને પણ પુરાવશેષ-સંરક્ષણની ગતિને હાથ લંબાવવો જોઈએ. આપણે જેમ, પુનશ્ચ રીતે, આપણી વડીલોપાર્જિત સ્થાવરજંગમ મિલકતને જીવથી અધિક રીતે જતનજાળવણી કરીએ છીએ તેવી જ રીતે આપણા ગામની આવી વારસાગત મિલકતને સાચવવી જોઈએ એ માનવતાનું કાર્ય છે અને તદર્થ તનમનધનથી યોગ્ય યથાશક્તિ સહકાર આપવો જોઈએ.

(૧૦) પ્રજાસમસ્તને પુરાવસ્તુકીય અવશેષોની સાચી સમજણ પ્રાપ્ત થાય અને આવાં સ્થળે આવવા સહુ આકર્ષાય તે માટે અવશેષોની દસ્તાવેજી ફિલ્મ તથા તેની સીડી અને ફોટાગ્રાફસ તૈયાર કરીને શાળામાં વિદ્યાર્થીઓને ફિલમ અને સીડી બતાવવી તથા યુવાનો અને પ્રૌઢો માટે રાત્રિના સમયે ચોરા કે પંચાયત કે શાળાનાં પટાંગણમાં ફિલ્મ અને સીડીના કાર્યક્રમોનું આયોજન પણ કરવું જોઈએ. આવા અવશેષના પોસ્ટકાર્ડ સ્વરૂપ-આકારના ફોટાઓ તૈયાર કરીને એનાં વેચાણની વ્યવસ્થા પણ રસપ્રદ બની રહે.

(૧૧) વિશેષ કરીને સ્થાવર અવશેષો કે ઇમારતો કે સ્મારકોની ચોપાસ ઉદ્યાન, રમતગમત કે ઉજાણીસ્થાન જેવી સુવિધા શરૂ કરવી જોઈએ, જેથી એક કાંકરે બે પક્ષીને ઉડાડી શકાયઃ એક, ગ્રામજનોને સમૂહમાં એકત્રિત થવાનું સાધન પ્રાપ્ત થાય અને બે, પુરાવશેષોનો તે મિષે અંગત રીતે પરિચય થાય. આસપાસના ગામોનાં શાળાનાં બાળકોને ખાસ નિમંત્રીને અવશેષો પરત્વે લગાવ ઉદ્ભવે તેવાં આયોજન કરવાથી પણ તેમનામાં વિરાસતી વૈભવ અંગે રસ જાગે.

(૧૨) વર્તમાને વસાહતોમાં કે સ્થળવિશેષમાં જે ઉદ્યોગો, કારીગરી કે હુન્નરો વિદ્યમાન હોય તેનાં સર્વેક્ષણ કરી-કરાવી તેને પ્રજાગત કરવી રહી. આથી તે તે ઉદ્યોગ કે હુન્નરકલાની પરંપરાનો અહેસાસ અંકે થઈ શકે તેવા પ્રયાસ કરવા અત્યંત જરૂરી છે. ઇતિકૃતિનાં અધ્યયન સારુ આવા પ્રયાસ ઉપાદેયી થઈ રહે છે. વર્તમાને આપણા ગામમાં રૂઢિગત રીતે કાર્યરત લોકો પાસેથી પ્રત્યક્ષ અભ્યાસ વડે માહિતી મેળવવી. આવી રૂઢિગત પરંપરા આપણા કુંભારો, વણકરો, લુહારિયા, સલાટો વગેરે પ્રકારના કારીગરો આજે પણ અમલમાં મૂકે છે. આવા કારીગરવર્ગોના પરંપરિત કારીગરીના અભ્યાસ કરવાથી પૂર્વકાલમાં તે અંગે કેવી પદ્ધતિ પ્રયોજાતી હતી તે જાણી શકાય છે. આમ તુલનાત્મક અભ્યાસથી વર્તમાનમાં એવી પધ્ધતિ અસ્તિત્વમાં હોય તો તેને વધારે ગતિશીલ-કાર્યશીલ બનાવી શકાય છે. ઘણીવાર પુરાવશેષો પ્રવર્તમાન હુન્નરની કોઈ પધ્ધતિ અંગેના કોયડા ઉકેલવામાં સહાયભૂત થઈ શકે છે.

અંતે, હા, પુરાવશેષોની જાળવણીથી કોઈ આર્થિક લાભ દેખીતી રીતે થતો નથી એ સાચું; બલકે આર્થિક રીતે ઘસાવું પડે જ કે બોજારૂપ બની રહે. પણ આ પ્રકારની જાળવણીથી આપણા પૂર્વજોના વારસા અંગેની સાંસ્કારિક અને સાંસ્કૃતિક દષ્ટિનો અહેસાસ જરૂર થાય છે. એટલું જ નહીં પણ આપણા પૂર્વજોએ પોતાના પ્રશ્નો હલ કરવા કેવા માર્ગ કે કઈ પદ્ધતિ અખત્યાર કરેલાં તેની જાણકારી પ્રાપ્ત થાય છે. તે વડે આપણે આપણા પ્રશ્નોને વધારે સૂક્ષ્મતાથી ઉકેલવા સમર્થ બનીએ છીએ. આવી પુરાવસ્તુઓને કારણે આપણા પૂર્વજોની બૌદ્ધિક ક્ષમતાને સમજી શકીએ છીએ અને તેમનામાં રહેલી સર્જકશક્તિનો પાર પમાય છે. તેમના હુન્નરકલા વિશેની જાણકારી હાથવગી થાય છે તેમ જ અગાધ-અથાક પરિશ્રમ કરવાની રુચિ, વૃત્તિ, દષ્ટિની માહિતી મળે છે. આ બ અવશેષના અભ્યાસના સહારે પ્રેરણા મેળવી વર્તમાનમાં આપણે ઉપાદેયી દિશા પકડી શકીએ છીએ. આમ કરવાથી અધુના સમયે આપણને સંપ્રાપ્ત થયેલી બાબતોમાં કે વર્તમાને આપણે કરવાના પ્રયાસોમાં આપણી પૂર્વગામી અનેક પેઢીનાં કર્તવ્ય અને યોગદાનનાં દર્શન કરી શકીએ છીએ. પરિણામે આપણી દષ્ટિ વિકસે છે અને

વ્યાપક બને છે. સરવાળે પુરાવશેષો માનવપ્રયત્નો સાથે સીધા સંબંધ રાખનારું અગત્યનું જ્ઞાપક છે. તે બધા અવશેષ આપણા પૂર્વજોના વિચારનું કેવળ વાહન નથી પણ વાંસોવાંસ એમના સંસ્કારવારસાને સંગૃહીત રાખનાર પ્રખર દસ્તાવેજ છે. આપણા વિકાસને ગતિશીલતા આપવા આવો આપણે પુરાવસ્તુને ઓળખીએ અને તેનાં જતનજાળવણી કરીએ. કૃષ્ણજયંતિ ૨૦૭૧. અસ્તુ.

### વિશેષવાચન


૧. **પુરાવસ્તુવિદ્યાની વિભાવના**, ર.ના.મહેતા, ૧૯૮૪.

૨. **અમદાવાદનાં ખતપત્રો**, ડૉ. ભારતી શેલત અને ડૉ. કુબેર કુરેશી, ૨૦૧૧.

૩. **વીસમી સદીનું ભારત : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં**, સંપા. રામલાલ પરીખ અને રસેશ જમીનદાર, ૧૯૭૭.

૪. **ઇતિહાસ : સંકલ્પના અને સંશોધનો**, રસેશ જમીનદાર, ૧૯૮૯.

# ગ્રંથસમીક્ષા

[**'અર્વાચીન ઇતિહાસકારો અને તેમનું ઇતિહાસ લેખન'**, લે. ડૉ. જયકુમાર શુકલ, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ આવૃત્તિ : પ્રથમ-૨૦૧૩, કિંમત : રૂ. ૧૮૦]

જયકુમાર શુકલ ઇતિહાસના અધ્યાપક હોવાથી એમણે ઇતિહાસ વિષયક સંશોધન કરીને વિવિધ પ્રકલ્પો દ્વારા ઇતિહાસલેખન કર્યું છે. 'બેંતાલીસમાં ગુજરાત' એ પુસ્તકમાં ભારતવ્યાપી ૧૯૪૨ના આંદોલનમાં ગુજરાતનો શો ફાળો હતો એ એમણે સવિગત દર્શાવ્યું છે. એ ઉપરાંત એમનાં અન્ય પુસ્તકોમાં એમની ઇતિહાસપ્રિયતા સુપેરે વ્યક્ત થઈ છે. સરળ ભાષા દ્વારા એમણે ઇતિહાસ જેવા શુષ્ક વિષયને આલેખી જિજ્ઞાસુઓને સુમાહિતગાર કર્યા છે. ગુજરાતમાં ઇતિહાસ ક્ષેત્રે કામ કરનાર અને રાષ્ટ્રીય કક્ષાના ઇતિહાસકારોના કાર્યની જાણકારી આપતું એમનું પુસ્તક 'અર્વાચીન ઇતિહાસકારો અને તેમનું ઇતિહાસલેખન' પરિચયાત્મક છે. આ પુસ્તકમાં કુલ ૩૯ ઇતિહાસક્ષેત્રે કાર્ય કરનાર વિષે પરિચયાત્મક લેખો છે. સ્થૂળ માહિતીથી સભર આ લેખો દ્વારા જે તે વ્યક્તિનો પ્રમાણભૂત પરિચય લભ્ય બન્યો છે. ઇતિહાસના ક્ષેત્રે કેવું કામ થયું છે તે પણ જાણી શકાય છે. જયકુમારનો આશય તો ઇતિહાસમાં થયેલાં સંશોધનોથી વાચકને વાકેફ કરીને સંશોધકની પ્રતિભાને ઉજાગર કરવાનો રહ્યો છે. લેખક ક્રમબદ્ધ બધું નોંધે છે. અને શક્ય તેટલી માહિતી આપીને લેખનનું કર્તવ્ય સિદ્ધ કરે છે.

જયકુમાર શુકલે સર જદુનાથ સરકારથી આરંભીને કાશીપ્રસાદ જયસ્વાલ સુધીના ભારતના દસ ઇતિહાસકાર વિષે લખ્યું છે. લેખક જે તે ઇતિહાસકારના જીવનની માહિતી આપીને જીવનક્રમ મુજબ એમના ઇતિહાસલેખનની વાત કરે છે. આ દસ લેખો દ્વારા ગુજરાતમાં ઇતિહાસમાં રસ ધરાવનાર સહુ રાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતનામ આ ઇતિહાસકારોની ઇતિહાસ વિષયક દૃષ્ટિથી જ્ઞાત થાય છે, એ ઇતિહાસકારના સંશોધનનો ખ્યાલ મળી રહે છે. લેખકે સંશોધન નિમિત્તે કરેલ પરિશ્રમને વિગતે રસિક રીતે આલેખ્યો હોત તો આ ક્ષેત્રે ભવિષ્યમાં રસ દાખવનારને પ્રેરણા પ્રાપ્ત થાત ! માહિતીનું એક મૂલ્ય જરૂર છે પરન્તુ સંશોધન પરત્વે થવું જોઈતું મૂલ્યાંકન પ્રાપ્ત થતું નથી. જદુનાથ સરકારના ઔરંગઝેબ વિષયક લખાણની તુલના અન્ય એ પ્રકારના લખાણ સાથે કરીને જદુનાથ સરકારના કાર્યને મૂલવ્યું હોત તો રસપ્રદ બનત. જદુનાથના field-work ક્ષેત્રીય કાર્યની માહિતી વાચકને ઇતિહાસમાં કામ કરવાની દિશા સૂચવી શકત. અલબત્ત, જયકુમાર શુકલે ઉલ્લેખો જરૂર કર્યા છે. એમનું લક્ષ્ય માહિતી આપવામાં વિશેષ છે. એ જ એમનો લેખન સંતોષ છે. ઇતિહાસના અભ્યાસીઓને આ સ્રોત ભવિષ્યમાં ખપ લાગશે. ક્યારેક જયકુમાર શુકલ ઇતિહાસકારની ભૂલનો નિર્દેશ કરે છે ખરા. પણ એકંદર એમનો અભિગમ હકારાત્મક વ્યક્તિત્વ આલેખવાનો રહે છે. મજુમદાર વિષે લખતાં એમણે ગાંધીજી વિષેનો મજુમદારનો અભિપ્રાય ટાંક્યો છે. મજુમદારના મતે 'ભારતની સ્વતંત્રતાનું શ્રેય માત્ર ગાંધીજીના સત્યાગ્રહ કે તેમને એકલાને આપી શકાય નહિ'. અહીં મજુમદારની ઇતિહાસકાર તરીકેની છબી ઉજાગર થઈ છે. ભારતીય ઇતિહાસકાર વિષેના લેખોના પ્રમાણમાં ગુજરાતના ઇતિહાસક્ષેત્રે કામ કરનારના લેખોમાં ઇતિહાસકાર ઓછા અને વ્યવસાયના સંદર્ભ રૂપે મહાનિબંધ લખનારની સંખ્યા વધુ છે. ફોર્બ્સ, કોમિસેરિયટ, દુર્ગાશંકર શાસ્ત્રી, રસિકલાલ પરીખ, ભોગીલાલ સાંડેસરા અને હરિપ્રસાદ શાસ્ત્રી જેવા ઇતિહાસના અભ્યાસી સાથે અન્યને આમેજ કરીને જયકુમાર શુકલ તટસ્થતા જાળવી શક્યા નથી. ગુજરાતમાં ઇતિહાસનું લેખન કરનારનો એક જુદો વિભાગ કર્યો હોય તો ઉક્ત ઇતિહાસના અભ્યાસીઓને ન્યાય આપી શકાત.

ઇતિહાસનો અભ્યાસ જે શ્રમ અને નિષ્ઠા માગે છે અને પુરાવાને જ પ્રાધાન્ય માગે છે તેનો અભાવ ઇતિહાસલેખન કરનારમાં જોવા મળે છે. લેખક ભારતીબહેન શેલત કે પ્રિયબાળાબહેન શાહના ઇતિહાસલેખનનું નોખું મૂલ્યાંકન કરી શક્યા હોત. છતાંય ઇતિહાસમાં થોડું પણ સંશોધન કરનારને ઇતિહાસકારની હરોળમાં

બેસાડવામાં લેખકની દૃષ્ટિ શી હશે ? !

આમ છતાં ઇતિહાસક્ષેત્રમાં કામ કરનાર સહુ વિષે લખીને કોશકાર જેવું કામ કરવા માટે જયકુમાર શુક્લ ધન્યવાદને પાત્ર છે. જે ક્ષેત્ર વિષે ગુજરાતમાં ઝાઝી જાણકારી નથી. એ ક્ષેત્રમાં થોડું પણ સંશોધન કે લેખન કરનારને પોંખવાની વૃત્તિ ભાવિ સંશોધકને અવશ્ય પ્રેરક નીવડશે.

આ પુસ્તક માહિતીનો મજૂસ છે. આ મજૂસનો વિનિયોગ ભાવિ અભ્યાસીને દિશા ચીંધશે. જયકુમાર શુક્લનો પરિશ્રમ ક્યારેક તો કોઈકને આ દિશામાં વધુ કામ કરવા પ્રેરશે જ.

**પ્રફુલ્લ રાવળ**

*

[**'વિશ્વની સૌથી પ્રાચીન ભારતની સુર સંસ્કૃતિ'**, લેખક : ડૉ. મુગટલાલ બાવીસી, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, પ્રકાશન વર્ષ : પ્રથમ આવૃત્તિ, ૨૧૦૫, પૃષ્ઠ સંખ્યા : ૬+૧૦૬, કિંમત : રૂ. ૧૧૦]

ભારતની પ્રાચીન સંસ્કૃતિનો એક દીર્ઘકાલીન જ્વલંત ઇતિહાસ છે. પરાપૂર્વથી આપણે સૌ આપણી આ મહામૂલી, વૈભવશાળી પ્રાચીનતમ સંસ્કૃતિની યશોગાથા ગાઈને એને સ્મરીએ છીએ. ભારતીય સંસ્કૃતિ એ જગતની એક શ્રેષ્ઠતમ અતિ પ્રાચીન ગૌરવવંતી સંસ્કૃતિ છે. એનું ગાન કરતો એક ગ્રંથ 'વિશ્વની સૌથી પ્રાચીન ભારતની સુર સંસ્કૃતિ' તાજેતરમાં પ્રસિદ્ધ થયો છે. ગ્રંથના લેખક ડૉ. મુગટલાલ બાવીસી ઇતિહાસના એક સંપન્ન વિદ્વાન પ્રાધ્યાપક છે. તેઓશ્રીએ 'જગતનો ઈતિહાસ', 'અર્વાચીન યુરોપનો ઈતિહાસ', 'પ્રાચીન અને અર્વાચીન ભારતનો ઈતિહાસ' જેવા લગભગ ૨૮ જેટલા ગ્રંથો સહલેખક અને લેખક તરીકે લખ્યા છે. સુરત નગરમાં વ્યાવસાયિક કારકિર્દી ધરાવતા તેમણે આ નગરનું ઘણું સંશોધન કરીને સુરતના પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસને ઉજાગર કર્યો છે.

ભારતની પ્રાચીન સંસ્કૃતિને તેમણે 'સુર સંસ્કૃતિ' એવું નામ આપ્યું છે. સૌરાષ્ટ્રના સુર લોકોએ આ સુર સંસ્કૃતિનો વિકાસ કરી અન્ય દેશોમાં પ્રચાર અને પ્રસાર કર્યો, એ હકીકતનો અભ્યાસ અને સંશોધન દ્વારા સિદ્ધ કરવા પ્રયાસ કર્યો છે.

સમગ્ર ગ્રંથ ૪ વિભાગોમાં વિભાજિત છે. 'પ્રાચીન સુર જાતિ અને સુર સંસ્કૃતિ' નામના પ્રથમ વિભાગમાં લેખકે સુર જાતિ, સુર રાષ્ટ્ર, સુરગિરિ, સુર લોકોનું મૂળ વતન, સિરિયા-સુમેરિયા અને સૌરાષ્ટ્રમાં 'સુમરા' જાતિનું નામ-સામ્ય, સ્વસ્તિક-સૂર્યના પ્રતીકની પૂજા કરનાર હડપ્પીય સુર લોકો, ઇન્ડો-યુરોપિયન ભાષાકુળ અને માનવકુળ, સૂર્ય-સંજ્ઞા અને આકાર પરથી સુર લોકોએ શૂન્યની શોધ કરી હોવાનો તર્ક, વિદેશી સ્થળોનાં ભારતીય નામો વગેરે મુદ્દાઓ વિશે ઉદાહરણો સાથે ચર્ચા કરી છે અને આ સુર લોકોની જાતિ સૌ પ્રથમ પ્રાચીન ઐતિહાસિક જાતિ હોવાનું જણાવ્યું છે.

વિભાગ ૨માં 'સુર સંસ્કૃતિના વારસદારો'માં લેખકે સુર જાતિના લોકો અને જૈન પ્રજા વચ્ચેનું સામ્ય દર્શાવવાનો ઇતિહાસેતર પ્રયત્ન કર્યો છે. 'સુર સંસ્કૃતિ અને હરપ્પન સંસ્કૃતિ' નામના ૩જા વિભાગમાં હડપ્પા સંસ્કૃતિના પુરાવશેષો પરથી સંસ્કૃતિનો વિકાસ કરનાર લોકો બહારથી આવેલા નહીં, પરંતુ ભારતીય મૂળના હોવાનો મુદ્દો સ્પર્શ્યો છે. એ મૂળ પ્રજા સૌરાષ્ટ્રની સુર પ્રજા હતી અને એમણે આપણી મૂળ પ્રાચીન સંસ્કૃતિ વિકસાવી અને જગતમાં એનો પ્રસાર કર્યો. અંતે વિભાગ ૪માં સમાપનરૂપે ગુજરાતમાં હડપ્પીય સભ્યતાનાં સ્થળોએ સંસ્કૃતિનો વિકાસ કરનાર સૌરાષ્ટ્રના મૂળ વતની સુર લોકો હતા અને તેઓએ વિશ્વના અનેક દેશોમાં

આપણી ભવ્ય સંસ્કૃતિનો પ્રસાર કર્યો એવું તારણ પ્રસ્તુત કરે છે.

અંતે લેખકે પરિશિષ્ટરૂપે ઉચ્ચાર અને અર્થમાં સામ્ય ધરાવતા ગુજરાતી-અંગ્રેજી શબ્દો રજૂ કર્યા છે. ત્યારબાદ સાદો સ્વસ્તિક, નંદ્યાવર્ત સ્વસ્તિક, હરપ્પન સંસ્કૃતિની સાધુની મૂર્તિ અને હરપ્પીય સભ્યતામાંથી પ્રાપ્ત મુદ્રાઓ અને તેની લિપિનાં ચિત્રો સમજૂતી સાથે આપેલાં છે.

આમ લેખકે ભારતીય સંસ્કૃતિનો ઉદ્ભવ, એના ઉદ્ભવકર્તા અને એના વિકાસ માટે જે કલ્પનાસભર મુદ્દાઓની સોદાહરણ છણાવટ કરી એ એક તટસ્થતાપૂર્વક સમાલોચનીય વિષય છે. એના પ્રતિભાવરૂપે ઇતિહાસના વિદ્વાન સંશોધકો અને અભ્યાસીઓ એમાંથી તર્કશુદ્ધ તથ્ય ઉજાગર કરવા પ્રયાસ કરશે એવી સમીક્ષક તરફથી આશા રાખી શકાય.

ડૉ. ભારતી શેલત

*

# A book on Humanitarian Activities

[*Transcendence - My Spiritual Experiences with Pamukh Swamiji. Authors* : Dr. A.P.J. Abdul Kalam and Arun Tiwari. Publisher : Harpercollins, Delhi, Pub. Year 2015, Total pages 239. Price : Rs. 450/-]

**Religion and Science**

Religion is an embodiment of human-heart, while science is a place for mind. Both are most important for human lives. According to the Geeta, religion contributes to wipe out vengeance, violence, encroachment, bigotry and masqueradity from our society and at the same time provides creativity, co-operativeness and constructive solutions to the world's dilemmas. Hence, religion is utmost essential for humanlife; but we should remember that there should be no place for blind faith in religions. We must know that devotion and faith are not lifeless and spineless energies. As we adhere both knowledge (i.e. science) and faith (i.e. religion) are two inseperable companions in the universe. Religion without science is blind and science without religion is lame. Therefore, religion is but science and science is nothing but *Dharma*. Religion is basically a pivotal point for maintaining individual, national and international peace in socities with the help of science for which spiritual discipline is must and establishment of interreligion harmony and social justice cannot be overruled.

***Dr. Kalam* - a versatile person**

If one wishes to delve deep into religion, science, spirituality and humanitarian activities here is a wonderful book penned by none other than our saintly scientist Dr. A.P.J. Abdul Kalam with Arun Tiwari. As we know, Dr. Kalam was a great son of our country. He was a great patriot and ambassador of *Bharatiya Sanskruti*. Of course, he was a passionate advocate of our *Sanskrutik* identity. *Bharatiya Sanskruti* was his true life-force and soul. He was a versatile personality who could guide and inspire people on issues related to individual life plus societal, political and cultural issues as well.

What any nation needs is men of conviction and great wisdom who can actually

guide and sculpt young minds with their consistency of thoughts, words and deeds. Dr. Kalam was this, who effortlessly and tirelessly synthesised issues of inner and outer worlds.

We bid goodbye to this great soul for eternal peace for which he longed through his entire life.

**About the Book**

His book *Transcendence-My spiritual experiences* with Pramukh Swamiji*-is a pacific of peace. Here we profoundly find fusion of science and spirituality. This book in itself is like *Akshardhāma.* It is a kind of book wherein one certainly finds a sort of unifier approach of all thoughts and faiths. It is a book of divinity and a mirror of humanity. Not only this, but it covers historio-cultural-spiritual-scientific aspects and politics, constitutional awareness as well as humanitrain activities all in one. It is a unique philosophical book which relates divinity with science. Herein one certainly finds absolutely that resolute Kalam longed for peace and diagnised the intricacies of human nature. Presentation in this book is very lucid and entire approach is documentary. It gives a smoth reading with a finest word-buildings. This is a book full of thoughts, dreams, visions, annotations, social services – all spellbounds like transcendentalism.

For this his epilogue is suffice. But the most important aspect of this book is that it revolves around Pramukh Swāmiji. This book does not deviate from its theme at any point. It successfully brings the message home. The Message is about truth, spirituality, humanitarianism and peace.

**Some quotes**

To understand more dearly this aspect let me quote his one paragraph from page 16. It runs thus : Akshardhām Mandir remains a place of peace, inspiration and harmony. We should be mindful that the temple, the mosque and the church are all part of our country. They are precious monuments of truth. Let us preserve them for prosperity. Because, when you go to a place of worship, you pray for peace and prosperity, not only for yourself but also for everyone around you. More than places of worship, temples, mosques and churches are all symbols of trust. Mutual trust alone can help us restore peace and develop our country. Let us nurture a purity of mind and heart. And let us never forget the importance of the tenet of peace, which is common to all religions, and is enshrined in places of worship. *Iti.*

Let me quote another paragraph from Dr. Kalam's book from page 20 : Learning is a life-long process and Pramukh Swāmiji is indeed the chancellor of the world's greatest open university, BAPS. Anyone who spends a few moments in his presence will realize that each human being is unique. All human beings are not supposed to be the same, feel the same, think the same, and believe the same things. The key to continued expansion of our universe lies in diversity, not in conformity and coercion. *Iti.*

Both these quotes reflect the crux of the world's dilemmas of the day. What more one needs for better life and humanitarian activities than pacific of peace, love and truth.

Dr. Kalam was a evergreen person and with the God's grace obtained the rarest of qualities from human world.

**Who was Dr. Kalam ?**

Muslim by birth, brought up under the shadow of spiritual persons, scientist by training, humanitarian by flesh and blood, religious by heart, writer by temperament, spiritual by dedication, extraordinary personality by self-reliant, a man of vision and upholder of moral rules, personal discipline as well as spiritual traditions and loved by all eminent scientists, thinkers and academicians - all these if we find in one person, then he is Dr. A.P.J. Abdul Kalam who was blessed by none other than one of the world's spiritual personality like Pramukh Swamiji Maharaj.

**What is in this book ?**

The book under review has 4 parts with 32 chapters. Part one deals with 'Experiencing the presence' with 8 Chapters where in Dr. Kalam recounted his experience with spirituality. The second part described this spirituality in action through 8 chapters. This second part is entitled as 'spirituality in Action'. The third part is named as 'Fusion of Science and Spirituality' having again 8 Chapters wherein Dr. Kalam has symbolically expressed his oneness with Pramukh Swamiji by exploring the essential oneness of science and spirituality. The part four is known as 'Evolution of Creative Leadship' through 8 Chapters wherein Dr. Kalam has discussed Creative leadership as the engine of change. He aptly observes in this concluding part of his book : Creative leaders are not born. They are the product of particular circumstances and conditions; they evolve to bring change for the better. *Iti.* He had enumerated 8 facets of creative leadership such as, fearlessness, courage, ethical living, non-violence, forgiveness, compassion, vision and co-operation (page 168). For these 8 facets he has described the stories of Nachiketa, Abdul Qadir, Abraham Lincoln, Thiruvalluvar, Mahatma Gandhi, Nelson Mandela, the Dalai Lama, Vikram Sarabhai and Verghese Kurien, who epitomize these facets. (p. 168)

**Noble quotes from Global Personalities**

Another important fact of this book is that the author has adorned every chapter with noble quote by eminent personalites and emeritus literaties. All these quotes help us to be wise and take us to the path of pacific peace. All quotes are memorable and help us to ruminate. Ten coloured plates certainly add to understand the dialogue between a spiritual person and a saintly scientist where not words but inner souls read each other without any problem of language barrier, though there were; for Dr. Kalam was not knowing Gujarati and Pramukh Swamiji does not know English. This is something spiritual and God's Grace. One more point is to be added here is that the title of each capter is very indicative and suggestive. Titles help us to know what one

will get to be wise and humanitarian from their readings. But the author is so humble, passive and positive by generously saying that : This book is not a course on religion or spirituality. No fundamental principle described in this book should be interpreted as being intended to interfere, either directly or indirectly, with any person's religious beliefs or social habits. All of us - bright atheists and committed religionist - need to awaken now and hear the earth's call. We need to give and receive as love shows us how, joining with each pilgrim who quests for the truth, giving need to the voices of the suffering, awakening our conscience with justice as our guide, and working towards a planet transformed by our care. Only justice, fairness, consideration and shared aims can finally lead human beings to the dawn of eternal peace. The only thing that will redeem humankind is co-operation. Let us make our planet more liveable. (p. 224-225). I think let us make Dr. Kalam's vision more absorable and his noble sentences more thoughtful.

**Notion of Truth**

One more quote from his book from page 189. It runs thus : The truth is that there is more than enough good to go around. There are more than enough creative ideas. There is more than enough power. There is more than enough love. There is more than enough joy. All of this begins to come through a mind that is aware of its own infinite nature. There is enough for everyone. If you believe it, if you can see it, if you act from it - it will show up for you. That is the truth. *Iti.* Mahatma Gandhiji's truth notion is aptly put here by Dr. Kalam with all brevity in nutshell.

**Four steps offered**

Thus every chapter of this book with each paragraph and every sentence is not only worth reading, enjoying every thought but chewing them all from inner soul. What every reader of this book requires is 'to recognise, connect with and integrate the eternal spirit within.' He has for this offered us 4 steps : they are - **Search** in the right place, **Remove** the dust, **Open** your inner eye and **See** your destiny waiting for your effort to be realised. (p. XIII). Therefore as Dr. Kalam says that he has written this book in four parts for these four ruminating evergreen thoughts. What more we need than having this precious book on our bookshelf ? This is the importance of this book, as it is dedicated 'to all the righteous people of the world wherever they are'. (p. XIV). Swaminarayan temples and Akshardhams are abodes of peace and beacons of hope, according to Dr. Kalam, and are 'finding freedom from superficial relationship, trivial communications and constant noise that pervade the modern world in the counsel and guidance of BAPS saints. May this divine presence increase!' *(ibid)* where humanitarian activities take place, for 'temples are literally houses of God', and they eleminate hatred towards people of other faiths and beliefs' (p. 18). Therefore, Pramukh Swamiji has aptly said that 'the wise discipline themselves, the unwise discipline others'. (p. 34)

**In the end**

The presentation is nice in this book. Truth smiles thoughout the book. Prolific

approach is here but philosophical. Writing style is interesting with no hypocracy anywhere. In all it is a documentary history. The author, with the help of Arun Tiwari, is exceptionally deserving our heartfelt congratulations and applauds. The publisher Harpercollins is equally required to be congratulated for making this book available to us. *Astu. Dhanvantari Divas*, V.S. 2071.

**Dr. Rasesh Jamindar**

---

Published by Harper Element Harper Collins, A-75, Sector 57, Noida, U.P. 201301, Price Rs. 450. Pages 239, First Edition, 2015

* I am really indebeted to Sadhu Mukundcharandasji for gifting me such a wonderful work. I am thankful to him.

# નૃત્યસંગીતની સુંદર સંધ્યા

◆

ડૉ. અમૃત ઉપાધ્યાય*

પરંપરાની ઉત્તમ પરંપરા – ''નૃત્યપરંપરા એવં સંસ્કૃતિ મહોત્સવ, ૨૦૧૫''

અમદાવાદની 'પરંપરા ઍકેડેમી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ'ની સ્થાપનાનાં પાંચ વર્ષ પૂરાં થયાં તેના ઉપલક્ષમાં, શુક્રવાર તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ, રાતના આઠથી અગિયાર દરમિયાન, પાલડી ખાતે આવેલા વિશાળ ટાગોર હૉલમાં, સંગીત-નૃત્યનો એક યાદગાર કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય તથા મંચસ્થ મહાનુભાવોના પરિચય-સત્કારથી થઈ હતી. અધ્યક્ષ તરીકે ગુજરાત રાજ્યની સંગીત-નાટક અકાદમીના વર્તમાન અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢવી પધાર્યા હતા. અને વિશિષ્ટ અતિથિ તરીકે આ કાર્યક્રમ માટે દિલ્હીથી ખાસ પધારેલા કથકનૃત્યના બનારસ ઘરાનાના પ્રખર નૃત્યગુરુ પં. જિતેન્દ્રપ્રસાદજીએ પણ પ્રસંગ શોભાવ્યો હતો. સાથે સાથે, અમદાવાદની 'કદમ્બ' નૃત્યસંસ્થાનાં વિશ્વવિખ્યાત કથક નૃત્યગુરુ પદ્મભૂષણ શ્રી કુમુદિનીબેન લાખિયા, 'કુચીપુડી' શૈલીનાં પ્રસિદ્ધ નૃત્યગુરુશ્રી સ્મિતાબેન શાસ્ત્રી, પ્રખર નૃત્ય વિવેચક ડૉ. એસ.ડી. દેસાઈ તથા આ લખનારે પણ આમંત્રિત મહેમાન તરીકે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. સંસ્થા તરફથી આ સર્વનું, સ્મૃતિચિહ્ન તથા ઉપહાર આપીને, સમ્માન કરવામાં આવ્યું હતું.

ત્યાર પછી, ભારતીય શાસ્ત્રીય સંગીતના વિશ્વવિખ્યાત ગુરુઓ પં. રાજનમિશ્રા તથા પં. સાજનમિશ્રાનાં સુપ્રસિદ્ધ શિષ્યા શ્રીમતી **વિરાજ અમરે** હૃદયંગમ કંઠ્યસંગીત વડે કાર્યક્રમની પ્રથમ પ્રસ્તુતિ સાદર કરી હતી. શ્રી વિરાજબેન ગુજરાત યુનિવર્સિટીની 'ઉપાસના સ્કૂલ ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ'નાં નિદેશક છે અને શાસ્ત્રીય કંઠ્યસંગીતના ક્ષેત્રે એમની સિદ્ધિઓ સુવિદિત છે. વળી તેઓ બહોળો ચાહકવર્ગ તથા અનુયાયી સમુદાય પણ ધરાવે છે. શ્રી વિરાજબેને બિહાગ-પરિવારના 'નંદ' રાગની, વિલંબિત ખયાલની, મધુર હલકવાળી, કંઠ્ય સંગીતરચના પ્રસ્તુત કરીને કાર્યક્રમની સુંદર આબોહવા રચી આપી હતી. સહકલાકારો, સાજિંદાઓ તથા શ્રોતાઓ સાથે સંવાદ સાધતી તેમની પરંપરાગત બંદિશ નોંધપાત્ર હતી. ત્યાર પછી શૃંગારલક્ષી રાગમાં, એક જમાનામાં હિંદી સિનેમા સંગીતના ચાહકોની માનીતી દ્રુતલયની રચના 'પાયલ મોરી બાજે ઝનન ઝનન ઝન....' તેમણે મુક્તકંઠે ગાઈને રજૂ કરી હતી. જેનો મધુર ધ્વનિ હૉલમાં ગુંજી ઊઠ્યો હતો.

કાર્યક્રમમાં, સંગીત પછી નૃત્યનો વારો આવ્યો. સૌ પ્રથમ પરંપરા ઍકેડેમીની, સંચાલક નૃત્યગુરુ શ્રીમતી બીજલ હરિયાની શિષ્યાઓએ 'નટરાજ કૌથુવમ્' નામક રચના 'ભરતનાટ્ય' શૈલીમાં આકર્ષક ઢબે રજૂ કરી હતી. આ નવોદિત નૃત્યાંગનાઓએ 'પરંપરા ઍકેડેમી'ની કૌશલપૂર્ણ તાલીમને પ્રેક્ષકો સમક્ષ સુપેરે ઉજાગર કરી હતી. ત્યાર પછી શ્રીમતી બીજલ હરિયાએ પોતે કુચીપુડી નૃત્યશૈલીમાં 'જતિસ્વરમ્' નામની નૃત્તપરક રચના અનેરી છટાપૂર્વ રજૂ કરીને પ્રેક્ષકોની દાદ મેળવી હતી. એમની યા ટૂંકી પ્રસ્તુતિમાં શાસ્ત્રીય નૃત્યની 'જતિસ્વરમ્' નામક વિશિષ્ટ વાનગીની તમામ લાક્ષણિકતાઓ પ્રગટ થઈ હતી. 'તા રિ ઝમ્' બોલથી શરૂ થતા શબ્દો તથા તાલબદ્ધ સંગીત સાથે આ રચનામાં ચપળ, લાલિત્યપૂર્ણ પાદકર્મનો સુંદર સમન્વય થયો હતો.

પ્રથમ અમદાવાદનાં નૃત્યગુરુ શ્રી સ્મિતાબેન શાસ્ત્રી પાસેથી અને પછીથી મુંબઈનાં નામાંકિત નૃત્યગુરુ

* બી-૧૦૧/૧૦૨, સારાંશ ગ્રીન્સ, નવા વાસણા, અમદાવાદ-૭

ડૉ. સન્ધ્યાબેન પુરેચા પાસેથી નૃત્યની સઘન તાલીમ તથા શિક્ષાદીક્ષા પામેલાં અને લલિતકલામાં 'માસ્ટર ઑફ ફાઇન આર્ટ્સ' (M.F.A.)ની પદવી પ્રાપ્ત કરી ચૂકેલાં શ્રીમતી બીજલ હરિયા પાંચ વર્ષથી 'પરંપરા ઍકેડેમી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ'નું સંચાલન કરે છે અને એ સંસ્થામાં 'કુચીપુડી' તથા 'ભરતનાટ્યમ્' એ બે શાસ્ત્રીય નૃત્યશૈલીઓની સુંદર, સઘન તાલીમ આપે છે. મુંબઈની 'ભરત કૉલેજ ઑફ ફાઇન આર્ટ્સ' સાથે જોડાયેલી આ સંસ્થા, કવિ કુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટીના અભ્યાસક્રમો શીખવે છે અને વિદ્યાર્થિનીઓને ડીગ્રી-ડિપ્લોમા માટે તૈયાર કરે છે.

શ્રી બીજલબેન નૃત્યના વિષયમાં નિષ્ઠાપૂર્ણ અધ્યયનસંશોધન પણ કરે છે. ભારત સરકારના સંસ્કૃતિ-વિભાગ તરફથી તેમને નૃત્યના વિષયમાં સંશોધન કરવા માટે બે વર્ષની જૂનિયર ફેલોશીપ મળી છે. તેમાં તેઓ બારમા શતકના દક્ષિણ ભારતીય સંસ્કૃત લેખક જાય સેનાપતિની આઠ અધ્યાયની 'નૃત્તરત્નાવલી' નામક નૃત્તકલાલક્ષી ગ્રંથરચનાના, નાટ્યશાસ્ત્ર, અભિનયદર્પણ, સંગીતરત્નાકર જેવા અન્ય મહત્ત્વના ગ્રંથો સાથે, 'ભરતનાટ્યમ્' નૃત્યશૈલીના આંગિક અભિનયને અનુલક્ષીને સઘન, તુલનાત્મક અભ્યાસ કરીને, અંગ્રેજીમાં સમાલોચના તૈયાર કરે છે. સાથે સાથે સંપૂર્ણ 'નૃત્તરત્નાવલી' ગ્રંથનું ગુજરાતી ભાષાંતર પણ તૈયાર કરે છે. આ પ્રોજેક્ટમાં શ્રી બીજલબેનને સંસ્કૃત સાહિત્યશાસ્ત્રના અભ્યાસી ડૉ. એ.એમ. ઉપાધ્યાયનું તથા નૃત્યગુરુ અને પ્રખર સંશોધક ડૉ. સન્ધ્યાબેન પુરેચાનું યથાયોગ્ય માર્ગદર્શન મળી રહ્યું છે. આ પ્રોજેક્ટનું હાલ ત્રીજું સત્ર ચાલી રહ્યું છે.

પરંપરા ઍકેડેમીના આ ચતુ:સૂત્રી રંગારંગ કાર્યક્રમના ત્રીજા, મહત્ત્વના અંગરૂપે, ડૉ. સંધ્યા પુરેચાની 'બ્રહ્માનંદ' નામક અનોખી નૃત્ય-નાટિકા પ્રસ્તુત થઈ હતી. મહારાષ્ટ્રની સંગીન ભક્તિપરંપરાને દ્યોતિત કરતી ત્રણ સંત કવયિત્રીઓની મરાઠી કવિતાઓ પર આધારિત આ નૃત્યનાટિકામાં નૃત્ય, નૃત્ત, નાટ્ય અને લોકનાટ્યનો સુભગ સમન્વય થયેલો જોઈ શકાતો હતો. આ રજૂઆતમાં રચનાની કાવ્યાત્મક ગુણવત્તા, ઉપયુક્તે વર્ણનશક્તિ તથા પ્રબળ ભક્તિરસનો સમન્વય થયો હતો. અને આ ત્રણેય કવયિત્રીઓની કાવ્યકૃતિઓ 'વિઠોબા' કે 'વિઠ્ઠલ'ને સમર્પિત છે અને મહારાષ્ટ્રના પ્રસિદ્ધ વૈષ્ણવ 'વારકરી' સંપ્રદાયના તત્ત્વજ્ઞાનને સ્ફૂટ કરતી આ રચનાઓનો મધ્યવર્તી સૂર એ છે કે પ્રભુ વિઠોબા, ઊંચનીચનો ભેદ કરતા નથી. જે સ્ત્રી-પુરુષો તેમની પ્રેમપૂર્વક ભક્તિ કરે છે તે પ્રભુ વિઠ્ઠલને અત્યંત પ્રિય હોય છે. આ સંપ્રદાયનાં કવયિત્રી જનાબાઈ ઈસુની તેરમી શતાબ્દીમાં થઈ ગયાં. તેમણે ત્રણસોથી વધુ ભક્તિગીતો રચ્યાં છે; અને સંત નામદેવની તુલનામાં આવે તેવી તેમની પ્રતિષ્ઠા છે. ચૌદમા શતકનાં સોયરાબાઈ, દલિત ભક્તરાજનાં પત્ની તથા શિષ્યા હતાં. તેમણે આત્માની શુદ્ધિનું તેમનાં કાવ્યોમાં ભાવસભર નિરૂપણ કર્યું છે. પરિણામે ભગવાન પાંડુરંગ તેમને ત્યાં બ્રાહ્મણના રૂપમાં પધારે છે અને તેમને બાળકની ભેટ આપે છે. ત્રીજા કવયિત્રી વેનાબાઈ સોળમા શતકમાં થઈ ગયાં. તેમના જીવનપ્રસંગો પણ પ્રસ્તુત નૃત્યનાટિકામાં વણાયેલા છે. તેમનાં કાવ્યોમાં આ સંત સ્ત્રી કવિ, પોતાના પર ભગવાન શ્રીરામની કૃપા ઊતરે અને જનસામાન્યની વેદના દૂર થાય તે માટે આજીજી કરે છે. આ સમગ્ર નૃત્યનાટિકામાં ડૉ. સંધ્યા પુરેચાની કલ્પનાશીલ દશ્યરચના, જીવંત નૃત્યસંરચના (કોરિયોગ્રાફી) તથા અનોખું પ્રસંગ-નિર્દેશન તથા ડૉ. સન્ધ્યાબેનની પોતાની અનોખી નૃત્યમય પ્રસ્તુતિ અત્યંત ધ્યાનપાત્ર રહી હતી. આ નૃત્યનાટિકાને શ્રી મનોજ દેસાઇના હૃદયંગમ સંગીતે સજાવી હતી જે ડૉ. પુરેચાના નાટ્યમય નૃત્યની સાથે તથા તેમની સાથીદાર ચાર નમણી નૃત્યાંગનાઓના અભિનય સાથે ખૂબજ બંધબેસતી વસ્તુ બની રહી હતી. વળી, વિઠોબા તરીકે શાન્તિમોહાન્તીની ઝળહળતી રમ્ય આકૃતિ પણ આપણા હૃદયમાં સદ્ય અંકિત થઈ જતી હતી. આ સર્વનો સમ્મીલિત પ્રયાસ પ્રેક્ષકોને સ્તબ્ધ કરી ગયો હતો.

કાર્યક્રમની છેલ્લી મહત્ત્વની પ્રસ્તુતિ, નૃત્યની કથકશૈલીના બનારસ ઘરાનાની પરંપરા પર આધારિત હતી; અને તેમાં દિલ્હીના નૃત્યગુરુ જિતેન્દ્રપ્રસાદજીની શિષ્યાઓ અને નીવડેલી નૃત્યાંગના 'બેલડી' નલિની-કમલિનીએ 'યુગલનૃત્ય'ની રચના પ્રસ્તુત કરી હતી. અમદાવાદને કથકનૃત્યશૈલીનો સરસ પરિચય છે અને આ શૈલી, સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિએ ખૂબ જ મનમોહક હોય છે. કેમકે તેમાં સૌષ્ઠવ, લાલિત્ય તથા સુરુચિનો તથા

રસાત્મકતાનો અભિજાત સમન્વય હોય છે. આ શૈલીની પ્રસ્તુત રચનામાં ખૂબ જ સંક્ષિપ્ત સ્થળ-સમયમાં બન્ને નર્તકીઓએ, અનોખા સંગીતના સૂરતાલના સથવારે, કથકશૈલીનાં સૂક્ષ્મ છટાદાર 'પરનો' રજૂ કરીને પ્રેક્ષકોનાં મન મોહી લીધાં હતાં. આ લખનારે એમની કળાને નજીકથી નિહાળી હતી અને તેમના પગના પંજાની નર્તનનિપુણતાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. પ્રેક્ષકોએ પણ બન્ને નર્તકીઓનો તથા તેમના ગુરુશ્રીનો ઉત્સાહ વધાવી લીધો હતો.

આમ, આ સંપૂર્ણ કાર્યક્રમ સંગીતનૃત્યમય બન્યો હતો અને લલિતકળાની એક યાદગાર સંધ્યામાં પરિણમ્યો હતો.




(શ્રીમતી બીજલ હરિયા દ્વારા 'જતિસ્વરમ્'ની પ્રસ્તુતિ)






પરંપરા એકેડેમીનો 'નૃત્યપરંપરા એવં સંસ્કૃતિ, ૨૦૧૫' કાર્યક્રમ
ડાબેથી ૧. શ્રી કિરીટભાઈ શાહ, ૨-૩. સુશ્રી નલિની-કમલિની, ૪. (વચ્ચે) શ્રી સ્મિતાબેન શાસ્ત્રી, ૫. ડૉ. સંધ્યા પુરેચા, ૬. શ્રી બીજલ હરિયા, ૭. પં. જિતેન્દ્રપ્રસાદ, ૮. શ્રીમતી કુમુદિની લાખિયા, ૯. પ્રો.ડૉ. વાકણકર, ૧૦. ડૉ. અમૃત ઉપાધ્યાય, ૧૧. ડૉ. એસ.ડી. દેસાઈ, ૧૨. શ્રી યોગેશભાઈ ગઢવી તથા ૧૩. શ્રીમતી વિરાજબેન અમર.



'પરંપરા ઍકેડેમી'ની ચાર નવોદિત નૃત્યાંગનાઓ 'નટરાજ કૌથુવમ્' પ્રસ્તુત કરે છે.




શ્રીમતી વિરાજ અમર
કંઠ્યગાન પ્રસ્તુત કરે છે.

# નૃત્ય પરંપરા એવં સંસ્કૃતિ મહોત્સવ - ૨૦૧૫







અહેવાલ :

# ગુજરાત વિદ્યાસભા પ્રેરિત ડૉ. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક

◆

અંબરિષ શાહ*

ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ પ્રેરિત ડૉ. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક સને ૨૦૧૪ના વર્ષ માટે જાણીતા ઇતિહાસકાર અને સંશોધક ડૉ. મકરન્દ મહેતાને અર્પણ કરવાનો સમારંભ તા. ૩ જી જુલાઈ, ૨૦૧૫ના રોજ સાંજે ૫-૩૦ વાગ્યે એચ.કે.આર્ટ્સ કોલેજના યુ.જી.સી. કૉન્ફરન્સ હૉલમાં ગૌરવભરી રીતે યોજાયો હતો.

ગુજરાત વિદ્યાસભા (ગુજરાત વર્નાક્યુલર સોસાયટી)ની સ્થાપના અંગ્રેજ અધિકારી ઍલેક્ઝાન્ડર કે. ફૉર્બ્સે ઈ.સ.૧૮૪૮માં કરી હતી. ગુજરાતી ભાષા, સાહિત્ય, શિક્ષણ અને સામાજિક સુધારાના ક્ષેત્રમાં ગુજરાત વિદ્યાસભાએ ઘણી પ્રવૃત્તિઓ કરી છે. એના આશ્રયે કેટલીક વ્યાખ્યાનમાળાઓ પણ ચાલે છે. પરંતુ ઇતિહાસકાર ડૉ. મુગટલાલ બાવીસીના સહયોગથી એમણે આ વર્ષે ઇતિહાસ, ભારતીય સંસ્કૃતિ, શિક્ષણ અને તત્ત્વચિંતનના ક્ષેત્રે મોટું પ્રદાન નોંધાવનાર કોઈ એક વિદ્વાનને સુવર્ણચંદ્રક આપવાની પ્રવૃત્તિ શરૂ કરી છે. દર વર્ષે આ ચંદ્રક નક્કી કરેલા ચાર વિષયોમાંથી કોઈ એક વિષયના વિદ્વાનને એમના સંશોધનકાર્ય માટે અપાશે.

આવો પ્રથમ સુવર્ણચંદ્રક આપવા માટે બનેલી સમિતિએ ઇતિહાસકાર અને સંશોધક ડૉ. મકરન્દ મહેતાની પસંદગી સર્વાનુમતે કરી હતી. ડૉ. મકરન્દ મહેતા ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગમાં પ્રોફેસર અને અધ્યક્ષ હતા. તેઓ એમની વિદ્વત્તા અને સંશોધન માટે જાણીતા છે. થોડા સમય પૂર્વે એમણે ‘ગુજરાત સમાચાર’માં ‘ગુજરાતના ઘડવૈયા’ વિશે લોકપ્રિય લેખમાળા લખી હતી. વર્તમાનમાં તેઓ ‘ગુજરાત સમાચાર’માં જ ‘પોળોનો ઇતિહાસ’ નામની કૉલમ લખી રહ્યો છે, જેને લોકો રસપૂર્વક વાંચે છે. આમ, ડૉ. મહેતાએ ગુજરાતમાં ઇતિહાસને લોકપ્રિય બનાવવાનું કામ કર્યું છે. એમના અંગ્રેજીમાં આઠ અને ગુજરાતીમાં પંદર ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. એમનાં પત્ની ડૉ. શિરીન મહેતા પણ ઇતિહાસના પ્રાધ્યાપક અને સંશોધક છે.

તા. ૩-૭-૨૦૧૫ના રોજ સાંજે ચંદ્રક અર્પણ સમારંભની શરૂઆત થઈ. વિદ્યાસભાના માનાર્હ મંત્રી અંબરિષ શાહે સૌને આવકાર આપી ગુજરાત વિદ્યાસભાની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો. મહેમાનો અને ડૉ. મુગટલાલ બાવીસીને વિવિધ વિદ્વાનો દ્વારા પુષ્પગુચ્છ અર્પણ થયા પછી ડૉ. થોમસ પરમારે ડૉ. મકરન્દ મહેતાનો વિસ્તૃત પરિચય આપ્યો. એમાં એમણે જણાવ્યું કે ડૉ. મહેતા મોટા ગજાના વિદ્વાન હોવા છતાં એમની સાદાઈ અને નિખાલસતા ધ્યાન ખેંચે એવી છે. તલત મહેમૂદે ગાયેલાં ફિલ્મી ગીતો એમને વિશેષ પસંદ છે. તેઓ યુવાન સંશોધકોને મદદ કરી પ્રોત્સાહન આપે છે. તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે.

વિદ્યાસભાના ઉપપ્રમુખ અને જાણીતા સાહિત્યકાર ડૉ.કુમારપાળ દેસાઈએ એમના વક્તવ્યમાં જણાવ્યું, ‘ડૉ. મકરન્દ મહેતા સતત નવું વાંચતા, વિચારતા અને સંશોધન કરતા રહે છે. આજે જેના નામનો સુવર્ણચંદ્રક અપાય છે એ ડૉ. મુગટલાલ બાવીસી અને ડૉ. મકરન્દ મહેતા બંને ગુજરાત ઇતિહાસ પરિષદના પૂર્વ પ્રમુખ છે. બહુ યોગ્ય વિદ્વાનને આજે ચંદ્રક અપાઈ રહ્યો છે.’

એ પછી ડૉ. મકરન્દ મહેતાને અપાયેલ ‘સન્માનપત્ર’નું વાચન કરવામાં આવ્યું. ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા સાલ ઓઢાડી એમનું સન્માન કરવામાં આવ્યું. એ પછી વિદ્યાસભાના પ્રમુખ અને સુપ્રસિદ્ધ સ્થપતિ શ્રી

---

* મંત્રી, ગુજરાત વિદ્યાસભા

બાલકૃષ્ણ દોશી દ્વારા ડૉ. મકરન્દ મહેતાને ગુજરાત વિદ્યાસભા પ્રેરિત ડૉ. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો. એ સમયે ઉપસ્થિત શ્રોતાઓએ તાલીઓથી એમનું અભિવાદન કર્યું. આ પ્રસંગે ડૉ. મકરન્દ મહેતાનો પરિચય આપતું સંક્ષિપ્ત બ્રોચર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

પ્રમુખ શ્રી બાલકૃષ્ણ દોશીએ પોતાના વક્તવ્યમાં ગુજરાત વિદ્યાસભા દ્વારા દર વર્ષે સુવર્ણચંદ્રક આપવાની શરૂઆત થઈ એ માટે હર્ષ વ્યક્ત કર્યો. એમણે કહ્યું, 'ગુજરાત વિદ્યાસભા વિદ્યા અને વિદ્વાનોને ઉત્તેજન આપવા ઘણી પ્રવૃત્તિઓ કરે છે એમાં એક નવી પ્રવૃત્તિ ઉમેરાઈ છે. ડૉ. બાવીસીએ આ ચંદ્રક માટે સહયોગ આપી સારું કાર્ય કર્યું છે. ડૉ. મહેતાની સિદ્ધિઓની એમણે પ્રશંસા કરી.

ડૉ. મકરન્દ મહેતાએ એમના પ્રતિભાવમાં જણાવ્યું કે ઇતિહાસકારોએ ઇતિહાસને શુષ્ક રીતે રજૂ કરવાને બદલે લોકોને રસ પડે એ રીતે રજૂ કરવો જોઈએ. એમણે કહ્યું, 'મારી વય ૮૩ વર્ષની છે. પરંતુ હું હજી ૩૮ વર્ષનો જ હોઉં એવું મને લાગે છે. મને ઇતિહાસનું કામ કરવું ગમે છે. એમાં થાક લાગતો નથી. ગુજરાત વિદ્યાસભા દ્વારા અપાતો આ ચંદ્રક રણજીતરામ સુવર્ણચંદ્રકની જેમ પ્રતિષ્ઠા ધારણ કરશે એવી આશા રાખું છું.' અંતમાં એમણે એક માર્મિક હાસ્ય પ્રેરે એવું કાવ્ય રજૂ કર્યું, જેમાં મણિબેન નામની અલ્પશિક્ષિત ગુજરાતી સ્ત્રી લંડન જઈને અંગ્રેજી ભાષા શીખે તો કેવી વિચિત્ર અને હાસ્યાસ્પદ પરિસ્થિતિ ઊભી થાય એનું વર્ણન હતું !

અંતમાં, પૂર્વ મંત્રી અંબાલાલ પટેલે આભારવિધિ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. નલિનીબેન દેસાઈએ કર્યું. આ સમારંભમાં ઇતિહાસ, શિક્ષણ, સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના ઘણા અધ્યાપકો, અભ્યાસીઓ તથા સંશોધકોએ હાજરી આપી પ્રસંગનું ગૌરવ વધાર્યું હતું.

## શ્રી જોરાવરસિંહ જાદવને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રૂા. ૧ લાખનો મેઘાણી લોકસાહિત્ય ઍવોર્ડ એનાયત.

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ લેખક, લોકસાહિત્યવિદ અને પ્રતિષ્ઠાપ્રાપ્ત સંશોધક શ્રી જોરાવરસિંહ જાદવને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ચાલતા મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ રૂપિયા એક લાખનો 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય ઍવોર્ડ, ૨૦૧૫' શ્રદ્ધેય સંત શ્રી મોરારિબાપુના શુભ હસ્તે તા. ૯ ઑક્ટોબર, ૨૦૧૫ ના રોજ રાજકોટ ખાતે એક સમારંભમાં એનાયત કરવામાં આવ્યો.

અત્રે યાદ આપીએ કે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતા ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી જોરાવરસિંહ જાદવના ૯૨ ઉપરાંત ગ્રંથો અને ૪૫૦ જેટલા સંશોધન લેખો પ્રગટ થયા છે. તેમની સંસ્થા સાથે દેશભરના પાંચેક હજાર લોકકલાકારો સંકળાયેલા છે. શ્રી જાદવ અગાઉ ગુજરાત રાજ્યનો ગૌરવ પુરસ્કાર, પુર્વાઈ પ્રેમશાંતિ ઈન્ટરનેશનલ ઍવોર્ડ, કવિ કાગ ઍવોર્ડ જેવા ૨૫ જેટલા ઍવોર્ડસથી સન્માનિત થયા છે. તેમનું યશસ્વી પ્રદાન અનેક કલાકારોને વિશ્વના ફલક ઉપર રજૂ કરી ગુજરાતની લોકકલાને ગૌરવ અપાવવાનું રહ્યું છે.

# પ્રતિભાવ

આપના પ્રતિષ્ઠિત ત્રૈમાસિક *Journal of the Gujarat Research Society* નો જુલાઈ-ડિસેમ્બર, ૨૦૧૪નો અંક (ગ્રંથ LIX, અંક ૩-૪) વાંચીને મને ખૂબ જ આનંદ થયો છે. અંક પાઠવવા બદલ ધન્યવાદ. સંસ્કૃત મહાકવિ ભર્તૃહરિના નીતિશતકના ૧૭મા અર્થપૂર્ણ શ્લોકથી શરૂ થતો આ અંક ખરેખર પ્રભાવશાળી બન્યો છે.

સૌ પ્રથમ તો ડૉ. શેલત સાહેબને હાર્દિક સાધુવાદ આપું છું, કેમકે એમણે વીસરાતાં જતાં મહાકવિ શેક્સપિયરનાં ૩ કરુણાન્ત નાટકોનો સચિત્ર હૃદયંગમ પરિચય આ અંકમાં વિસ્તારથી કરાવ્યો છે - સરળ અંગ્રેજી ભાષામાં સુંદર સાહિત્યિક રસાસ્વાદ કરાવ્યો છે. ચિત્રો તથા ફોટોગ્રાફ્સ નેત્રરંજક છે.

અમદાવાદનો સાંસ્કૃતિ વારસો/વૈભવ વિશે તથા ભાઈશ્રી સમીર પંચાલનાં સિક્કાશાસ્ત્રલક્ષી પાંચ પુસ્તકો વિશે ડૉ. ભારતીબેને વિદ્વત્તાપૂર્ણ છતાં સુગમ સમીક્ષા લખીને એ વિષય પરની પોતાની અસાધારણ પકડની પ્રતીતિ કરાવી છે એમાં શંકા નથી.

ડૉ. રસેશભાઈના ત્રણેય લેખો પ્રસન્નકર શૈલીમાં સમાયેલા છે તથા માહિતીપૂર્ણ છે. ઉપરાંત વેદોમાં શરીરશાસ્ત્ર, પાટણની રાણકીવાવની સ્થાપત્યકલા, ગાંધીજીની પ્રથમ અજ્ઞાત જીવનકથા, 'નારી'વિષયક લેખ, પુરાણોમાં દર્શાવેલી શાસનવ્યવસ્થા; અગ્નિપુરાણમાં આયુર્વેદ; મહાભારતમાં રાજાએ કરવાનાં લોકહિત/લોકકલ્યાણનાં કાર્યોનું વર્ણન; ગુપ્ત રાજા રામગુપ્તની ઐતિહાસિકતા (સચિત્ર); મહાકવિ કાલિદાસના રઘુવંશમાં ચિત્રિત નૈતિક મૂલ્યોનું વિવરણ, દેવી-અપરાધ-ક્ષમા-સ્તોત્ર વિશે શ્રી મહાકાન્તભાઈનો લેખ; 'રાંગડા' નામક ૯ કથાઓનો (સંસ્કૃત) સંગ્રહ - વિસ્તૃત સમીક્ષા; 'સત્યના પ્રયોગો'માં પૂ. બાપુનું સ્વરૂપ; શિક્ષણમાં મૂલ્યશિક્ષણ, ડૉ. હર્ષદેવ માધવનો ભાગવતની 'મંત્રભાષા' પરનો લેખ; લોકસાહિત્યવિષયક શ્રી જોરાવરસિંહ જાદવનો લેખ; કવીશ્વર દલપતરામવિષયક લેખ; ભૂચરમોરી યુદ્ધવિષયક લેખ; 'સ્ત્રીશિક્ષણ'નો અભ્યાસલેખ; બ્રહ્મર્ષિ કે.કા. શાસ્ત્રીજી વિશે મોહનભાઈનો મહાનિબંધ (સમીક્ષક ડૉ. કડકિયા), અને ડૉ. પ્રણવ શેલતનો Obssessive Compulsive Disorder વિશેનો અત્યંત મહત્ત્વપૂર્ણ/માહિતીપૂર્ણ authentic લેખ; છેલ્લે Archives of S.Asian Heritageમાં પ્રગટ થયેલાં લખાણોનો સંક્ષિપ્ત પરિચય (અંગ્રેજીમાં).

આટલી બધી વૈવિધ્યપૂર્ણ વિષયસામગ્રી લઈને આ અંક આવ્યો છે ! ખૂબ જ માતબર, ખૂબ જ સમૃદ્ધ, ખૂબ જ અમૂલ્ય અંક. એની Shelf-Life કોઈ પણ મોટા ગ્રંથની તોલે આવે એવી છે.

આવો સુંદર, સમૃદ્ધ અંક મને ઘેરબેઠાં પહોંચાડવા માટે આભાર. Thanks. ત્રૈમાસિકને લાયક લખાણ હાથ પર છે. તૈયાર થતાં જ આપને પાઠવીશ. શેષ કુશળ. અમૃતભાઈનાં વંદન.

**પ્રા. અમૃત ઉપાધ્યાય**
અમદાવાદ-૭




નૃત્ય
પરંપરા એવં સંસ્કૃતિ
મહોત્સવ
૨૦૧૫



નૃત્ય
પરંપરા એવં સંસ્કૃતિ
મહોત્સવ
૨૦૧૫



નૃત્ય
પરંપરા એવં સંસ્કૃતિ
મહોત્સવ
૨૦૧૫

(જુઓ : અમૃત ઉપાધ્યાયનો અહેવાલ)



Plate 2 : No. 2



Plate 2 : No. 4



Plate 4 : No. 4



Plate 4 : No. 1

(See Prof. A. L. Srivastava's Article)





(શ્રીમતી બીજલ હરિયા દ્વારા 'જતિસ્વરમ્'ની પ્રસ્તુતિ)



(જુઓ : અમૃત ઉપાધ્યાયનો અહેવાલ)